# સ્વરૂપભાવના

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક ૯૧૩, ૭૧૦ તથા
૮૩૩ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

પ્રકાશક
**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :**
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**૫૮૦, જૂની માણેકવાડી, પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭**

**પ્રથમાવૃત્તિ : માગશર સુદ આઠમ, ૧-૧૨-૨૦૦૩**
**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૭૧ મી જન્મ જયંતી)**
**પ્રત : ૧૦૦૦**
**પૃષ્ઠ સંખ્યા : ૮ + ૨૫૨ = ૨૬૦**

**પડતર કિંમત : ૩૫/-**
**વેચાણ કિંમત : ૨૫/-**

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૦૭૫-એ,**
**'માતૃછાયા', આંબાવાડી**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : ૨૨૦૩૪૭૦**

**મુદ્રક :**
**ભગવતી ઓફસેટ**
**૧૫, સી- બંસીધર મિલ**
**કમ્પાઉન્ડ, બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : ૨૧૭૩૪૯૨/૨૧૬૭૬૦૩**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રકાશકીય

'**સ્વરૂપભાવના**' નામક લઘુકાય ગ્રંથ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. નિજસ્વરૂપથી અજાણ એવા જીવે પરદ્રવ્ય–ભાવમાં અહંપણું કરીને કર્તાબુદ્ધિએ અનંતા દુઃખ ભોગવ્યા છે. મિથ્યાત્વ અને અજ્ઞાનવશાત્ જીવે નહિ કરવા યોગ્ય પરિણામો કરીને પોતાનું અહિત કરવામાં મણા રાખી નથી. આ સર્વનું મૂળ કારણ નિજસ્વરૂપનું અજ્ઞાન છે.

સ્વરૂપના જ્ઞાતા એવા નિષ્કારણ કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ સ્વયંના પ્રચંડ પુરુષાર્થ દ્વારા અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ કરી જગત સમક્ષ એ જ કલ્યાણકારી ઉપદેશ પ્રકાશ્યો. આત્મહિતની સાધનાની શરૂઆત નિજાત્મસ્વરૂપના આશ્રયથી શરૂ થઈ પૂર્ણતા પણ નિજાત્મસ્વરૂપના આશ્રયે જ થાય છે. નિજ સ્વરૂપમાં એકાગ્રતારૂપ સ્વરૂપભાવનાના આશ્રયે અનંતા જીવો મુિ તને પામ્યા અને ભવિષ્યમાં પણ એ જ માર્ગે અનંતા જીવો મુિ તને પામશે.

પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના આવા કેટલાંક ખાસ પત્રોને ચૂંટીને તેના ઉપર થયેલાં પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આ પ્રવચનોનો ગ્રંથ પાઠકવર્ગના હાથમાં મૂકતાં અમોને હર્ષ થાય છે. આવી સ્વરૂપભાવનાનું સ્વરૂપ શું છે ? તે ક્યા પ્રકારે ભાવવામાં આવે છે ? તેમાં યથાર્થતા કેવી રીતે છે ? ઇત્યાદિ અનેક મહત્ત્વપૂર્ણ પડખાંઓને સ્પષ્ટ કરતાં આ પ્રવચનોને એકત્રિત કરવામાં આવ્યા છે.

સ્વરૂપભાવના એ માત્ર વિકલ્પ કે રટણનો વિષય નથી પરંતુ પ્રત્યક્ષ પરિણમનનો વિષય છે. સ્વરૂપલક્ષે નિજસ્વરૂપમાં એકાગ્રતારૂપ પરિણમન છે, જે પરમ સુખના આસ્વાદનરૂપ છે તથા પ્રત્યક્ષ અનુભવસ્વરૂપ છે. આવી સ્વરૂપભાવના મુમુક્ષુની ભૂમિકાથી શરૂ કરી મુનિદશા પર્યંતના જીવો ભાવે છે અને મુિ તને પામે છે. કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્રજી' લખે છે – 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન' આ વચનાનુસાર સ્વરૂપભાવનાનું શું મહત્ત્વ છે તે સહેજે સમજી શકાય છે.

આ ગ્રંથમાં છપાયેલાં સર્વ પ્રવચનોને સૌ પ્રથમ અક્ષરશઃ ઑડિયો કેસેટ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ઉપરથી ઉતારી લેવામાં આવ્યા છે. ત્યારબાદ કેસેટોને સાંભળીને તેનું સંપાદન કરવામાં આવ્યું છે, જેમાં જરૂર લાગે ત્યાં વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. ત્યારબાદ પ્રેસમાં મોકલતાં પહેલાં બીજા મુમુક્ષુ દ્વારા કેસેટ સાથે મેળવી લેવામાં આવ્યા છે. જેથી કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો નીકળી જાય.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. ઑડિયો કેસેટ ઉપરથી પ્રવચનોને ઉતારી આપવા બદલ જે–જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો આભાર માનવામાં આવે છે તથા અન્ય મુમુક્ષુઓએ આ પ્રકાશન કાર્યમાં સહકાર આપ્યો છે તેમનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે.

વીતરાગ સત્ સાહિત્ય પ્રકાશનના કાર્યમાં મનથી, વચનથી કે કાયાથી કોઈપણ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્રની ક્ષમા યાચીએ છીએ. તથાપિ પાઠકવર્ગને વિનંતી કરવામાં આવે છે કે કોઈ ક્ષતિ દૃષ્ટિગોચર થાય તો અવશ્ય જાણ કરે. જેથી ભવિષ્યમાં તે પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય.

અંતતઃ આ ગ્રંથના સ્વાધ્યાયથી સર્વ જીવો સ્વરૂપભાવના ભાવી, મુ તના પંથને પામી શાશ્વત સુખ-શાંતિને પ્રાપ્ત થાઓ એ જ ભાવના.

તા. ૦૮-૧૧-૨૦૦૩
(કારતક સુદ-૧૫,
શ્રીમદ્ રાજચંદ્ર જન્મજયંતી દિન)

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

# 'અનુભવ સંજીવની'માંથી ચૂંટેલા ભાવના વિષયક કેટલાક ખાસ વચનામૃત

જીવને ખાસ પ્રતિબંધ છે; તે સંસારના / ઉદયના કાર્યોમાં રસ છે – તે છે, જેમાં દર્શનમોહ સામેલ છે. – આ રસ યથાર્થ પ્રકારે, એટલે કે આત્મકલ્યાણની ખરી ભાવના, અંતરના ડાણમાંથી ઉદ્‌ભવેલી ભાવનાપૂર્વક નીરસપણું ન પામે, ત્યાં સુધી જીવને પોતાના કલ્યાણ / અકલ્યાણ સંબંધીનું મૂલ્યાંકન આવતું નથી અને તેથી આત્મપ્રત્યયી પરિણામોનું વલણ (બદલાઈને) થતું નથી. ક્યારેક પ્રતિકૂળતા સમયે - તીવ્ર પ્રતિકૂળતા સમયે નીરસપણું થાય છે, ત્યારે તેમ થવાનો આધાર, જે તે પ્રતિકૂળ સંયોગ હોય છે. (આત્મકલ્યાણ નહિ) જેથી, તેવા સમયે ચારિત્રમોહ થોડો સમય મંદ થાય છે, પરંતુ દર્શનમોહ તે વખતે પણ સાજો / બળવાન હોવાથી તેવું નીરસપણું માત્ર `સ્મશાન વૈરાગ્યવત્' નીવડે છે. તેથી આત્માર્થી જીવે વિચારણીય છે કે `અનંત દુઃખનો અભાવ અને અનંત સુખની પ્રાપ્તિ' નો માર્ગ સમજવા કાળે, નિજ હિતની ભાવનાની સ્થિતિ કેવા પ્રકારે છે ? માત્ર મંદકષાય કાળે ઉપરો ત માર્ગનું મૂલ્ય યથાર્થ થતું નથી. તેથી જ જાણવા છતાં, પરિણમન સંબંધિત કાર્યનો ઉપાડ સહજ થતો નથી; અન્યથા ઉપાડને રોકી શકાય જ નહિ–તેવો જ જીવ સ્વભાવ છે. (૫૧૯)

❉

સ્વરૂપ પ્રાપ્તિના `લક્ષ' પૂર્વક, સ્વરૂપ પ્રાપ્તિની નિરંતર ભાવના રહે, તો જીવને અન્ય દ્રવ્ય / ભાવની ભાવના, જે અનાદિની છે, તે મોળી પડે અર્થાત્ તેનો પ્રતિબંધ ટળે, અને ઉપયોગદ્વારમાં, `ચૈતન્ય પ્રકાશ' માલૂમ પડે. અન્યથા પરવેદન / પરપ્રવેશભાવનો અધ્યાસ ન છૂટે અર્થાત્ ચાલુ રહે અને તેથી સ્વસંવેદનને આવરણ આવે છે.

જો ઉ  ત સ્વરૂપની ભાવનાથી જ્ઞાનવેદનનું ગ્રહણ થાય તો તેના અભ્યાસથી આત્મરસ ઉપજે - અને તે રસની `પરિણતિ' થાય. આવી પરિણતિ થાય તો જ ઉદયકાળે તીવ્ર રસે કરીને પ્રવર્તવાનું ન બને; અને સર્વ વિભાવ યથાર્થ પ્રકારે મોળાં પડે; અને ક્રમે કરીને ઉપશમ થાય. – આમ સ્વરૂપની ભાવના, તે પાયાની વાત છે. તે વિના સમ્યક્ માર્ગમાં એક ડગલુ પણ ભરી શકાય નહિ. (૫૨૩)

❊

સ્વરૂપ પ્રાપ્તિની રૂડી ભાવના જ્ઞાનને નિર્મળ કરે છે. મતિ મલિનતાને ગાળે છે, વક્રતાને મટાડે છે. પરિણામે પરમાત્મા સધાય છે, તેવો વિવેક ઉપજે છે, ત્યારે દ્રવ્ય શ્રુતનું સમ્યક્ અવગાહન થાય છે. સર્વ શ્રુતનું કેન્દ્રસ્થાન સર્વોત્કૃષ્ટ એવું પરમપદ છે. તે નિજપદ છે. તેમાં અનંત ચૈતન્ય – અમૃતરસ ભર્યો છે તેનાં સ્વસ્વાદરસરૂપ અનુભવને સ્વઆચરણ - સ્વરૂપ વિશ્રામ, સામ્યભાવરૂપ ધર્મ કહેલ છે. તે નિજ કલ્યાણથી તૃપ્તિ થાય છે, તે સુખરૂપ છે અને અનંત સુખનું મૂળ છે પછી રંચપણ દુઃખ રહેતું નથી. તે સર્વનું મૂળ ભાવના છે કોઈપણ જીવ કોઈપણ કાળે તે ભાવનામાં આવી શકે છે. ભાવનાનું મહત્વ સમજાય તો સ્વ-પરની ભાવના વિરુદ્ધતા ન થાય. (૭૨૦)

❊

હું ધ્રુવ અસંગ તત્ત્વ છું – ઉપયોગ સ્વભાવી હોવા છતાં નિર્લેપ છું. સંસારના કોઈ સંબંધો તો મારે નથી – પરંતુ ધાર્મિક ક્ષેત્રના કોઈ સંબંધો પણ મારે નથી. બધું જ મારાથી બાહ્ય છે, ભિન્ન છે.

પુદ્‌ગલાત્મક શરીરનો સંબંધ નહિ હોવાથી, શરીરની વેદનાથી / શાતાથી પણ હું ભિન્ન છઉં – તેનું વેદન – જ્ઞાન વેદનથી ભિન્ન જાતિનું - વિરુદ્ધ જાતિનું – પ્રત્યક્ષ છે. મલીન અને આકુળતામય છે. તેથી સહજ નિષેધ્ય છે.

પરંતુ હું એક સમયની પર્યાયથી પણ પર હોવાથી, અને

પરમોત્કૃષ્ટ સ્વરૂપે હું હોવાથી, પર્યાયની, સાવધાની છોડી, સ્વરૂપમાં જ હું સાવધાન છઉં. દ્રવ્ય સ્વભાવ તો ત્રિકાળ સહજ છે. પર્યાયનું સ્વરૂપાકારે થવું - તેવો સહજ પર્યાય સ્વભાવ છે. તેથી પર્યાય પોતાના સ્વભાવે પરિણમે, તેમાં વિશેષતા શું ? હું માત્ર પરિણામ જેટલો જ થોડો છું ? સ્વરૂપ સમુદ્ર પાસે બિંદુના સ્થાને પર્યાય જણાય છે. (૮૧૮)

## 'સ્વરૂપભાવના' પુસ્તકના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ

| | |
|---|---|
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલકાટા | ૨૫,૦૦૦/- |
| શ્રી મનહરલાલ દોશી સેવા ટ્રસ્ટ, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૪,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી શાંતિલાલજી જૈન, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રીમતી ગોદાવરીબહેન શાહ, ચેન્નાઈ | ૧,૦૦૦/- |
| શ્રી એમ. કે. જૈન, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી સરલાબહેન મહેન્દ્રભાઈ શેઠ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી અનસુયાબહેન અજમેરા, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી નીરૂબહેન ભ ત, સુરત | ૧,૦૦૦/- |
| શ્રીમતી જનકબહેન, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રી રમેશભાઈ મહેતા, મુંબઈ | ૫૦૦/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| શ્રી રાજકહાન સત્સગં મંડળ, દેવલાલી | ૨૦૧/- |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | ગાથા નંબર | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૦૧. | પત્રાંક–૯૧૩ | ૦૦૧ |
| ૦૨. | પત્રાંક–૯૧૩ | ૦૨૧ |
| ૦૩. | પત્રાંક–૯૧૩ | ૦૪૦ |
| ૦૪. | પત્રાંક–૯૧૩ | ૦૫૯ |
| ૦૫. | પત્રાંક–૭૧૦ | ૦૭૬ |
| ૦૬. | પત્રાંક–૭૧૦ | ૦૮૭ |
| ૦૭. | પત્રાંક–૭૧૦ | ૦૯૯ |
| ૦૮. | પત્રાંક–૭૧૦ | ૧૧૫ |
| ૦૯. | પત્રાંક–૭૧૦ | ૧૩૩ |
| ૧૦. | પત્રાંક–૮૩૩ | ૧૩૮ |
| ૧૧. | પત્રાંક–૮૩૩ | ૧૫૬ |
| ૧૨. | પત્રાંક–૮૩૩ | ૧૭૪ |
| ૧૩. | પત્રાંક–૮૩૩ | ૧૯૨ |
| ૧૪. | પત્રાંક–૮૩૩ | ૨૧૧ |
| ૧૫. | પત્રાંક–૮૩૩ | ૨૩૦ |


**આ પુસ્તકની કોઈપણ પ્રકારે અશાતના કે વિરાધના ન થાય તેનું લક્ષ રાખવા વિનંતી.**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ॐ

વીતરાગાય નમઃ

## પત્રાંક - ૯૧૩

ધર્મપુર, ચૈત્ર વદ ૪, બુધ, ૧૯૫૬

પત્ર સંપ્રાપ્ત થયું છે. અત્ર સમાધિ છે.

અકસ્માત્ શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.

સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા–અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. વચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે, એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સં લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા

આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાતા–અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ

ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.

તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભ િ ત વડે ઉપાસવા યોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમ કારણે છે.

અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.

भीसण नरयगईए, तिरियगईए कुदेवमणुयगईए;
पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव.

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ–ચિંતવ (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય).

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# પ્રવચન નં. – ૧
## પત્રાંક–૯૧૩ (૧)
## તા. ૧૭-૧૧-૧૯૯૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક–૯૧૩. 'વનમાળીદાસભાઈ' કરીને કોઈ મહાભાગ્ય મુમુક્ષુને લખેલો આ પત્ર છે. પૂરા વચનામૃત ગ્રંથમાં આ પત્રની કોઈ વિશિષ્ટતા છે. આત્મસ્વરૂપપ્રાપ્તિની વિધિ – કાર્યપદ્ધતિ અતિ સૂક્ષ્મ છે અને એવા અતિ સૂક્ષ્મ વિષયનું આ પત્રને વિષે નિરૂપણ થયેલું છે. સ્વરૂપપ્રાપ્તિની વિધિ વિષયક આવું નિરૂપણ અન્યત્ર ક્યાંય નથી આવ્યું, એવું નિરૂપણ આ પત્રની અંદર આવ્યું છે. તેથી જેના ઉપર આ પત્ર લખાયો છે એ ખરેખર કોઈ અત્યંત સુપાત્ર મુમુક્ષુજીવ હોવા જોઈએ કે જેના લક્ષે 'કૃપાળુદેવે' પોતાનું હૃદય ખોલ્યું છે.

પત્રનો વિષય તો કોઈ અશાતાના ઉદયપ્રસંગથી શરૂ થાય છે. (લખે છે) **'પત્ર સંપ્રાપ્ત થયું છે. અત્ર સમાધિ છે.'** 'વનમાળીદાસભાઈ'નું પત્ર પ્રાપ્ત થયું છે અને પોતાની દશાનો ઉલ્લેખ કરેલો છે કે, અમને અહીંયાં સમાધિદશા વર્તે છે. જ્ઞાનીપુરુષ ગમે તેવી ઉદય પ્રવૃત્તિમાં હોય તોપણ નિરંતર આત્મસમાધિમાં વર્તે છે. એવી જે આત્મધારા, એને આત્મધારા કહો – ચૈતન્યધારા કહો – જ્ઞાનધારા કહો, એ એમનું મુખ્ય પરિણમન છે. વૃત્તિ અપેક્ષાએ તે મુખ્ય વૃત્તિ છે અને એ જ જ્ઞાનીપુરુષનું ખરું જીવન છે. ઉદયમાન પરિણામો તો ઉપરછલ્લાં (પરિણામો છે); જેની સાથે સંબંધ નથી એવા,

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
જેની સાથેનો સંબંધ કપાઈ ગયો છે એવા ભિન્નપણે અનુભવાતા ભાવો છે. એ જ્ઞાનીપુરુષનું જીવન નથી. (જે) દેખાય છે તે ખોટું દેખાય છે. વાસ્તવિક જીવન તો એમની આત્મસમાધિરૂપ જ્ઞાનધારા છે.

'વનમાળીદાસભાઈ'ને કોઈ અશાતાનો ઉદય થયો છે તેનો (પ્રથમ) ઉલ્લેખ કરે છે. **'અકસ્માત્ શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે શાંત સ્વભાવથી વેદવામાં આવે છે એમ જાણવામાં હતું, અને તેથી સંતોષ પ્રાપ્ત થયો હતો.'** શું કહે છે ? કે, તમારા ઉદયના સમાચાર કોઈની મારફત જાણવામાં આવ્યા હતા કે, અકસ્માત્ તમને શારીરિક અશાતાનો ઉદય થયો છે અને તે ઉદયને તમે શાંત સ્વભાવથી વેદો છો. એટલા સુપાત્ર અને સુયોગ્ય મુમુક્ષુ હતા. એમ જાણવામાં હતું અને એ જાણીને અમને સંતોષ પણ થયો હતો કે, આ તમારી યોગ્યતા છે એ અનુસાર તમારું પરિણમન, પ્રતિકૂળતાના ઉદયે પણ અશાંત નહિ થતાં – આકુળિત નહિ થતાં તમે શાંતસ્વભાવે એને વેદો છો. એ એક બહુ સારું લક્ષણ છે.

હવે એ વિષય ઉપર જે તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરવું છે એ હવે પછીના પેરાગ્રાફથી કરે છે. **'સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા–અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે.'** કોઈને  વચિત્ શાતાનો ઉદય છે, બહુભાગ તો સંસારી જીવો અશાતાનું જ વેદન કર્યા કરે છે. સમસ્ત સંસારી જીવો પોતપોતાના કર્મવશાત્ શાતા અને અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. આત્માનો અનુભવ તો સંસારી જીવોને છે નહિ, આત્મસુખ અને આત્મશાંતિનો અનુભવ નથી એટલે શાતા–અશાતા બેમાંથી એકનો ઉદય ક્રમે વેદે છે.  ચારેક શાતા (અને) બહુભાગ અશાતા (વેદે છે). એ જ કહે છે.

**'જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે.'** સમસ્ત સંસારી જીવોને મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. **'  વચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે,...'** (અર્થાત્) દેહે કરીને કોઈની તંદુરસ્તી સારી હોય એવા કોઈક સંસારીજીવ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

હોય છે તો એને વચિત્ શાતાનો ઉદય અધિક – સારો એવો ઉદય હોય તોપણ '**...વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે.**' માનસિક અશાતા ! અંતરદાહ ! શારીરિક સુખાકારી હોય તોપણ અજ્ઞાનદશામાં અનેક પ્રકારના અસમાધાનથી ઉત્પન્ન થયેલી આકુળતાની અશાતા હોય છે અને સમસ્ત સંસારી જીવો સાતે ભયથી ગ્રસિત છે. મરણભય, અકસ્માત્ભય, વેદનાનો ભય, ચોરીનો ભય, લૂંટનો ભય, છેવટે પરલોકની ગતિનો ભય, આલોકભય, પરલોકભય (એમ) સાત ભયમાં બધા ભય આવી જાય છે. કોઈ બાકી નથી રહેતું.

પોતાના અવ્યાબાધ શાશ્વત સ્વરૂપનું અજ્ઞાન હોવાને લીધે, 'કોઈને કોઈ પ્રકારની બાધા આવી પડશે તો !' (એમ) આવ્યા પહેલા જ (ભયભીત હોય છે). મૃત્યુ આવ્યું નથી તોપણ ગમે ત્યારે મૃત્યુ થઈ જશે તો ! એ ભય સમસ્ત સંસારી પ્રાણીને સતાવ્યા કરે છે અને એ ભયથી ગ્રસિત એવા પરિણામથી જેની પરિણતિ થઈ ગઈ છે એટલે ખબર પડતી નથી. પરિણતિ થઈ જાય છે ત્યારે ઉપયોગ નથી હોતો. પણ એ ભયથી ગ્રસિત જીવ એ દુઃખથી હંમેશાં–હંમેશાં પીડાતો હોય છે. એને અહીંયાં એક શબ્દમાં એમ કહ્યું કે, '**અંતરદાહ !**' એ એક અંતરમાં ઉત્પન્ન થયેલો દાહ છે. શારીરિક શાતા હોવા છતાં પણ વસ્તુતાએ તો અંતરદાહથી જીવ બળ્યા જ કરતો હોય છે. આ સમસ્ત સંસારી જીવોનું ચિત્ર છે. અને તે વિશેષ વિચાર કરતાં અનુભવગોચર થાય તેવું છે.

'**પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે,...**' શું કહે છે ? પૂર્ણ જ્ઞાની એટલે સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ જેનું વર્ણન કરી શકવા યોગ્ય વચન(યોગ) ધરાવતા નથી એવી અશાતા !! કેમકે એ વેદનાનો વિષય છે, વચનનો વિષય નથી–કથનનો વિષય નથી. તેવી અનંત–અનંત અશાતા આ જીવે ભૂતકાળમાં અનંતવાર ભોગવી છે. અત્યારે ભૂલી ગયો છે તેથી ભોગવી નહોતી, એમ નથી. બાળપણનાં દુઃખ હોય છે એ બાળકને એનાં મા બાપ કહે કે, 'જો તને આમ થયું હતું... આમ થયું હતું...! ત્યારે

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

તો રાડ, બૂમ ને દેકારા કરી મૂક્યા હતા !' અત્યારે યાદ ન હોય તો તેથી કાંઈ દુઃખ નહોતું એવું થોડું છે ? એમ ભૂતકાળના અનંત ભવોમાં નરકાદિની અનંત વેદના (ભોગવી છે). પાંચ પરાવર્તનમાં કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બાકી નથી કે જ્યાં આ જીવ  પજ્યો ન હોય અને દુઃખી થયો ન હોય. એવી અનંત અશાતા આ જીવે ભોગવી છે.

'**...અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે,...**' એવી અશાતા ઉત્પન્ન થાય એવાં જે કારણો છે (અર્થાત્) વિભાવ પરિણામો છે, વિકારી પરિણામો છે તેનો નાશ કરવામાં ન આવે તો તે '**...ભોગવવી પડે એ સુનિશ્ચિત છે,...**' સારી રીતે એ નિશ્ચિત છે કે, એ વેદનામાં જાવું જ પડશે – (એ વેદના) ભોગવવી જ પડશે.

'**...એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સં  લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.**' આટલું વચનામૃત છે. ફરીથી, જીવે અનંતવાર અનંતુ દુઃખ ભોગવ્યું છે એવું જેને જાણવામાં આવે છે અને જાણ્યા પછી એનો ઉપાય શોધવા માટે જેઓ તત્પર થાય છે તેને અહીંયાં '**વિચારવાન ઉત્તમ પુરુષો**' કહેવામાં આવ્યા છે. કેવા કહ્યા ? '**વિચારવાન ઉત્તમ પુરુષો**' ! એટલા માટે કહ્યા કે, એ માર્ગને – એ ઉપાયને શોધીને એ માર્ગને પામીને, એ માર્ગને આરાધીને અનંત અવ્યાબાધ સુખસ્વરૂપની પ્રાપ્તિ કરી. એવા પ્રકારના ઉપાયમાં પ્રવર્ત્યા તેથી તેમને '**વિચારવાન**' અને '**ઉત્તમ પુરુષો**' કહેવામાં આવ્યા છે.

હવે એક સામાન્ય વિચાર કરવામાં આવે (કે), દુઃખ કોને જોઈએ છે ? કોઈ પણ જીવને પૂછો કે, દુઃખ કોને જોઈએ છે ? વિશેષ વિચાર કર્યા વિના પણ ઉત્તર એ જ મળવાનો છે કે, બિલકુલ દુઃખ એક સેકંડ માટે પણ કોઈને જોઈતું નથી. આવો સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં પણ જીવ દુઃખથી મુ  ત થઈ શકતો નથી, અરે...! દુઃખથી તો મુ  ત થઈ શકતો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

નથી પણ દુ:ખના કારણોના સેવનથી પણ મુ ત થઈ શકતો નથી ! આ એક સખેદ આશ્ચર્ય થાય એવી ઘટના છે ! જગતના જીવોની આ પરિસ્થિતિ અને આ ઘટના એક દુ:ખયુ ત આશ્ચર્ય થાય એવી છે !! તેથી તે સંબંધીનો યથાર્થ વિચાર કરી શકે અને તે માર્ગનું (જે) આરાધન કરી શકે એને અહીંયાં '**વિચારવાન ઉત્તમ પુરુષ**' કહેવામાં આવ્યાં છે.

'**...એમ જાણી વિચારવાન ઉત્તમ પુરુષો તે અંતરદાહરૂપ શાતા,...**' કેવી શાતા કહી ? બહારમાં શાતા છે પણ અંતરમાં આકુળતા છે. એવી '**...અંતરદાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સં લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતા,...**' એ (જીવોને) તો બહાર અને અંદર – બહારમાં પણ લેશ અને અંદરમાં પણ લેશ (છે). (બન્ને જગ્યાએ સળગતી) એવી જે અશાતાની જ્વાળા; જેમ હોળીની જ્વાળા સળગે અને તાપ લાગે, એમ જે જીવ સંસારતાપથી તપ્તાયમાન થાય છે અને આત્મશાંતિને ખોજે છે – શોધે છે, એવા જીવને અહીંયાં '**વિચારવાન પુરુષ**' કહેવામાં આવ્યા છે.

એનો '**...આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા,...**' એનો અર્થ એ થાય છે કે, આત્મશાંતિનો જે માર્ગ છે એ શોધકજીવનો માર્ગ છે. કેવા જીવનો માર્ગ છે ? શોધકજીવનો એ માર્ગ છે. જે માર્ગને શોધે છે તેને તેની પ્રાપ્તિ થાય છે. જે એ માર્ગને શોધવા માટે તૈયાર નથી અને રૂઢિગત પ્રમાણે – રૂઢિધર્મ પ્રમાણે ચાલે છે તેને એ માર્ગની કદી પ્રાપ્તિ થતી નથી. માર્ગ તો માર્ગ છે. અહીંયાં માર્ગ એટલે ઉપાય – સુખી થવાનો ઉપાય. એ સુખી થવાનો ઉપાય જિનેશ્વરોએ પોતે Research (શોધ) કરીને પ્રગટ કરેલો છે. ભૌતિક શોધખોળ તો એવી છે કે જે નવી શોધ કરવી પડે છે. અહીંયાં તો અનંત તીર્થંકરોએ પોતે એ માર્ગને શોધીને પ્રસિદ્ધ કરેલો છે, તોપણ એ માર્ગ એમને કામમાં આવ્યો છે, એ ઉપાય પોતાને કામમાં આવવા માટે પોતે પોતાને અંદર શોધ કરવી પડે. ત્યારે એ માર્ગનો પત્તો લાગે. જો પોતે શોધ ન કરે તો એ માર્ગનો પત્તો લાગે નહિ.

(આમ વિચારવાન પુરુષો) એ માર્ગને ગવેષવા તત્પર થયા અને તે

માર્ગને ગવેષ્યો. ગવેષ્યો એટલે શોધ્યો, જાણ્યો, પ્રતીત કરી. (એટલે) જાણીને વિશ્વાસ કર્યો. આ એક મહત્ત્વનો વિષય છે. કોઈ મહત્ પુણ્યના યોગે આપણને આવો વિષય – લોકોત્તર વિષય જાણવા તો મળે છે. જે મહાત્માઓ માર્ગને પામ્યા એમનાં વચનામૃતો ગ્રંથારૂઢ થઈને આપણી સામે આવેલાં છે. માર્ગ સમજવા મળે છે, જાણવા મળે છે એની પ્રતીત થવી એ એક બહુ મહત્ત્વનો વિષય છે. પ્રતીત થવી એટલે અંદરથી વિશ્વાસ આવવો – ખાતરી થવી (કે) 'આ જ માર્ગ છે, આ જ ઉપાય છે અને જીવનમાં આ જ કરી લેવા જેવું છે !' જ્યારે પ્રતીત આવે ત્યારે તે પ્રકારની પ્રતીત આવે છે કે, 'આ જ માર્ગ છે અને જીવનમાં આ માર્ગ પ્રાપ્ત કરી લેવા જેવો છે.' એટલા માટે એમ આવે છે કે, જો અત્યારે – આ તકે આ વસ્તુ સામે આવી છે, સમજવા મળી છે અને આ જીવ એનું મૂલ્યાંકન ન કરી શકે તો ફરી–ફરીને એવી તક મળતી નથી. કોઈ પણ કારણસર સમજવા છતાં એનું મૂલ્યાંકન ન થાય તો એનો વિશ્વાસ આવે નહિ.

ફરીથી, (આ વાત) બુદ્ધિગોચર (થવી એટલે કે) જ્ઞાનનો – મતિ–શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ હોવાથી સમજણ થવી, એ એક વાત છે અને તેનું મૂલ્યાંકન થઈને પ્રતીત થવી, વિશ્વાસ આવવો એ બીજી વાત છે. જ્યાં સુધી તેનું મૂલ્યાંકન થઈને વિશ્વાસ આવતો નથી ત્યાં સુધી તે સમજણ, સમજણરૂપે કામમાં આવતી નથી, અથવા તો તે સમજણ અને અણસમજણ એમાં કોઈ ખાસ ફરક નથી.

એક દૃષ્ટાંત લઈએ – એક મૃત્યુને પ્રાપ્ત કરાવે એવો ભયંકર રોગ – હજી હશે કે નહિ હશે ? થયો હશે કે નહિ થયો હોય ? પણ કાંઈક ગડબડ છે, તબિયતમાં કાંઈક ગડબડ છે એવી ખબર પડે ત્યારે આખી જિંદગીનું મૂલ્યાંકન એક જગ્યાએ થઈ જાય છે કે, ગમે તે ભોગે આ રોગથી છૂટવું જોઈએ. નહિતર ક્યારે આયુષ્ય પૂરું થશે એ કહેવાય નહિ. કેટલી ગંભીરતા આવે છે ! એક મૃત્યુને દૂર કરવા, સર્વથા અભાવ કરવાની તો પરિસ્થિતિ છે નહિ, એમ ખબર છે કે, મરવું તો પડશે જ ! પણ અત્યારે નહિ. (તેમ છતાં) જીવ એને દૂર કરવા માટે અભિપ્રાયથી તો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આકાશ–પાતાળ એક કરવા તૈયાર છે. તો આ વીતરાગી વિજ્ઞાન છે અને એમાં અનંતકાળ માટે અમર થવાનો ઉપાય છે. અનંત જન્મ–મરણ મટાડવાનો ઉપાય છે, એની મુખ્યતા અને ગંભીરતા એટલે હદે, ગણિતની દૃષ્ટિએ પણ ગુણાકાર કરીને આવી છે ખરી ? જો એટલી ગંભીરતા ન આવતી હોય તો સામાન્ય ગણિત પણ આવડતું નથી ! અથવા તો કેટલું ઘોર અજ્ઞાન છે !

વિચિત્ર વાત તો એ છે કે, આ વાત અને આ વિષય જેના કાને પડ્યો નથી એને તો એ વિચાર પણ ન આવે કે, એક મરણથી શું પણ અનંત મરણથી બચી શકાય એવો જગતમાં ઉપાય છે ખરો !! વીતરાગના માર્ગમાં એ વાત છે. પણ જેને એ વાત સમજવા મળે છે તેને તેનું મૂલ્યાંકન ન થાય તો એની Priority બદલાય નહિ. ઉદયના કાર્યોની મુખ્યતા છૂટે નહિ અને આત્મકલ્યાણની ગૌણતા હંમેશાં હંમેશાં રહ્યા જ કરે. આ જે પરિસ્થિતિ છે એ જીવને કદી આત્મકલ્યાણ કરવા દે એવી નથી.

એટલે અહીંયાં 'કૃપાળુદેવે' એ વાત સાથે લીધી છે કે, તે માર્ગને ગવેષવા જેઓ તત્પર થયા તેમણે તે માર્ગને ગવેષ્યો તો ખરો, જાણ્યો તો ખરો. શોધીને જાણ્યો તો ખરો. પણ સાથે–સાથે '**...પ્રતીત કરી,...**' (એટલે) વિશ્વાસ આવ્યો, એનું મૂલ્ય આવ્યું, મૂલ્યાંકન થયું અને ત્યારે જ ખરી મુખ્યતા થાય છે.

'**...તેને યથાયોગ્યપણે આરાધી,...**' અને જ્યાં જાણવું અને વિશ્વાસ આવે ત્યાં તેનું અમલીકરણ થવાનો આપોઆપ ઉત્સાહ આવે છે. સમજણ થવા છતાં એનો અમલ થતો નથી તો સામાન્ય બુદ્ધિવાળા – આ વિષયમાં પ્રવેશ નહિ કરનારા માણસોને પણ આ ખ્યાલ આવે છે કે, 'આ તો ખાલી (ફ ત) વાતો થાય છે !' વાતો કરવાથી કાંઈ ફાયદો ન થાય. 'તમે એનું આચરણ કરો છો કે નહિ ?' એમ સીધો પ્રશ્ન કરશે. પણ જેને આ માર્ગ સમજાય છે, જેને વિશ્વાસ આવે છે એને તેનો અમલ કરવાનો Initiative આવ્યા વિના રહેતો નથી. તત્કાળ ! એનો અમલ કરવા માટેના એના પરિણામ ચાલુ થઈ જાય છે. '**...તેને યથાયોગ્યપણે આરાધી,...**' એટલે

જે સ્તરમાં – જે Stageમાં જે પ્રકારે એનો અમલ થઈ શકતો હોય તેટલી માત્રામાં, તેટલા અંશમાં, તેટલી હદે તેને અમલ કરે છે તે તેનું યથાયોગ્ય આરાધન છે. 'આરાધન' એટલો શબ્દ નથી લીધો.

(એ રીતે) યથાયોગ્ય આરાધન કરી '**...અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ શુદ્ધ સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.**' શું સરવાળો આવ્યો ? કે, જ્યારે એ આરાધન થયું ત્યારે પોતાના પરમપદમાં – નિજ પરમપદમાં તે લીન થયા, એકાગ્ર થયા, સ્વરૂપમાં સમાઈ ગયા. કેવું છે આત્મસ્વરૂપ ? કે, અવ્યાબાધ સુખસ્વરૂપ છે. આત્મસ્વરૂપ છે તેમાં અનંત અનંત સુખ ભરેલું છે અને તે સુખ એવું છે કે, જેને જગતના કોઈ પદાર્થ દ્વારા બાધા પહોંચાડી શકાય નહિ ! એ વાતનો વિશ્વાસ આવવો એ મોટી વાત છે. સમજવા મળ્યું એ મોટી વાત નથી. વિશ્વાસ આવવો તે મોટી વાત છે.

જેમ ઘરમાં સંપત્તિ હોય તો તેની ઓથ અને આધારથી માણસને કોઈ પ્રત્યે દીનતા કરવાના પરિણામ થતા નથી. જેના ઘરમાં સંપત્તિ છે એ કોઈની પાસે દીનતા કરતો નથી. તો 'છે' એનો વિશ્વાસ છે. 'છે' એનો (વિશ્વાસ છે). પરિણામમાં શું છે ? પરિણામમાં તો 'છે' એનો વિશ્વાસ છે, એના અસ્તિત્વનો વિશ્વાસ છે. તો પછી જિનેન્દ્રદેવ કહે છે કે, તારા પ્રદેશ–પ્રદેશમાં અનંત અવ્યાબાધ સુખ ભરેલું છે. આત્માના સર્વ પ્રદેશમાં – એક એક પ્રદેશમાં અનંત અવ્યાબાધ સુખ ભરેલું છે એનો વિશ્વાસ છે ? જો એનો વિશ્વાસ હોય તો આત્મા સિવાય અન્યત્ર – બીજે ઠેકાણેથી સુખ મેળવવાની દીનતાના પરિણામ છે એ ચાલ્યા ગયા વિના રહે નહિ. એ દીનતા આવે જ નહિ.

જેમ શ્રીમંત માણસને ભીખ માંગવાનો વિકલ્પ પણ આવે નહિ. આવે ખરો ? કે, 'કાલે આપણે ભીખ માંગવા જાવું પડશે.' એવો વિકલ્પ પણ એને ન આવે. એટલા પુણ્યપરિણામને ભોગવવાની યોગ્યતા વર્તે છે કે, એવો વિકલ્પ પણ એને ન આવે. ચક્રવર્તી હોય એને ભીખ માંગવાનો વિકલ્પ આવે ? (તો કહે છે કે) આવે નહિ. કેમ ? (કેમકે) એને એની

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

સંપત્તિનું ભાન છે. એમ આત્મામાં અનંત સુખ ભરેલું છે એનો વિશ્વાસ આવવો એ બહુ મોટી વાત છે. જાણવું એ તો મળ્યું, જાણવાનું – સમજવાનું તો મળ્યું (પણ) વિશ્વાસ છે ? જો વિશ્વાસ હોય તો બીજેથી સુખ લેવાના પરિણામ આવે નહિ. નહિ આવવાનું પણ કારણ એ છે કે, બીજે પોતાનું સુખ દેખાય એવી કોઈ પરિસ્થિતિ પણ નથી. જેને દેખાય છે તે ભ્રમ છે. વાસ્તવિકપણે ત્યાં કાંઈ છે નહિ. સુખની ગંધેય નથી, સુખનો પડછાયો પણ નથી. એવા જે પુદ્‌ગલ પરમાણુઓની અવસ્થા ત્યાં ભ્રાંતિગતપણે સુખ ભાસે છે અને એવા ભાસ્યમાન થતા સુખની મીઠાશ જેને છે તેને આત્મસ્વરૂપનો નિશ્ચય કદી થઈ શકે નહિ.

એ વિષય બહુ સારી રીતે પત્રાંક–૩૩૧માં આવ્યો છે. (લખે છે) '**ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને,...**' અનેક પ્રકારના સંયોગો (તેમાં) '**...જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે;...**' તે પ્રકારોમાં અને પ્રસંગમાં. '**...ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે,...**' ત્યાં સુધી પોતાનું અવ્યાબાધ અનંત સુખસ્વરૂપ ! અનંત સુખધામ ! એ ભાસ્યમાન થવું અસંભવિત છે. એ ભ્રાંતિ આડે સમજવા મળે તોપણ 'ભાસે' નહિ. સમજવું એક વાત છે (અને) પોતામાં પોતાનું એવું સ્વરૂપ ભાસ્યમાન થવું તે બીજી વાત છે. (આ પરિસ્થિતિમાં) જીવને પોતાનું સ્વરૂપ તો ન ભાસે પરંતુ એવી ભ્રાંતિમાં ભેલા જીવને '**...સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે.**' (બહારમાં સુખ ભાસે છે એવા જીવને) સત્સંગનું મહત્ત્વ નહિ આવે, એ સત્સંગનું માહાત્મ્ય નહિ ભાસે. એ સત્સંગને ગૌણ કરી નાખશે, મુખ્ય નહિ કરી શકે.

તેથી '**જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય,...**' એટલે કે પરિભ્રમણ કરવાના પરિણામોમાં જેને મીઠાશ આવે છે તેને મુ ત થવાના પરિણામોની મીઠાશ ન લાગે ત્યાં સુધી આ જીવે '**...ખચીત કરી,...**' (એટલે) અવશ્ય કરીને '**...અપ્રમત્તપણે,...**' એટલે જાગ્રત રહીને '**...વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે.**' (એટલે) તેણે જાગ્રત

થવાનો પુરુષાર્થ કરવો. **'આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે.'** 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. (કહે છે કે) આ વાત નિર્વિવાદ જાણજો, એમાં તર્ક ઉઠાવવાની જગ્યા નથી, શંકા કરવાની જગ્યા નથી. અને અમે જે લખ્યું છે એ તો નિસ્પૃહભાવે – નિષ્કામભાવે લખ્યું છે. કોઈ પ્રકારની ઇચ્છાથી લખેલું નથી.

અહીંયાં (ચાલતા વિષયમાં કહે છે કે), એ (સન્માર્ગની) પ્રતીત અને એ આરાધનથી અવ્યાબાધ સુખસ્વરૂપ એવું આત્માનું જે અનાદિ–અનંત સહજ સ્વરૂપ છે, સનાતન સહજ સ્વરૂપ છે, એવા સહજ શુદ્ધ સ્વભાવરૂપ પોતાનું જ પરમપદ છે, તે પરમપદમાં લીનતાની પ્રાપ્તિ થાય છે. સહજભાવે લીનતા થાય છે. સહજ સ્વરૂપમાં સહજ ભાવે લીનતા થાય, જો તે સ્વરૂપને જાણીને, પ્રતીત કરીને આરાધવામાં આવે તો.

આટલું કહ્યા પછી એક વિશેષ વાત આ જ વિષયમાં કરે છે. આશ્ચર્યકારી વિષય છે જરા !! **'શાતા–અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્‌ભવતી,...'** જુઓ ! **'...કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.'** આ એક બહુ આશ્ચર્ય પમાડે એવી વાત છે ! જગતના સર્વ પ્રાણીઓ અશાતાના દુઃખના અનુભવથી ગભરાય છે. ગભરાટ છૂટે ! શરીરમાં ક્યાંક ગાંઠ નીકળી હોય... ઓચિંતી જ દેખાય અને ડૉ ટર એમ કહે કે, 'લૅબોરેટરી ટેસ્ટ કરાવીને મેલિગનેન્સી છે કે નહિ જરા જાણી લેજો ! તરતને તરત આનો ઉપાય થાય તો સારું, મોડું થાય એ સારું નહિ !' હજી ટેસ્ટ કરવાની વાત આવે ત્યારે ગભરાટ કેટલો છૂટે ! ટાંટિયા ધ્રૂજવા મંડે !! આ વળી કૅન્સર હૉસ્પિટલમાં ટેસ્ટ કરવા શું કરવા લઈ જાય છે ? (ડૉ ટર એમ કહે કે) 'ત્યાં જઈને ટેસ્ટ કરાવી લ્યો ! આ રોગનાં સૌથી વધારે સારાં સાધનો ત્યાં છે.' (આવું સાંભળીને) હૉસ્પિટલમાં જવાની કેટલી હોંશ આવે ? ટેસ્ટ કરાવવા માટે જીવને ગભરાટ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

છૂટે છે !!

અહીંયાં એથી એક લટી વાત લીધી છે. (ઉપર કહી એ) સંસારીજીવની એક સામાન્ય પરિસ્થિતિ છે. અહીંયાં એક આશ્ચર્ય પમાડે એવી બીજી જ વાત છે કે, શાતા કરતા પણ અશાતાનો ઉદય થાય, ઉદય થઈ જાય, અશાતાનું દુઃખ અનુભવાય અને એ અનુભવ પ્રાપ્ત (થતા એમ થાય કે) 'આ દુઃખ કેમ ઉત્પન્ન થયું ? મને શા માટે આવો રોગ ? બીજાને નહિ અને મને શું કરવા થયો ?' આ એક પ્રશ્ન થાય છે. કેમકે એ જ હાંડલામાંથી ઘરના બીજા માણસો ખાય છે. એક જ રસોડામાં જમનારા માણસને એકને રોગ થાય અને એકને નીરોગતા થાય ! (તેના) મૂળ કારણને જો તપાસવા જાય છે, એવા જે મહાપુરુષો છે (જેઓ) મૂળ કારણની શોધ કરવા ગયા. એવા પુરુષોને એક જુદી જાતની – વિલક્ષણ એટલે સાવ જુદી જ જાતની, જગતના જીવોને થાય એના કરતા જુદી જાતની '**...સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી,...**' કે, અરે...! આ કારણને શોધવા માટે તો ખરેખર આ ઉદય આવે ત્યારે જ એ કારણને શોધવું જોઈએ કે, આ કેમ થાય છે ? શું કરવા આવું થયું ? આ શું ચીજ છે ? ખરેખર એ દુઃખદાયક છે કે એ દુઃખદાયક છે એવી મારી ભ્રાંતિ અને કલ્પના છે ? આ એક સમજવા જેવો વિષય છે. જીવને શરીરમાં મમત્વ થયું તેનું દુઃખ છે.

જ્ઞાનીપુરુષો એમ કહે છે કે, ખરેખર શરીરની અશાતાનું જીવને દુઃખ નથી. ખરેખર શરીરની પીડા અને અશાતાનું જીવને દુઃખ નથી. કેમકે એ શરીરની પર્યાય છે, એ જીવની પર્યાય નથી. જીવની પર્યાયનું દુઃખ જીવને છે. અશાતાની પીડાનું દુઃખ જીવને નથી. વસ્તુસ્થિતિ તો આ છે. પણ 'એ પીડા અને એ શરીર મારું છે, મને થયેલું છે' એવી જે જીવની પર્યાય તે દુઃખદાયક છે, તે દુઃખને ઉત્પન્ન કરે છે. પણ એવું ભિન્નપણાનું અનુભવજ્ઞાન જ્યાં સુધી ઉત્પન્ન થતું નથી ત્યાં સુધી જીવને શરીરની પીડા આત્મામાં વેદાય છે, આત્મામાં નહિ હોવા છતાં ! દેહપદમાં જીવની ભ્રાંતિ થાય છે. દેહપદમાં જીવપદ જણાય છે. પણ ખરેખર દેહમાં જીવ છે નહિ.

અત્યારે પણ દેહમાં જીવ નથી, જીવ જીવમાં છે અને શરીર શરીરમાં છે. શરીરની અવસ્થા શરીરને થાય છે અને જીવની અવસ્થા જીવને થાય છે. પરંતુ એ બન્નેની ભિન્નતાનું અજ્ઞાન હોવાને લીધે અને એ બન્નેની અભિન્નતાનું જેને જ્ઞાન ન કહેવાય પણ ભ્રાંતિ કહેવાય, કેમકે એ વસ્તુસ્થિતિ નથી, એવો અધ્યાસિત પરિણામ હોવાથી જીવને એનું દુઃખ થાય છે.

વિચારવા યોગ્ય વિષય એ છે કે, જ્યારે કોઈ પણ માણસને શરીરની પીડા થાય ત્યારે ત્યાંથી ઉપયોગને છોડાવવો મુશ્કેલ પડે. જગતમાં બીજા–બીજા પ્રકારનાં અનેક દુઃખ છે. એ દુઃખને ભુલાવવા માટે લૌકિક માણસોએ પણ ઘણી યુક્તિ–પ્રયુક્તિ શોધી કાઢી છે. એક દૃષ્ટાંત લઈએ કે, કોઈના ઘરમાં મૃત્યુ થાય છે ત્યારે બધાય શોકમાં ડૂબી જાય છે કે, 'અરે..રે...! ફલાણા–ફલાણા આપણી વચ્ચેથી ચાલ્યા ગયા.' એનું મરણ થઈ ગયું, એ મરી ગયા એ શબ્દ જ દુઃખદાયક છે. તોપણ તેરમા દિવસે, તેરમાના દિવસે એને ભૂલવા માટે બધા સગાવહાલા ભેગા થઈને મિષ્ટાન્ન ખાય ! શું કરે છે ? લૌકિક માણસો(એ) શું કરવા આ પદ્ધતિ ગોઠવી ? (કે) દુઃખને ભુલાવવા માટે ! તેરમાના દિવસે મિષ્ટાન્ન ખાધું એટલે ત્યારપછીના કોઈ પણ દિવસે મિષ્ટાન્ન ખાવામાં વાંધો નહિ અને એ દુઃખને ભૂલવામાં વાંધો નહિ. કેમકે એમાંથી એને સુખ મળે છે. (આમ) મૃત્યુના દુઃખને ભૂલવા માટે પણ યુક્તિ–પ્રયુક્તિ છે. બીજાં દુઃખોને ભૂલવા માટેના પણ અનેક ઉપાયો છે. 'દુઃખના ઓસડ દહાડા.' એમ કહેવત થઈ ગઈ. પણ (શારીરિક) પીડા પડી હોય ત્યારે ત્યાંથી ઉપયોગ છોડાવી શકાતો નથી. અને જીવને વેદે છૂટકો – ભોગવે છૂટકો.

આવી એક અનિવાર્ય દુઃખ ભોગવવાની પરિસ્થિતિનો ઉપાય કે એ પરિસ્થિતિમાં પણ દુઃખ ન ભોગવવું હોય તો શું કરવું જોઈએ ? એવો ઉપાય મહાન પુરુષોએ શોધ્યો છે. અને જ્યારે એ ઉપાય એમણે શોધ્યો ત્યારે એક વિચિત્ર વૃત્તિ – વિલક્ષણ વૃત્તિ એમને ઉદ્‌ભવી કે, અરે...! શાતા કરતા અશાતાનો ઉદય પ્રાપ્ત થાય અને તેમાં પણ તીવ્રપણે તે અશાતાનો ઉદય પ્રાપ્ત થાય, ત્યારે તેમનું વીર્ય નામ પુરુષાર્થ છે એ વિશેષપણે જાગ્રત

થવા લાગ્યો. એટલે કે અશાતાના ઉદયથી આત્માર્થીજીવ કે જ્ઞાનીપુરુષ કદી ગભરાતા નથી. એટલા માટે ગભરાતા નથી કે, એ એક એવો ઉદયપ્રસંગ છે કે, જ્યાં દેહથી આત્માની ભિન્નતાના પ્રયોગ કરવાની પ્રયોગશાળાનો ત્યાં લાભ થાય છે ! પ્રયોગ તો પ્રયોગશાળા હોય ત્યાં થઈ શકે ને ? પ્રયોગશાળા ન મળે તો પ્રયોગ ક્યાં જઈને કરવો ? તો કહે (છે) કે, એ અશાતા આવી તો બહુ સારું થયું ! આવવા દ્યો એને ! જેટલી જોરથી આવે એટલી જોરથી આવવા દ્યો !! આ વખતે હું દેહથી ભિન્નતાનો યથાર્થ પ્રયોગ મારા પુરુષાર્થને ઉપાડીને કરવા માંગું છું.

એટલા માટે સત્‌શાસ્ત્રોમાં તો મૃત્યુ વખતે જે તીવ્ર અશાતા હોય છે, એ તીવ્ર અશાતાના મૃત્યુના પ્રસંગને 'મૃત્યુમહોત્સવ' તરીકે બિરદાવવામાં આવ્યો છે ! મહોત્સવ વખતે ખુશી થાય ને ? ઉત્સવમાં તો એ ખુશીનો દિવસ છે. આ જન્મોત્સવ લ્યો ! કાલે આપણે ઉત્સવનો દિવસ છે, 'કૃપાળુદેવ'ના જન્મોત્સવનો દિવસ એ ખુશીનો દિવસ છે. જ્ઞાનીઓને મૃત્યુ પણ મહોત્સવનો દિવસ છે. કેમકે એ વખતે વેદના વધે છે. પ્રાણ છૂટે છે ત્યારે કોઈ પણ જીવને અશાતા(ની) વેદનાનો તીવ્ર ઉદય આવે છે. અને જ્ઞાનીપુરુષો એ વખતે વિશેષ પુરુષાર્થ કરે છે. કેટલાક જ્ઞાનીઓ તો એવા છે કે, મૃત્યુકાળે જે તીવ્ર અશાતાનો ઉદય થાય ત્યારે નિર્વિકલ્પદશામાં દેહત્યાગ કરે છે !! કેટલો પુરુષાર્થ કરે ? (કે), સવિકલ્પદશાને ઉલ્લંઘન કરીને નિર્વિકલ્પદશામાં આવી દેહત્યાગ કરે. એટલો પુરુષાર્થ અંદરથી ફોરવે ! અને એ વખતે કર્મની નિર્જરા ઢગલાબંધ થાય છે. કેટલી નિર્જરા થાય ? જો અશાતામાં (અને તેમાં પણ) તીવ્ર અશાતામાં આત્મિક પુરુષાર્થ પ્રગટ કરવામાં આવે, આત્મિક પુરુષાર્થ વિશેષપણે જાગ્રત થાય, એ સહજ યોગ્યતાનો વિષય છે, તો એ વખતે નિર્જરા પણ સૌથી વિશેષ થાય છે. જેમ Seasonમાં કમાણી સૌથી વધારે થાય (એમ અહીંયાં) સૌથી વધારે કમાવાનો અવસર આ (મૃત્યુનો) પ્રસંગ છે ! અને તેથી એને 'મહોત્સવ' એવું નામ દેવામાં આવ્યું છે.

અહીંયાં પણ એવી જ કોઈ વાત 'કૃપાળુદેવે' રજૂ કરી છે. '**...શાતા**

**કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું,...**' કરવું પડે નહિ, તેમનો પુરુષાર્થ તીવ્રપણે જાગ્રત થઈ જતો. આ જેણે દુઃખથી છૂટવાનો ઉપાય શોધ્યો તેણે દુઃખના સમયમાં જ દુઃખ ટાળવાનો પુરુષાર્થ કરેલો છે. શું વાત લીધી છે ? કે, એવું દુઃખ ન આવે ત્યારે હું એનો માર્ગ શોધીને પુરુષાર્થ કરું, એમ નહિ. એવી પીડા ઉત્પન્ન થાય ત્યારે જ હું એનો પ્રયોગ કરી અને એ પીડાના કાળમાં જ હું પીડાથી ભિન્ન થાઉં. તર્કથી ન સમજાય એવો વિષય છે કેમકે એકદમ અનુભવનો વિષય છે. એમાં તર્ક લાગે એવું નથી, અનુમાન લાગે એવું નથી, બુદ્ધિ પહોંચે એવું નથી કે, આમ કેમ થતું હશે ? પણ (આ) એક અધ્યાત્મરસનો બહુ રસિક વિષય છે.

જ્ઞાનીપુરુષો શરીરની અશાતા – વેદનાની પીડા વખતે સુખી થતાં–થતાં, દુઃખી થતાં–થતાં નહિ, પરંતુ સુખી થતાં–થતાં એ પીડાને ભિન્ન રહીને માત્ર જાણે છે !! એ જ્ઞાનના ભિન્ન જ્ઞેય તરીકે જણાય છે કે, પીડા કેટલી ચાલી રહી છે ? શરીરની પીડા શરીરમાં કેટલી થઈ રહી છે એનું જ્ઞાન થાય છે. એનું દુઃખ નથી થતું પણ પોતાના ભિન્નપણામાં એનું સુખ થાય છે. આત્મામાંથી ઉત્પન્ન થતું એ આત્માનું સુખ છે. આવી શારીરિક અશાતાની વેદનાની પ્રતિકૂળતા(નું) પણ જેને દુઃખ નથી, મૃત્યુનો પ્રસંગ પણ જેને દુઃખ નથી, એને જગતમાં બીજા ક્યા સંયોગ–વિયોગ દુઃખ પ્રાપ્ત કરાવી શકે ? કે, એને કોઈ પ્રસંગનું દુઃખ થવાનો પ્રશ્ન જ નથી. એવો ઉપાય જે વિચારવાન પુરુષોએ શોધ્યો તેને અહીંયાં 'મહત્ પુરુષ, મહાન પુરુષ' કહેવામાં આવ્યા છે. એ એમની મહાનતા છે !!

(કહે છે) તેમનો પુરુષાર્થ વિશેષપણે સહજ જાગ્રત થતો, કરવો પડે નહિ. આ બાજુ જેમ–જેમ અશાતા તીવ્ર થાય તેમ–તેમ અહીંયાં પુરુષાર્થ પણ તીવ્ર થાય. બહુ સ્વાભાવિક છે, યોગ્યતામાં એ ઘણું જ સ્વાભાવિક છે. જેમ કોઈને ખબર પડે કે, વાવાઝોડુ આવવાનું છે અને આપણે કોઈ એવી જગ્યાએ ચાલીએ છીએ કે, જો પગ આઘોપાછો પડી જાય (તો પડી જવાય). જેમકે કોઈ ડુંગરા(ની) કેડી (ઉપર) ચાલતા હોઈએ તો ખીણમાં

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પડી જવાય. તો એ વખતે જે કાંઈ પકડી રાખવાનું સાધન મળે – કોઈ ઝાડ મળે, કોઈ થાંભલો મળે, કોઈ પથ્થર મળે, શિલા મળે તો સહજપણે એને જોરથી પકડી રાખવું એ શિખડાવવું પડે ? બાળકને પણ શિખડાવવું ન પડે. પાંચ વર્ષનું બાળક બજારમાં માતાની સાથે ચાલતું હોય (ત્યારે) સાડલાનો છેડો (પકડીને) ચાલે. એમાં ગિરદી વધી જાય, ગિરદી ! (તો) મજબૂતપણે પકડી રાખે કે, ક્યાંક મને કો'કનો હડસેલો વાગીને છૂટો પડી જઈશ તો હું ખોવાઈ જઈશ. બાળકને પણ સહજપણે પકડ આવે છે કે, 'હું જોરથી સાડલાનો છેડો પકડી રાખું.' એમ જેને અંતર પુરુષાર્થની ગતિ અને સૂઝ આવી ગઈ છે એને બહારના પ્રતિકૂળતાના પ્રસંગોએ તે પુરુષાર્થ સહજપણે વૃદ્ધિગત થવા લાગે છે.

પ્રતિકૂળતા છે એ પરિણામને વિચલિત કરે એવા પ્રસંગો છે. અશાતા અને બીજા પ્રતિકૂળ પ્રસંગો પરિણામોને વિચલિત કરે એવા પ્રસંગો છે. એ પ્રસંગોનો ખ્યાલ આવતા જ યોગ્યતાવાન આત્માર્થી મુમુક્ષુજીવ હોય અથવા જ્ઞાનીપુરુષ હોય ત્યારે એ વિશેષ પુરુષાર્થને પ્રગટ કરીને વીર્યોલ્લાસમાં આવીને તે સમયને પોતાના આત્મકલ્યાણનો, અધિક આત્મકલ્યાણ થવાનો પ્રસંગ સમજે છે. એનાથી દુઃખ પામતા નથી, એ પ્રસંગો ન આવે એની અનિચ્છાને એ પ્રગટ કરતા નથી, એવી અનિચ્છા કરતા નથી. લટાનો તે સમય અધિક કલ્યાણકારી તેમને સમજાણો ! આમ જેને દુઃખથી મુ ત થવું છે એવા વિચારવાન જીવોએ દુઃખના પ્રસંગોને આવકાર્યા છે પણ દુઃખના પ્રસંગોથી ડરીને એ ભાગ્યા નથી.

(હવે કહે છે) '**કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.**' એક વિશેષ સ્પષ્ટીકરણ આપ્યું છે કે, જ્ઞાનીપુરુષ પણ દવા–ઔષધ લે છે તો પછી એ કેવી રીતે લેતા હશે ? શા માટે લેતા હશે ? કઈ પરિસ્થિતિમાં લેતા હશે ? એનું સ્પષ્ટીકરણ આપ્યું છે. કેમકે આવી વાત છે ત્યારે કેટલાકને શંકા પડે કે, અમે તો મોટા મોટા મહાન જ્ઞાનીઓને દવા લેતા જોયા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

છે ! ઔષધિ ખાતા અને શરીરની અશાતા મટાડવાનો ઉપચાર કરતા જોયા છે (તો) એ કેમ કરતા હશે ? કેવી રીતે કરતા હશે ? એની અંદરની પરિસ્થિતિને સ્પષ્ટ કરતું આ સ્પષ્ટીકરણ છે.

'**કેટલાક કારણવિશેષને યોગે,...**' કારણવિશેષો એવા હોય છે કે, એમને પોતાને દેહ ઉપર મમત્વ હોતું નથી. પણ તેમના દેહ ઉપર બીજાને મમત્વ હોય છે. એક તેમના કુટુંબીજનો હોય છે અને બીજા તેમના ભ  તજનો હોય છે. જે દેહની તંદુરસ્તીને કારણે તેમના નિમિત્તે તેમની વાણી આદિનો આત્મલાભ લેવા ઇચ્છતા હોય છે. એવા કેટલાક કારણવિશેષના યોગે... યોગે એટલે એવા સંયોગે. '**...વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય ઔષધાદિ,...**' જે ઔષધિ વ્યવહારદૃષ્ટિથી ગ્રહણ કરવા યોગ્ય હોય. ગમે તેવો ઔષધ ન લે. એને (કોઈ) એમ કહે કે, 'તમે કંદમૂળ લઈ લ્યો !' તો ન લે. 'આ ફલાણા પ્રાણીમાંથી બનાવેલી ફલાણી ઔષધિ છે.' તો કહે, 'એ ન લેવાય.' (એ) વ્યવહારદૃષ્ટિથી કરવા યોગ્ય નિર્દોષ ઔષધ '**...આત્મમર્યાદામાં રહી,...**' શેમાં (રહીને) ? આત્માના સ્વભાવમાં રહેવાની એમની મર્યાદા છે. એ સ્વભાવભાવ છોડીને કેવળ વિભાવભાવમાં – રાગમાં આવીને પણ એ ઔષધ ગ્રહણ કરતા નથી. એવી આત્મમર્યાદામાં રહીને તેઓ (ઔષધાદિ) '**...ગ્રહણ કરતા,...**'

'**...પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.**' અને તે કાળમાં પણ – તે વખતે પણ પોતાના સ્વરૂપમાં વિશેષપણે પુરુષાર્થથી શાંત થવું – ઉપશમ થવું એ જ પોતાના આત્માની તંદુરસ્તીનું સર્વોત્કૃષ્ટ ઔષધ છે. એની ઉપાસના કરતા–કરતા, ઉપાસતા–ઉપાસતા એ ઔષધાદિનું ગ્રહણ ઉપરો   ત મર્યાદામાં લેવામાં આવે છે. ત્યારે તેને દોષ ગણીને અન્યાય કરવો જોઈએ નહિ ! એટલી વાતનું સ્પષ્ટીકરણ અહીંયાં આપી દીધું છે. કેમકે જ્ઞાની પણ   ચારેક ઉપચાર કરતા હોય એવું બહારથી જોવામાં આવે છે. આ (ઉપદેશ) 'વનમાળીદાસભાઈ' જેવા સુપાત્ર મુમુક્ષુજીવને અશાતાનો ઉદય આવ્યો છે ત્યારે પ્રાસંગિક ઉપદેશ કર્યો છે અને એ કોઈ પણ મુમુક્ષુજીવ માટે અત્યંત અત્યંત પ્રેરણાદાયક

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

છે. એવો વિષય અહીંયાં લીધો છે.

હવે પછીના શેષ અંશમાં જે સ્વરૂપપ્રાપ્તિની વિધિ છે એ વિધિનું બહુ સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે. એ આવતીકાલના સવારના સ્વાધ્યાયમાં લઈશું, સમય પૂરો થયો છે.

∧ ∧ ∧

વિધિ : અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી જોતાં, જીવને માત્ર જ્ઞાનનો - સામાન્યનો–જ અનુભવ છે. ત્યાં જોરથી સ્વપણું થતાં અનેક જ્ઞેયાકારો અને પર્યાયત્વ ગૌણ થાય છે; ને 'સ્વભાવનો આશ્રય' લક્ષના કારણથી થઈ જાય છે. સ્વભાવના આશ્રયમાં દ્રવ્ય પર્યાયના ભેદ સહજ નિરસ્ત થઈ જાય છે. કારણકે સ્વભાવ દ્રવ્ય-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. સ્વભાવે અનઉભય સ્વરૂપ છે.

*–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૧૪)*

# પ્રવચન નં. – ૨
# પત્રાંક–૯૧૩ (૨)
# તા. ૧૮-૧૧-૧૯૯૪

આજે 'કૃપાળુદેવ'ની જન્મજયંતીનો મહોત્સવ દિન છે. આપણું એ પરમ સૌભાગ્ય છે કે, આવા મહાપુરુષનો જન્મદિવસ   જવવાનું સદ્ભાગ્ય આપણને પ્રાપ્ત થાય છે. વાસ્તવિકપણે તો તેમનું સ્મરણ કરીને તેમના ગુણાનુવાદ, તેમની ભિ  ત એ વિશેષ પ્રકારે કરવાનો આજનો દિવસ છે. તેમના ગુણોથી તેમનું સ્મરણ કરીને તેમના પ્રત્યે જે કાંઈ બહુમાન હોય તે બહુમાન વૃદ્ધિગત થાય એ પ્રકારે આજનો દિવસ વિશિષ્ટભાવથી પસાર થવો જોઈએ.

જ્યારે તેમનું સ્મરણ કરીએ છીએ ત્યારે તેમની જે મુખમુદ્રા છે તેનું પ્રથમ જ નિદિધ્યાસન થાય છે. ભલે અત્યારે આપણી પાસે એ પ્રત્યક્ષ નથી તોપણ પ્રત્યક્ષવત્ પ્રતિભાસે છે. તેમની મુદ્રા આપણા ચૈતન્યપ્રદેશોમાં અંકિત થાય છે, Visualise થાય છે – દેખાય છે.

અહો ! તેમની મુદ્રા ! અહો ! તેમની મુદ્રામાં પ્રદર્શિત થતી ગંભીરતા ! એમનું જે પરમ ગાંભીર્ય છે તે તેમની મુદ્રામાં બહુ સારી રીતે પ્રસિદ્ધ થાય છે, પ્રદર્શિત થાય છે. એવી એક અસાધારણ અપૂર્વતા એમનામાં દૃષ્ટિગોચર થાય છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

તેમના વચનયોગ માટે તો બીજાના વચન અધૂરા અને ઓછા પડે એવા છે. એવો કોઈ સાતિશય વચનયોગ તેઓશ્રીને પ્રાપ્ત હતો કે, જેનો પુરાવો આ ‘વચનામૃત ગ્રંથ’ આપણી સમક્ષ છે. એ વચનયોગથી આજે પણ હજારો માણસો આકર્ષિત થાય છે. કોઈ એવો ચમત્કાર કહીએ, કોઈ એવો અતિશય કહીએ, કોઈ એવો લોકોત્તર જાદુ કહીએ, તે પ્રકાર તેઓશ્રીના વચનયોગમાં પ્રસિદ્ધ છે. તેનું બીજા વચનોથી પ્રશંસા કે ગુણાનુવાદ કરતાં ઓછું લાગે છે, અધૂરું લાગે છે. જેટલું સમજમાં આવે છે, જેટલું અનુભવાય છે તેટલું કહી શકાતું નથી.

એ વચનયોગ અને એ વચનયોગ દ્વારા જે–જે મુમુક્ષુ આત્માઓ તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા તેમના પ્રત્યે તેમની જે પરમ કરુણા, તેમનો ઉદ્ધાર કરવાની જે નિષ્કામ કરુણા, એ કરુણા પણ તેમના એકે–એક પત્રમાં દેખાય છે. માત્ર એ કરુણા જ હતી એટલું જ નહિ પણ એ એક લોકોત્તર વિચક્ષણતા પણ હતી. જેમ કોઈ કુશળ વૈદ્ય હોય, Expert ડૉ ટર હોય અને ગંભીરમાં ગંભીર રોગીને પણ એકદમ તંદુરસ્તી પ્રત્યે Stage by stage, stage by stage લઈ જાય એ રીતે તેઓશ્રીના પરિચયમાં આવેલા મુમુક્ષુઓને તેમના આત્માની ઉન્નતિ ક્રમમાં તેઓ લઈ આવતા.

એ પ્રકાર જે છે એવો પ્રકાર અનેક મહાત્માઓનો ઇતિહાસ જોતાં પણ એમ લાગે છે કે, એ પ્રકારની વિચક્ષણતા ભાગ્યેજ અનેક ધર્માત્માઓમાં પણ કોઈએક ધર્માત્મામાં હોય એવા પ્રકારની હતી. અત્યંત વિચક્ષણતા ! કોઈ પણ મુમુક્ષુને કેટલી વાત કરવી, કેવી વાત કરવી, કેટલી માત્રામાં કરવી કે ન કરવી, એવી વિચક્ષણતા જે–તે મુમુક્ષુની યોગ્યતાને પારખીને તેઓશ્રી એને જે Treatment આપતા – જે બોધ આપતા એમાં કેવળ સામાનું આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ નહિ.

એ સિવાય એમની જે સરળતા છે તે તેઓશ્રીના પત્રમાં કોઈ અસાધારણ રીતે વ્ય ત થાય છે. સરળપરિણામી જીવો કેવા હોય અને ધર્માત્માની સરળતા કેવી હોય એના માટે આ ગ્રંથ છે એ એક અસાધારણ પુરાવો છે, અસાધારણ સાબિતી છે. પોતાના પરિણામની વાત કરવી એ

અસાધારણ અને અત્યંત સરળતા સિવાય સંભવિત નથી. પ્રયોગ કરી જોઈએ તો ખ્યાલ આવે એવું છે કે, આપણે આજે પણ સત્સંગ કરીએ છીએ તો એ સત્સંગમાં આપણે આપણાં પરિણામોની કેટલી ચર્ચા કરીએ છીએ ? કે, મને આટલા દોષ થાય છે, મને આવા–આવા પ્રકારના પરિણામ થાય છે, એમાં વિપરીતતા શું છે ? એમાં ક્ષતિ શું છે ? એમાં ખામીઓ શું છે ? કઈ રીતે એને સુધારવા જોઈએ ?

'કૃપાળુદેવે' પોતાનાં પરિણામો પત્રની અંદર લખીને જે બોધ આપવાની એક પ્રણાલિકા કહીએ, બોધ આપવાની એક વિધિ કહીએ, રીત કહીએ, કાર્યની પદ્ધતિ કહીએ – એ પદ્ધતિ ખરેખર અનુસરણ કરવા જેવી છે, અનુકરણ કરવા જેવી છે. અને જે પ્રાયેઃ અનુકરણ થતી જોવામાં આવતી નથી. આ એક વિશિષ્ટ પ્રકાર અંગીકાર કરવા યોગ્ય છે અને તો જ આપણે તેમના માર્ગે ચાલીએ છીએ. માત્ર વાંચી જઈએ, માત્ર વાંચીને પ્રશંસા કરીએ એટલું નહિ હોવું જોઈએ. તેઓ કઈ રીતે વર્ત્યા છે ? પોતાના પરિણામની અધ્યાત્મિક પરિસ્થિતિ પણ વ્ય ત કરી છે અને એવું તો ભાગ્યે જ કોઈ વ્ય ત કરે.

ખરી વાત એવી છે કે, જે કાંઈ જ્ઞાનીપુરુષની જ્ઞાનદશા છે, જે કાંઈ એમના આત્મગુણોનો આવિર્ભાવ થયેલો હોય છે એ તો એમની સંપત્તિ છે ! એ એમની કમાણી છે ! એ એમની મૂડી છે ! આજે આપણે આપણી મૂડી કોઈને બતાવીએ છીએ ? કે, ભાઈ ! મારી પાસે આટલી મૂડી છે ! ઓછી હોય તોપણ કોઈ બતાવતું નથી અને વધારે હોય તોપણ બતાવતું નથી. હા, બતાવે કોને ? પોતાના આત્મીયજન હોય, પોતાના પિતા હોય, પુત્ર હોય, પત્ની હોય એને બતાવે છે કે, 'આપણી પાસે આમ છે ! અને એ પ્રમાણે આપણે ચાલવું જોઈએ.'

'કૃપાળુદેવે' પોતાની મૂડી – આત્મસંપત્તિ પત્રો દ્વારા વ્ય ત કરી છે. એ ઉપરથી એમ લાગે છે કે, તેઓશ્રીની તેમના પરિચયમાં આવતા સુપાત્ર જીવો સાથેની આત્મીયતા કેટલી હદે હતી !! કોઈ પણ ધર્માત્મા આવી વાત ભાગ્યે જ કરે. જે વાતો એમણે અનેક પત્રોમાં (કરી છે). અને તેમાં

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
પણ ખાસ કરીને 'સોભાગભાઈ' જે એમના પરમ નિકટ સખા હતા, તેમના પત્રોમાં વિશેષપણે કરી છે. એ એક 'સોભાગભાઈ'નો પણ ઉપકાર છે !! કે, જેમના સંયોગને લીધે, જેમના યોગને લીધે 'કૃપાળુદેવ'ની અભ્યંતર દશા – આત્મદશા પ્રસિદ્ધ પામી અને 'કૃપાળુદેવ'ને એ રીતે એમના અંતરંગથી સમજવાનો એક મોકો – એક તક આપણને પ્રાપ્ત થઈ છે. એ એમની અસાધારણ અત્યંત–અત્યંત સરળતાનો પુરાવો છે.

તેમની નમ્રતાનો વિચાર કરીએ તો એવો દાખલો ભાગ્યે જોવા મળે, એવા વચન અને કથન ભાગ્યે જ જોવા મળે એવો પ્રકાર આ ગ્રંથની અંદર પ્રસિદ્ધ છે. એ વિષયમાં એમનો પત્રાંક–૫૩૯ છે એ વિચારવા યોગ્ય છે. એ રીતે 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરીએ તો કલાક તો ઓછો પડે એવું છે ! '**બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.**' સંસારની ચાર ગતિને એક વચનમાં સમાવી દીધી ! વચનના અર્ધા ભાગમાં સમાવે છે !! અને મોક્ષની ગતિ – પંચમ ગતિ પ્રાપ્ત કરવાને બાકીનું અર્ધું વચન કહી દીધું. આ વચનયોગનું સામર્થ્ય છે !! સંસાર અને મોક્ષ – એક વચનમાં કારણ–કાર્ય સહિત કહ્યાં છે. '**જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...**' કે, મારું પરિભ્રમણ ટળવું જોઈએ અને નિજમાં નિજબુદ્ધિ કરીને પરિભ્રમણથી મુ ત થવું જોઈએ. તેણે શું કરવું ? (કે) '**...તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે,...**' તેવા જ્ઞાનીપુરુષની – તેવા સત્પુરુષની '**...દાસાનુદાસપણે અનન્ય ભિ ત કરવી, એ** (મુમુક્ષુનું) **પરમ શ્રેય છે.**' પરમ કલ્યાણ છે.

હવે તેઓશ્રીની અસાધારણ નમ્રતાનો પુરાવો છે. આટલા અનુસંધાન પછી (લખે છે) '**...તે દાસાનુદાસ ભિ તમાનની ભિ ત પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે.**' શું કહ્યું ? જ્ઞાનીપુરુષ, કે જે જ્ઞાનીપુરુષની દાસાનુદાસપણે ભિ ત કરતા હોય તેની પણ ભિ ત કરે અને છતાં પણ વિષમતા એટલે Inferiority of complex ઉત્પન્ન ન થાય ! કે, અરે...! દાસાનુદાસની ભિ ત જ્ઞાની કેવી રીતે કરે ?! જ્ઞાનીની

ભિ ત તો એમના દાસ અને એમના ભ તો અવશ્ય કરે, એ તો એક સાધારણ વાત છે – સામાન્ય વાત છે, સંભવિત વાત છે. પણ દાસાનુદાસ ભિ તમાનની ભિ ત પ્રાપ્ત થયે જેમાં કોઈ વિષમતા આવતી નથી, વિકલ્પ ઉત્પન્ન ન થાય કે, 'આમાં મારા માન–અપમાનનો સવાલ શું છે ? લોકો કઈ રીતે મને જોશે ? શું સમજશે ?' તે જ્ઞાનીને ધન્ય છે !! આ રીતે, આ અભિપ્રાયથી જ્ઞાની જ્ઞાનદશાને પ્રાપ્ત થયા હોય છે. તેમને કદી પણ માન–અપમાનની કલ્પના ક્યાંય પણ થતી નથી. '**તેટલી સર્વાંશદશા જ્યાં સુધી પ્રગટી ન હોય ત્યાં સુધી આત્માને કોઈ ગુરુપણે આરાધે ત્યાં પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે.**' જુઓ ! નમ્રતાનો પુરાવો ! આવા વચનો અન્યત્ર ક્યાંય જોવા મળતા નથી.

એ વચનો જ્યારે સામે આવે છે ત્યારે, અહો ! તેમની નમ્રતા ! એવો આશ્ચર્યકારક ભાવ થયા વિના રહેતો નથી !! અહો ! તેમની ગવેષણા ! ગવેષણા એટલે સત્યની ખોજ. કેવા પ્રકારે એમણે સત્યની ખોજ કરી અને પરમ સત્યને પ્રસિદ્ધ કર્યું – પ્રગટ કર્યું !

અહો ! તેમનું શ્રદ્ધાન ! વર્તમાન પંચમકાળ એક એવો કાળ છે કે જેને શાસ્ત્રકાર 'હુંડાવસર્પિણીકાળ' કહે છે ! સર્પ જેમ સીધો ચાલે નહિ એમ આ કાળ સીધો ચાલે નહિ. એટલે કે ધર્માત્મા હોય, ગમે તે હોય એને પણ બહારમાં સંયોગોની ચડ- તર, ચડ- તર થયા જ કરે. એવા અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર પૂર્વ કર્મના ઉદયો આવવા છતાં પણ જેમનું અવિચળ શ્રદ્ધાન એવું ને એવું અવિચળ રહે છે ! એવા એમના અચલિત શ્રદ્ધાનને જો લક્ષમાં લેવામાં આવે તો એમના પ્રત્યે હૃદય નમી પડ્યા વિના રહે નહિ !!

અહો ! તેમનું નિરાવરણજ્ઞાન ! જ્ઞાન તો જ્ઞાન છે પણ જ્ઞાનમાં બે પ્રકાર છે. આવરણ સહિતનું જ્ઞાન અને નિરાવરણજ્ઞાન. જ્ઞાનીપુરુષનું જ્ઞાન ભ્રાંતિરહિત થયું હોવાને લીધે તે જ્ઞાન નિરાવરણતાને પ્રાપ્ત થયું છે. જેને પોતાના પરમાત્મસ્વરૂપમાં કેવળ આત્મબુદ્ધિ વર્તે છે અને દેહાદિથી

અને રાગાદિથી ભિન્નપણું વર્તે છે, એવું જે નિરાવરણજ્ઞાન છે (કે) જે કેવળજ્ઞાનનું સાધક છે. એ જ્ઞાન પણ 'કૃપાળુદેવ'માં અતિશયપણે પ્રકાશમાન થયું હતું અને તે તેમના વચનયોગથી સારી રીતે સમજી શકાય છે.

અહો ! તેમની સમાધિ ! ઉપાધિમાં પણ સમાધિ ! પૂર્વકર્મના યોગે બહારમાં અનેક પ્રકારનો ઉપાધિયોગ વર્તતો હતો. પત્રોમાં જે વિષય આવ્યો છે એ બહુ અલ્પાંશે આવ્યો છે. પણ તેના ઉપરથી કેટલાંક અનુમાન કરીએ તો સ્પષ્ટ ખ્યાલમાં આવે કે, અનેક પ્રકારના ઉપાધિયોગમાંથી તેઓ પસાર થતા હતા, તોપણ તેમની આત્મસમાધિ એવી ને એવી રહેતી હતી ! (એક પત્રમાં લખે છે) 'અમે જે કાંઈ કરીએ છીએ તે કાંઈ લેવા માટે કરતા નથી. જગતના જીવો વ્યવસાય કરે છે એ કાંઈક લેવા માટે કરે છે, જ્યારે અમે કાંઈ કરીએ છીએ એ દેવા માટે કરીએ છીએ !' એટલે કે પૂર્વકર્મનું જે કરજ છે એ કરજ ચૂકવીએ છીએ, કરજ પ્રમાણિકપણે ચૂકવીએ છીએ, કરજ કર્યું હોય અને ન ચૂકવવાની દાનત (હોય) એમાં પ્રમાણિકતા નથી. એવી એક લોકોત્તર પ્રમાણિકતાનાં દર્શન એમના ઉદયપ્રસંગો અને એ ઉદયપ્રસંગોમાં એમને વર્તતી જે આત્મસમાધિ, એ સમાધિથી એમનું જીવન, એમનું પરિણમન – એનું દર્શન આપણને થાય છે.

અહો ! તેમની પરમ જાગૃતિ ! આત્મસ્વરૂપને વિષે નિરંતર જાગ્રત છે એવા જે જ્ઞાનીપુરુષ છે એમને ધન્ય છે ! એ નિરંતર જાગ્રત છે. કોઈ એમ કહે કે, નિરંતર જાગ્રત કેમ રહી શકાય ? ઘ આવી જાય, નિંદ્રા આવી જાય, (એમાં) કેવી રીતે જાગૃતિ રહે ? એ નિદ્રા આવે તોપણ તેમની અંતર પરિણતિમાં વર્તતી જે જ્ઞાનધારા છે, જે સર્વ ગુણાંશરૂપ સમ્યક્ત્વ છે ! જ્ઞાનધારા એટલે માત્ર જ્ઞાનની પરિણતિ એટલું નહિ, એ જ્ઞાનધારા કહેતાં આત્માના સર્વ ગુણો યથાસંભવ શુદ્ધિને પ્રાપ્ત થયા છે, એવી જે એમની અલૌકિક દશા હોય છે, એ દશા નિરંતર ચાલુ રહે છે. એ સમજી શકાય એવો વિષય છે, ન સમજાય એવો વિષય નથી.

આપણે સૂઈ જઈએ છીએ, ઘ આવે છે, પણ કોઈ ઓચિંતો સાદ પાડે તો કેમ હોંકારો દઈ દઈએ છીએ ! ઘમાં ક્યાં ખબર પડી કે,

આપણને કોઈ બોલાવે છે ? પણ જે કાંઈ આપણું દેહાત્મબુદ્ધિએ પરિણમન ચાલે છે કે, 'હું ફલાણો–ફલાણો છું !' એ ભ્રાંતિ નિવૃત્ત થઈને 'હું એક માત્ર જ્ઞાનસ્વભાવી આત્મા છું, ચૈતન્યસ્વરૂપી આત્મા છું !' એવી જેની અપૂર્વ આત્મરસે પરિણતિ થઈ છે એ પરિણતિ નિરંતર, જેમ અજ્ઞાનીને અજ્ઞાનદશાની ચાલુ રહે છે, તેમ જ્ઞાનીને જ્ઞાનદશામાં ચાલુ રહે છે. એવી એમની અંતર જાગૃતિથી પણ એમનાં દર્શન કરવાં યોગ્ય છે.

અહો ! તેમનો વૈરાગ્ય ! વૈરાગ્ય તો નીતરતો વૈરાગ્ય હતો ! જેમ કોઈ કપડું પાણીમાં બોળીને બહાર લેવામાં આવે તો વધારાનું પાણી નીતરવા મંડે. એક પત્રમાં એ પોતે લખે છે કે, 'અમારા અંગમાં એટલો વૈરાગ્ય છે કે અમારા સંગમાં આવેલાને ત્યાગ કરવો, સંયમ પાળવો, વૈરાગ્ય આવવો એ તો સહજ થઈ જાય.' અને એટલા માટે આપણે એમને 'બોધસ્વરૂપે' જોઈએ છીએ ! આજે આપણે એમને એક મનુષ્ય તરીકે નથી જોતા. ભલે સામાન્યજન માટે એ એક ૧૨૭ વર્ષ પહેલાં 'વવાણિયા'માં મનુષ્ય તરીકે જન્મ પામ્યા હોય. પણ તેમને જેઓ ઓળખે છે એ તો એમને 'બોધસ્વરૂપે' જુએ છે ! બોધસ્વરૂપે એટલે કે, જેના સત્સંગમાં આવનારને સ્વયં સહજ એમની પરિણતિ જોતાં બોધની પ્રાપ્તિ થાય, કહેવું ન પડે. એમના સંગમાં મૌનપણે રહે, બોલે ત્યારની વાત તો જુદી જ છે, પણ ન બોલતા હોય, મૌન રહેતા હોય તોપણ એમના સંગમાં રહેનારને બોધની સ્વયં પ્રાપ્તિ થાય, એવું એમનું અંગ હતું ! એવું એમનું અંતરંગ હતું ! એવું એમનું બહિરંગ હતું ! અંતર્બાહ્ય એ વૈરાગ્યની મૂર્તિ હતા, એમ કહેવું જોઈએ.

તેમની વીતરાગતા ! આ વૈરાગ્ય માત્ર શુભભાવરૂપ નથી એ દર્શાવવું જરૂરી છે. વૈરાગ્ય બે પ્રકારના હોય છે. કેટલાક સંયમ અને ત્યાગથી શુભભાવો ઉત્પન્ન થાય છે એને પણ વૈરાગ્ય કહે છે. મુમુક્ષુની ભૂમિકામાં આત્મકલ્યાણની તીવ્ર ભાવનાથી ઉદયના નીરસ પરિણામ થાય તેને પણ વૈરાગ્ય કહે છે. પણ આ વૈરાગ્ય મુમુક્ષુદશાનો નથી જ્ઞાનદશાનો છે. મુમુક્ષુદશાનો વૈરાગ્ય જુદો હોય છે. જ્ઞાનદશાનો વૈરાગ્ય જુદો હોય છે અને મુનિદશાનો વૈરાગ્ય પણ જુદો હોય છે. એ અલગ અલગ દશાના સ્તરથી

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
વૈરાગ્યની ભૂમિકા પણ અલગ–અલગ હોય છે.

એમનો જે વૈરાગ્ય હતો એ વીતરાગતા સમેત હતો, વીતરાગતા સહિત હતો. એમની જે આત્મસ્વરૂપથી અને સહજ સ્વભાવથી ઉત્પન્ન થયેલી જે વીતરાગતા, એ વીતરાગતાની સાથે એમના અંતર્બાહ્ય વૈરાગ્યનો સુમેળ હતો. એટલે જેમ કોઈ સોનાને ગેરુ ચડાવવામાં આવે, દાગીનાને અનેક પ્રકારના કેમિકલ્સથી–રસાયણોથી વિશેષ પોલીશ કરવામાં આવે અને એ દીપી  ઠે, એનું તેજ પ્રગટ થાય, તેમ વીતરાગતાથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય એ વિશેષપણે પ્રકાશે છે. એ એમનું દિવ્ય વૈરાગ્યપણું અને તેજસ્વીપણું એમાં પ્રસિદ્ધ થાય છે.

અહો ! તેમની શાંતિ ! આટલા બધા ગુણ હોય ત્યારે આત્મશાંતિ, એ તો જે પરિણમનનું પ્રયોજન છે, એ તો મુખ્ય એમાં હોય જ છે. કોઈ પણ પ્રસંગોમાં પોતાના ધૈર્યને એ ગુમાવતા નથી, એમની ધીરજ પણ આશ્ચર્યકારક હોય છે ! એ ધૈર્ય અને શાંતિથી એમનું જે પરિણમન છે એ પણ હૃદયથી અવલોકન કરવા યોગ્ય છે અને દર્શન કરવા યોગ્ય છે !

'ભિ  ત'નું નિરૂપણ તો 'કૃપાળુદેવે' એટલું સુંદર અને એટલું સરસ કર્યું છે કે, આત્મસ્વરૂપની, આત્મપરિણામોની, આત્મસ્વભાવની પરખપૂર્વક જો મુમુક્ષુને ભિ  ત પ્રગટ થાય તો એ ક્ષણ વારમાં મોક્ષ દે એવો પદાર્થ છે ! એટલું ભિ  તનું નિરૂપણ કર્યું છે !! કોઈ એમ સમજે છે કે, આ તો 'ભિ  ત' નામનો એક રાગ છે. જેમ બીજા રાગ હોય છે એવો આ પણ એક વિકલ્પ છે. પણ 'કૃપાળુદેવ'ને 'ભિ  ત'ના શબ્દમાં એવી છીછરી વાત કરવી નથી. તેમનો 'ભિ  ત' શબ્દ દ્વારા જે કાંઈ નિરૂપણ કરવાનો અભિપ્રાય અને ભાવ રહેલો છે, એ ઘણો  ડો અને ગંભીર છે ! ભિ  ત દ્વારા તેમણે જ્ઞાનની દશાને વ્ય  ત કરી છે.

ભિ  ત એ રાગની પર્યાય નથી પણ ખરેખર તો જ્ઞાનની પર્યાય છે. જે જ્ઞાનમાં – જે સમજમાં મૂલ્યાંકન થાય છે, જેમાં ભાવભાસન આવે છે અને તેને લઈને જે બહુમાન પ્રગટ થાય છે, એવા જે બહુમાનયુ  ત જ્ઞાનનાં પરિણામો એને તેઓશ્રી 'ભિ  ત' કહેવા માંગે છે. અને તે ભિ  તનું

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

નિરૂપણ તેઓશ્રીનું અસાધારણ અને અલૌકિક છે ! ભાગ્યે જ એવું નિરૂપણ અન્ય ગ્રંથોમાં જોવામાં આવે, એવું નિરૂપણ એમણે ઠામ–ઠામ કરેલું છે.

એ રીતે 'કૃપાળુદેવ' જેવા મહાપુરુષ ૧૨૭ વર્ષ પહેલાં 'વવાણિયા'માં પધાર્યા. આયુષ્ય અલ્પ લઈને આવેલા – તેત્રીસ વર્ષ અને સાડા પાંચ મહિના ! તોપણ એટલા કાળમાં જે કાંઈ પત્રો સચવાયા અને રહી ગયા તોપણ આટલો દળદાર ગ્રંથ થયો છે, તો બધા પત્રો અને એમનું બધું લખાણ રહ્યું હોત તો એટલા ટૂંકા સમયમાં પણ એમનું ચિંતન, એમનું પરિણમન કેટલું વિશાળ, કેટલું ડું હતું એ વિશેષ ખ્યાલ આવત ! આ તો એક નમૂનો છે !

**તેથી જે ક્ષેત્રમાં તેઓ વિચર્યા છે એ ક્ષેત્ર પણ ધન્ય છે ! જે ગામમાં તેમનો જન્મ થયો છે તે ગામ પણ ધન્ય છે ! `વવાણિયા' ! `વવાણિયા'માં જન્મ થયો છે. આજે પણ (એ) એક તીર્થસ્થળ છે ! ખરેખર તો જ્યાં–જ્યાં જ્ઞાનીપુરુષ વિચરે છે, તેમના ચરણારવિંદ જ્યાં–જ્યાં સ્પર્શે છે તે ભૂમિ ધન્ય છે ! તે તીર્થ છે...! અને જ્યાં–જ્યાં તેમનો સ્પર્શ થાય છે તે આસન, તે શય્યા બધું (ધન્ય છે)....! આટલો તેમના વિષયમાં સંક્ષેપમાં (ગુણાનુવાદ છે).**

હવે આપણે આજનો સ્વાધ્યાય તેમના જ વચનામૃત દ્વારા (શરૂ કરીએ). પત્રનો વિષય ચાલ્યો છે – અશાતા વેદનીનો. અશાતા વેદનીનો એક એવો ઉદય છે કે, કોઈ પણ જીવને એ પીડા ગમે તેવી અનિચ્છા હોય તોપણ ભોગવવી જ પડે. ઉપયોગ ત્યાંથી છોડાવી ન શકે અને ન ઇચ્છતા હોય તોપણ (પીડા ભોગવવી જ પડે). એ પીડાથી નિવૃત્ત થવાનો ઉપાય જે ધર્માત્માઓએ અને મહાપુરુષોએ ગવેષણા કરીને પ્રાપ્ત કર્યો છે એ ઉપાય કેવો છે ? એ ઉપાય શું છે ? આવી પરિસ્થિતિમાં પણ તેઓ કેવી રીતે પુરુષાર્થવંત રહેતા હતા ? એ પુરુષાર્થ અને એ પરિણમનનું ચિત્ર – શબ્દચિત્ર – ભાવચિત્ર કેવું છે, એ વિષય આ પત્રના હવે પછીના પેરાગ્રાફમાં તેઓએ નિરૂપણ કરેલો છે.

શું કહે છે ? કે, '**ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને**

**દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી,...**' વચનામૃત તો ઘણું લાંબું છે. અહીંયાં એક અલ્પવિરામ છે, શું કહેવું છે ? કે, જીવનો એક ચૈતન્યસ્વભાવ– વેદકસ્વભાવવાળો વેદકસ્વભાવ છે. (અર્થાત્) વેદવું એ એનો સ્વભાવ છે. જો જીવ પોતાના આત્મસ્વભાવને ન વેદે તો જીવ શાતા–અશાતાને વેદ્યા વિના રહી શકે નહિ. આ એક વેદનની અનિવાર્ય પરિસ્થિતિ છે. એટલે કે કાં તો જીવ પોતાના નિજ સ્વરૂપને વેદે, વેદે એટલે અનુભવે અને કાં તો પરપદાર્થના અવલંબને આકુળતાને–અશાંતિને વેદે. મુખ્યપણે એ અશાંતિને જ વેદે છે. કેમકે જેટલો ઉપયોગ બહાર ખેંચાય છે એ આકુળતાનો જન્મ લઈને જ ઉપયોગ બહાર ખેંચાય છે. ઉપયોગનું બહાર ખેંચાવું એમાં આકુળતા ઉત્પન્ન થવી સહજ છે.

જ્યારે આ એક અનિવાર્ય પરિસ્થિતિ છે, (ત્યારે) આ પત્રમાં આ વિષય એટલા માટે નિરૂપણ થયો છે કે, વેદનનો વિષય જ્યારે સામે આવ્યો છે; 'વનમાળીદાસભાઈ' કોઈ શારીરિક અશાતાના ઉદયમાં આવી ગયા છે, છતાં પણ 'કૃપાળુદેવ'ના યોગને લઈને કાંઈક શાતાથી વેદે છે. તો એ વિષયમાં અલૌકિક પરિણમન કેવી રીતે ઉત્પન્ન થાય ? અને એ વેદનાના કાળમાં વેદના હોવા છતાં પણ જીવ એ વેદનાને ન ભોગવે–ન વેદે અને આત્મશાંતિને વેદે, એવો કોઈ ઉપાય છે અને એ ઉપાય કેવો છે ? અને કેવા પ્રકારનો છે ? એ વિષય પોતે સાંકળી લીધો છે. કહેવું જોઈએ કે, આ પેરાગ્રાફમાં જે કાંઈ વિષય(નું) નિરૂપણ થયું છે, **એ એક અધ્યાત્મનું ગંભીર રહસ્ય છે !** જો આ પ્રકારમાં જીવ આવી શકે તો વેદના હોય તોપણ વેદનાથી મુ  ત થઈ શકે !!

જે વેદના પૈસા દ્વારા મટાડી શકાતી નથી, જે વેદના ઔષધ દ્વારા પણ મટાડી શકાતી નથી, જે વેદનાને કોઈ ડૉ  ટર મટાડી શકતો નથી, જે વેદનાને કુટુંબીજનો પણ એમાંથી કોઈ અંશે વેદીને ભાગ પડાવી શકતા

નથી, એને Participate નથી કરી શકતા, એવી તીવ્રમાં તીવ્ર વેદના હોય તોપણ આત્મશાંતિને વેદી શકાય અને તે વેદનાથી મુ  ત થઈ શકાતું હોય તો એ સાધનની, એ પરિણમનની કિંમત કેટલી ?

એક કરોડપતિ, અબજપતિ માણસને પૂછો કે, તમને વેદના થાય ત્યારે તમારી સંપત્તિ ક્યાં એ વેદનાને મટાડે છે એ બતાવો ? તમારી કઈ સંપત્તિ એ વેદનાને મટાડી શકે ? કે, કોઈ ન મટાડી શકે. Painkiller fail જાય છે ! એવી વેદના થાય છે, કોઈ અસર ન કરે ! કુટુંબીજનો ટોળે વળીને એ વેદનાને જોઈ ન શકે એવી વેદના હોય ! એવી વેદનાથી પણ જો મુ  ત થઈ શકાતું હોય તો એ સાધન–એ પરિણમનનું મૂલ્ય કેટલું ? (તો કહે છે) એનું મૂલ્ય કોઈ Termમાં આંકી ન શકાય !! હોય તો બતાવો ! શેમાં એની આંકણી કરવી ? એનું મૂલ્યાંકન કઈ રીતે કરવું ? No terminology ! એની કોઈ Terminology નથી કે જેની અંદર એનું મૂલ્યાંકન થઈ શકે !! એવો એક વિષય – ગંભીર વિષય આ સ્થળે 'કૃપાળુદેવે' નિરૂપણ કરેલો છે. શું કહે છે ?

આત્મા છે એ નિરંતર વેદક સ્વભાવવાળો છે. ચૈતન્યાત્મક પદાર્થ હોવાથી તે નિરંતર વેદક સ્વભાવવાળો છે. અને જ્યાં સુધી તે પરપદાર્થ સાથે પ્રતિબંધદશાને પામે છે ત્યાં સુધી તે અશાતાને–આકુળતાને અને અશાંતિને વેદ્યા વિના રહી શકે નહિ. પણ જો એ અબંધદશાને પ્રાપ્ત થાય એટલે પરપદાર્થ સાથેની પ્રતિબંધદશા છૂટીને સ્વરૂપના અનુસંધાનમાં એ દશા આવે કે જે આત્મસ્વરૂપમાં અનંત–અનંત પરમ શાંતિ રહેલી છે. 'પરશાંતિ અનંત સુધામય જે' આપણે હંમેશાં સ્વાધ્યાય પછી પદ ગાઈએ છીએ. 'પર' એટલે પરમ શાંતિ છે. કેવી શાંતિ છે ? કે, અમૃત જેવી શાંતિ છે ! કેટલી શાંતિ છે ? કે, અનંત શાંતિ છે !! એવો જે ચૈતન્યસ્વભાવી આત્મા એમાં પરિણામ અનુસંધાન પામે અને અનુસંધાન પામે તો એ અબંધદશાને સંપ્રાપ્ત થાય છે. અને એવું ન થાય ત્યાં સુધી દુઃખનું વેદવું અનિવાર્ય છે, નિવારી ન શકાય એવી પરિસ્થિતિ છે. એ કેવી રીતે કરવું ?

ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને ભિન્ન પાડવો. સર્વથી

ભિન્ન પાડવો. દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ એને ભિન્ન પાડવો. શેનાથી ભિન્ન પાડવો ? (તો કહે છે કે) ઉપયોગ લક્ષણથી ભિન્ન પાડવો. અનેક માણસોમાં એક માણસને જુદો ઓળખવો હોય તો એનું Specific– ખાસ લક્ષણ ખ્યાલમાં હોવું જોઈએ. તો એને જુદો (ઓળખી શકાય) કે, 'આ ફલાણો માણસ (છે) ! સો માણસમાં આ માણસ જુદો છે.' એમ આ વિશ્વમાં અનેક પદાર્થો છે, અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે, એ બધામાં આત્માને જુદો પાડવા માટે અનાદિ–અનંત એક જ લક્ષણ છે અને તે 'ઉપયોગ' લક્ષણ છે.

જીવનું લક્ષણ ઉપયોગ છે – એ વિષય ભગવાન 'ઉમાસ્વામી'એ 'તત્ત્વાર્થ સૂત્ર'માં (કહ્યું છે). 'ઉપયોગો લક્ષણમ્' 'સત્‌દ્રવ્ય લક્ષણમ્' દ્રવ્યનું લક્ષણ સત્ – હોવાપણું છે. જ્યારે જીવ જે સત્ છે તેનું લક્ષણ ઉપયોગ છે. એ ઉપયોગ દ્વારા જે સનાતન પ્રગટ છે, સ્ફુરિત છે એટલે સદાય પ્રગટ છે, સદાય જેની જ્ઞાનની જ્યોતિ પ્રજ્વલિત છે, જાજ્વલ્યમાન રીતે પ્રજ્વલિત છે, એવા આત્માને દેહાદિ જડ પદાર્થથી અને રાગાદિ ચૈતન્યના આભાસથી; એ નીચે લેશે, ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરે તો ભિન્ન અવલોકાય છે. ભિન્ન છે તેને ભિન્ન અવલોકવું છે, અભિન્ન છે એને ભિન્ન અવલોકવું છે, એમ નથી. દૂધમાં પાણી નાખે છે તોપણ માણસને ખબર પડી જાય છે કે, આ પાણીવાળુ દૂધ છે. નથી ખબર પડતી ? કે, આ દૂધ, દૂધ નથી પણ પાણીવાળુ દૂધ છે. દૂધ છે તે પાણી નથી અને પાણી છે તે દૂધ નથી. ભેળસેળ કરીને મૂક્યું હોય તોપણ જેની નજર પડે છે એને દૂધ અને પાણી જુદાં–જુદાં જોવામાં આવે છે.

એમ અહીંયાં જે દેહાધ્યાસથી પોતે પોતાને દેહસ્વરૂપે અનુભવે છે, દેહસ્વરૂપે જાણી, માનીને સઘળો વ્યવહાર અને પ્રવૃત્તિ કરે છે અને દેહાધ્યાસમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરવાના પરિણામ કરીને જીવ અનંતકાળથી દુઃખી થયો છે તેને તેનું સ્વરૂપ સમજવા માટે એક જ સાધન છે, એક જ લક્ષણ છે અને તે 'ઉપયોગ' લક્ષણ છે.

'સમયસાર' આદિ શાસ્ત્રમાં આ વિષય બહુ વિસ્તારથી ચાલ્યો છે.

આચાર્યોએ એ વિષયને ઘણાં વિસ્તારથી લીધો છે. પણ એવા શાસ્ત્રો 'અધિકારી' થઈને, જ્ઞાનીપુરુષના ચરણસાન્નિધ્યમાં રહીને અભ્યાસવા જોઈએ, અવગાહવા જોઈએ.

આ તો એક પેરાગ્રાફમાં વાત કરી છે તોપણ વચન પણ થોડાંક સમજવાં કઠિન પડે એવાં વચનો છે ! કેમકે વિષય એટલો ગંભીર છે ! જ્યારે વિષય કોઈ વિશિષ્ટ પ્રકારનો હોય તો ભાષા પણ કોઈ વિશિષ્ટ પ્રકારની સહેજે આવે છે !

'**ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત,...**' (અર્થાત્) જેમ આત્માને કોઈ સ્ફુરણા થાય અને એ સ્ફુરણાનાં પરિણામ વિશિષ્ટ પ્રકારે સમજાય, અનુભવાય તે પ્રકારે ઉપયોગને અનુભવવો જોઈએ. ફરીથી, કોઈ વાતની ઓચિંતી સ્ફુરણા થાય કે જે વાતની ઘણી કિંમત હોય ! 'અરે...! આ વાતની સ્ફુરણા ન થઈ હોત તો આવું મોટું કામ ન થયું હોત ! અથવા આટલું મોટું નુકસાન થયું કે આટલો લાભ ન થયો !' એને 'સ્ફુરણા' કહે છે.

અહીંયાં કહે છે કે, તારું સ્વરૂપ જો ભાઈ ! ઉપયોગ લક્ષણથી સનાતન એટલે નિરંતર – ત્રણેકાળે અને વર્તમાનમાં પણ એ સ્ફુરાયમાન થઈ રહ્યો છે ! તેને દેહાદિથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરવી જોઈએ, તો અશાતાથી અને પીડાથી–દુઃખથી મુ ત થઈ શકાય, એમ કહેવું છે. નહિતર પીડાને વેદ્યા વિના રહી શકશે નહિ. એ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ કેવી રીતે સાધ્ય કરવી ? એની જે કાર્યપદ્ધતિ છે, એ પરિણમનનું જે સ્વરૂપ છે એને શાસ્ત્રકારોએ 'ભેદજ્ઞાન' કહ્યું છે. ભિન્ન પદાર્થોને ભિન્ન પાડવા, ભિન્ન પાડવા એટલે અનુભવમાં ભિન્ન–ભિન્નપણે અનુભવવા, એ પ્રકારનો જે એક Process છે – એક પ્રક્રિયા છે, એને 'ભેદજ્ઞાન' એવું નામ આપ્યું છે.

અનુભવને તપાસવામાં આવે તો વસ્તુનું સ્વરૂપ એવું છે કે, જ્ઞાન, જ્ઞાનવેદનથી સદાય અભિન્ન રહે છે, અવિભ ત રહે છે અને બીજે ક્યાંય પણ – બીજા કોઈ પદાર્થને વેદનમાં લઈ શકતું નથી. આશ્ચર્યકારી વાત

એ છે કે, કોઈ પણ બીજા પદાર્થની અવસ્થાને વેદનમાં લેવી – વેદનમાં ભોગવવામાં લેવી એવું જ્ઞાનની અંદર થવાનો કોઈ અવકાશ નથી ! અનઅવકાશપણે જ્ઞાન જ્ઞાનવેદનમાં નિરંતર રહે એવું જ્ઞાનનું સ્વરૂપ છે. એવા સ્વરૂપને ઉલ્લંઘન કરીને, એવા પરિણમનને ઉલ્લંઘન કરીને અધ્યાસિત પરિણામે જીવ શરીરની શાતા–અશાતા અને પરપદાર્થોના ઠંડી–ગરમી, કડવું–તીખું, મીઠું એ પ્રમાણે વેદન વેદે છે, એ જીવનું અધ્યાસિત પરિણમન છે. વસ્તુના સ્વરૂપને અવલોકતાં એમ થવું અને એમ બનવું અસંભવિત છે. શાતા–અશાતાને વેદી શકતો નથી, એમ કહેવું છે ! અશ   ચ છે. જો જ્ઞાનવેદનને પોતાના સ્વભાવે કરીને અવલોકવામાં આવે તો. આ વાત સ્પષ્ટ સમજાય એવી છે અને નહિતર આ વાત કોઈ રીતે સમજાય એવી નથી.

અનાદિથી જીવને અધ્યાસિત પરિણામ એટલું ગાઢ–પ્રગાઢ થઈ રહ્યું છે કે, એ પરમાં પોતે પ્રવેશ કરે છે અને પર પોતામાં પ્રવેશ કરે છે એવા 'પરપ્રવેશભાવ'નો અનુભવ એને અતિ દૃઢ થઈ ગયેલો છે. વસ્તુસ્થિતિ એમ થઈ શકતી નથી. જડ (અને) ચેતનનો સ્વભાવ ભિન્ન–ભિન્ન છે, સદાય ભિન્ન–ભિન્ન છે. જડમાં ચેતનપણું થવું અશક્ય અને અસંભવિત છે અને ચેતનમાં જડપણું થવું એ અસંભવિત અને અશક્ય છે. તો અશાતાની પર્યાય પરમાણુની છે કે જીવની છે ? આટલું જ વિચારવું રહે છે. અશાતાની (જે) પર્યાય છે, આ અશાતાવેદની તો એની અવસ્થા છે ને ? 'અશાતાવેદનીય' નામનું કર્મ છે. કર્મ જડ છે કે ચેતન છે ? કર્મ જડ છે. તો વેદનીની પર્યાય તો જડ છે. જડ પરમાણુની પર્યાય જડ પરમાણુમાં સમાપ્ત થાય છે. એથી બહારના ક્ષેત્રમાં જઈ શકતી નથી.

કોઈ પણ પદાર્થની પર્યાય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને છોડે નહિ. એની સમાપ્તિ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં જ હોય છે. પોતાના સ્વચતુષ્ટયથી સજાતીય પદાર્થો પણ જો ભિન્ન હોય તો વિજાતીય પદાર્થો ભિન્ન છે, એ સાબિત કરવાની જરૂર રહેતી નથી. સજાતીય એટલે એક જીવ અને બીજો જીવ, એક પરમાણુ અને બીજો પરમાણુ. એ પણ ભિન્ન–ભિન્ન છે. કોઈના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કોઈના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં

ભળી શકે નહિ. તો પછી પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પરસ્પરમાં ભળે એવું કદી બની શકતું નથી. પણ જીવને ભ્રાંતિગતદશામાં એવો મિથ્યાભ્રમ થાય છે. એટલે એ ભ્રમને મિથ્યા કહેવો પડે છે અને એવા અનુભવજ્ઞાનને પણ મિથ્યાજ્ઞાન કહેવું પડે છે. જો એક વસ્તુસ્થિતિ હોત કે, 'શરીરની અશાતાને જીવ વેદી શકે છે' તો તે જ્ઞાનને અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન ન કહેવાય પણ વાસ્તવિક જ્ઞાન કહેવું જોઈએ – સાચું જ્ઞાન કહેવું જોઈએ. પણ એને જ્ઞાનીઓએ ભ્રમ કહ્યો છે, એને મિથ્યાજ્ઞાન કહ્યું છે. એ દેહમાં આત્મબુદ્ધિ છે ત્યાં સુધી એવું બને છે. આત્મામાં આત્મબુદ્ધિ થાય ત્યારે એવું બની શકતું નથી. ત્યારે કોઈ પણ અવસ્થામાં જ્ઞાન પ્રગટપણે ભિન્ન અનુભવગોચર થાય છે. અને તે જ્ઞાનનું સ્વરૂપ જ સુખ છે.

જેમ માણસને કોઈને કોઈ પ્રકારનું રૂપ છે એમ જ્ઞાનને–આત્માને પણ એક રૂપ છે અને તે જ્ઞાનનું રૂપ છે – સુખ. જ્ઞાન સુખસ્વરૂપી છે. એટલે જ્ઞાન અને સુખ જુદાં રહેતા નથી. જેમ માણસથી માણસનું રૂપ જુદું નથી, તેમ જ્ઞાન અને સુખ કદી જુદાં રહેતા નથી. જે જ્ઞાનને 'સુખ'ની મહોરછાપ લાગી હોય તે જ્ઞાન આત્માનું સાચું જ્ઞાન, જે જ્ઞાન આકુળતાવાળું હોય તે જ્ઞાન નથી, પણ અજ્ઞાન છે.

દુઃખ જ્ઞાને કરીને કદી હોય નહિ. જ્ઞાને કરીને દુઃખ થાય નહિ. દુઃખ છે તે અજ્ઞાને કરીને થાય છે. અને તેથી જ્યારે–જ્યારે જીવને દુઃખ થાય ત્યારે એમ વિચારવું યોગ્ય છે કે, કોઈને કોઈ પ્રકારનું અજ્ઞાન વર્તે છે. આકુળતા થાય, અશાંતિ થાય, દુઃખ થાય ત્યારે જરૂર એમ તપાસી લેવું જોઈએ કે, આ જીવ કઈ ભ્રાંતિમાં, કેવા અજ્ઞાનથી વર્તી રહ્યો છે કે, આને દુઃખ થાય છે ? જ્ઞાને કરીને કદી કોઈને દુઃખ થાય નહિ. કેમકે જ્ઞાન પોતે જ સુખથી અભિન્ન પદાર્થ છે. એને ભેદજ્ઞાન દ્વારા... ભેદજ્ઞાન દ્વારા એટલે ભેદજ્ઞાનના પ્રયોગ દ્વારા ભિન્ન અવલોકન કરવાની, ભિન્ન અનુભવ કરવાની દૃષ્ટિ સાધ્ય કરવી જોઈએ. આ એક ભેદજ્ઞાનના પ્રયોગની Practice કરવા માટેની એક મુમુક્ષુની ભૂમિકામાં પરિસ્થિતિ આવવી જોઈએ.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આત્મકલ્યાણની – પરિભ્રમણને ટાળવાની ભાવનાથી જે મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે અને એ મુમુક્ષુતા વર્ધમાન થાય છે ત્યારે મુમુક્ષુજીવ કોઈ એક Stage (ભૂમિકામાં) ભેદજ્ઞાનના પ્રયોગમાં પ્રવેશ કરે છે. અને એ ભેદજ્ઞાનની જેટલી Practice ચાલે છે એટલી ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય થાય છે. ત્યાં સુધી, એ પહેલા જે કાંઈ વાંચન, વિચાર, ચિંતન, મનન (આદિના) પરિણામો છે એ બધા પ્રયોગ વિનાનાં પરિણામો છે અને ત્યાં સુધી દેહને આત્માથી ભિન્ન અવલોકન કરવાની દૃષ્ટિ સાધ્ય થતી નથી. સાધ્ય થવા માટે Practice જોઈએ. અને કેટલાક જ્ઞાન જ એવા છે – ખાસ કરીને જે Technical knowledge છે એ બધા એ પ્રકારના છે કે, (એ) સમજમાં આવે પછી એનો પ્રયોગનો મહાવરો થાય ત્યારે એનો હાથ બેસે. એક Art છે – (એક) કળા છે અને એના માટે એની Practice હોય છે.

એમ જ્ઞાનીની (જે) જ્ઞાનદશા (છે), એ જ્ઞાનદશાને શાસ્ત્રકારે ખરેખર 'જ્ઞાનકળા' કહી છે. 'જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે અંતરમાં સહજ વૈરાગી' 'બનારસીદાસે' ગાયું છે. એ જ્ઞાનની એક કળા છે કે, અન્ય પદાર્થને જાણતું એવું જ્ઞાન પીડા અને વેદનાને જાણતું એવું જ્ઞાન, પીડા અને વેદનાને અનુભવતું એવું જ્ઞાન નહિ, (પરંતુ) જાણતું એવું જ્ઞાન, પીડા અને વેદનાના સદ્ભાવમાં પણ ભિન્ન રહીને પોતાની આત્મશાંતિને વેદી શકે છે, સારી રીતે વેદી શકે છે. એવું બને છે અને એ કઈ રીતે બને ? એનો ચિતાર આ પેરાગ્રાફમાં 'કૃપાળુદેવ' વ્ય   ત કરે છે.

'**...(આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ) ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી,...**' એવો નિર્ણય કરીને, એમ કહેવું છે. આવો એક પાકો નિર્ણય હોવો જોઈએ કે, આ વસ્તુસ્થિતિ છે. એ વગર તો અશાતાથી મુ   ત નહિ થઈ શકાય. કેવી રીતે ભેદજ્ઞાન કરવું, એ હવે પોતે પોતાના શબ્દમાં કહે છે.

**'...જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ,...'** શું કહે છે ? જીવને શુભાશુભ રાગના પરિણામની અપેક્ષાવૃત્તિ છે અને અપેક્ષાવૃત્તિ હોવાથી ઉપેક્ષાવૃત્તિ નથી. અપેક્ષાવૃત્તિ અને ઉપેક્ષાવૃત્તિ એ પરસ્પર પ્રતિપક્ષવાળાં પરિણામ છે, વિરુદ્ધ સ્વભાવનાં પરિણામ છે. એ વિરુદ્ધ સ્વભાવના પરિણામને સમજવા માટે એમ કહે છે કે, ઉપેક્ષા થાય તો અપેક્ષા છૂટે, અપેક્ષા છૂટે તો ઉપેક્ષા થાય. તો કેવી રીતે પ્રયોગ કરવો એ વાત કરે છે.

જે શુભાશુભ પરિણામની ધારાથી જીવ શાતા–અશાતાનો સંબંધ કરે છે. શુભ અને અશુભ બન્ને પ્રકારના પરિણામથી (જીવ શાતા–અશાતાનો સંબંધ કરે છે). શુભપરિણામથી થોડી શાતા આવે છે એ પણ આકુળતા જ છે, પરમાર્થે એ પણ આકુળતા જ છે. દેહની શાતાનો અનુભવ દેહાધ્યાસથી થવો એ પણ પરમાર્થે આકુળતા જ છે. અને જે અશાતાનો અનુભવ કરે છે તેમાં અશુભપરિણામ થાય છે. તેમાં જીવના શુભપરિણામ નથી થતા પણ અશુભપરિણામ થાય છે. એ બન્ને – શુભ અને અશુભ બન્ને પરિણામની પરિણતિ વડે શાતા–અશાતાનો સંબંધ કરે છે. તેના પ્રત્યે ઉદાસીન થવું (અર્થાત્) તેની અપેક્ષા છોડવી. એ નાસ્તિથી કથન કહ્યું.

અસ્તિથી તો પોતાના જ્ઞાનસ્વરૂપી આત્માની અપેક્ષા કરવી અથવા જે જ્ઞાનમાં જ્ઞાનવેદન છે તે જ્ઞાનની નિર્વિકલ્પ ધારા છે. જ્ઞાનમાં જે જ્ઞાનાકાર દશા છે, જ્ઞેયાકાર દશાને પણ ગૌણ કરીને જે જ્ઞાનાકાર દશા છે તેમાં સર્વ જીવોને જ્ઞાનવેદન વિદ્યમાન છે. ઘણીવાર એ પ્રશ્ન થાય છે કે, આત્માને પકડવો ક્યાંથી ? આ એનો ઉપાય બતાવે છે.

જુઓ ! આજે મોટો દિવસ છે, સામે વિષય પણ ઉત્કૃષ્ટ આવ્યો છે !! આખા ગ્રંથમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વિષય, બહુ સૂક્ષ્મતાથી તત્ત્વદૃષ્ટિએ અને અધ્યાત્મદૃષ્ટિએ 'કૃપાળુદેવે' આ જગ્યાએ ખોલ્યો છે. આવું સૂક્ષ્મ નિરૂપણ જે આચાર્યોના મહાન ગ્રંથોમાં હોય છે એવું સૂક્ષ્મ નિરૂપણ પોતાના અનુભવથી કુદરતી આ એક પત્રમાં આવી ગયું છે. પરિણમનમાં તો સાક્ષાત્ હોય છે ! અનુભવમાં સાક્ષાત્ હોય છે પણ અહીંયાં એનું નિરૂપણ આવ્યું

છે. બહુ ચી કોટિનો વિષય છે ! જેટલું સમજાય એટલી સમજવાની કોશિશ કરવા યોગ્ય છે. બહુ ચું છે માટે આપણે કામનું નથી, બહુ સૂક્ષ્મ છે માટે આપણે ન સમજી શકીએ એવી અભિપ્રાયમાં આડ મારવી નહિ.

'કૃપાળુદેવ' ૧૦૫ (નંબરના) પત્રાંકમાં કહે છે કે, સમ્યક્ત્વનો અધિકારી કોણ ? સમ્યગ્દર્શનનો અધિકારી કોણ ? ભગવાન 'મહાવીર'ના બોધનો અધિકારી–પાત્ર કોણ ? કે, 'સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી.' જે સદાય, સૂક્ષ્મમાં સૂક્ષ્મ બોધ હોય તોપણ ગ્રહણ કરવાની અભિલાષા ધરાવતો હોય. એટલે જ્યારે–જ્યારે સત્સંગમાં કોઈ સૂક્ષ્મ વિષય સામે આવે, કોઈ સૂક્ષ્મ વિષયની ચર્ચા ચાલે ત્યારે મુમુક્ષુજીવે તેને ગ્રહણ કરવા માટે તત્પર થવું. એની અભિલાષા હોવાથી એ વખતે તત્પરતા દાખવવી. જિજ્ઞાસાને વિશેષ તીવ્ર કરવી. અને એમ કરવાથી એ સહેજે સમજાય એવો વિષય છે. આડ મારીને ઘૃણાસ્પદ પરિણામ થાય કે, 'આવું સૂક્ષ્મ આપણે કામનું નહિ !' તો એ એવા ઉચ્ચ કોટિના વિષયની તિરસ્કારવૃત્તિ થાય છે અને તેથી વિરાધના ઉત્પન્ન થઈ જાય છે. એટલે આવો વિષય જ્યારે સામે આવે ત્યારે વિશેષ ધ્યાન દઈને, વિશેષ લક્ષ આપીને આત્માના પરમ કલ્યાણના કલ્યાણભૂત વિષય સામે આવ્યો છે, એકદમ પ્રયોજનભૂત વિષય સામે આવ્યો છે – એ રીતે વૃત્તિને બરાબર સ્થિર કરીને એક અખંડવૃત્તિથી એનું પરિચર્યન કરવું જોઈએ.

શું કહે છે અહીંયાં ? કે, શાતા–અશાતાનો સંબંધ જે શુભાશુભ પરિણામ (દ્વારા) થાય છે તેના પ્રત્યે ઉદાસીન થવું. 'ઉદાસીન થવું' એટલે તેની અત્યંત ગૌણતા કરી નાખવી. અનાદિથી ચાલતી અપેક્ષાવૃત્તિ છોડી દેવી અને તેને ગૌણ કરવું, તેને ઉપેક્ષિત કરી નાખવું. ગૌણ કરવાનું નામ ઉપેક્ષા છે. ઉપેક્ષા કહો એટલે ગૌણ કરવું કહો, (બન્ને એકાર્થ છે). કેવી રીતે ગૌણ થાય ? કે, એ શુભાશુભ પરિણામ અને શાતા–અશાતા સાથે મારે ખરેખર કાંઈ લાભ–નુકસાનનો સંબંધ નથી – હું ભિન્ન હોવાથી ! ચૈતન્યાત્મક સ્વભાવ જે ઉપયોગ લક્ષણથી પ્રસિદ્ધ થઈ રહ્યો છે તેવી જે

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

જ્ઞાનની જ્ઞાનવેદનયુ  ત જ્ઞાનસામાન્ય ધારા છે તેના દ્વારા તેને મુખ્ય કરીને, 'તેના દ્વારા' એટલે તેને મુખ્ય કરીને. તે પોતાનું સ્વરૂપ છે – એવો પોતે છે. જ્યાં પોતાપણું છે ત્યાં રસ છે, જ્યાં પોતાપણું છે ત્યાં મુખ્યતા છે. એ પ્રકારે એને મુખ્ય કરીને. એકની મુખ્યતામાં બીજું ગૌણ થાય છે.

જુઓ ! અત્યાર સુધી શું થઈ રહ્યું છે ? કે, દેહ અને દેહાર્થનું પ્રયોજન એ એટલું મુખ્ય થયું છે કે, આત્મા પ્રાયઃ વિસ્મરણદશાને પ્રાપ્ત થઈ ગયો છે ! (એ વિષય વિશેષ આવતીકાલના સ્વાધ્યાયમાં લઈશું, સમય થયો છે.)

^ ^ ^

'હું જ્ઞાનમાત્ર છું' - આ પ્રકારે 'જ્ઞાનમાત્ર' ભાવમાં અંતર સાવધાની દ્વારા જ્ઞાનથી નિજ પ્રત્યક્ષ જ્ઞાનમય અસ્તિત્વનું ગ્રહણ થવું - તે પ્રયોગ છે. આવો પ્રયોગાભ્યાસ સાધકને અંતરમાં થયા કરે, તેમાં 'જ્ઞાનમાત્ર' નો વિકલ્પ વા રટણ કર્યા કરવાનો પ્રકાર (તે પ્રયોગ) નથી; વિકલ્પથી અસ્તિત્વનું ગ્રહણ પણ થતું નથી. પરંતુ જ્ઞાનની પ્રત્યક્ષતાથી અને વેદકતાથી જ્ઞાનમય સત્તાનો અનુભવ સૂક્ષ્મ અંતર અવલોકનથી સધાય છે. કાંઈપણ 'કરવું' એવો 'કરું-કરું' નો વિકલ્પ તો ઉપાધિરૂપ છે, પુરુષાર્થમાં બાધક છે. વિકલ્પથી નિરપેક્ષ અર્થાત્ વિકલ્પથી પર / આગળ એવું અવલોકન તે પ્રયોગ છે. પ્રયોગમાં પુરુષાર્થ છે, પ્રયોગ પુરુષાર્થથી થાય છે. વિકલ્પથી - રાગથી કાર્ય સિદ્ધિ નથી. પુરુષાર્થથી જ કાર્ય સિદ્ધિ છે.

*–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૪૮)*

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૩
## પત્રાંક–૯૧૩ (૩)
## તા. ૧૯-૧૧-૧૯૯૪

---

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક–૯૧૩. પાનું–૬૪૫ના પ્રથમ પેરાગ્રાફમાં શરૂઆતથી વિષય લઈએ. કાલે થોડો સ્વાધ્યાય થઈ ગયો છે. ફરીથી થોડો લઈએ છીએ. આત્માને સ્વરૂપમાં સ્થિર થવા માટે, અચલ થવા માટે જે ભાવના, જે લક્ષ, જે ચિંતવના થવી ઘટે છે, થવી જોઈએ એ કેવા પ્રકારે થાય ? કઈ વિધિથી થાય ? એવા પરિણામ થવાની રીત કઈ છે ? એ વિષય ઉપર અહીંયાં બહુ સુંદર પ્રકાશ પાડેલો છે.

કથનનો વિષય છે – ભેદજ્ઞાન ! અને તે ભેદજ્ઞાન પણ પ્રયોગાત્મકપણે કેવી રીતે થાય તો દેહથી ભિન્ન નિજ સ્વરૂપની દૃષ્ટિ થાય એટલે દેહાધ્યાસ ટળે (તે કહે છે). શુભાશુભપરિણામ ધારાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થાય, પરિણામ સ્વરૂપમર્યાદામાં આવે તો રાગાદિનો અધ્યાસ મટે અને એક સમયના ચલિત પરિણામધારા ઉપરની જે અનાદિની પર્યાયદૃષ્ટિ છે એ પર્યાયદૃષ્ટિ છૂટવા અર્થે અને દ્રવ્યદૃષ્ટિ એટલે કે સમ્યક્દૃષ્ટિ (પ્રગટ થવા અર્થે) – દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યક્દૃષ્ટિ છે. એવું પરિણમન થવા અર્થે કઈ રીત છે ? એ પરિણમન કઈ રીતે થાય છે ? એ રીત ઉપર અહીંયાં પ્રકાશ પાડેલો છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

સંક્ષેપમાં આત્મસ્વરૂપની પ્રાપ્તિની વિધિ શું છે એનું અહીંયાં વિધાન છે. વિધિના કથનને 'વિધાન' કહેવામાં આવે છે. સંપ્રદાયમાં રૂઢિગતપણે કોઈ પણ પૂજા વગેરેની રચના કરવામાં આવે છે ત્યારે વિધાન કરીએ છીએ, એમ કહે છે. આપણે ત્યાં મંડલ વિધાન કરે છે ને ? ખરેખર વિધિના કથનને વિધાન કહે છે. સ્વરૂપપ્રાપ્તિનું કથન કહો, દેહાધ્યાસ, રાગાદિનો અધ્યાસ અને પર્યાયદૃષ્ટિ છૂટવાની વિધિ કહો – એ ત્રણે એકસાથે થાય છે. જ્યારે દ્રવ્યદૃષ્ટિ થાય છે ત્યારે પોતાના મૂળ દ્રવ્યસ્વરૂપ પોતાનો અનુભવ થાય છે અને અનુભવના કાળે જ દૃષ્ટિ થાય છે. ત્યારે 'રાગાદિસ્વરૂપ હું છું, દેહાદિસ્વરૂપ હું છું' એવો ભ્રમ – એવો અધ્યાસ – એવું અજ્ઞાન નાશ પામે છે. એ અજ્ઞાનની નિવૃત્તિ થઈને આત્મજ્ઞાન પ્રગટ થાય છે, એ વિષય ઉપર અહીંયાં બહુ સુંદર વિષય ચાલ્યો છે.

ક્યાંથી આત્માને ગ્રહણ કરી શકાય ? પોતે રાગમાં, દેહમાં અને એક સમયની ક્ષયોપશમ આદિની પર્યાયમાં રોકાઈ ગયો છે, તેમાંથી ભિન્ન આત્માને ઉપયોગ લક્ષણે જુદો પાડી શકાય છે. 'ઉપયોગ' નામનું લક્ષણ એ ખાસ પ્રકારનું અન્ય દ્રવ્ય અને અન્ય ભાવથી જુદાં પાડવા માટેનું લક્ષણ છે. ઉપયોગ એ જ્ઞાનનો વ્યાપાર છે, એ શરીરના પરમાણુમાં નથી. એ બધાં આંધળાં છે, પરમાણુ બધાં જડ છે, જ્ઞાનરહિત છે, પોતે પોતાને પણ જાણતા નથી અને આત્માને પણ જાણતા નથી.

રાગાદિ વિભાવ અને અનેક પ્રકારના વિકારો છે એ પણ પોતાને જાણતા નથી અને આત્માને પણ જાણતા નથી. તેથી તેમાં પણ ઉપયોગનો અભાવ છે. ફરક એટલો છે કે (રાગાદિ) આત્માની વિકારી પર્યાય હોવાથી તેમાં ચૈતન્યનો આભાસ થાય છે. પણ ખરેખર તેમાં 'ઉપયોગ' જેને કહીએ, 'જ્ઞાનત્વ' જેને કહીએ એવું કાંઈ નથી. રાગ પણ આંધળો છે અને તેથી તીવ્ર રાગ જેને થાય તેને 'રાગાંધ' કહેવામાં આવે છે. એ તો લૌકિકમાં પણ પ્રચલિતપણે કોઈ કોઈની પાછળ અતિ તીવ્ર રાગથી પ્રવર્તે છે અને વિવેક ચૂકે છે ત્યારે તેને 'રાગાંધ' કહેવામાં આવે છે. પણ રાગ સ્વરૂપે જ આંધળો છે. તેથી જ્યાં–જ્યાં રાગ છે ત્યાં–ત્યાં આત્મા છે, એમ ન

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
કહેતા જ્ઞાનીઓએ એમ કહ્યું કે, 'જ્યાં–જ્યાં જ્ઞાન છે ત્યાં–ત્યાં આત્મા છે.' જ્યાં–જ્યાં જ્ઞાન છે ત્યાં–ત્યાં આત્મા છે. એ રીતે આત્માને જ્ઞાનથી– ઉપયોગથી જુદો પાડી શકાય છે.

અહીંયાં તો જે શૈલીથી વાત કરી છે એ તો અતિ સુંદર શૈલી છે ! કે, ઉપયોગ લક્ષણે આત્મા સનાતનપણે સ્ફુરિત છે. સનાતનપણે એટલે નિરંતરપણે, સદાય, કાયમ. જો આત્માને જુદો પાડીને ગ્રહણ કરવો હોય, આત્માને ભિન્ન કરીને ગ્રહણ કરવો હોય તો ઉપયોગલક્ષણથી એને ગ્રહણ કરી શકાય છે.

'સમયસાર'માં 'મોક્ષ અધિકાર'માં તો (એક) ગાથા છે. 'પ્રજ્ઞાથી ગ્રહવો નિશ્ચયે જે જાણનારો તે જ હું, પ્રજ્ઞાથી ગ્રહવો નિશ્ચયે જે દેખનારો તે જ હું' એ રીતે પ્રજ્ઞા પોતે પણ જ્ઞાનની પર્યાય છે અને જેને ગ્રહણ કરવો છે, જુદો પાડવો છે એ પણ જ્ઞાનસ્વભાવી આત્મા છે. એટલે જ્ઞાન પોતે ભિન્ન પાડે છે અને જ્ઞાન પોતે પોતામાં રહેલા જ્ઞાનલક્ષણથી–ઉપયોગલક્ષણથી ભિન્ન પાડે છે. આમ જ્ઞાનની અંદર બન્ને વાત છે. લક્ષણ પણ જ્ઞાનમાં છે અને ભિન્નતાનું કાર્ય કરનાર પણ જ્ઞાન જ છે. બન્ને અભેદ છે. એક જ જ્ઞાનમાં એકસાથે બન્ને વાત છે.

(અહીંયાં કહે છે) '**ઉપયોગ લક્ષણે સનાતનસ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...**' '**દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી**' એટલે સંક્ષેપમાં દેહના પરમાણુ સ્થૂળ છે, ઇન્દ્રિયજ્ઞાનગોચર છે. તૈજસ અને કાર્મણ શરીરના પરમાણુઓ સૂક્ષ્મ છે, તે ઇન્દ્રિયજ્ઞાનગોચર નથી થતા. માત્ર અતીન્દ્રિય કેવળજ્ઞાનગોચર થાય છે. તો એનો સંક્ષેપ એ થયો કે, સ્થૂળ પરમાણુ હો કે સૂક્ષ્મ પરમાણુ હો, પણ તેનાથી આ આત્મા ભિન્ન છે. તૈજસ પરમાણુનો બધાને સ્પષ્ટ અનુભવ નથી થતો, પણ તૈજસ પરમાણુને લઈને શરીરમાં એક પ્રકારની જે સુંદરતા ભી થાય છે એ તૈજસ પરમાણુને લઈને થાય છે. જેમકે મૃતક કલેવર હોય અને એ જ માણસ જીવતો હોય તો બન્નેના શરીરમાં ફરક દેખાશે. જે મડદું છે એ નિસ્તેજ દેખાશે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

એ રીતે કાર્મણ પરમાણુનો સીધો અનુભવ ઇન્દ્રિયજ્ઞાનથી નથી થતો. પણ અંદરમાં (જીવના પરિણામમાં) અનેક પ્રકારના વિભાવો થાય છે ત્યારે તે–તે પ્રકારના કર્મવર્ગણાની પ્રકૃતિના ઉદય સાથે આત્મા પોતાપણાનો અનુભવ કરે છે. જેમકે એક માણસ શાંતપણે વિચાર કરતો હતો એમાંથી સીધો જ અંદર ને અંદર ક્રોધ થવા લાગ્યો. બહારમાં કોઈ ક્રોધનું કારણ નથી. કેમ એમ થયું ? (કારણ કે) અંદરમાં ક્રોધપ્રકૃતિનો ઉદય આવ્યો, એનો અનુભવ થયો. ભેદજ્ઞાન નહિ હોવાને લીધે વગર વિચાર્યે એમાં પોતાપણાનો અનુભવ થાય છે. અને અનાદિના સંસ્કારવશ એવું પરિણમન થયા જ કરે છે.

એવા સ્થૂળ–સૂક્ષ્મ સર્વ પરમાણુથી ભિન્ન આત્માને અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરવી જોઈએ. એટલે દૃષ્ટિ કેળવવી જોઈએ. અહીંયાં 'દૃષ્ટિ' એટલે 'દૃષ્ટિકોણ.' કેવી રીતે એનો પ્રયોગ થાય ? આજે થોડું વિસ્તારથી લઈશું.

એનો પ્રયોગ એવી રીતે થાય છે કે, જ્યારે–જ્યારે શરીર દ્વારા ઇચ્છાપૂર્વક આ આત્મા પ્રવૃત્તિ કરે છે જેને દેહની પ્રવૃત્તિ કહીએ છીએ. ખાવું--પીવું, બેસવું-- ઠવું, ચાલવું એવી જે પ્રવૃત્તિ છે, બોલવું એ વચનવર્ગણાની પ્રવૃત્તિ છે, એ પ્રવૃત્તિ થતી હોય ત્યારે – ચાલતી હોય ત્યારે જ્ઞાનલક્ષણથી આત્મા જાણનાર જુદો છે એવો પોતાના જ્ઞાનવેદનથી પોતાને ભિન્ન અવલોકવો. અવલોકવો એટલે જે છે એનું અવલોકન કરવું – Observation કરવું. ન જુદો પડતો હોય તો જુદો છે કે નહિ તેની તપાસ કરવી.

બહુ પ્રાથમિક Stageમાં તપાસણી શરૂ થાય છે. કહેનાર જ્ઞાનીપુરુષ છે અને તે પોતાના અનુભવથી એક સત્યને પ્રકાશે છે. એટલો વિશ્વાસ કહેનાર જ્ઞાનીપુરુષ પ્રત્યે જ્યારે હોય છે ત્યારે એ પ્રયોગ શરૂ કરવામાં આવે છે. નહિતર એ પ્રયોગ શરૂ કરવામાં વિશ્વાસ ન આવે.

એ સિવાય પત્રમાં આગળ તો એ વિષય ચાલ્યો કે, દેહમાં અશાતાવેદની હોય ત્યારે અશાતાવેદનીની અવસ્થામાં જીવની – જ્ઞાનની સત્તા છે ? એટલું તપાસવું. જે જાણનાર 'માત્ર જ્ઞાન' છે એ જ્ઞાનની સત્તામાં

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
અશાતાવેદનીની સત્તા–હયાતી છે ? આટલું તપાસવું.

ફરીથી, જ્ઞાનમાં અશાતાવેદનીની અવસ્થા જ્ઞેય થાય છે (એટલે કે) જણાય છે. જ્ઞાન જાણનારસ્વભાવી છે. શરીરની અશાતાની અવસ્થામાં જણાવાનો સ્વભાવ છે. જેમ અરીસામાં સામે રહેલા પદાર્થોનું Exact પ્રતિબિંબ પડે છે – જેવો પદાર્થ છે તેવું જ પ્રતિબિંબ પડે છે. તેવી જ રીતે જ્ઞાનમાં સામે જેવો પદાર્થ હોય તેવું જ ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. અરીસાની અવસ્થા જડ છે, આત્માની અવસ્થા ચૈતન્ય–અરીસા જેવી છે. અને આંખથી તો એ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, લાલ રંગ લાલ દેખાય છે, કાળો રંગ કાળો દેખાય છે. જેવો સામે વર્ણ છે – રંગ છે તેવો જ આંખથી જોવામાં આવે છે. એવી જ રીતે જેવી ગંધ છે એવી (ગંધ) નાક દ્વારા સમજવામાં આવે છે. તો જે–તે પ્રકારના પરમાણુનું જ્ઞાન થાય છે, પરમાણુની પર્યાયનું જ્ઞાન થાય છે ત્યાં જ્ઞાનમાં તે પરમાણુ નથી કે પરમાણુની પર્યાય નથી અને પરમાણુ અને પરમાણુની પર્યાયમાં જ્ઞાનનો પર્યાય નથી.

અનાદિ દેહાધ્યાસ હોવાને લીધે જ્યારે–જ્યારે જીવને અશાતા થાય છે ત્યારે તે અશાતા જ્ઞાનમાં જણાય છે એવો અનુભવ નહિ કરતા, ‘તે અશાતા મને થાય છે (એટલે કે) જ્ઞાનમાં થાય છે’ આવો એક મિથ્યાભ્રમ અથવા અધ્યાસ ભો થાય છે અને તેથી જીવને અશાંતિ અને દુઃખ થાય છે. ‘વેદના મને થાય છે’ એવા અનુભવમાં દુઃખ થાય છે. (મને) વેદના જણાય છે (અને) અનુભવ તો મને જ્ઞાનનો થાય છે – એવા અનુભવમાં વેદના જણાય ખરી પણ વેદનાનું દુઃખ ન થાય.

હૉસ્પિટલમાં જાઓ અને વેદનાથી પીડાતા દર્દીઓને જુઓ ત્યારે ‘અશરણભાવના’ નજરે દેખાય ! કે, જુઓ ! કેવા અશરણપણે વેદનાને વેદે છે ! વેદનાથી છૂટા પડવા–વેદનાથી જુદાં પડવાની ભાવના અને ઇચ્છા હોય તોપણ ત્યાં વેદનાથી જુદાં પડી શકતા નથી. વેદનાને વેદે છૂટકો થાય છે. અનિવાર્યપણે પીડાને ભોગવે છે અને એમાં એને કોઈ શરણ નથી. ડૉ ટર પણ એમ કહે કે, ‘ભાઈ ! રોગ થયો છે માટે પીડા તો ભોગવવી પડશે. અમારાથી થાય એટલું કરીએ પણ રોગ થયો છે તો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

એ પીડાનો દંડ ભોગવે છૂટકો છે, એમાં બીજો કોઈ Short-cut નથી કે, તમારે ભોગવવો ન પડે.' ભોગવવું જ પડે છે.

આ વેદનાથી મુકાવવાની–છોડાવવાની જે એક પરિસ્થિતિ છે, એવી કોઈ અલૌકિક દિવ્ય કાર્યપદ્ધતિનું અહીંયાં નિરૂપણ ચાલે છે ! જગતના જીવોને દુઃખી થતા જોઈને કરુણાસિંધુ એવા જ્ઞાનીઓએ (ઉપાય દેખાડ્યો છે). 'કરુણાસિંધુ' કહ્યા છે ને ? જ્ઞાની છે એ તો કરુણાના સિંધુ (છે). સિંધુ એટલે દરિયો. એમની દયા ખૂટતી નથી. જેમ દરિયામાંથી પાણી ખૂટે નહિ એમ જ્ઞાનીઓના હૃદયમાંથી કરુણા ખૂટે નહિ. જગતના જીવો એ દુઃખથી મુ ત થાય એવી નિષ્કામકરુણાથી જેમણે પરમ સત્યનું પ્રતિપાદન કર્યું છે અને જે જીવો ખરેખર દુઃખથી છૂટવા–મુ ત થવા ઇચ્છે છે, ચાહે છે એવા જીવો એ સત્ય પ્રરૂપણાથી દુઃખમુ ત થઈ શકે છે. ફ ત અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ એટલે Practice કરવી જોઈએ. પ્રયોગનો વારંવાર અભ્યાસ કરવો જોઈએ.

શરીરની જે–જે અશાતા આદિની પર્યાય થાય છે તેની અશાતાની હયાતી જરૂર છે, પણ એ જડ પરમાણુની અવસ્થા છે. નિકટ હોવાથી જ્ઞાનમાં જણાય છે, પણ જ્ઞાનમાં તેની સત્તાનો પ્રવેશ નથી. જ્ઞાનની સત્તા અને શરીરની અશાતાની સત્તા બન્નેની હયાતી (જરૂર) છે. (તેમાં) હું ક્યાં છું ? આ તપાસવાનું છું. સીધો પ્રયોગ ન થઈ શકે તો પ્રયોગ શરૂ કેમ કરવો ? કઈ રીતે કરવો ? કે, 'હું-પણું' ક્યાં વેદાય છે ? (તે તપાસવું). તો પ્રથમ તો એમ જ આવશે કે, 'વેદનામાં હું-પણું થાય છે. આપ ભલે એની 'ના' કહેતા હો કે, વેદનામાં હું-પણું છે એ તારો અધ્યાસ છે, એ તારો ભ્રમ છે, એ અજ્ઞાન છે. પણ અમારો અનુભવ તો વેદનામાં હું-પણાનો છે.' પહેલા તો એમ જ જવાબ આવશે. તો કહે, 'કાંઈ વાંધો નહિ, એ તો અમને ખબર છે. તને શું થાય છે ? અને કેમ થાય છે ? એ તો અમને ખબર છે.' પણ આ ભૂલ છે અને ભૂલ તો તપાસીને જો દેખાય તો જ ભૂલ ભાંગે. ભૂલ ન દેખાય ત્યાં સુધી ભૂલ ભાંગે નહિ. ફરીને જો ! ધ્યાનથી જો ! જરાક વધારે લક્ષ આપીને જો ! બારીકાઈથી

જો ! ઉપર–ઉપરથી ન જોતા જરાક સૂક્ષ્મતાથી જો ! ઝીણવટથી જો ! તો અમે જે કહીએ છીએ તે જ તને માલૂમ પડશે ! જ્ઞાન છે તેમાં હું-પણું અનુભવાશે અને જો જ્ઞાનમાં હું-પણું અનુભવાશે તો તને અશાતાની પર્યાયમાં હું-પણું નહિ અનુભવાય. જ્યાં સુધી અશાતાની વેદનાની પર્યાયમાં 'મને થાય છે' એવું હું-પણું અનુભવાશે ત્યાં સુધી જ્ઞાનવેદનાનો ભિન્ન અનુભવ નહિ થાય. એકમાં બીજાના અનુભવનો અભાવ છે.

આ જીવે શરીરમાં પોતાપણાનો રસ ઘણો લીધો છે. શરીરને સાચવવા, શરીરને જાળવવા, શરીરનું રક્ષણ કરવા, એને ટકાવવા માટે અનેક ઉપાયો કર્યા છે અને ઘણાં રસથી એ બધા ઉપાયો કર્યા છે. તેનું પરિણામ એ આવ્યું છે કે, તેની દેહાત્મબુદ્ધિની પરિણતિ થઈ ગઈ છે. દેહાત્મબુદ્ધિની પરિણતિ થવાને લીધે વગર વિચાર્યે પણ 'દેહ તે હું' અશાતામાં 'મને અશાતા થાય છે' એનો વિચાર કર્યા વિના અનુભવ થઈ જાય છે ! એટલો ધો પ્રયોગ અનંતકાળથી જીવે કર્યો છે અને જ્યાં સુધી ભેદજ્ઞાનથી ભિન્ન પડે નહિ ત્યાં સુધી તે ધો પ્રયોગ ચાલુ છે. એ ધા પ્રયોગની સામે સવળો પ્રયોગ જોઈએ, તો એનો નાશ થાય. તલવારની સામે લાકડીથી ન લડાય. તલવારની સામે લડવા માટે તલવાર જોઈએ અને પિસ્તોલની સામે પિસ્તોલ જોઈએ. એમાં ગમે એટલો બળિયો હોય–પહેલવાન હોય પણ પિસ્તોલની સામે એની પહેલવાની કામ આવે નહિ, મરાઈ જાય. એમ લટા વિચારની સામે સુલટો વિચાર કામ આવે, લટા નિર્ણયની સામે સુલટો નિર્ણય કાર્ય કરે પણ લટા પ્રયોગથી લટી પરિણતિ થઈ ગઈ હોય ત્યાં સુલટા પ્રયોગથી સુલટી પરિણતિ થવી જોઈએ તો દેહાધ્યાસનો નાશ થાય.

એટલે અહીંયાં બહુ જ માર્મિક શબ્દ લીધો છે કે, '**...ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,...**' આ પ્રયોગ છે એ એક પ્રકારની સાધના છે. આમ તો સ્વરૂપને જે પરિણામ સાધે તેને જ 'સાધના' કહેવાય. પણ અહીંયાં સ્વરૂપપ્રાપ્તિના પ્રયત્નના પરિણામ છે અને એ પ્રયત્ન આત્મસાધનામાં પરિણમવાનો છે તેથી તેને પણ અહીંયાં 'સાધના' કહીએ. તેના માટે જ્યારે–

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

જ્યારે અશાતાનો ઉદય થાય ત્યારે તે–તે અશાતાથી ગભરાવાને બદલે (પ્રયોગ કરવો). (ગભરાવું નહિ) કે, 'અરે..રે...! માંદગી આવશે તો શું થશે ? પીડા થશે તો શું થશે ?' કાંઈ ગભરાવાની જરૂર નથી. ત્યારે પ્રયોગ કરવાની તક મળશે, પ્રયોગ કરવાનો મોકો મળશે. અને એ પ્રયોગ કરતી વખતે પણ દુઃખ નહિ લાગે. પ્રયોગ સિદ્ધ થાય ત્યારે તો જ્ઞાનીઓને દુઃખ ન લાગે એ તો સ્વાભાવિક છે, પણ પ્રયોગે ચડશે તોપણ એનું દુઃખ હળવું તો થઈ જશે. પણ જો આ પ્રયોગ કરીને દૃષ્ટિ સાધ્ય ન કરી હોય તો જ્યારે–જ્યારે અશાતાવેદનીનો ઉદય આવશે ત્યારે અશરણપણે – કોઈ શરણ નહિ થાય અને પીડાને ભોગવવી પડશે. અનિચ્છાએ પણ દુઃખને–પીડાને વેદવી પડશે અને એ નજરે જોવામાં આવે છે. એટલે અહીંયાં તો દુઃખથી મુ ત કરવાનો ઉપદેશ છે.

(તેથી કહે છે) એ '**...ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મકસ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી...**' અહીં જાણવાનો સ્વભાવ ન લીધો. અશાતાવેદની છે, સુખ–દુઃખ એ વેદનનો વિષય છે. તેથી અહીંયાં જ્ઞાન પણ જે વેદનનો પર્યાય ધારણ કરે છે એને અહીંયાં સામે લીધો છે. વેદનની સામે વેદન લીધું છું. દુઃખનું વેદન ટાળવું છે તો સામે જ્ઞાન જે સુખસ્વરૂપી છે એનું વેદન ભું થવું જોઈએ. વેદનની સામે વેદન જોઈએ. વિચારની સામે વિચાર જોઈએ અને વેદનની સામે વેદન જોઈએ. જેને દુઃખ ટાળવું છે એને તો જ્ઞાનવેદનમાં આવ્યા વિના કદી દુઃખ ટળી શકે નહિ. એ અહીંયાં કહે છે.

આત્મા તો નિરંતર વેદક સ્વભાવવાળો છે. વેદન કરવું એ એનો સ્વભાવ છે. સ્વભાવનો અભાવ ન થાય. સ્વભાવનો અભાવ થાય તો વસ્તુનો અભાવ થાય. વસ્તુનો અભાવ થાય તો વસ્તુ શૂન્યપણાને પામે. એક પદાર્થ–એક દ્રવ્ય શૂન્યપણાને પામે તો ક્રમે કરીને વિશ્વના સર્વ દ્રવ્યો શૂન્યપણાને પામે. એવું બનવું તો અસંભવિત છે. તેથી આત્મા જે વેદક સ્વભાવવાળો છે તે જ્યાં સુધી '**...અબંધદશાને સંપ્રાપ્ત ન થાય...**' જ્યાં સુધી તે વેદન શરીરની સાથે જોડાણવાળું છે તે સંબંધદશા છે અને પોતાની સાથે જોડાણ

છે એ અબંધદશા છે. સ-બંધ અને અ-બંધ – પરસ્પર વિરુદ્ધ છે.

જ્ઞાનવેદન અશાતા સાથે (એટલે કે) શરીરની અવસ્થા સાથે સંબંધ કરે તો એને વેદના અને દુઃખ થાય, થાય ને થાય જ. એ જ જ્ઞાનવેદન પોતાની જ્ઞાનવેદનામાં વેદ્ય-વેદકભાવે રહે તો એને નિરાકુળ સુખ અને શાંતિ ઉત્પન્ન થાય. સાધન પોતામાં છે, સાધન ક્યાંય બહારમાં લેવા જવું પડે એમ નથી.

આ જે શાસ્ત્ર છે એ તો નકશો છે. જેમ મકાનનો પહેલા Map – નકશો તૈયાર કરવો પડે પછી મકાન ચણાય છે એમ શાસ્ત્ર દ્વારા જાણવા મળે છે કે આમાં શું–શું થાય ? કેમ થાય ? કેવી રીતે થાય ? પછી ચણતરનો પ્રયોગ તો પોતાને કરવાનો રહે છે. માત્ર વાંચે, વિચારે અને સાંભળે તેથી કાંઈ દુઃખ મટીને સુખ ન થાય. સુખ–શાંતિ જોઈતી હોય એને તો લટો પ્રયોગ છૂટીને સૂલટા પ્રયોગમાં આવવું જ જોઈએ, તો જ એનો છૂટકો થાય. નહિતર બીજી રીતે કોઈ એનો ઉપાય નથી.

એટલે આત્મા પોતે જ જ્યારે વેદક સ્વભાવવાળો છે તે જ્યાં સુધી સંબંધદશા તોડીને અબંધદશાને સંપ્રાપ્ત ન થાય (ત્યાં સુધી અનિવાર્યપણે દુઃખ ભોગવ્યા વિના રહેવાશે નહિ). પોતાના સ્વરૂપ સાથે અનુસંધાન કરે તે અબંધદશા છે. 'કૃપાળુદેવે' 'કુંદકુંદાચાર્ય'ને નમસ્કાર કર્યા છે ત્યાં એ શબ્દનો પ્રયોગ કર્યો છે કે, 'હે કુંદકુંદાદિ આચાર્યો ! આપના વચનો આ પામરને સ્વરૂપ અનુસંધાન થવા અર્થે નિમિત્તભૂત થયા તે અર્થે આપને નમસ્કાર કરું છું.' એ રીતે અનુસંધાન લીધું છે એ સ્વરૂપ અનુસંધાન તે અબંધદશા છે. અને સ્વરૂપનું અનુસંધાન ન રહે તો અનાદિનું શરીર સાથેનું અનુસંધાન છે એ સંબંધદશા છે. તે સંબંધદશાને જ્યાં સુધી જીવ ભોગવે છે ત્યાં સુધી દુઃખી થાય છે. અને જ્યાં સુધી તે અબંધદશાને પ્રાપ્ત ન થાય '**...ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી...**' એટલે એને અનિચ્છાએ પણ શાતા–અશાતાને વેદવી પડે. એમાં શાતા તો નહિવત્ છે, અશાતા જ મુખ્યપણે છે. ક્યારેક શાતા હોય તો માનસિક અશાતાનો અંતરદાહ ચાલુ રહે છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

માનસિક અશાતાનો અંતરદાહ કેમ છે ? કે, જીવને અનેક અન્ય પદાર્થોની ઇચ્છા થાય છે, એ ઇચ્છા થાય છે ત્યારે આકુળતા થાય છે. કેમકે પદાર્થ (હાજર) હોતો નથી અને એ પદાર્થના સંયોગની ઇચ્છા થાય છે ત્યારે એ પદાર્થના અભાવમાં – સંયોગના અભાવમાં આકુળતા થાય છે અને એને અહીંયાં 'અંતરદાહ' કહેવામાં આવ્યો છે.

**'...એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ,...'** અહીંયાં એક વસ્તુસ્વરૂપનો પ્રકાશ વિશેષ પ્રકારે કર્યો છે કે, શાતા–અશાતા જે શરીરની અવસ્થા છે એ એક જુદો પદાર્થ છે. ભિન્ન ક્ષેત્રમાં રહેલો ભિન્ન પદાર્થ છે. પરમાણુના ક્ષેત્રમાં જીવનું ક્ષેત્ર નથી અને જીવના ક્ષેત્રમાં પરમાણુનું ક્ષેત્ર નથી. કોઈ એમ કહે કે, અત્યારે તો જ્યાં શરીર છે ત્યાં આત્મા છે અને આત્મા છે ત્યાં શરીર છે. શરીરમાં ક્યાંય પોલાણ નથી કે, એ પોલાણમાં આત્માના પ્રદેશો રહ્યા છે. આત્મામાં ક્યાંય પોલાણ નથી કે ત્યાં અંદર શરીરના પરમાણુ રહ્યા છે. આ ઘન છે. અહીંયાં ચૈતન્યઘન આત્મા પણ છે અને બધા પરમાણુ પણ ઘનિષ્ટપણે રહેલાં છે. Vacuum નથી ક્યાંય ! ખાલી જગ્યા નથી કે, ત્યાં આત્માના પ્રદેશો ગોઠવાઈ જાય. તો પછી શરીરના ક્ષેત્રે આત્મા છે અને આત્માના ક્ષેત્રે શરીર છે, એમ ખરું કે નહિ ? (તો કહે છે) નહિ.

આકાશની અપેક્ષાએ બન્ને એક ક્ષેત્રે રહેલાં છે. (તેમાં) આકાશ નિમિત્ત છે. અવગાહના થવા માટે, શરીરની અવગાહના થવા અર્થે અને આત્મપ્રદેશોની અવગાહના થવા અર્થે આકાશ તો નિમિત્ત છે. નિમિત્ત અપેક્ષાએ એક ક્ષેત્ર છે. પરંતુ બન્નેના ઉપાદાનને વિચારવામાં આવે તો જીવના પ્રદેશોમાં પરમાણુનો પ્રવેશ નથી અને કોઈ પરમાણુમાં જીવનો પ્રવેશ નથી. જો એમ એકબીજામાં પ્રવેશ પામે તો જીવ જડ થઈ જાય અને કાં (તો) પરમાણુ જડ છે એ ચૈતન્ય થઈ જાય, પણ એવું બનતું નથી એમ પ્રગટપણે જોવામાં આવે છે. તેથી આકાશના એક ક્ષેત્રે શરીર અને આત્મા હોવા છતાં પોતપોતાની અપેક્ષાએ ભિન્ન–ભિન્ન ક્ષેત્રમાં રહેલાં છે.

આત્માના ચૈતન્યપ્રદેશો જુદાં છે, જડ પરમાણુનું ક્ષેત્ર જુદું છે અને જુદું છે માટે જુદું પડે છે. દૂધ અને પાણી જુદાં છે માટે જુદાં પાડી શકાય છે. એમ શરીર અને આત્મા જુદાં હોવાથી જુદાં પડે છે. આયુષ્ય પૂરું થાય ત્યારે સ્પષ્ટપણે જુદાં પડી જાય છે.

આ ગ્રંથમાં 'કૃપાળુદેવે' 'અવગાહન' શબ્દની પરિભાષા બહુ સરસ કરી છે. 'અવગાહન' એટલે શું ? આ જૈન પરિભાષાનો શબ્દ છે. કેમકે અન્યમતના શાસ્ત્રોમાં આ વિષય અને આ વિજ્ઞાન નથી. તો જૈનદર્શનના વિજ્ઞાન અનુસાર આ શાસ્ત્રીય પરિભાષા છે અને બહુ સરસ રીતે સ્પષ્ટ કરી છે. આકાશની અપેક્ષાએ એક ક્ષેત્રે રહેવા છતાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પોતાના સ્વરૂપનો ત્યાગ ન કરે, પોતાના સ્વરૂપમાં જ રહે અને છતાં આકાશની અપેક્ષાએ બન્ને એક ક્ષેત્રે હોય, પણ પોતાના સ્વરૂપને છોડ્યા વિના – એવી જે અવસ્થા તેને 'એકક્ષેત્રાવગાહ અવસ્થા' કહેવામાં આવે છે. કર્મ અને આત્માનો એકક્ષેત્રાવગાહે સંબંધ થયો તેને આપણે 'દ્રવ્યબંધ' કહીએ છીએ.

જ્યારે કોઈપણ જીવના ભાવો અન્ય પદાર્થમાં રાગ, દ્વેષ, મોહને લઈને પ્રતિબદ્ધપણાને પામે છે ત્યારે તેને 'ભાવબંધ' થયો એમ કહીએ છીએ. એવા ભાવબંધના પર્યાય જીવમાં થાય ત્યારે તે જગ્યાએ રહેલી જે કાર્મણવર્ગણા છે એમાં જે કર્મના પરમાણુઓ છે તે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ આદિ અવસ્થાઓ ધારણ કરીને ભિન્ન–ભિન્ન પ્રકૃતિએ આત્માના પ્રદેશો સાથે કેટલાક સમયની મર્યાદા સુધી સાથેને સાથે રહે એવા અનુબંધને 'દ્રવ્યબંધ' કહેવામાં આવે છે. એવો આત્મા સાથે કર્મનો દ્રવ્યબંધ થાય, પુદ્ગલ દ્રવ્યનો બંધ થાય, સંબંધ થાય તોપણ એ એકક્ષેત્રાવગાહ સંબંધને પણ પોતાના સ્વરૂપને છોડ્યા વિના રહેલાં દ્રવ્યો હોવાથી ખરેખર તે પોતપોતાના ક્ષેત્રમાં રહેલાં છે.

હવે, અહીંયાં શું લેવું છે ? ચાલતા વિષયને એની સાથે અનુસંધાનમાં લઈએ તો શું કહેવા માંગે છે ? એમ કહેવા માંગે છે કે, જ્યારે પરમાણુ, પરમાણુના ક્ષેત્રમાં છે અને જીવ, જીવના ક્ષેત્રમાં છે, તો પછી સંબંધ શેનો ?

તો (કહે છે કે), જીવ શુભ–અશુભ પરિણામધારા વડે એનો સંબંધ કરે છે. હવે વાંચો ફરીથી ! '**...જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે...**' શુભ અને અશુભ પરિણામ વડે તે પદાર્થોનો સંબંધ કરે છે. એટલે જીવ એક પદાર્થ – એક દ્રવ્ય. પોતાના ક્ષેત્રમાં રહ્યું છે. પરમાણુ એક બીજો પદાર્થ, પોતાના ક્ષેત્રમાં રહ્યો છે. બે વચ્ચે પુલ છે ત્યારે સંબંધ થાય છે. એ શુભ અને અશુભ, રાગ-દ્વેષ, મોહના જે પરિણામ છે એ દ્વારા એનું ભાવથી જોડાણ કરે છે.

એટલે તો ('જડ અને ચૈતન્ય...' કાવ્યમાં) બહુ સરસ વાત લીધી છે કે, 'ગ્રહે અરૂપી રૂપીને એ અચરજની વાત !' એ કેવી રીતે બની શકે ? અરૂપી એવું ચૈતન્યદ્રવ્ય એ રૂપી એવા કર્મ પરમાણુને ગ્રહે છે, આ તો અમને એક અચરજની વાત છે ! એ કેવી રીતે બની શકે ? 'જીવ બંધન જાણે નહિ કેવો જિન સિદ્ધાંત.' જિનેશ્વરનો આ વિષયમાં બંધનનો જે સિદ્ધાંત છે એ જગતના જીવો જાણતા નથી કે, કેવી રીતે બંધ થાય છે ? એટલે કે ભાવબંધનું સ્વરૂપ શું ? દ્રવ્યબંધનું સ્વરૂપ શું ? એ સિદ્ધાંતિક રીતે – જિનેશ્વરદેવના સિદ્ધાંતિક રીતે જગત(ના) જીવને ખબર નથી. એટલે પોતે ક્યારે બંધાય છે એની એને ખબર નથી. કેવી રીતે બંધાય છે એની ખબર નથી. અને એ બંધનનો ઉદય આવે ત્યારે એને કેવી રીતે ભોગવે છે કે કેવી રીતે એને ન ભોગવવું જોઈએ, એની પણ એને કાંઈ ખબર પડતી નથી. આમને આમ સંસાર ચાલે છે.

એટલા માટે ભાવબંધનું સ્વરૂપ દર્શાવે છે, દ્રવ્યબંધનું સ્વરૂપ દર્શાવે છે અને પછી એમ કહે છે કે, '**...શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે...**' શાતા–અશાતા જે શરીરના પરમાણુની અવસ્થા છે એનો જીવ સંબંધ કરે છે. તો એ સંબંધને તોડવા માટે શું કરવું જોઈએ ? બહુ વ્યવસ્થિત પ્રતિપાદન છે. બે દ્રવ્યો તો પોતપોતાના સ્વરૂપમાં છે. જ્યારે બન્ને દ્રવ્યો પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સ્વચતુષ્ટયમાં રહેલા છે તો સંબંધ કરનાર તો શુભાશુભ પરિણામધારાનો પુલ છે. પુલને તોડી નાખો ! એમ કહે છે. એટલે (બન્ને) પોતપોતામાં રહી જશે. એ શુભાશુભ પરિણામધારા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
પ્રત્યે પહેલા ઉદાસીન થાઓ !

એટલા માટે અહીંયાં ઉદાસીન થવાનું લખ્યું છે કે, જીવને ખરેખર પોતાના શુભાશુભ પરિણામો અનુભવમાં આવે છે ત્યારે એમાં રસ પડે છે. પરપદાર્થમાં અને રાગમાં સુખબુદ્ધિ હોવાને લીધે એમાં અપેક્ષાવૃત્તિ રહે છે, સુખની અપેક્ષા રહે છે. એ અપેક્ષાની સામે ઉપેક્ષા અને ઉદાસીનતા થવી ઘટે છે. તેથી તેના પ્રત્યે ઉદાસીન થઈને સ્વરૂપની મર્યાદામાં આવવું, એમ કહેશે. જ્યાં સુધી રાગની અપેક્ષા રહે ત્યાં સુધી આત્મા સ્વરૂપની મર્યાદામાં આવીને સ્વરૂપ અનુસંધાન કરીને સ્વરૂપનો અનુભવ કરી શકે નહિ.

એક સ્પષ્ટ વિચાર એના માટે લઈએ કે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, સત્‌ચિદાનંદસ્વરૂપ છે એવો જે આત્મા – પોતે, એનું પોતાના સ્વરૂપનું ચિંતવન છે એ ચિંતવનમાં જ્ઞાનમાં સ્વરૂપ છે. એમાં બે ગુણની પર્યાય છે. જ્ઞાનગુણની પર્યાયમાં જ્ઞાનમાં આત્મસ્વરૂપ છે કે, 'હું આવો જ્ઞાનાનંદસ્વરૂપી, સત્‌ચિદાનંદસ્વરૂપી આત્મા છું.' પણ એનું ચિંતવન ચાલે ત્યારે એ જ્ઞાનને અનુસરીને થતો ચારિત્રગુણમાં રાગનો વિકલ્પ છે. (આમ) ચિંતવનમાં બે ગુણની મિશ્રપર્યાય છે. એને 'વિચાર' પણ કહે છે અને એને 'ચિંતવન' પણ કહે છે. હવે જે વિકલ્પ છે – રાગ છે તેની જ્યાં સુધી અપેક્ષા રહે ત્યાં સુધી વિકલ્પ મટીને નિર્વિકલ્પ અનુભવ ન થાય. નિર્વિકલ્પ અનુભવ છે તે આત્મસ્વરૂપનો અનુભવ છે અને એમાં સુખ, શાંતિ અને આનંદનું વેદન છે. તે અબંધપરિણામ છે, લ્યો ! તે પરિણામ છે તે અબંધપરિણામ છે. કેમકે ઉપયોગ તે વખતે બીજા કોઈપણ પદાર્થ સાથે સંબંધ ધરાવતો નથી. અન્ય પદાર્થ સાથે એટલે મન, વચન અને કાયા સાથે પણ સંબંધ ધરાવતો નથી. દેહ હોવા છતાં દેહમાં ચૈતન્યગોળો છૂટો–ભિન્ન અનુભવમાં આવે ! મન, વચન, કાયાના પરમાણુ સાથે તો એ વખતે ઉપયોગને – આત્માને સંબંધ નથી. પરંતુ આત્માના સ્વરૂપના ચિંતવનના વિકલ્પ સાથે પણ એને સંબંધ નથી. એ સંબંધ ક્યારે મટે ? કે, જ્યારે એ વિકલ્પની અપેક્ષા મટે ત્યારે. વિકલ્પની અપેક્ષા ક્યાં

સુધી રહે છે ? કે, 'મને આત્માનું આવું ચિંતવન હોય તો સારું !' ત્યાં સુધી વિકલ્પની અપેક્ષા રહે છે અને ત્યાં સુધી વિકલ્પ મટીને નિર્વિકલ્પ અવસ્થા થતી નથી.

જે શુભ પરિણામધારાથી આત્માનો વિકલ્પ કરે છે એ અવસ્થા જો ચાલુ રહી તો અશુભ પરિણામથી દેહની અશાતા સાથે જોડાઈને વેદનાનો અનુભવ કર્યા વિના રહી શકાશે નહિ. કેમકે જાત બન્નેની એક છે. શુભની જાત અને અશુભની જાત – જાતિ અપેક્ષાએ બન્ને એક છે. એટલે બન્નેને એક તત્ત્વમાં નાખે છે. સાત તત્ત્વમાં એને આસ્રવ અને બંધ તત્ત્વમાં ગણવામાં આવે છે. (એ રીતે) જ્યાં સુધી જીવને વિકલ્પમાં રસ છે ત્યાં સુધી નિર્વિકલ્પ ન થાય. એ વિકલ્પથી પણ ઉદાસીન થાય ત્યારે નિર્વિકલ્પ થાય અને નિર્વિકલ્પ થાય ત્યારે સ્વરૂપમર્યાદામાં આવે. આ ભેદજ્ઞાનનું કેટલું સૂક્ષ્મ પ્રતિપાદન કર્યું છે !

હવે અહીંયાં થોડી તકલીફ પડે છે, એ તકલીફનો આપણે વિચાર કરીએ. (ઉપર એમ કહ્યું કે) વિકલ્પથી ઉદાસીન થવું, એ અમારાથી કેમ બને ? (કેમકે) વિકલ્પ તો છોડ્યો જાતો નથી. આત્મામાં સતત વિકલ્પ થયા જ કરે છે અને જાણે એમ લાગે કે, આ તે કેવડી મોટી ખાણ છે કે એમાંથી વિકલ્પ આવ્યા જ કરે છે ! આવ્યા જ કરે છે ! સતત... સતત... (આવ્યા જ કરે છે) છૂટતા જ નથી, મટતા નથી. આ કઈ ખાણ છે કે જેમાં આટલા બધા વિકલ્પ ભર્યાં છે ? (તો કહે છે કે) એ વિકલ્પની અને રાગની અપેક્ષારૂપ અજ્ઞાનની ખાણ છે એમાંથી એ વિકલ્પ આવે છે. વિકલ્પમાં હું-પણું, રાગમાં હું-પણું એવું જે એકત્વ, એકત્વબુદ્ધિએ પરિણામમાં એકત્વપણું થવું તે વિકલ્પને ચાલુ રાખે છે. એમાં હું-પણું થવાને લીધે વિકલ્પની અપેક્ષાવૃત્તિ રહેલી છે. જ્યાં હું-પણું હોય, પોતાપણું હોય ત્યાં ઉદાસીનતા આવી શકે નહિ.

(હવે) એનું શું કરવું ? એનો કોઈ ઉપાય ખરો ? (તો કહે છે) એનો પણ ઉપાય છે. જેને એ શુભાશુભ પરિણામથી ભિન્ન થવાનો ભેદજ્ઞાનનો પ્રયોગ કરવો હોય તેણે પ્રથમ પોતાની હયાતીને તપાસવી કે, વિકલ્પમાં

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

મારી સત્તા છે કે મારી સત્તા જ્ઞાનમાં છે ? જુઓ ! બન્ને પરિણમે છે. જ્ઞાન પણ પરિણમે છે અને રાગાદિ વિકલ્પનું પરિણમન પણ ચાલુ છે.

આ વિષય 'સમયસાર'માં ૬૯--૭૦ ગાથામાં લેવામાં આવ્યો છે. આચાર્યદેવે ત્યાં બન્ને ગાથાની ટીકામાં વિસ્તાર કર્યો છે. પણ એ પ્રયોગ કેવી રીતે કરવો ? એ પ્રયોગ કરવામાં પ્રથમ કક્ષાએ તપાસવું પડે છે કે, જેવી રીતે જ્ઞાન પરિણમતું માલૂમ પડે છે તેવી રીતે રાગાદિ, ક્રોધાદિ પરિણમતા માલૂમ પડતા નથી. ત્યાં એ ભાષા લીધી છે. જેવી રીતે રાગાદિ અને ક્રોધાદિ થતાં–પરિણમતા માલૂમ પડે છે તેવી રીતે જ્ઞાન થતું–પરિણમતું માલૂમ પડતું નથી. ભાષા તો આટલી છે. (પણ) એટલે શું ? કે, રાગાદિમાં હું-પણું એમ પરિણમન થતું માલૂમ પડે છે ત્યાં સુધી 'જ્ઞાનમાં હું' – એવું પરિણમન થતું માલૂમ પડતું નથી. તપાસી લ્યો ! એ પ્રકારનું પરિણમન ચાલુ છે. એટલે પહેલા એમ વાત લીધી છે.

હવે એમ કહે છે કે, જો જ્ઞાનમાં પોતાપણું છે – એ પોતાપણું થતું–પરિણમતું માલૂમ પડે, જ્ઞાનમાં તો પોતાનું અસ્તિત્વ છે. રાગમાં પોતાનું અસ્તિત્વ નથી કેમકે રાગ મટી જાય તો આત્મા નાશ પામતો નથી. રાગનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી. માટે રાગમાં ખરેખર આત્માનું અસ્તિત્વ નથી એ સાબિત થાય છે. તો જ્યારે રાગમાં આત્માનું અસ્તિત્વ નથી તો હું ભ્રમથી શા માટે એમાં હું-પણું અનુભવું છું ? એટલે જ્યાં સુધી જ્ઞાનમાં પોતાપણું અનુભવગોચર ન થાય, જ્યાં સુધી પોતાપણું ન દેખાય, ન માલૂમ પડે ત્યાં સુધી સૂક્ષ્મતાએ અંતર અવલોકન કરીને – ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરવી જોઈએ. આ અંદરની Practice ચાલુ કરવી પડે. નહિતર અભિન્ન અનુભવવાની Practice ચાલુ છે. 'રાગ તે હું' એ ચાલુ જ છે. એટલે અહીંયાં પણ પહેલા અસ્તિત્વ ગ્રહણ કરવું જોઈએ.

એકસાથે બન્ને પર્યાયો છે. જ્ઞાન અને રાગની પર્યાયો એકસાથે છે અને એ સદાય એકસાથે રહેવાની. કેમકે બન્ને ગુણનું પરિણમન તો સદાય ચાલવાનું જ છે. કોઈ ગુણ એક સમય (પણ) પરિણમ્યા વિના તો રહી

શકે નહિ. (કારણ કે) દ્રવ્ય પરિણમનશીલ સ્વભાવવાળું છે, માટે એના સર્વ ગુણો પણ પરિણમનશીલ સ્વભાવવાળા છે. આ તો બધા દ્રવ્યાનુયોગના સિદ્ધાંતો છે. તો પછી બન્નેમાં તો પોતાપણું કોઈ કરી શકે નહિ અને થઈ પણ ન શકે. કેમકે જીવના પરિણામમાં એક જગ્યાએ જ હું-પણું કરવાનો પ્રકાર રહેલો છે. છદ્મસ્થ(દશામાં) આ અનિવાર્ય પરિસ્થિતિ રહેલી છે કે, એ બન્નેમાં હું-પણું કરી શકે નહિ. (માટે) જ્યાં સુધી એ રાગાદિમાં હું-પણું કરે છે ત્યાં સુધી જ્ઞાનમાં પોતાપણું હોવા છતાં તેમાં તે હું-પણાને ચૂકી જાય છે.

હવે, પ્રથમ મધ્યસ્થ થઈને અવલોકન કરે – Observe કરે. જ્ઞાની એમ નથી કહેતા કે, હું કહું એ આંધળી શ્રદ્ધાથી માની લેજે ! તું તપાસ ! હું કહું છું એમ વસ્તુનું સ્વરૂપ છે કે નહિ એની તું તપાસ કર અને તને દેખાય તે દી' માનજે ! એમને એમ માનીશ તો તું ટકી નહિ શકે. આજે 'હા' પાડીશ અને પાછો કાલે તું 'ના' પાડીશ. અને એવું બને છે – આજે 'હા' પાડતા હોય કે, 'કૃપાળુદેવ' કહે છે એ બરાબર, કાલે કહેશે કે 'ના, હવે એ બરાબર નથી લાગતું !' ક્યાંથી એમ થઈ ગયું ? એ ત્યાંથી એમ થયું કે, પહેલું જે માન્યું હતું એ તપાસ કર્યા વિના, પરીક્ષા કર્યા વિના, પ્રયોગ કર્યા વિના, ઓઘે–આઘે માન્યું હતું. એટલે આજે ઓઘે–ઓઘે 'હા' પાડતો હોય એનો કાંઈ ભરોસો નહિ કે, કાલે 'ના' પાડશે કે નહિ પાડે ! એટલે એ ઓઘસંજ્ઞાનું નિવારણ કરવું જ રહ્યું. અને એ ઓઘસંજ્ઞાનો નાશ પ્રયોગપદ્ધતિથી નિર્ણય થયા વિના, યથાર્થ નિર્ણય થયા વિના કદી ઓઘસંજ્ઞાનો નાશ ન થાય અને ઓઘસંજ્ઞામાં 'હા' પાડી હોય તો એ જોખમ છે ! જોખમ એટલા માટે છે કે, ક્યારે 'ના' પાડશે એનું ઠેકાણું રહેશે નહિ.

એટલે શુભાશુભ પરિણામધારાની અપેક્ષા છે એનું કારણ એમાં હું-પણું છે અને એ હું-પણું ભેદજ્ઞાનના પ્રયોગના અભ્યાસ દ્વારા મટાડવું જોઈએ. વાસ્તવિકતાએ જોવામાં આવે તો જ્ઞાનમાં આત્માને હું-પણું છે જ, અસ્તિત્વ હોવાથી હું-પણાનો અનુભવ થાય છે. જરા ધ્યાન દઈને, લક્ષ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

દઈને, વિકલ્પના રસમાંથી નિવૃત્ત થઈને, વિકલ્પની અપેક્ષાવૃત્તિ છોડીને સ્વરૂપમર્યાદામાં આવવું ઘટે છે. ઘણાંને એ ખબર નથી, રોજ આત્મસ્વરૂપનું ચિંતવન કરવા બેસે અને સ્વરૂપનું ચિંતવન ચાલે અને બીજી ચિંતા ન ચાલે તો એમ કહે, 'હા...! આજે તો અમને બહુ સરસ સ્વરૂપ ચિંતવન થઈ ગયું !' અહીંયાં એમ કહે છે કે, એ ચિંતવનના વિકલ્પમાં રસ છે ત્યાં સુધી નિર્વિકલ્પ સ્વરૂપની મર્યાદામાં આવીને નિર્વિકલ્પ અનુભવ નહિ થાય. એમાં પણ તું ઉદાસીન થા ! એમ કહે છે. સ્વરૂપનો વિકલ્પ આવ્યો તોપણ એમાં તું ઉદાસીન થા, એમ કહે છે, ઠીક ! એની તું કિંમત કરીશ નહિ (કે) 'બહુ સરસ મને ચિંતવન ચાલ્યું ! આજે તો સ્વાધ્યાયમાં એવા સરસ ભાવ આવ્યા !' એમ કહે. ભાઈ ! એ બધા વિકલ્પ છે. એ રાગના અંશ છે. અને એનો રસ અને એની અપેક્ષા છોડીને જ્ઞાનરસ – ચૈતન્યરસ છે એની અપેક્ષા કરીને, જ્ઞાનવેદનાની અપેક્ષા કરીને, રાગથી ઉપેક્ષિત થઈને જો જ્ઞાનમાં જ્ઞાનનું વેદન અનુભવન કરવામાં આવે તો અંદરથી શાંતિના ફુવારા છૂટ્યા વિના રહે નહિ ! એને આત્મશાંતિ અને આત્માનો અનુભવ કહેવામાં આવે છે.

'કૃપાળુદેવ' અહીંયાં એ વાત કરે છે કે, '**...જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે...**' એટલે શુભાશુભ વિકલ્પો પ્રત્યે '**...ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,...**' આ એક નવું આગળનું કાર્ય હવે કરવાનું રહે છે. દેહથી ભિન્ન કરાવ્યા, શુભાશુભ પરિણામધારાથી ઉદાસીન કરાવ્યા, હવે એક બીજી વાત કરે છે કે, દેહથી ભિન્ન છે અને જે આત્મા પોતાના સ્વરૂપની મર્યાદામાં રહેલો છે તે આત્મામાં એક ઉત્પાદ્–વ્યયરૂપ ચલ પરિણામની ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરવો તે યોગ્ય છે. એટલે શું ? બહુ ગૂઢ ભાષા છે. 'કૃપાળુદેવ'ના પત્રો વાંચવા એ બહુ સહેલી વાત નથી ! કેટલીક જગ્યાએ તો બહુ ગૂઢ ભાષાઓ છે ! કેટલીક જગ્યાએ તો વિદ્વાન અને પંડિતોના પાણી તરી

જાય એવો વિષય છે ! (એમ થાય કે) આ શું લખે છે આ ?

જે ચલ પરિણામ છે એનો આત્યંતિક વિયોગ કરવો એટલે શું પણ ? 'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યયુ તં સત્' છે. એક સત્ પદાર્થમાં ધ્રુવ પદાર્થ પણ છે અને ઉત્પાદ્-વ્યય પણ છે અને સદાય છે. એવી રીતે આત્મામાં પણ આત્મા ધ્રુવસ્વરૂપે પણ છે અને ઉત્પાદ્-વ્યયસ્વરૂપે પણ છે. તો આ જે ઉત્પાદ્-વ્યય છે એ ચલ પરિણામની ધારા છે. એનો અત્યંત વિયોગ કરવો એટલે શું ? કે, પરિણામનો નાશ કરી નાખવો એમ ? તો એ તો બનવાનું નથી. પરિણામ તો ચાલુ રહેવાના છે. એ તો સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્માને પણ ઉત્પાદ્-વ્યયરૂપ સિદ્ધદશા ચાલુ જ છે. તો અહીંયાં શું કહેવા માંગે છે ? એ પરિણામમાં 'એક સમયની પર્યાય તે હું' – એવો જે અનુભવ છે તે પર્યાયદૃષ્ટિ છે, તે પૂરેપૂરી છૂટવી જોઈએ, એનો અત્યંત વિયોગ થવો જોઈએ. એને 'ચલ પરિણામનો અત્યંત વિયોગ' એમ અહીંયાં કહેવા માંગે છે. કેમકે દૃષ્ટિ અનાદિથી પર્યાય ઉપર છે.

'પ્રવચનસાર'માં 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે, 'પર્યાયમૂઢાઃ પરસમયાઃ' (અર્થાત્) (જે) પર્યાયમાં મૂઢ છે (એટલે કે) પર્યાય જેવડો – જેટલો હું (એમ માને છે). આ ક્ષયોપશમ હોય તો 'હું બુદ્ધિવાળો !' (એમ) બુદ્ધિનું અભિમાન થાય, જ્ઞાનનું અભિમાન થાય. 'મને ઘણું સમજાય છે, સમજતા આવડે છે' – એ પર્યાયનું અહંપણું છે. રાગ થાય તો (એમ માને કે) 'મને બહુ સારો રાગ આવ્યો !' એ પર્યાયબુદ્ધિથી પર્યાયમાં મૂઢ થયેલો જીવ પર્યાયદૃષ્ટિ છે અને તે જ મૂળ મિથ્યાત્વ છે. પછી તો એ સૂક્ષ્મ મિથ્યાત્વમાંથી – મૂળ મિથ્યાત્વમાંથી મિથ્યાત્વ પાંગરીને જાડું થાય છે અને તે ઠેઠ કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રને (માનવા) સુધી ચાલ્યું જાય છે !

અહીંયાં તો એમ કહેવું છે કે, એ પર્યાયદૃષ્ટિ મટે છે ત્યારે પૂરેપૂરી મટે છે અને દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે પૂરેપૂરી દ્રવ્યદૃષ્ટિ થાય છે. એ દ્રવ્યદૃષ્ટિને સમ્યક્દૃષ્ટિ કહે છે (અને) પર્યાયદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કહે છે. અને જ્યારે એ દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે ત્યારે તમામ પર્યાયને એક સ્થાનમાં રાખવામાં આવે છે. 'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' – 'અપૂર્વ અવસર'માં ગાયું.

ભવ અને મોક્ષ તો પ્રતિપક્ષ છે. ભવથી અનાદિથી દુઃખી થઈ રહ્યો છે અને મોક્ષમાં સુખી થવાનો છે. બન્નેને એકસરખા સમભાવમાં ક્યાંથી રાખવા ? (તો કહે છે કે) દ્રવ્યદૃષ્ટિએ બન્ને એક પ્રકારમાં જાય છે. પર્યાયમાત્ર છે એની દૃષ્ટિ છૂટે છે. સમ્યગ્દર્શનની પર્યાયની સમ્યગ્દર્શનમાં દૃષ્ટિ નથી અને મોક્ષપર્યાયની પણ સમ્યક્દૃષ્ટિને દૃષ્ટિ નથી.

એટલે 'કૃપાળુદેવે' એક જગ્યાએ કહ્યું કે, મોક્ષને ઇચ્છવા જેવો નથી. અને ૧૬૫ (પત્રમાં) તો ચોખ્ખું કહ્યું, ૨૪મા વર્ષે જ્યારે પોતાને જ્ઞાન પ્રગટ થયું છે ત્યારે 'સોભાગભાઈ'ને જે પહેલો ૧૬૫ નંબરનો પત્ર લખ્યો એમાં તો સ્પષ્ટ લખ્યું કે, '**એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. હું ધારું છું કે કેવળજ્ઞાન સુધીની મહેનત કરી અલેખે તો નહીં જાય. મોક્ષની આપણને કાંઈ જરૂર નથી.**' (આ) ક્યાંથી આવ્યું ? વચ્ચે આ વાક્ય ક્યાંથી આવ્યું ? પહેલા એમ લખ્યું કે, કેવળજ્ઞાન સુધીની મહેનત હવે અલેખે નહિ જાય એટલે હવે મોક્ષ તો થાવાનો જ છે. પણ (આ તો) દ્રવ્યદૃષ્ટિનો ધડાકો છે ! '**મોક્ષની આપણને કાંઈ જરૂર નથી.**' આનો અર્થ શું ? પહેલા લખે છે કે, અમારી કેવળજ્ઞાનની મહેનત અલેખે નહિ જાય. વળી કહે છે કે, મોક્ષની અમને જરૂર નથી ! ક્યાંથી આવ્યું ?

અમારી પર્યાયદૃષ્ટિ ખલાસ થઈ ગઈ છે એટલે મોક્ષ પણ એક પર્યાય છે (માટે) એની અમારે હવે કાંઈ જરૂર નથી. એવી શ્રદ્ધા – એવી દૃષ્ટિ એને દ્રવ્યદૃષ્ટિ કહે છે. કહ્યું ને 'કૃપાળુદેવ'નું શ્રદ્ધાન કેવું હતું ? એમનું નિરાવરણજ્ઞાન કેવું હતું ? આ શ્રદ્ધાન આવું હતું કે, જેમાં મોક્ષની પર્યાયની પણ પરવા હતી નહિ ! એની પણ પરવા ડી જાય છે. એવી દૃષ્ટિને અહીંયાં સમ્યક્દૃષ્ટિ કહે છે. અહીંયાં મિથ્યાદૃષ્ટિપણાનો – પર્યાયદૃષ્ટિપણાનો અત્યંત અભાવ કરવો, એ વાત અહીંયાં લેવા માંગે છે. વિષય થોડો બાકી રહી જાય એવું છે, આવતીકાલના સ્વાધ્યાયમાં બાકીનો વિષય લઈશું. અહીં સુધી રાખીએ.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૪
# પત્રાંક–૯૧૩ (૪)
# તા. ૨૦-૧૧-૧૯૯૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક – ૯૧૩ ચાલે છે. (જે વિષય) ચાલી ગયો છે એ સંક્ષેપમાં ફરીથી લઈએ. આ સ્થળે ભેદજ્ઞાનના વિષયનું નિરૂપણ કરતા પર્યાયદૃષ્ટિનો અભાવ કરવાનો પણ સંકેત છે. જેમ જીવને અનાદિથી દેહ સાથે એકત્વબુદ્ધિ છે, રાગ સાથે પણ એકત્વપણાનો પરિણામ છે તેમજ જીવને ક્ષણિક પર્યાય સાથેનું પણ એકત્વપણું વર્તે છે.

આત્મા મૂળસ્વરૂપે અનાદિ–અનંત શાશ્વત પદાર્થ હોવા છતાં સ્વરૂપે નિત્ય હોવા છતાં ક્ષણવર્તી અનિત્ય અવસ્થામાં પોતાપણાનો – 'માત્ર અવસ્થા જેટલો અને જેવો જ હું છું' એવો અનુભવ કરે છે તે પર્યાયદૃષ્ટિ પણ પૂરેપૂરી છૂટી જવી જોઈએ. એવો જ સર્વ મહાત્માઓનો ઉપદેશ છે.

શરૂઆતમાં એ કહ્યું કે, ઉપયોગ લક્ષણથી સનાતન સ્ફુરિત એવા આત્માને દેહાદિ પરમાણુની અવસ્થાથી ભિન્ન અવલોકન કરવાની દૃષ્ટિ સાધ્ય કરવી જોઈએ. ભિન્ન વિચારવાથી આગળ વધીને; ભિન્ન વિચારવું તે એક વાત છે, ભિન્નપણે અવલોકન કરવું તે બીજી વાત છે. અને એ અવલોકનના અભ્યાસથી ભિન્નપણાનો અનુભવ કરવો તે તેનું ફળ છે. એ પ્રમાણે ભિન્ન અવલોકવાના પુરુષાર્થનો અભ્યાસ સારી રીતે વારંવાર

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
નિરંતર થવો ઘટે છે. અને જે જડ પદાર્થો સાથે ચૈતન્યાત્મક સ્વભાવવાળો જીવ શુભાશુભ પરિણામ દ્વારા સંબંધ કરે છે એ શુભાશુભ પરિણામથી પણ ભિન્નપણાનો અનુભવ થવો જોઈએ. તે શુભાશુભ પરિણામ ધારા(થી) ભિન્નપણાનો અનુભવ ત્યારે થાય કે તે પરિણામો પ્રત્યેનો રસ છૂટીને તેના પ્રત્યે ઉપેક્ષાભાવ અને ઉદાસીનતા પ્રગટ થાય ત્યારે.

જોકે શુભાશુભ પરિણામ સ્વયં આકુળતાસ્વરૂપ છે અને ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા જ્ઞાનવેદનની ધારા છે, નિર્વિકલ્પ જ્ઞાનવેદનની ધારા જ્ઞાનસામાન્યરૂપે છે તેમાં નિરાકુળતા અને શાંતિ છે. આકુળતા અને નિરાકુળતાનો ભેદ જેને સમજાય અથવા આકુળતા અને નિરાકુળતા – બન્ને પ્રકારના પરિણામની અંતરંગમાં મીંઢવણી થાય તો એ બહુ સ્વાભાવિક છે કે જીવ આકુળતા છોડી અને નિરાકુળભાવ પ્રત્યે આવે. આકુળતાથી ઉપેક્ષિત થાય અને નિરાકુળતામાં સ્થિર થાય.

જેમ રસ્તે ચાલતો માણસ તડકો અને છાયો એમ બે ભાગમાં રસ્તો હોય તો તડકો છોડીને છાંયે ચાલે છે. સ્વભાવિકપણે તડકાથી બચીને છાંયામાં ચાલે છે. તેમ જીવના પરિણામમાં જીવની ચાલ છે અને ત્યાં બે પ્રકારના પરિણામ છે. જે શુભાશુભ પરિણામ છે એમાં આકુળતા રહેલી છે અને જે જ્ઞાનસામાન્ય જ્ઞાનના પરિણામ છે એમાં પણ જે જ્ઞાનસામાન્ય જ્ઞાનનું અંતરંગ છે એમાં નિર્વિકલ્પ જ્ઞાનધારા સદાય ચાલે છે, સર્વ જીવોને ચાલે છે અને ત્યાં નિરાકુળ શાંતિ છે. તેનું અજાણપણું હોવાને લીધે, પોતાના જ જ્ઞાનમાં રહેલા વેદનથી જીવ પોતે અજાણ હોવાને લીધે શુભાશુભ પરિણામમાં કોઈને કોઈ પરિણામમાં રસ લ્યે છે, એની અપેક્ષા રાખે છે.

કાલના સ્વાધ્યાયમાં એ વાત લીધી હતી કે, છેવટે કાંઈ નહિ તો આત્મસ્વરૂપના જે વિકલ્પ છે એ વિકલ્પમાં એને રસ પડે છે કે, 'બીજા વિકલ્પ મને અત્યારે નથી થતા પણ સ્વરૂપ ચિંતવનના વિકલ્પ છે એ સારા વિકલ્પ છે, મને એમાં રસ આવે છે.' અને જીવ એની અપેક્ષા કરે છે. બીજા સામાન્ય જીવોને સ્વરૂપ ચિંતવન થાય એને તો સ્વાનુભવનો અવસર નથી, પણ સ્વરૂપસન્મુખ થયેલા જીવને, મુમુક્ષુ સમ્યક્ત્વ સન્મુખ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

થયો હોય એટલે કે એને જ્ઞાનસ્વરૂપી આત્મા લક્ષગોચર થયો હોય, જ્ઞાન લક્ષણે – ઉપયોગ લક્ષણે ભાવભાસન થયું હોય તોપણ જ્યાં સુધી સ્વરૂપ ચિંતવનના વિકલ્પ ઉપર વજન છે ત્યાં સુધી, અને એ વિકલ્પો ભલે આત્મસ્વરૂપ – નિશ્ચયનયના પક્ષવાળા હોય, તોપણ વિકલ્પની ઉપેક્ષા થઈને, પુરુષાર્થ તીવ્ર થતાં વિકલ્પની ઉપેક્ષા થઈને, જ્યાં સુધી સ્વરૂપની – સ્વભાવની અપેક્ષામાં ન આવે ત્યાં સુધી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થતા નથી. ત્યાં સુધી પર્યાયદૃષ્ટિ ચાલુ રહે છે. સમ્યગ્દર્શન થતું નથી એટલે કે ત્યાં સુધી પર્યાયદૃષ્ટિ ચાલુ રહે છે. એ પર્યાયદૃષ્ટિનો આત્યંતિક વિયોગ એટલે એ પર્યાયદૃષ્ટિનો આત્યંતિક નાશ થવો ઘટે છે તો જ સમ્યક્દૃષ્ટિ થાય. એ વિષયનું પ્રતિપાદન હવે આપણા ચાલતા સ્વાધ્યાયમાં હવે આવે છે.

શુભાશુભ પરિણામ ધારા શાતા–અશાતાનો સંબંધ કરે છે. તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ દેહાદિથી ભિન્ન, દેહાદિ અને રાગાદિથી ભિન્ન અને પોતાના સ્વરૂપની મર્યાદામાં રહેલા તે આત્મામાં '**...જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે,...**' એ આત્મામાં જ છે. શુભાશુભ પરિણામથી બીજી પરિણામ ધારા કઈ છે ? (તો કહે છે કે) જ્ઞાનનો ક્ષયોપશમ છે એ પણ એક ક્ષણવર્તી પર્યાય છે. એ ભલે શુભરૂપ કે અશુભરૂપ ન હોય પણ તે એક ક્ષણનું અનિત્ય પરિણામ છે. જે ચલ સ્વભાવરૂપ છે, ચલિત છે. જ્યાં સુધી દૃષ્ટિ ચલિત પદાર્થ ઉપર હોય ત્યાં સુધી તે નિશ્ચલ થઈ શકે નહિ. નિશ્ચલ થઈ શકે નહિ એટલે સ્થિર થઈ શકે નહિ. એ ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે. '**...તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,...**' સન્માર્ગનો અર્થ અહીંયાં પુરુષાર્થ છે.

ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા જે ક્ષણિક પદાર્થ છે તેની ગૌણતા, તેની અત્યંત ગૌણતા સ્વરૂપલક્ષ થયા સિવાઈ સંભવિત નથી. મૂળ શુદ્ધાત્મ સ્વરૂપ છે ભાવભાસનમાં તેનું જેટલું મહિમાવંતપણું છે તેટલું મહિમાવંતપણું જ્ઞાનમાં પ્રતિભાસે નહિ અને એ પ્રતિભાસતા સ્વરૂપલક્ષની ઉત્પત્તિ થાય નહિ, ત્યાં સુધી ક્ષણિક પરિણામમાં જે કાંઈ આકર્ષણ છે, રસ છે, એનો

વ્યામોહ છે અને એની દૃષ્ટિ છે એ ખસે નહિ, એ ગૌણ થાય નહિ. અને પર્યાય આશ્રિત પરિણમતો એવો જે પુરુષાર્થ, એવું જે વીર્ય ગુણનું પરિણમન એ પરિણમન દિશા બદલીને સ્વરૂપ પ્રત્યે ગતિમાન થાય નહિ. સ્વરૂપ પ્રત્યે ગતિમાન થયેલા પુરુષાર્થનું, અત્યંત પુરુષાર્થનું જે પરાક્રમ છે એ પરાક્રમ દ્વારા ચલ સ્વભાવરૂપ પરિણામ ધારાની દૃષ્ટિનો અભાવ થાય છે. એટલે આત્યંતિક વિયોગ થાય છે. એટલે અહીંયાં સંપૂર્ણપણે પર્યાયદૃષ્ટિનો નાશ થાય છે.

એમ કરીને, '**...પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે.**' એ પ્રકારે પર્યાયદૃષ્ટિ છોડીને આત્મા મૂળ સ્વરૂપે પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય છે (તેની દૃષ્ટિ થાય છે).

૮૩૩ પત્રાંકમાં એ વાત લીધી છે કે, આત્મા કેવો છે ? કે, શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ એટલે કે ત્રિકાળ પરિપૂર્ણ પવિત્ર છે. ત્રણ વખત તો 'શુદ્ધ' શબ્દ વાપર્યો છે ! શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ આત્મા છે ! 'કૃપાળુદેવે' આત્મસ્વરૂપની ભાવના ભાવી છે. ત્યાં આ ત્રણ શબ્દો લીધા છે.

એટલે પરમ પવિત્ર અને ચૈતન્યસ્વભાવના પ્રકાશમય તે આત્મા છે. અનાદિથી કર્મના સંયોગે ઉદયના આશ્રયે પરિણમતો પરિણામમાં તે સકલંકપણું પ્રગટ કરે છે, દર્શાવે છે. કષાયનું કલંક ઉત્પન્ન થાય છે તે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવ પ્રકાશમય આત્માના લક્ષે તેનાથી ઉપરામ થઈને, 'ઉપરામ થઈને' એટલે વિરામ પામીને. જેમ કોઈ માણસ ચાલતો–ચાલતો થાકી જાય તો એને બેસી જવું પડે કે સૂઈ જવું પડે. ભો પણ ન રહી શકે. એમ જે પરિણામની આકુળતા ચાલતા... ચાલતા... ચાલતા... ચાલતા... એ આકુળતાથી જો થાક લાગે તો સહેજે–સહેજે એ આકુળતાથી વિરામ લે. ઉપરામ થવું એટલે વિરામ પામવું.

જ્યાં સુધી જીવને આકુળતાનો થાક લાગે નહિ ત્યાં સુધી વિકલ્પના

ધમપછાડા બંધ થાય એવું નથી. ત્યાં સુધી વિકલ્પ જે સતત ધારાવાહીપણે ચાલુ રહે છે એ વિકલ્પ શાંત થાય એવું નથી. સહજપણે, સહજ સ્વભાવે વિકલ્પો ક્યારે શાંત થાય ? કે, એ વિકલ્પોમાં રહેલી આકુળતાનો થાક લાગે ત્યારે. એક પ્રશ્ન પૂછવા જેવો છે. કોઈ માણસને એમ કહો કો 'તમે આખો દિવસ ઠેકડા માર્યા કરો !' તો થોડીક મિનિટોમાં થાકી જાય. કલાકો સુધી તો કોઈ ઠેકડા મારી ન શકે. પણ પ્રયોગ કરવો હોય તેણે કરી જોવો. પાંચ–પંદર મિનિટ, પચીસ–પચાસ મિનિટમાં તો થાકી જાય. (એમ કહી દે) 'હવે આપણે ઠેકડા ન મારી શકીએ.' આ આત્મા અનાદિનો–અનંતકાળથી વિકલ્પના ઠેકડા મારે છે. એનો થાક કેમ લાગતો નથી ? અહીંથી અહીંયાં... અહીંથી અહીંયાં... અહીંથી અહીંયાં... અહીંથી અહીંયાં... (વિકલ્પો દોડે છે તેનો) થાક લાગવો જોઈએ.

જોકે અનંતકાળથી આ સ્થિતિમાં હોવા છતાં અને એ સ્થિતિમાં અનંત દુઃખ ભોગવતો હોવા છતાં થાકને સહન કરવાની જીવની શક્તિ પણ અનંત છે ! અહીંથી પણ જો જીવની શક્તિ અને સામર્થ્ય ઉપર લક્ષ જાય તો એના અનંત સામર્થ્યનો વિશ્વાસ આવે એવું છે કે, એની દુઃખ સહન કરવાની શક્તિ પણ અનંતી છે ! સાગરોપમના નારકીના પીડાના દુઃખ ભોગવ્યા છે અને અનંતકાળના નિગોદના દુઃખ પણ પરિભ્રમણ કરતા પ્રત્યેક જીવે ભોગવેલા છે. અને અત્યારે પણ એક સેકંડ પણ વિકલ્પ ઉપશમ થતો નથી, એક સેકંડ પણ વિકલ્પ બંધ રહેતો નથી અને સતત આકુળતા ભોગવે છે છતાં પણ મૂળ સ્વરૂપમાં રહેલી જે અનંત શાંતિ એ શાંતિ એવીને એવી અકબંધપણે – જરા પણ એમાં ઘસારો પહોંચ્યા વિના અનંત શાંતિનું સ્વરૂપ એમને એમ રહે છે. એ પદાર્થની શક્તિ કેટલી ! શાંતિને ટકાવવાની શક્તિ કેટલી ! અને અવસ્થામાં આટલું દુઃખ હોવા છતાં અને દુખિત અવસ્થામાં તદાકાર–એકાકાર–તન્મય હોવા છતાં અને પોતાના શાંતસ્વરૂપને સર્વાંશે ભૂલી ગયો હોવા છતાં આ દુઃખ સહન કરવાની પણ એની શક્તિ અનંતી છે ! આમને આમ અનંતકાળ ચાલ્યો જાય છે.

હવે, જેને દુઃખથી છૂટવું હોય તેને એ સકલંક પરિણામોથી ઉપરામ

થઈને, એનાથી થાકીને '**...જેમ ઉપશમિત થવાય,...**' 'ઉપશમ થવું' એટલે જેમ શાંતિમાં ઠરાય. શાંતસ્વરૂપમાં શાંત પરિણામે, શાંત ભાવે ઠરી જવાય એને અહીંયાં 'ઉપશમિત થવાય' એમ કહે છે. એમ થવાની મહાત્માઓની શિક્ષા છે. છેલ્લું વચન એટલું છે. '**મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.**' કે, હે જીવ ! તું તારામાં રહેલી આત્મશાંતિને ભોગવ ! આ આકુળતાને ભોગવવું તને યોગ્ય નથી. તને ગમતું પણ નથી. પણ રસ્તો અજાણ્યો હોવાથી શાંતિના રસ્તે તું ચાલી શકતો નથી.

'**...જેમ ઉપશમિત થવાય,...**' 'જેમ ઉપશમિત થવાય' સંક્ષેપમાં એટલા માટે લખવું પડે છે કે, એ ઉપશમ થવાની સ્થિતિ આવે એ પહેલાનો જેટલો ક્રમ છે તેટલો ક્રમ સાચવવો પડે. એક પરિભ્રમણની ચિંતાથી માંડીને એ ચિંતાથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી માંડીને અને પૂર્ણતાના લક્ષે શરૂઆત કરીને જેટલો આગળનો ક્રમ છે એટલો ક્રમ સચવાય, કોઈપણ ભોગે સચવાય, તો ઉપશમ થવાનો અવસર આવે. (માટે એમ કહ્યું કે) '**...જેમ ઉપશમિત થવાય,...**' તેમ. 'જેમ' એટલે ગમે તેમ નહિ. એનો પણ એક નિયત ક્રમ છે અને તદ્નુસાર (તેને સાચવવો પડે).

એ ક્રમને સાચવવા માટે પણ 'કૃપાળુદેવ'ના વચનામૃતમાં ૧૫૭ આંકમાં ડાયરીનો એક અંશ છે. એ અંશ ધ્યાન દેવો જેવો છે. પાનું છે– ૨૩૫. તેર નંબરના વિભાગમાં પેરાગ્રાફ શરૂ થાય છે ત્યાંથી છે. ઉપરની પાંચ લીટી છોડીને. '**ભલે તને વસમું લાગે,...**' કેવું લાગે ? સહન ન થાય એવું વસમું લાગે. '**...પણ એ જ ક્રમમાં પ્રવર્ત,...**' 'ક્રમ' ઉપર કેટલું વજન છે !! '**ભલે તને વસમું લાગે, પણ એ જ ક્રમમાં પ્રવર્ત. ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત.**' (અર્થાત્) અવશ્ય, ગમે તેમ. ક્રમ છોડીને પ્રવર્તીશ નહિ. ક્રમ છોડીને ગમે તેટલી પૂજા, ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય અને ક્રિયાકાંડ(ની) પ્રવૃત્તિ કરીશ (તોપણ તે) નિષ્ફળ જશે. 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો, બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે' એમ શા માટે કહ્યું ? કે, જે સદ્ગુરુ છે તે, તે ક્રમથી સિદ્ધિને પામ્યા છે. જેણે શાંતિ ઉપલબ્ધ કરી છે, જેને આત્માનંદની ઉપલબ્ધિ થઈ છે,

એવા જ્ઞાનીપુરુષ એ જ એ ક્રમને સમજે છે. એ ક્રમથી તે અનુભવસિદ્ધ એવી શાંતિને પ્રાપ્ત થયા છે. અને કોઈપણ યોગ્યતામાં ભેલા મુમુક્ષુજીવને આ ક્રમ ઉપર કેવી રીતે ચડાવવો અને એ ક્રમમાં કેવી રીતે આગળ લઈ જવો, એવી નિપુણતા, એવી કુશળતા આત્મજ્ઞાની સત્પુરુષમાં અને સદ્ગુરુમાં હોય છે.

જેમ કોઈ રોગનો Expert ડૉ ટર હોય એ ગમે તે Stageમાં આવેલા રોગને ઠીક કરી જાણે અને તંદુરસ્તીમાં લઈ આવે તો એ ડૉ ટર સાચો. રોગ ન મટાડે તો એ ડૉ ટર ડૉ ટર તરીકે સાચો નહિ. એ દૃષ્ટાંતમાં તો નિષ્ફળતા પણ મળે. અહીંયાં એવું નથી. અહીંયાં સત્પુરુષ પાસે – જ્ઞાનીપુરુષ પાસે કોઈ જીવ અંતરની ભાવનાથી આત્મકલ્યાણ અર્થે આવે અને શ્રીગુરુ એને ક્રમથી આગળ ઉઠાવે અને એનું આત્મકલ્યાણ ન થાય એવું બને નહિ. અહીંયાં નિષ્ફળતાનો અવકાશ નથી. કેમકે ઉપાદાનની તૈયારી છે અને માર્ગપ્રાપ્ત જ્ઞાનીપુરુષ એ માર્ગ સમજાવી શકે છે, એ માર્ગ દેખાડી શકે છે. દેખાડી શકે છે શું એ માર્ગે કાંડુ પકડીને એને ખેંચી શકે છે ! પણ ખેંચાવા તૈયાર હોય તેને. જે પોતે જ ખેંચાવા તૈયાર ન હોય એનો તો ઉપાય નથી.

વાસ્તવિકપણે એવો પ્રસંગ બને ત્યારે એ જીવને એવો જ અનુભવ થાય છે કે, હું એક, જેમ કોઈ પાણીના પ્રવાહમાં તણાતો માણસ હોય એમ સંસારસમુદ્રના આકુળતાના દુઃખના પ્રવાહમાં ડૂબતો–તણાતો એવો જીવ હતો. કાંડુ પકડીને મને કિનારા ઉપર મૂકી દીધો છે ! એવો એને ભાસ થાય છે. એ પ્રકારે ક્રમમાં લઈ આવે છે. એ ક્રમથી જે અજાણ્યા છે એને એ ક્રમની પોતાને ખબર નથી તો બીજાને તો કેવી રીતે લઈ આવે ?

(અહીંયાં કહે છે) '**...ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત. દુઃખને સહન કરી,...**' એટલે કોઈ પણ પ્રકારની પ્રતિકૂળતાને સહન કરી '**...ક્રમની સાચવણીના પરિષહને સહન કરી,...**' ક્રમ સાચવતા તને આકરું લાગે તો એ પણ સહન કરીને (એમ કહે છે). તને તારી પ્રકૃતિસ્વભાવમાં

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અનુકૂળતા ન પડતી હોય તો એ પણ સહન કરીને. 'મને નહિ ફાવે' એ (વાત) અહીંયાં નહિ ચાલે. તારું ફાવવું–નહિ ફાવવું એક કોર મૂકી દે ! 'હું તો આમ ટેવાયેલો છું અને આમ વિચારવા ટેવાયેલો છું અને આમ વાંચવા ટેવાયેલો છું' – એ પણ નહિ ચાલે. જે રીતે તને ક્રમ સાચવવાનો કહે તે ક્રમને સાચવતા તને કઠણ પડે, અસહ્ય પરિસ્થિતિ લાગે તો તેને પણ સહન કરીને (એમ કહે છે).

'**...અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી,...**' અનુકૂળતા પણ ઉપસર્ગ છે હોં ! જુઓ ! બે વાત લીધી છે. અનુકૂળ ઉપસર્ગ અને પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરીને. આમ તો શું છે, આપણે બધા ખોટું સમજીએ છીએ, આપણો Misconcept છે (કે), પ્રતિકૂળતા છે ને એ ઉપસર્ગ છે એટલે પ્રતિકૂળતાને આપણે ઇચ્છતા નથી અને અનુકૂળતાને હંમેશાં–હંમેશાં ઇચ્છીએ છીએ. પણ આ જીવ ભૂલી જાય છે કે, સૌથી વધારે ફસામણ અનુકૂળતામાં છે. દુઃખમાં આત્મકલ્યાણ સાંભરવું બહુ સહેલું છે (પણ) અનુકૂળતા હોય ત્યારે આત્મકલ્યાણ સાંભરવું, સંભાળવું એ ઘણું કઠણ છે.

આત્માર્થી તો પ્રતિકૂળતાને ઇચ્છે છે ! અનુકૂળતાને તો ઇચ્છતા નથી પણ પ્રતિકૂળતાને ઇચ્છે છે ! અને પ્રતિકૂળ સંયોગોમાં – પ્રતિકૂળ પરિસ્થિતિમાં આત્માર્થને સાધવું એ આત્માર્થીનું ગૌરવ છે ! ખરેખર એ એનું ગૌરવ છે. પ્રતિકૂળ સંયોગ મુખ્યપણે પાપના ઉદયકાળે હોય છે. અનુકૂળ સંયોગ પુણ્યના ઉદયકાળે હોય છે. અનાદિથી ભ્રાંતિ પામેલો જીવ પુણ્યને ઇચ્છે છે, પુણ્યના ફળને ઇચ્છે છે કે, 'મને અહીંયાં ઠીક પડશે !' આત્માર્થીની વાત જુદી છે. એ તો કોઈ પણ પરિસ્થિતિમાં ફસાયા વગર '**...તું અચળ રહે.**' તારા ક્રમમાંથી તું વિચલિત થઈશ નહિ, એમ કહેવું છે.

'**...અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે.**' એટલે ગમે તેવા લોભામણા પુણ્યપ્રસંગો, પુણ્યના ઉદયો આવે તોપણ એ ઉપસર્ગ સમજીને તારા ક્રમને સાચવજે. આત્મઉન્નતિનો પ્રશસ્ત ક્રમ કદી છોડીશ

નહિ ! આત્મઉન્નતિનો પ્રશસ્ત ક્રમ છે આ ! એમાં અચલિત રહેજે. **'અત્યારે કદાપિ વસમું,...'** લાગશે, તને નહિ ફાવે. એ રસ્તે ચાલ્યો નથી, એ રસ્તે ચડ્યો નથી એટલે તને વસમું લાગશે. **'...અધિકતર લાગશે,...'** કદાચ બહુ વસમુ લાગશે. તને એમ થાશે કે, 'આમાં આપણું કામ નહિ ! આપણે નહિ કરી શકીએ !' એમ મુંઝાવાની જરૂર નથી. **'...પણ પરિણામે તે વસમું સમું થશે.'** જુઓ ! કેવું Alleteration લીધું છે ! 'વ' કાઢી નાખ્યો ! 'કાઠિયાવાડી' ભાષા છે ને ! 'સમુ સુતર તર્યું બધું ?' એમ કહે. (એમ અહીંયાં કહે છે) તને એ વસમું સમું થઈ પડશે. અત્યારે ભલે તને વસમું લાગે પણ વસમું છે એ સમું થશે.

**'ઘેરામાં ઘેરાઈશ નહીં.'** કદાચ માન–પાન મળે, ઘણા અનુકૂળ સંયોગો મળે (તોપણ) એ ઘેરામાં ઘેરાઈશ નહિ. **'ફરી ફરી કહું છું, ઘેરાઈશ નહીં.'** નહિ તો દુઃખી થઈશ. **'દુઃખી થઈશ, પશ્ચાતાપ કરીશ;...'** પશ્ચાતાપ કરવાનો વારો આવશે. **'...એ કરતાં,...'** એમ (પશ્ચાત્તાપ) કરવો પડે એ કરતાં **'...અત્યારથી આ વચનો ઘટમાં ઉતાર,...'** અત્યારથી જ આ વાતને અંદરમાં ઉતાર કે, 'મારે ક્રમથી આગળ વધવું છે. ગમેતેમ મારી મનમાની રીતે, સ્વચ્છન્દે આગળ વધી શકાશે નહિ !' એ વાત લક્ષમાંથી ક્યારેય પણ ખસવી જોઈએ નહિ. ગમે ત્યારે ગમે તે વાંચવા લાગી પડે, ગમે તે શાસ્ત્ર વાંચે (એમ નહિ ચાલે). (એ રસ્તે) જેટલો આગળ વધ્યો હશે, દૂર ગયો હશે તેટલો પાછા આવવાનો પરિશ્રમ વધશે. પાછા આવતા વસમું અને કઠણ લાગશે અને નવી વિટંબણા ભી થાશે. એવું ન થાય એટલા માટે આ વાત છે.

**'...આ વચનો ઘટમાં ઉતાર – પ્રીતિપૂર્વક ઉતાર.'** ઉત્સાહ લાવીને જ્ઞાનીના માર્ગે ચડ ! નહિતર બધો પરિશ્રમ માથે પડશે એટલું નહિ પણ લટાનું વિટંબણાનું કારણ થશે. ઘણી વાતનું માર્ગદર્શન ઠામ–ઠામ આપેલું છે.

અહીંયાં (ચાલતા વિષયમાં) પણ એમ કહે છે કે, **'...જેમ ઉપશમિત થવાય,...'** (વચનનો) ટુકડો તો નાનો છે. (એમ કહે છે કે) જેમ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આત્મસ્વરૂપમાં શાંતભાવે સ્થિર થવાય. તો 'જેમ' એટલે કેમ ? 'જેમ'નો અર્થ શું ? કે, જે ક્રમથી પ્રવેશ કરીને આત્મશાંતિ સુધી પહોંચી જવાય તે ક્રમથી. એમાં બીજી રીતે ચાલે નહિ. શિરો શિરાની રીતે થાય, શિરો બીજી રીતે થાય નહિ. '**...તે ઉપયોગમાં,...**' એટલે તે પ્રકારની સાવધાનીમાં '**...અને તે સ્વરૂપમાં સ્થિર થવાય,...**' ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થાય અનંત ગુણોના પરિણામ અનંત સુખધામ એવા આત્મામાં આકર્ષિત થઈને કેન્દ્રિત થાય અને '**...અચલ થવાય,...**' (એટલે) સ્થિર થવાય '**...તે જ લક્ષ,...**' કરવા યોગ્ય છે. લક્ષ એટલે જ્ઞાનમાં તે જ પ્રકારે આવવું જોઈએ કે જેનું સ્મરણ પણ કરવું પડે નહિ. લક્ષનો અર્થ એ છે.

જેમ વેપારીને વેપારમાં નફાનું લક્ષ છે. એનું સ્મરણ ન કરવું પડે કે, મારે નુકસાન કરવું નથી ને નફો કરવો છે. એવો વિચાર ન કરવો પડે, એને યાદ ન કરવું પડે. નહિતર ભૂલી જાય એવું ન બને. ગમે તે પ્રવૃત્તિ કરે – માલ ખરીદવા જાય કે માલ વેચવા જાય, હિસાબ–કિતાબ લખે કે મૂડીની વ્યવસ્થા કરે અને કારખાનું હોય તો બીજી છપ્પન વાતો હોય. (બધી પ્રવૃત્તિમાં) લક્ષ એક જ રહે છે કે, આમાંથી કમાવું છે અને ખોવું નથી.

તેમ (અહીંયાં) આ જ વાતનું લક્ષ થઈ જવું જોઈએ. એટલે એનું સ્મરણ કરવું પડે એવી પણ સ્થિતિ ન હોય એ પ્રકારે જ્ઞાનમાં આ વાત ઘર કરી જવી જોઈએ. '**...તે જ ભાવના,...**' નિરંતર રહેવી જોઈએ. અને વિકલ્પ આવે તો '**...તે જ ચિંતવના,...**' થવી જોઈએ. અને તેમ થતા '**...તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે.**' અને એ પ્રકારે સહેજે–સહેજે એવા પરિણામ રહે, કૃત્રિમતા કરવી પડે નહિ, તાણી–ખેંચીને પરાણે–પરાણે કરવું પડે એ કાર્યમાં કદી પ્રેમ અને ઉત્સાહ હોય નહિ. અહીંયાં એ પ્રકાર તો હોવો ઘટતો નથી.

સહજ પરિણામરૂપ સ્વભાવ થઈ જવો જોઈએ. સ્વસત્તાઅવલંબનશીલ પરિણામ થઈ જવા જોઈએ. જુઓ ! પરસત્તાઅવલંબનશીલ પરિણામપણું સહેજે–સહેજે ચાલે છે કે નહિ ? વર્તે છે કે નહિ ? કે, એનો કૃત્રિમ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પુરુષાર્થ કરવો પડે છે ? સહેજે એ બાજુનો પુરુષાર્થ છે. કેમ ? (કેમકે) પરપદાર્થોની આધારબુદ્ધિ છે અને પરપદાર્થમાં સુખબુદ્ધિ છે. એટલે એ પરિણામો સહજપણે પરસત્તાનું અવલંબન કરે એવો એનો સ્વભાવ થઈ જાય. 'શીલ' એટલે સ્વભાવ.

એ પ્રકાર છૂટીને, એ પ્રકારથી નિવર્તિને પોતાના અનંત સુખધામમાં બધા જ ગુણોના પરિણામ આકર્ષિત થાય, અનંતે અનંત ગુણોના પરિણામ (આકર્ષિત થાય) અને સ્વસત્તાઅવલંબનશીલપણું પ્રગટ થાય તેને 'સહજ પરિણામરૂપ સ્વભાવ' કહેવામાં આવે છે. અહીંયાં દ્રવ્યસ્વભાવની વાત નથી. સહજ પરિણામરૂપ સ્વભાવ થવો ઘટે છે, કરવા યોગ્ય છે.

સર્વ '**...મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.**' અનંતા જ્ઞાનીઓની, નામ લઈને કોઈ પણ જ્ઞાનીની વાત લઈએ તોપણ અનંતા જ્ઞાનીઓની એક જ વાત છે, એમ આત્મામાં અવધારવું. કેમકે સર્વ જ્ઞાની '**...મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.**'

હવે આત્માર્થીજીવની વાત કરે છે. '**તે સન્માર્ગને ગવેષતા,...**' એવા સન્માર્ગને ગવેષતા – 'ગવેષતા' એટલે ? ગવેષણામાં બહુ Particular sense છે. આમ તો જ્ઞાનપ્રધાન વાત છે. 'ગવેષતા' એટલે જાણતા. પણ 'જાણતા' શબ્દ નહિ વાપરતા 'કૃપાળુદેવ' અનેક જગ્યાએ 'ગવેષતા' શબ્દ વાપરે છે. (એનો અર્થ એ છે) અંતર ખોજપૂર્વક, અંતર શોધપૂર્વક જેનું જ્ઞાન થાય છે એને 'ગવેષણા' કહેવામાં આવે છે. એમાં ડાણ હોય છે. વિશાળતા હો વા ન હો પણ એની અંદર તાત્ત્વિક ડાણ રહેલું હોય છે. એવા સન્માર્ગને ગવેષતા એટલે શોધ કરીને જાણતા '**...પ્રતીત કરવા ઇચ્છતા,...**' આત્માર્થી કેવા હોય છે તેનું વર્ણન ચાલે છે.

તે સન્માર્ગને ગવેષતા, તે સન્માર્ગની પ્રતીત કરવા ઇચ્છતા અને '**...તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા,...**' એની પ્રાપ્તિ કરવા ઇચ્છતા '**...એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મવ્યવહાર અને પરમશાંત રસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભ ત વડે ઉપાસવા યોગ્ય છે;...**'

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

કેવું સરસ માર્ગદર્શન આપ્યું છે ! આત્માની સુખ–શાંતિનો સન્માર્ગ, એ સન્માર્ગને ગવેષતા એવા આત્માર્થી જનને, પ્રતીત કરવા ઇચ્છતા એવા આત્માર્થી જનને, કેમકે હજી આત્માર્થી છે. પ્રતીત થાય એ જ્ઞાની થાય છે. અને તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા, પ્રાપ્તિની ઇચ્છાવાળા એવા આત્માર્થી જન. આ સ્થળે 'ઇચ્છા'નો અર્થ ઉપર–ઉપરની ઇચ્છા થાય છે એવો ન લેવો. અંતરની ભાવનાથી ઉત્પન્ન થયેલી ઇચ્છા લેવી. અને એ ઇચ્છા પૂર્ણ ન થાય ત્યાં સુધી તે જીવ ન તો અનુકૂળતામાં ફસાય કે ન તો પ્રતિકૂળતામાં ખેદાય અને ફસાય.

'**...એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ,...**' કેવા દેવ લીધા ? ભક્તિ માટે દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્ર (એમ) ચાર પદ લીધા છે. સત્પુરુષની ભક્તિ તો એમણે ઠામ–ઠામ સ્થાપી જ છે. અહીંયાં ચાર પદ લીધા છે. 'પરમવીતરાગસ્વરૂપ દેવ' (એટલે) જે દેવને અનંતમાં અંશે પણ રાગનો સદ્ભાવ નથી અને તેથી રાગની કોઈ ક્રિયા કે રાગ થાય એવું કોઈ લક્ષણ અંતર્બાહ્ય જેમના સ્વરૂપમાં નથી. અંતરંગમાં તો નથી પણ બહારમાં પણ એવો પ્રકાર અને એવો દેખાવ ન હોય કે જે રાગવર્ધક થાય, રાગનો ઉત્પાદક થાય.

અત્યારે છેલ્લા ૨૫૦૦ વર્ષથી એવા વીતરાગદેવની સજીવનમૂર્તિનો કાળ સમાપ્ત થઈ ગયો છે. કેવળજ્ઞાની પરમાત્માની વિદ્યમાનતા છેલ્લા ૨૫૦૦ વર્ષથી બંધ છે. પણ તેમના જેવી જ જિનપ્રતિમાનું સ્થાપન છે. કે જે જિનપ્રતિમામાં અનંત વીતરાગતા, છલકતી વીતરાગતા જોવામાં આવે છે. એમની પરમ શાંતતા – એમની જે અનંત શાંતિ છે એ પણ સારી રીતે પ્રદર્શિત થાય છે. એમના પરિણમનનું નિરવશેષ અંતર્મુખપણું એ પણ દર્શન કરતા જ સુપ્રતીત થાય એવું છે. અને એમના જ્ઞાનનું પ્રત્યક્ષ સ્વસંવેદનમયપણું એ પણ અવલોકવા જેવું છે, અવલોકનમાં ન આવતું હોય તો.

અવલોકવું એટલે ? વિચારવું નહિ. અવલોકવું એટલે Visualise કરવું, એનું Vision આવવું જોઈએ. એનું નામ 'જિનેન્દ્ર દર્શન' છે. એ

પરમવીતરાગસ્વરૂપ દેવ છે. 'વંદે તદ્ ગુણ લબ્ધયે' (અર્થાત્) તેમના તેવા જ ગુણોની પોતાના આત્મામાં પ્રાપ્તિ એટલે પ્રગટપણું થાય તે અર્થે તેમની ભ િ ત અને વંદના થવી ઘટે છે. એ પરમવીતરાગસ્વરૂપ દેવ(ના વિષયમાં સ્પષ્ટીકરણ છે).

(હવે કહે છે) '**...સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ,...**' ગુરુ કેવા હોવા જોઈએ ? કે, જેને અંતર્બાહ્ય ગ્રંથિ ન હોય. અંતરમાં મોહ આદિ વિભાવપરિણામોની ગ્રંથિ ન હોય અને બહારમાં સર્વ પ્રકારના સર્વસંગપરિત્યાગી ભાવલિંગી દિગંબર નિર્ગ્રંથ ગુરુ હોય કે જે પોતાના સ્વરૂપમાં નૈષ્ઠિક એટલે સ્થિર હોય. સ્વરૂપનિષ્ઠ (એટલે) સ્વરૂપમાં સ્થિર થયેલા હોય. અને જેને એક પરમાણુમાત્રની પણ સ્પૃહા ન હોય.

જુઓ ! આ વીતરાગ પરમાત્માનો માર્ગ છે એ એવા પ્રકારનો છે કે જે માર્ગે ચાલનાર કદી કોઈને બોજારૂપ થતા નથી. માર્ગે ચાલનાર ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યક્દૃષ્ટિથી માંડીને નિર્ગ્રંથ ગુરુ છદ્મસ્થ અવસ્થા સુધી માર્ગે ચાલનાર છે. એમાં સાતમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી તો નિર્વિકલ્પદશા છે. એટલે કોઈ બાહ્ય પ્રવૃત્તિ અને બાહ્ય પ્રકાર ત્યાં છે નહિ. ચોથે–પાંચમે (ગુણસ્થાને) રહેલા ગૃહસ્થજ્ઞાની પણ કદી પણ કોઈની સ્પૃહામાં આવતા નથી, કદી પણ કોઈની સ્પૃહા રાખતા નથી. કોઈ પણ પ્રકારની સ્પૃહા હોય ત્યાં સુધી જ્ઞાનદશા હોતી નથી. અને છઠ્ઠા ગુણસ્થાનથી સર્વસંગપરિત્યાગી થાય છે. અને દેહને આહાર–પાણીની અલ્પ આવશ્યકતા છે. એક વખત આહાર–પાણી (એ પણ) વચિત્, રોજ લે એવા કાંઈ બંધાયેલા નથી. તોપણ એની વાંછા કે એની યાચના જેને નથી. એટલે એની સ્પૃહા નથી, સ્પૃહા નથી માટે 'ઉદ્દેશિક આહાર' લેતા નથી. એમના નિમિત્તે કોઈ પણ રીતે વ્યવસ્થા કરાયેલો આહાર મુનિરાજ લેતા નથી. પ્રાણ જાય તોપણ ઉદ્દેશિક આધાકર્મી આહાર છઠ્ઠા ગુણસ્થાને મુનિરાજ લે નહિ.

જે પોતે તો આરંભ–સમારંભથી નિવૃત્ત થયા છે પણ પોતાના નિમિત્તે બીજી કોઈ વ્યવસ્થા સ્વીકારતા નથી. એટલે સમાજ ઉપર (કે) કોઈના ઉપર

પોતાનો બોજો આવવાનો સવાલ નથી. અને કોઈ એવું અગાઉથી – In advance provision રાખે તો એનો એ સ્વીકાર કરતા નથી. 'અમારે ન ખપે !' એવા નિસ્પૃહ હોય છે. સ્વરૂપનૈષ્ઠિક નિસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ – તેમની ભિ ત કરવા યોગ્ય છે. અહીંયાં એ વાત છે. જ્યાં સુધી સન્માર્ગની સંપૂર્ણતા ન થાય ત્યાં સુધી. એટલે જ્યાં સુધી સાધકની વિકલ્પદશા રહે ત્યાં સુધી.

સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ હોય છે અને સજીવનમૂર્તિ એવા જ્ઞાનીપુરુષ હોય તો તે પણ નિસ્પૃહ જ હોય છે. સ્પૃહા રાખે, અપેક્ષા રાખે, તે જ્ઞાની નહિ અને જ્ઞાની હોય એને સ્પૃહા હોય નહિ. એવા નિર્ગ્રંથ ગુરુ (હોય છે).

'**...પરમદયામૂળ ધર્મવ્યવહાર,...**' જે કરુણાના સાગર છે. 'કરુણાસિંધુ અપાર' ! કોઈ પણ પ્રકારના ભેદભાવને રાખ્યા વગર. 'આ મારો ભ ત છે કેમકે મારી સ્તુતિ કરે છે, મને અનુકૂળ વર્તે છે માટે મારો છે' એમ જે કદી જોતા નથી, એવો ભેદ જેને નથી. 'પ્રતિકૂળ વર્તે છે, પ્રતિપક્ષમાં નિંદા કરે છે માટે મારો નથી' એવો ભેદ જોતા નથી. 'સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો !' 'કૃપાળુદેવ'નું વચનામૃત છે ને ! જગતમાં કોણ બાકી રહ્યું ? અનુકૂળ ભ તો થાય એટલું જગત અને બાકી પ્રતિકૂળ રહે એ જગત નહિ – એમ છે જગત ? અરે...! જગતમાં તો ભવ્યો–અભવ્યો બધા આવી જાય છે. એવી જેની વિશાળદૃષ્ટિ છે. તેથી પરમદયામૂળ જેનો ધર્મ – ધર્મવ્યવહાર (છે). 'પરમદયામૂળ ધર્મ' ન લીધો (પણ) 'ધર્મવ્યવહાર' લીધો. જેનો વ્યવહારધર્મ પણ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈ પણ પ્રાણીને મનથી, વચનથી, કાયાથી કરવું, કરાવવું (કે) અનુમોદનાથી કિંચિત્માત્ર પણ દુઃખ ન હો, એવો પરમદયામૂળ ધર્મવ્યવહાર (છે), તે પણ પરમ ભિ ત વડે ઉપાસવા યોગ્ય છે.

હવે સત્શાસ્ત્રની પરિભાષા કરે છે. સત્શાસ્ત્ર કેવા (કે) જેની ઉપાસના અને ભિ ત કરવી હોય ? '**...પરમશાંત રસ રહસ્યવા ચમય...**' હોય તેવા. જેના વાક્યોમાં–વચનોમાં–કથનોમાં પરમશાંત રસ પ્રગટ થાય એવું રહસ્ય

ભરેલું છે. રહસ્ય એટલે Secret ! ઉપર–ઉપરથી વાંચે તો ન સમજાય. પણ એનું રહસ્ય પકડી શકવાની યોગ્યતા હોય તો એ પકડનારને પોતાના પરમશાંત રસનું પ્રાગટ્ય પ્રગટપણે અનુભવગોચર થાય. એવું જે વચનોમાં– જે વાક્યોમાં નિમિત્તત્વ રહેલું છે, એવું દૈવત રહેલું છે, લ્યો ઠીક !

શાસ્ત્રવચનમાં એવું દૈવત રહેલું છે. અને એનો પુરાવો ગોતવા જવું પડે એમ નથી. આ વચનામૃત ગ્રંથ પોતે જ એનો પુરાવો છે. એ વચનોમાં એવું દૈવત રહેલું છે, એવી તાકાત રહેલી છે ! 'દૈવત' કાઠિયાવાડી શબ્દ છે. આત્માના પરમશાંત રસના રહસ્યને સંગ્રહીને પડેલાં એ વચનો છે. અને જો યોગ્યતા હોય તો આત્મા એમાંથી પોતાના સ્વભાવના શાંતરસને પ્રગટ કરી શકે છે.

એવા સત્‌શાસ્ત્રો આત્માર્થીજીવે સન્માર્ગની સંપૂર્ણતા ન થાય ત્યાં સુધી '**...પરમભિ ત વડે ઉપાસવા યોગ્ય છે;...**' અત્યંત ભિ ત વડે ઉપાસવા યોગ્ય છે. દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રની ઓળખાણ હોવી જોઈએ, તો સાચી ભિ ત આવે. ઓળખાણ હોય તો સાચી ભિ ત આવે. સાચી ભિ ત આવે એટલે પરમ ભિ ત આવે. ઓઘે–ઓઘે એવી પરમ ભિ ત ન આવે. ઓળખાણથી જે રસ આવે અને ઓળખાણથી મહિમા આવીને જે રસ આવે એ વગર ઓળખાણે ઓઘે–ઓઘે આવી શકે નહિ. એ વસ્તુસ્થિતિ છે. એટલે (ફ ત) દેવ, ગુરુ, શાસ્ત્ર શબ્દ નથી લીધા. એમના સ્વરૂપનો નિર્દેશ કરી–કરીને દેવ, ગુરુ, શાસ્ત્રની વાત કરી છે. (તેથી) પરમ ભિ ત વડે ઉપાસવા યોગ્ય છે.

'**...જે આત્માના કલ્યાણનાં પરમ કારણો છે.**' અથવા આત્મકલ્યાણમાં એ પરમ નિમિત્તભૂત થાય એવાં છે. એવું નિમિત્તત્વ ત્યાં રહેલું છે. એ એમનો ધર્મ છે. '**અત્ર એક સ્મરણ સંપ્રાપ્ત થયેલી ગાથા લખી અહીં આ પત્ર સંક્ષેપીએ છીએ.**' એક ગાથાનું સ્મરણ આવ્યું છે અને અત્યારે જ એ સ્મરણને સંપ્રાપ્ત થયું છે. જુઓ ! સહજતા ! એ ગાથા લખીને આ પત્ર પૂરો કરે છે.

**भीसण नरयगईए, तिरियगईए कुदेवमणुयगईए;**
**पत्तोसि तिव्व दु:खं, भावहि जिणभावणा जीव.**

**'ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો,...'** દેવગતિમાં પણ તીવ્ર દુઃખને પામ્યો ! એમ કહે છે. માઠી દેવગતિ (કહી) ! આ ભૂતડા – વ્યન્તર થાય છે ને ! ભૂત–પલિત એ બધી માઠી દેવગતિ છે. એ જીવો બહુ દુઃખી હોય છે. જે ટીખળ કરે છે – નથી કહેતા ? ભૂત વળગ્યું ! વળગતું (કાંઈ) નથી પણ એવા નીચી કોટિના દેવો ભટકતા હોય છે. જેમ નીચી કોટિના મનુષ્યો હોય છે – જે ઢેઢ, ભંગી, ચમાર વગેરે જાતિમાં મરેલાં ઢોરને કાપતા (હોય) અને એ પ્રકારના જે ચામડાના વ્યવસાય કરતા હોય છે, એનું આયુષ્ય એમાંને એમાં જ પૂરું થાય. અનંત–અનંત જીવોની હિંસાયુ ત પ્રવૃત્તિના વ્યવસાયમાં જ અમૂલ્ય એવો મનુષ્યદેહ પૂરો થતો હોય છે. એમ આવી માઠી ગતિને પ્રાપ્ત થયેલા (દેવો ઘણાં દુઃખી હોય છે). ચી ગતિમાં તો સમ્યક્દૃષ્ટિ દેવો જાય છે. મિથ્યાદૃષ્ટિજીવો દેવ થાય એટલે માઠી ગતિમાં જાય છે. માઠીગતિમાં નીચે પણ જાય છે, વ્યન્તર, જ્યોતિષ અને (ભવનવાસી) પહેલી નરકમાં જાય છે. એ બધી માઠી (દેવ)ગતિમાં તથા માઠી મનુષ્યગતિમાં હે જીવ ! તું દુઃખને પામ્યો, ઘણાં દુઃખને પામ્યો.

**'...માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ–ચિંતવ,...'** એ ભાવના તું ચિંતવ, એ ભાવના તું ભાવ. જિનભાવના ભાવ ! જેવા જિનેશ્વરદેવ છે તેવો જ થવાની ભાવના ભાવ, તેવી જ ચિંતવના કર. **'(કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)'** એ ભાવના એવા પ્રકારે ભાવ, એવી જાતની ભાવના ભાવ કે જેથી આ સર્વ દુઃખોનો સર્વથા ક્ષય થાય અને પોતાના પરમ અવ્યાબાધ સ્વરૂપમાં રહેલી સુખસંપત્તિની પ્રાપ્તિ થાય એ પ્રકારે આ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ગાથામાં ભાવના ભાવવાનો ઉપદેશ છે.

આ પ્રકારે આ પત્રની અંદર બહુ મહત્ત્વપૂર્ણ વિષયોનું પ્રતિપાદન કરીને આ પત્ર સમાપ્ત કરેલો છે. **ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

^ ^ ^

સત્પુરુષના વચનોમાં આત્મહિત થાય તેવું પૂરું નિમિત્તત્વ હોય છે. લક્ષ્ય-સ્વરૂપનો બોધ થવામાં `અચુકપણે' તે નિમિત્ત થાય છે. જે જીવની તથારૂપ પાત્રતા અર્થાત્ યોગ્ય તૈયારી હોય તો ખચિતપણે કાર્ય સિદ્ધ થાય છે. અહો ! નિજ પૂર્ણ વીતરાગ સ્વભાવ ઉપરની ભીંસમાંથી પ્રગટેલી વાણી ! આવી વાણી અમોઘ-રામબાણ જ હોય ને ! તે નિષ્ફળ કેમ જાય ! તેની સફળતા સાથે કુદરત બંધાયેલી છે. તેથી આ વાણી પણ (વ્યવહારથી) પૂજ્ય છે.

*–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૬૨)*

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

## પત્રાંક–૭૧૦

ૐ

વડવા, ભાદરવા સુદ ૧૫, સોમ ૧૯૫૨

| | |
|---|---|
| આત્મા | आत्मा |
| સચ્ચિદાનંદ | सच्चिदानंद |

જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક, સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું એમ વિચારવું, ધ્યાવવું.

નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ છે.

સર્વને બાદ કરતાં કરતાં જે અબાધ્ય અનુભવ રહે છે તે આત્મા છે.

જે સર્વને જાણે છે તે આત્મા છે.

જે સર્વ ભાવને પ્રકાશે છે તે આત્મા છે.

ઉપયોગમય આત્મા છે.

અવ્યાબાધ સમાધિસ્વરૂપ આત્મા છે.

આત્મા છે. આત્મા અત્યંત પ્રગટ છે, કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.

તે આત્મા નિત્ય છે, અનુત્પન્ન અને અમિલન સ્વરૂપ હોવાથી.

ભ્રાંતિપણે પરભાવનો કર્તા છે.

તેના ફળનો ભો  તા છે.
ભાન થયે સ્વભાવપરિણામી છે.
સર્વથા સ્વભાવપરિણામ તે મોક્ષ છે.
સદ્ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર અને સંયમાદિ તેનાં સાધન છે.
આત્માના અસ્તિત્વથી માંડી નિર્વાણ સુધીનાં પદ સાચાં છે, અત્યંત સાચાં છે, કેમકે પ્રગટ અનુભવમાં આવે છે.
ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી શુભાશુભ કર્મની ઉત્પત્તિ થાય છે.
કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે.
ઉત્કૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીના સર્વ ન્યૂનાધિક પર્યાય ભોગવવારૂપ ક્ષેત્ર અવશ્ય છે.
નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે.
તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે.
નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ.
વચિત્ મંદ, વચિત્ તીવ્ર, વચિત્ વિસર્જન, વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.
તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી, ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.
આત્માને આવરણ ઉદય આવે ત્યારે તે પ્રતીતિથી પડી જાય તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહીએ છીએ.
અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ.

તથારૂપ પ્રતીતિ થયે અન્યભાવ સંબંધી અહંમમત્વાદિ, હર્ષ, શોક ક્રમે કરી ક્ષય થાય.

મનરૂપ યોગમાં તારતમ્યસહિત જે કોઈ ચારિત્ર આરાધે તે સિદ્ધિ પામે છે. અને જે સ્વરૂપસ્થિરતા ભજે તે સ્વભાવસ્થિતિ પામે છે.

નિરંતર સ્વરૂપલાભ, સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન એ આદિ સ્વભાવ અંતરાય કર્મના ક્ષયે પ્રગટે છે.

કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન છે...... કેવળજ્ઞાન છે.

∧ ∧ ∧

# પ્રવચન નં. – ૫
## પત્રાંક–૭૧૦ (૧)
## તા. ૨૧-૧૨-૧૯૯૫

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક–૭૧૦) પોતાની અંગત નોંધ છે. નોંધપોથીમાં કોઈ નોંધ કરે એ પ્રકારની આ નોંધ છે. **'આત્મા સચ્ચિદાનંદ'** એક બાજુ ગુજરાતીમાં લખ્યું છે. એ જ શબ્દો બીજી બાજુ 'નાગરી' લિપિમાં લખ્યા છે. જમણી બાજુ નાગરી લિપિમાં લખ્યા છે, ડાબી બાજુ ગુજરાતીમાં લખ્યા છે.

**'જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક, સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું એમ વિચારવું, ધ્યાવવું.'** **'જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક'** એટલે ક્ષેત્ર અપેક્ષાએ સર્વવ્યાપક નહિ. વેદાંતમાં ખાસ કરીને સાંખ્યમતમાં આત્મા પરમબ્રહ્મ વિશ્વવ્યાપક – સર્વવ્યાપક માન્યો છે, સ્વીકાર્યો છે. એવું સર્વવ્યાપકપણું જ્ઞાનઅપેક્ષાએ છે અને એ વાત તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં જાહેર થયેલી છે, પ્રસિદ્ધ થયેલી છે. એમાંથી સમજફેર થઈ તો ક્ષેત્રઅપેક્ષાએ પણ સર્વવ્યાપક લેવાઈ ગયું.

એની પાછળ એ લોકોનું Logic એવું છે કે, જીવને રાગ–દ્વેષ ક્યારે થાય છે ? કે, મારું–તારું કરે ત્યારે. બધા થઈને આત્મા જ એક હોય તો મારું–તારું કરવાની જગ્યા ક્યાં છે ? એટલે રાગ–દ્વેષ ન થાય. એ

Logic છે, પણ વસ્તુસ્થિતિ એમ નથી. વસ્તુસ્થિતિ તો આત્મા સ્વદેહ પ્રમાણ વ્યાપક છે. ક્ષેત્રથી તો જેટલું શરીરનું ક્ષેત્ર છે એટલું જ આત્માનું ક્ષેત્ર છે. સ્વદેહપ્રમાણ વ્યાપક છે.

શ્રોતા :– જ્ઞાનઅપેક્ષાએ સર્વવ્યાપક એટલે શું ?

સમાધાન :– જ્ઞાનઅપેક્ષાએ સર્વવ્યાપક છે એમાં પણ મર્યાદા એટલી છે કે, જ્ઞાનગુણની પર્યાય છે એ પણ સ્વક્ષેત્ર છોડીને તો જતી જ નથી. બધા પરક્ષેત્રમાં વ્યાપી જાય છે એમ નથી. પણ વ્યાપીને સુસ્પષ્ટપણે જાણે એટલું સુસ્પષ્ટપણે જાણે છે, એમ કહેવા માટે સર્વવ્યાપક કહેવામાં આવે છે.

ફરીથી, જેમ પુદ્ગલ પરમાણુમાં જ્ઞાન વ્યાપે અને પુદ્ગલના સર્વ ગુણધર્મોને જાણે એટલું સુસ્પષ્ટ પુદ્ગલ પરમાણુનું જ્ઞાન થાય, એટલું સુસ્પષ્ટ જ્ઞાન થાય છે માટે જ્ઞાન અપેક્ષાએ વ્યાપક કહ્યું, પણ ક્ષેત્રથી વ્યાપતું નથી. શરીરના પરમાણુમાં પણ જ્ઞાન અપેક્ષાએ વ્યાપતું નથી. છતાં કેવળજ્ઞાન લોકાલોકને એટલું સ્પષ્ટ જાણે છે કે જાણે લોકાલોકમાં પ્રવેશ કરીને જાણી લેતું હોય ! એટલું બતાવવા માટે – એનું પ્રત્યક્ષપણું અને સ્પષ્ટપણું બતાવવા માટે જ્ઞાનને સર્વવ્યાપક કહ્યું છે. જો જ્ઞાનગુણની પર્યાય બધે વ્યાપતી હોય તો બધા ગુણની વ્યાપે. એક ગુણની શું કરવા વ્યાપે ? પણ જ્ઞાન બધાને જાણે છે, એમ કહેવું છે. એટલે જાણવા અપેક્ષાએ (વાત છે) અને સમજાવવાની એક શૈલી છે.

જેમકે આપણે અહીંયાં પહાડ ઉપર છીએ અને અહીંથી દસ માઈલ દૂર કે પચાસ માઈલ દૂર એક બીજો ડુંગર પણ દેખાય છે. તો ભ્રાંતિગતપણે એમ લાગે છે કે, 'મારું જ્ઞાન ત્યાં જાય છે અને જાણે છે !' વાસ્તવિકપણે જ્ઞાન ત્યાં જતું નથી. આપણે હૉલમાં બેઠા છીએ અને બહાર કાંઈ અવાજ થાય તો જાણે આપણો ઉપયોગ ત્યાં ગયો એમ લાગે છે. (તો શું) ઉપયોગ ત્યાં ગયો છે ? જ્ઞાન ત્યાં જતું નથી. પોતાના સ્વક્ષેત્રમાં રહીને પરક્ષેત્ર સંબંધી સુસ્પષ્ટ જ્ઞાન થાય છે. પણ ભ્રાંતિથી એમ લાગે છે કે જાણે જ્ઞાન ત્યાં જાય છે. મારો ઉપયોગ પચાસ માઈલ (દૂર) ગયો અને ડુંગરને –

પર્વતને જાણ્યો. ખરેખર જ્ઞાન સ્વક્ષેત્રમાં જ રહ્યું છે. સ્વક્ષેત્રમાં રહીને દૂર ક્ષેત્રવર્તી પદાર્થને અને દૂર કાળવર્તી પદાર્થને જાણવા એવી જ્ઞાનમાં શક્તિ રહેલી છે. પણ ભ્રાંતિથી એવું સમજાય છે એટલે એની ભાષામાં એમ સમજાવે છે. ભ્રાંતિથી એમ લાગે છે કે, મારો ઉપયોગ ત્યાં જાય છે. એટલે એની ભાષામાં સમજાવે છે કે, સર્વવ્યાપકપણું છે. પણ ખરેખર વસ્તુસ્થિતિ એમ નથી.

શ્રોતા :– વેદન અપેક્ષાએ વાત નથી.

સમાધાન :– વેદનની અપેક્ષાએ નહિ અને જાણવાની અપેક્ષાએ પણ નહિ. સ્વક્ષેત્ર છોડીને જ્ઞાન જાતું નથી. જ્ઞાનગુણની પર્યાય પણ ન જાય અને કોઈ ગુણની પર્યાય પણ ન જાય.

શ્રોતા :– પ્રતિબિંબ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અને સુસ્પષ્ટ. જેવી રીતે ત્યાં જઈને જાણે એટલું સ્પષ્ટ ! એવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે તે જ્ઞાનઅપેક્ષાએ તે સર્વવ્યાપક છે. કેમકે સર્વને વ્યાપીને જાણે એવું એનું સ્વરૂપ છે.

જેમકે તમે અહીંયાં છો અને તમારા ઘરમાં ઉપયોગ ગયો. તો શું ઉપયોગ ત્યાં ગયો છે ? વસ્તુ તો સામે નથી, અહીંયાં ઘર તો સામે નથી. છતાં તમે જોશો કે, અહીંયાં આપણું ડાઈનીંગ ટેબલ છે, આ આપણું કીચન છે, આ આપણો બેડરૂમ છે, કપડાં અહીંયાં છે. તો જ્ઞાનમાં તો ચીજ સામે હો કે ન હો, દૂર ક્ષેત્રવર્તી, દૂર કાળવર્તી પદાર્થને અહીંયાં બેઠા બેઠા પોતાનામાં રહીને તેને જાણવાની તાકાત છે, સ્વભાવ છે. એ તાકાતથી – શક્તિથી જાણે છે. પોતાની નિજ શક્તિથી ઉપાદાનથી જાણે છે. એવી જાણવાની તાકાત છે.

ઉપયોગમાં પરસત્તાનું અવલંબન લીધું એને બીજી ભાષામાં કહેવાય છે કે, ઉપયોગ ગયો. ઉપયોગ (ખરેખર) ગયો નથી. ઉપયોગ તો જ્યાં છે ત્યાં જ રહ્યો છે.

શ્રોતા :– ભાઈશ્રી ! જ્યારે સ્વસત્તાનું અવલંબન વર્તતું હોય ત્યારે પરસત્તાનું અવલંબન આવી શકે ?

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

સમાધાન :– સવિકલ્પદશામાં આંશિક (અવલંબન આવે). નિર્વિકલ્પદશામાં નહિ.

શ્રોતા :– ભાઈશ્રી ! પ્રવૃત્તિના કાળમાં ઉપયોગ બહાર જાય છે તે આંશિકપણે જાય છે કે પૂરો જાય છે ?

સમાધાન :– ઉપયોગ તો પૂરો જાય છે. પરંતુ ઉપયોગ જેટલો જ્ઞાનનો પર્યાય નથી. જ્ઞાનનો પર્યાય લબ્ધ–ઉપયોગાત્મક છે.

શ્રોતા :– લબ્ધ એટલે શું ?

સમાધાન :– લબ્ધ એટલે પ્રાપ્ત. અમુક જ્ઞાનની આપણને પ્રાપ્તિ છે. જેનો અભાવ નથી થતો. જેમકે તમે રસોઈ બનાવવાનું જાણો છો. અત્યારે તમે શાસ્ત્રસ્વાધ્યાય કરો છો અને તમારો ઉપયોગ શાસ્ત્રમાં લાગેલો છે, તો શું તમારા રસોઈ બનાવવાના જ્ઞાનનો અભાવ થઈ ગયો છે ? અભાવ નથી થયું. એ તો પ્રાપ્ત જ્ઞાન છે, તેનો નાશ નથી થતો. પરંતુ તે વ્યાપારરૂપ નથી. મુખ્ય–ગૌણની વાત તો બીજી છે. પરંતુ તે વખતે તેનો વ્યાપાર નથી. ઉપયોગાત્મક વ્યાપાર નથી પરંતુ જ્ઞાનનો અભાવ નથી થયો.

બીજું દૃષ્ટાંત લઈએ. જેમકે તમે વાંચી રહ્યા છો કે, '**સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું**' તમે એવો વિચાર કરો છો. શું વિચાર કરો છો ? કે, હું સચ્ચિદાનંદ એવો એક આત્મા છું. તમારો ઉપયોગ એ પ્રકારે ચાલે છે. તે વખતે પણ તમને તે પ્રકારનો અનુભવ નથી થતો. બરાબર ? અનુભવમાં – વેદનમાં શું થઈ રહ્યું છે ? કે, 'હું એક મનુષ્ય છું અથવા પુરુષ છું અથવા સ્ત્રી છું કે ફલાણો–ફલાણો કે ફલાણી–ફલાણી છું.' આ લબ્ધજ્ઞાનનું પરિણમન છે. અજ્ઞાનદશામાં 'હું આત્મા છું' એવો ઉપયોગમાં વિચાર કરવા છતાં પણ અનુભવ નથી થતો તો એ ઉપયોગ ગૌણ થઈ ગયો અને લબ્ધ મુખ્ય થઈ ગયું.

જ્ઞાનીને 'હું એક આત્મા છું' એવો અનુભવ થઈને લબ્ધજ્ઞાન થાય છે તો બહારમાં પોતાના દીકરાને પ્રેમથી બોલાવે તો કહેશે કે, 'કેમ બેટા તું જમીશ ?' તો એ વખતે તેમનો ઉપયોગ છે કે, 'આ મારો દીકરો

અને હું તેનો પિતા' પરંતુ તે ઉપયોગ ગૌણ છે. 'હું આત્મા છું' એ મુખ્ય છે. પણ મુખ્ય–ગૌણની વાત જુદી છે. (જ્ઞાનનો) વ્યાપાર એમ થાય છે. ઉપયોગાત્મક વ્યાપાર બીજો હોય છે અને લબ્ધજ્ઞાન બીજું હોય છે. બન્ને મળીને એક પર્યાય છે. જ્ઞાનની પર્યાય લબ્ધ–ઉપયોગાત્મક હોય છે. એવી વાત છે.

શ્રુતજ્ઞાનની જે પર્યાય છે એ લબ્ધ–ઉપયોગાત્મક થઈને આખી પર્યાય છે. એટલે છદ્મસ્થ અવસ્થામાં જ્યાં સુધી શ્રુતજ્ઞાનની પર્યાય હોય છે ત્યાં સુધી તેના બે વિભાગ છે. એક લબ્ધનો અને એક ઉપયોગનો. લબ્ધ એટલે પ્રાપ્ત – Aquired knowledge. અને એક બીજું ઉપયોગાત્મક જ્ઞાન છે કે જે જુદા જુદા વિષયને જાણે છે, જાણવાનો વ્યાપાર કરે છે, Function કરે છે.

(અહીંયાં) કહે છે કે, '**...સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું એમ વિચારવું,..**' ત્રિકાળ સત્. ચિદ્ એટલે જ્ઞાન, દર્શનસ્વરૂપ અને આનંદસ્વરૂપ. અસ્તિત્વગુણ લીધો, ચૈતન્યગુણ લીધો અને આનંદગુણ લીધો. ત્રણ ગુણની વાત કરી. એ ત્રણ ગુણ (કહ્યાં પણ) એવા અનંત ગુણસ્વરૂપે છે. પણ ત્રણની મુખ્યતાથી આત્માનું નામ આપ્યું '**સચ્ચિદાનંદ !**' સત્ એટલે હોવાપણું, ત્રિકાળ હોવાપણું. ચિદ્ એટલે દર્શન, જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય અને આનંદ એટલે આનંદ. '**...સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું...**' '**એક છું**' એટલે અભેદ છું, અખંડ છું. '**...એમ વિચારવું, ધ્યાવવું.**' (ધ્યાવવું એટલે) ધ્યાન કરવું.

(વળી) કેવું છે પોતાનું આત્મસ્વરૂપ ? (તો કહે છે કે) '**નિર્મળ,...**' (છે). જેમાં રાગાદિ ભાવોની કોઈ મલિનતા નથી.

શ્રોતા :– વિચાર અને ધ્યાનને અલગ અલગ કેવી રીતે કરવું ?

સમાધાન :– ધ્યાન છે તે એકાગ્રતારૂપ છે, લીનતારૂપ છે. 'ઉમાસ્વામી મહારાજે' ધ્યાનની પરિભાષા – Definition 'તત્ત્વાર્થસૂત્ર'માં કરી. '**एकाग्र चिंता निरोधो ध्यानम्**' એકાગ્ર = એક + અગ્ર. એક વિષયને મુખ્ય કરીને. અગ્ર એટલે મુખ્ય કરીને. એકાગ્ર (એટલે) એક વિષયને મુખ્ય કરીને. '**चिंता**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

**निरोधो**' (એટલે) અન્ય સર્વ પ્રકારની ચિંતા અને વિકલ્પનું સહજ બંધ થઈ જવું, અટકી જવું તેને નિરોધ કહે છે. એવું જે પરિણમન તેનું નામ 'ધ્યાન' (છે).

શ્રોતા :– તો તો અનુભવ થાય તો જ ધ્યાન થઈ શકે ?

સમાધાન :– હા, સ્વાનુભવને 'ધર્મધ્યાન' કહે છે. અને પર વિષયમાં – પંચેન્દ્રિયના વિષયમાં એકાગ્રતા થાય અને બીજી ચિંતા કે વિકલ્પ ન આવે ત્યારે તેને 'આર્ત્તધ્યાન' કહે છે. એ આર્ત્તધ્યાનની ડીગ્રી બહુ વધી જાય ત્યારે તેને 'રૌદ્રધ્યાન' કહે છે. અને સ્વરૂપધ્યાનમાં એકાગ્ર થાય, સ્વરૂપમાં એકાગ્રતારૂપ ધ્યાન થાય ત્યારે તેને 'ધર્મધ્યાન' કહે છે અને એની ડીગ્રી બહુ વધી જાય ત્યારે તને 'શુ લધ્યાન' કહે છે. ધર્મધ્યાનની ડીગ્રી જ્યારે બહુ વધી જાય ત્યારે તેને શુ લધ્યાન કહે છે. એ મુનિઅવસ્થામાં પણ આઠમા ગુણસ્થાન પછી (હોય છે). નવ, દસ, બાર અને તેરમા (ગુણસ્થાને હોય છે). છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પદશા છે અને ધર્મધ્યાન છે. સાતમામાં પણ ધર્મધ્યાન છે, આઠમામાં પણ ધર્મધ્યાન છે. આઠમાથી શ્રેણિ માંડે તો નવમા (ગુણસ્થાનથી) શુ લધ્યાન શરૂ થાય. નવ, દસ, બાર અને તેર – ચાર ગુણસ્થાનમાં શુ લધ્યાન છે.

શ્રોતા :– અહીંયાં વિચારવું અને ધ્યાવવું એમ કહ્યું છે તો વિચારણાથી ધ્યાન સુધી કેવી રીતે પહોંચાય છે ? તેની વિધિ શું છે ?

સમાધાન :– પહેલાં આત્મા જ્ઞાનમાં આવે તેને 'વિચાર' કહે છે. પછી તેમાં લીનતા થાય તેને 'ધ્યાન' કહે છે. એકાગ્રતા થઈ જાય તેને ધ્યાન કહે છે. એકાગ્રતા થયા પહેલા આત્માના વિચાર આત્માના જ્ઞાન સહિત હોય તેને વિચાર કહે છે. એ સવિકલ્પ દશા છે, ધ્યાન છે તે નિર્વિકલ્પ દશા છે.

શ્રોતા :– અહીંયાં ધ્યાવવું એટલે અનુભવવું ?

સમાધાન :– હા, ધ્યાન કરવું એટલે અનુભવ કરવો. પણ અનુભવ છે તે મુખ્યપણે જ્ઞાનની પર્યાય ગણાય છે અને ધ્યાન છે તે ચારિત્રની પર્યાય ગણાય છે. એટલે શબ્દફેર છે એનું કારણ એ છે કે ગુણ જુદો

જુદો છે. બન્ને ગુણનું પરિણમન તો એક જ કાળે છે. આત્માનો અનુભવ તે જ્ઞાનની પર્યાય (છે). તે જ કાળે ચારિત્રગુણમાં એકાગ્રતા, લીનતા (થવી) તે ધ્યાનની પર્યાય (છે).

(અહીંયાં ચાલતા વિષયમાં કહે છે) '**નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ છે.**' શું કહે છે ? પોતાનું સ્વરૂપ કેવું છે ? (તો કહે છે કે) '**નિર્મળ**' છે. (એટલે) જેમાં કોઈ રાગાદિ ભાવની મલિનતા નથી. '**અત્યંત નિર્મળ**' એટલે પરિપૂર્ણ નિર્મળ છે, ત્રણેકાળે નિર્મળ છે, સર્વથા નિર્મળ છે. '**નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ છે.**' મારું આત્મસ્વરૂપ કેવું છે ? નિર્મળ છે, પરિપૂર્ણ નિર્મળ છે. પરમ શુદ્ધ છે (એટલે) દ્રવ્યથી (કે) ભાવથી ક્યાંય પણ તેને અશુદ્ધતા લાગી નથી. જ્ઞેયની અશુદ્ધતા પણ જ્ઞાનને લાગી નથી.

'**ચૈતન્યઘન**' (એટલે) જ્ઞાન, દર્શનનું ઘનિષ્ટસ્વરૂપ (છે). ઘન એટલે Solid. એવો હું પ્રગટ આત્મસ્વરૂપે છું. પ્રગટ એટલે શું ? પ્રત્યક્ષ. પ્રગટ એટલે નિરાવરણ, મને કોઈ આવરણ નથી. મારા સ્વરૂપમાં મને કોઈ આવરણ નથી. આવરણની મર્યાદા પર્યાયમાં સમાપ્ત થાય છે. ત્રિકાળી જે શુદ્ધસ્વરૂપ છે ત્યાં સુધી આવરણની પહોંચ નથી. તેથી તેને નિરાવરણ કહેવાય છે. પણ આવરણ ખસી ગયું માટે નિરાવરણ (છે) એમ નહિ.

જેમકે '**પરમ શુદ્ધ**' કહ્યું. એટલે પૂરું શુદ્ધ કહ્યું. એનો અર્થ કે અશુદ્ધતા ખસી ગઈ માટે શુદ્ધ (છે) એમ નહિ. '**નિર્મળ**' કહ્યું તો મલિનતા મટી ગઈ માટે નિર્મળ (છે) એમ નહિ. એવી જ રીતે '**પ્રગટ**' કહ્યું તો અપ્રગટતા મટી ગઈ માટે પ્રગટ (છે) એમ નહિ. પણ બતાવવા માટે બીજો કોઈ ઉપાય નથી. છે નિરપેક્ષ તત્ત્વ પણ સાપેક્ષ બતાવવું પડે છે. વચનવ્યવહાર જ સાપેક્ષ છે.

'આનંદઘનજી'એ ચૌદમા જિનનું સ્તવન ગાયું એમાં એ વાત લીધી છે કે, 'વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો.' એમ વચન બધા સાપેક્ષ જ હોય. વચનવ્યવહાર હંમેશાં સાપેક્ષ જ હોય છે.

'**નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

**છે.**' આ આત્મસ્વરૂપનું ભાવનાવાચક વચનામૃત છે. કેવું વચનામૃત છે ? આત્મસ્વરૂપનું ભાવનાવાચક વચનામૃત છે. મારું સ્વરૂપ કેવું છે ? નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ (એમ) પોતાને Visualise કરે છે ને ? જેમ બોંબ છે એને Visualise કરે ત્યારે માંડે ભાગવા. વિચારદશામાં પણ Visualisation (થાય છે) જેને વેદાંતમાં 'નિદિધ્યાસન' કહે છે, વેદાંત એ શબ્દને 'નિદિધ્યાસન' કહે છે, એ અસર પજાવવા માટે બહુ સારી પરિસ્થિતિ છે. વિકલ્પની અસર ન આવે પણ જો Visualise કરે તો એની અસર આવે. જેમકે તમે અત્યારે બોંબનો વિચાર કરો તો તમને કાંઈ અસર ન આવે, પણ બોંબને તમે Visualise કરો તો તરત અસર આવે. સર્પનો વિચાર કરો તો કાંઈ વાંધો ન આવે, પણ સર્પને Visualise કરો તો ભય ઉત્પન્ન થાય. જેમકે કોઈ એમ કહે કે, 'ભાઈ ! જરા બહાર જવામાં ધ્યાન રાખજો, આ રૂમની બહાર સર્પ આંટા મારે છે, હમણાં અહીંથી ગયો.' તો તમે એ વખતે વિચારતાં નથી (પણ) Visualise કરી લ્યો છો. (B-Side blank હોવાથી પ્રવચન અધૂરું છે).

^ ^ ^

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૬
## પત્રાંક–૭૧૦ (૨)
## તા. ૨૨-૧૨-૧૯૯૫

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક–૭૧૦). કાલે બે લીટી ચાલી છે, ફરીને લઈએ છીએ. **'આત્મા સચ્ચિદાનંદ'** **'જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક, સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું એમ વિચારવું, ધ્યાવવું.'** **'ધ્યાવવું'** એટલે એકાગ્ર થવું. જ્ઞાન અપેક્ષાએ સર્વવ્યાપક એવો સ્વભાવ છે. આત્મા કેવળજ્ઞાનસ્વભાવી છે. જાણવાનું સામર્થ્ય બતાવવા માટે સર્વવ્યાપકપણું કહ્યું છે. ખરેખર કોઈ અવસ્થાએ, દ્રવ્યથી, ગુણથી કે અવસ્થાથી વ્યાપવું થતું નથી. પ્રત્યેક આત્માને સ્વક્ષેત્રપ્રમાણ વ્યાપવું રહે છે. પરંતુ સર્વને સર્વમાં તરીને – પેસીને જાણી લે અને જેટલું સ્પષ્ટ જણાય એટલું પોતાના સ્વક્ષેત્રથી બહાર નીકળ્યા વિના સ્વક્ષેત્રમાં રહીને જણાય છે.

અહીંથી પચીસ માઈલ દૂરનો ડુંગર દેખાય છે એ જ્ઞાન ત્યાં પહોંચ્યા વિના, ત્યાં ગયા વિના અહીંયાં રહીને એ પચીસ–પચાસ માઈલ (દૂર રહેલા) પદાર્થને જાણે છે. એવો ચમત્કારિક એનો સ્વભાવ છે ! પરક્ષેત્રમાં ગયા વિના જાણે પરક્ષેત્રમાં જઈને જાણી લેતો હોય એટલું સરસ, સ્પષ્ટ જાણે છે તે અપેક્ષાએ જ્ઞાનને સર્વવ્યાપક કહ્યું છે.

સચ્ચિદાનંદ એવો હું આત્મા શાશ્વત જ્ઞાન, દર્શન અને આનંદસ્વરૂપ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

એવો હું આત્મા એક છું, અભેદ છું, અખંડ છું, એમ વિચારવું, એમ નિદિધ્યાસન કરવું એટલે Visualise કરવું અને તેમાં એકાગ્ર થવું – લીન થવું.

હવે, મારું આત્મસ્વરૂપ કેવું છે તે કહે છે. '**નિર્મળ, અત્યંત નિર્મળ,...**' એટલે પૂર્ણ નિર્મળ. '**નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્મસ્વરૂપ છે.**' આત્મસ્વરૂપ એટલે મારું સ્વરૂપ છે, પ્રગટ મારું સ્વરૂપ છે. મારું સ્વરૂપ સદાય એવું છે કે, અપ્રગટ હોવાનો એમાં કોઈ અવકાશ નથી. અપ્રગટ હોય તો પ્રગટપણું લાગુ પડે. કેમકે એ તો એક દ્વંદ્વ થયું. અશુદ્ધ હોય તો શુદ્ધપણું લાગુ પડે, મળ–મલિન હોય તો નિર્મળપણું (લાગુ પડે) પણ બતાવવા માટે (એમ કહેવામાં આવે છે). શુદ્ધપર્યાય જેવું સ્વરૂપ હોવાથી, શુદ્ધપર્યાય સદૃશ સ્વરૂપ હોવાથી તે પ્રકારના વિશેષણોથી બતાવવું પડે છે. બાકી જેવું છે તેવું છે. તે તે પ્રકારની વિશેષતાઓ છે. મલિનતા રહિત હોવાથી નિર્મળ છે. પરિપૂર્ણ નિર્મળ હોવાથી અત્યંત નિર્મળ છે કોઈ પણ પ્રકારની અશુદ્ધિ (નહિ હોવાથી પરમ શુદ્ધ છે).

નિગોદમાં અનંતકાળ પ્રચુર કષાયકલંકની વચ્ચે રહેલું આત્મતત્ત્વ તેવું ને તેવું નક્કોર – કોરેકોરું છે. એવું એ પરમ શુદ્ધ છે. જ્ઞાનથી એ લક્ષણ પકડી શકાય છે. એ વિષય જ્ઞાનથી પકડી શકાય છે. કેવી રીતે ? કે, જ્ઞાન અનેક કષાયને જાણે છે, અનેક કષાયની સાથે એક જ અવસ્થામાં રહે છે. તોપણ જ્ઞાન કોરું ને કોરું રહે છે કે જ્ઞાન લેપાય છે ? જ્ઞાન ક્યા કષાયથી લેપાયેલું રહ્યું ? અત્યારે જુઓ તો ! ભૂતકાળના અનંત કષાયો સાથે (જ્ઞાન) જોડાયેલું હતું. કોઈ કષાય સાથે જરાપણ એનો અંશ – કષાયનો અંશ જ્ઞાનરૂપ થતો નથી એટલે જ્ઞાનમાં આવતો નથી. એ જ્ઞાનની શુદ્ધ રહેવાની અનંત તાકાતને – અનંત શ િતને સ્પષ્ટ કરે છે, જાહેર કરે છે. અનંત કષાયોની વચ્ચે પણ તે જ્ઞાન જ્ઞાનરૂપે (રહે છે). જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞાનરૂપે એમને એમ એકધારાએ માત્રજ્ઞાનરૂપે રહે છે.

વેદનની પ્રત્યક્ષતા, ભલે આંશિક હોય તોપણ તે અનંત પ્રત્યક્ષતાનો

નમૂનો છે, વાનગી છે. આજે સવારે 'અનુભવપ્રકાશ'માં આવ્યું ને ? 'જ્ઞાન છે તે સ્વરૂપની વાનગી છે.' – સ્વરૂપનું Sample છે. જેમ એક ચોખાને દાબતા ખબર પડી કે આ ચોખો ચડી ગયો છે. એટલે આખું તપેલું ચડી ગયું છે એમ પકડાય છે કે નહિ ? તાવેથા ઉપર કળતા ચોખામાંથી, હજી થોડું પાણી રહ્યું હોય, સાવ બળી ન ગયું હોય અને થોડું પાણી હોય તો તાવેથા ઉપર બે દાણા લઈ અને આંગળીથી દાબે, ચોખો દબાઈ જાય એટલે ખબર પડે કે, આખા તપેલાના બધા ચોખા ચડી ગયા. બધાને દાબવા ન પડે. એવી આ સ્વરૂપની વાનગી છે.

જે જ્ઞાન વર્તમાનમાં પ્રવર્તી રહ્યું છે, પરિણમન ચાલુ છે, તે જ્ઞાન સામાન્યપણે જોવામાં આવે. કેમકે વિશેષમાં તો એ કોને જાણે છે, એ સવાલ ભો થાય છે. અથવા વિશેષમાં મતિરૂપ છે કે શ્રુતરૂપ છે, અલ્પજ્ઞ છે કે સર્વજ્ઞ છે ? એ બધા વિશેષણોને બાદ કરતા... આમાં આવશે (નીચે) **'સર્વને બાદ કરતાં કરતાં જે અબાધ્ય અનુભવ રહે છે તે આત્મા છે.'** જ્ઞાન પણ ન કહ્યું ત્યાં તો આત્મા કહ્યું છે. એટલે જ્ઞાન છે એ પ્રગટ છે તો આત્મા પણ એમાં પ્રગટ જ છે. આવરણ અવસ્થાને હોય, મૂળ સ્વરૂપને આવરણ કદી નહિ હોવાથી તેને 'નિરાવરણ' એવા વિશેષણથી બતાવવું પડે છે. વસ્તુતાએ આવરણ, નિરાવરણથી પાર વસ્તુ છે. વસ્તુ મૂળ સ્વરૂપે તો આવરણ અને નિરાવરણથી પાર છે.

પ્રગટ અને અપ્રગટ તો અવસ્થાભેદ છે. અવસ્થા પ્રગટે છે, અવસ્થા વ્યય થાય છે. ઉત્પાદ્ થાય ત્યારે પ્રગટે છે, વ્યય થાય ત્યારે એ અવસ્થા અપ્રગટ થાય છે. એ તો અવસ્થાનો ભેદ છે. એ સર્વ અવસ્થામાં સ્વરૂપ જેવું છે તેવું છે. એવી શ્રદ્ધા સુખનું મૂળ છે. એ વચન આમાં – 'અનુભવ પ્રકાશ'માં આવશે. શું કહેવું છે ? કે પ્રગટ અપ્રગટ તો અવસ્થાભેદ છે.

'કૃપાળુદેવે' એક ગાથા લખી છે ('આત્મસિદ્ધિ' ગાથા–૫૪) **'સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય, પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય'** એંધાણ કહો, લક્ષણ કહો, નિશાની કહો (બધું એકાર્થ છે). **'સર્વ અવસ્થાને વિષે'** વિષે એટલે બધાયમાં છે. બધી અવસ્થામાં, બધી અવસ્થાથી ન્યારો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

છે. અવસ્થામાં છે અને અવસ્થાથી ન્યારો છે. આમ કહેવું છે. કેમકે એ અન્વયરૂપ છે. દ્રવ્ય છે તે ચાલુ રહે છે. અવસ્થા ઉત્પાદ્–વ્યય... ઉત્પાદ્–વ્યય... ઉત્પાદ્–વ્યય... થાય છે. પોતે ચાલુ રહે છે. પોતે તેનો તે... તેનો તે... તેનો તે... ચાલુ રહે છે. એ અન્વય તે દ્રવ્ય છે. એ જ પોતે છે. એટલે (એમ કહ્યું કે) '**સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય**'

'**પ્રગટરૂપ ચૈતન્યમય...**' ચેતના... ચેતના... ચેતના... ચેતવું... અનુભવવું... અનુભવવું... અનુભવવું... ચાલુ જ છે. અબાધ્ય અનુભવ(સ્વરૂપ છે). (એટલે) જેને કોઈ બંધ ન કરી શકે, બાધા ન પહોંચાડી શકે, ખલેલ ન પહોંચાડી શકે. અનુભવવું ચાલુ જ રહે છે. જ્ઞાનવેદન સતત ચાલુ રહે છે. એનું સાતત્ય દ્રવ્યને – અન્વયને પ્રગટ કરે છે અને એનું વેદન છે એ અનુભૂતિને દર્શાવે છે કે, આત્મા અનુભૂતિસ્વરૂપ છે. એવું અબાધ્ય તત્ત્વ છે. વેદનને કોઈ બંધ ન કરી શકે. કેમકે વેદન સુધી કોઈની પહોંચ નથી. સાતમી નરકની વેદના છે એની પણ (જ્ઞાન)વેદન સુધી પહોંચ નથી. એવી વસ્તુ સતત પ્રકાશી રહી છે. વસ્તુ સતત પ્રકાશમાન છે. એટલે જ્ઞાનીઓ એમ કહે છે કે, આત્મા પ્રગટ છે. ક્યારે પ્રગટ છે, એ પ્રશ્ન જ નથી. નિત્ય પ્રગટસ્વરૂપ છે. અનાદિ અને નિત્ય પ્રગટસ્વરૂપ છે – અનાદિ અનંત ! આ ભાવનાનો બોલ છે. આ વચનામૃત છે એ ભાવનાનું છે.

(કહે છે) '**નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ,...**' નક્કોર ! જેમાં અશુદ્ધતાની શંકા કરવાની કોઈ ગુંજાશ નથી. અશુદ્ધતાની શંકા કરવાની ગુંજાશ નથી. જેમ આપણે જે તપેલીમાં દૂધ લેવું હોય એ તપેલીને ટકી, વીછળી અને પછી તડકે મૂકી અને તપી ગઈ. પછી એમાં કંઈ પાણી રહ્યું ? ધોયેલી તપેલીમાં કાંઈ પાણી રહ્યું ? એમાં સીધું પોતાના હાથે દૂધ દોહવે તો એ દૂધમાં પાણી છે કે નહિ, એવી શંકા પડે ખરી ? કેમકે ધોયેલી તપેલી પાણીવાળી રહેવા નહોતી દીધી. તપીને કોરી પડી ગઈ. એમાં સીધું પોતાને હાથે દૂધ દોહ્યું તો એ દૂધમાં પાણી હશે કે નહિ, એની શંકા પડે ? એમ આત્મા નક્કોર (છે), કોરેકોરો નક્કોર છે. અનંતકાળ નિગોદમાં પ્રચુર કષાયકલંકની વચ્ચે રહેલો આત્મા – જ્ઞાનતત્ત્વ... કેવું ?

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

જ્ઞાનતત્ત્વ છે એ કોરેકોરું નક્કોર છે. નિત્યઉદિતસ્વરૂપ છે, પ્રગટ છે. કેવો છે જ્ઞાયક આત્મા ? (તો કહે છે કે) નિત્યઉદિતસ્વરૂપ છે કે પ્રગટ છે, એમ કહો. એમાં કોઈ ભળેલું નહિ હોવાથી પરમ શુદ્ધ છે. પરિપૂર્ણ નિર્મળ છે, એવું મારું સ્વરૂપ છે – આમ ભાવવું.

આત્મભાવનામાં આમ ભાવવું. ભાવતા રસ આવે તો આત્મરુચિ ચાલુ થાય, વર્ધમાન થાય. આ આત્મરુચિ છે એ આત્માનું જ તત્ત્વ છે. એ આત્મરુચિ આગળ વધતાં એટલી નિર્મળતા આવે કે, જ્ઞાન પોતે પોતાના સ્વરૂપને પોતામાં જ જોઈ શકે. એનું નામ ભાવભાસન. ભાવભાસનમાં સ્વરૂપનું લક્ષ એવું થાય કે, એ (લક્ષમાંથી) ખસે નહિ. જોયા પછી એ લક્ષમાંથી ખસે નહિ. ઉપયોગ ભલેને ગમે ત્યાં જાય, લક્ષ ત્યાં ને ત્યાં રહે કે, હું આવો છું... હું આવો છું... હું આવો છું... સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ ! અખંડ સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ હું આવો છું !! એ જે લક્ષ છે એ સ્વરૂપલક્ષે પાછી ભાવના પડે અને સ્વરૂપનું ભાવભાસન થતાં જે વેદનઅંશે લક્ષ થયું, એ વેદનને આવિર્ભૂત કરતાં કરતાં સ્વરૂપલક્ષે આત્મભાવના ચાલે ત્યારે કેવી ચાલે ? કે, નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ, શુદ્ધ ચૈતન્યઘન એવું મારું સ્વરૂપ છે, એવો હું છું. મારું સ્વરૂપ છે એટલે એવો હું છું.

શ્રોતા :– ભાવભાસન એ સમ્યક્જ્ઞાન જેવું થયું, એવો એનો અર્થ થયો ?

સમાધાન :– એક અપેક્ષાએ એવું છે. 'ગુરુદેવ'ને એકાંતમાં જઈને ચર્ચામાં એ પ્રશ્ન કર્યો હતો કે, 'કૃપાળુદેવ' એમ લખે છે કે, જ્યારે અનુભવ થયો ત્યારે જ્ઞાન સમ્યક્ થયું અને જે મતિ–શ્રુતજ્ઞાન પહેલાં ભવ હેતુરૂપ થતું હતું તે જ મતિ–શ્રુતજ્ઞાન હવે જાત્યાંતર થઈને ભવનિવૃત્તિરૂપ થવા લાગ્યું, ભવનો નાશ કરવા લાગ્યું. જાત્યાંતર થઈને એવી જે જ્ઞાનની પ્રક્રિયા ચાલી તો એ અનુભવ થયો ત્યારે એ જાત્યાંતર થયું કે આ સ્વરૂપનું ભાવભાસન થયું ત્યારે તે જ્ઞાન જાત્યાંતર થયું ? આ પ્રશ્ન કર્યો હતો. તો (કહ્યું કે), 'એક ન્યાયે તો ભાવભાસન થયું ત્યારે જાત્યાંતર થઈ ગયું. પણ એમ કહેતા નથી. એમ જાહેરમાં કહેતા નથી.' કેમ ? કે, જે વિકલ્પે ચડ્યા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

હોય, શાસ્ત્રો વાંચીને વિકલ્પે ચડ્યા હોય કે, હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું... હું ધ્રુવ છું... હું ધ્રુવ છું... અપરિણામી છું... એ કલ્પના કરી લે કે, મારું જ્ઞાન જાત્યાંતર થઈ ગયું. હોય માત્ર વિકલ્પ. એટલે કહેતા નથી. અને શાસ્ત્રમાં પણ પ્રધાનપણે નિર્વિકલ્પ સ્વાનુભવ સ્વસંવેદન આવે ત્યારથી મોક્ષમાર્ગ ગણ્યો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ત્યાં એકતા થાય છે અને એ મોક્ષમાર્ગ છે, એ ધર્મ છે, એ રાજમાર્ગ છે. મોક્ષમાર્ગ છે પણ એ રાજમાર્ગ છે. એ પહેલાની આવી જે સમ્યક્સન્મુખતાની ભૂમિકા છે એને જાત્યાંતર કહેવાય છે પણ અમે કહેતા નથી. એવી બધી ચર્ચા ખાનગીમાં થાય, જાહેરમાં ન થાય. કેમકે લોકો પોતાને બીજી રીતે સમજી લ્યે. ખાસ કરીને વિદ્વાન લોકો ભૂલા પડી જાય. એટલે કહેતા નથી. પણ એક ન્યાયે તો જેવી જ્ઞાનીની દશા છે એવી સમ્યક્સન્મુખ જીવની દશા થઈ જાય છે. કેમકે પછી એને ભેદજ્ઞાન એવું જ ધારાવાહી ચાલે છે. જેવું જ્ઞાનીને ધારાવાહી ચાલે એવું એને ચાલે.

**'સર્વને બાદ કરતાં...'** 'સર્વને' એટલે બધા જ્ઞેયાકારોને પણ બાદ કરી નાખવાની વાત છે. કેમકે સામાન્યનું વેદન લેવું છે. 'સમયસાર'ની ૪૯મી ગાથામાં એ વાત છે. ૪૯મી ગાથામાં જે ૩૬ બોલ છે ને ? છ બોલના છત્રીસ (બોલ છે), એમાં દરેકમાં પાંચમો બોલ છે. સર્વ વિષયોના (વિશેષોમાં) એક સાધારણ સંવેદનસ્વરૂપ પોતે હોવાથી આત્મા ભાવેન્દ્રિય વડે પણ પરને જાણતો નથી. પરને જાણતો નથી અથવા પરનો રસ ચાખતો નથી અથવા સાંભળતો નથી અથવા સૂંઘતો નથી, સ્પર્શતો નથી, એ બધા બોલ લીધા છે. એ બધા અનેકવિધ છે. સ્પર્શ અનેકવિધ છે, રસ અનેકવિધ છે, ગંધ અનેકવિધ છે. બધાયની – એક-એક વિષયની આખી દુનિયા છે. એટલી બધી રસની વૈવિધ્યતા છે કે, ખાવાની વાનગી હજારો પ્રકારની ! એવી રીતે Colour – રંગ હજારો (જાતના) ! હમણાં એક જણાએ કીધું હતું કે, અમે એક એવું કમ્પ્યુટર લાવ્યા છીએ કે, એમાં દસ હજાર શેડ છે. કેટલા ? દસ હજાર શેડ છે ! તમે જે કહો એ શેડમાં તમને પ્રિન્ટ કાઢી દઈએ. દસ હજાર શેડ ! એક-એક વિષયની દુનિયા છે આખી !

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

એને જાણનારું જ્ઞાન, સર્વ વિષયોને જાણવા છતાં સાધારણ એક સંવેદનરૂપ છે. એ એનું મૂળ સ્વરૂપ છે. તેથી આત્મા ભાવેન્દ્રિય વડે પણ એ રસને ચાખતો નથી, એ ગંધને સૂંઘતો નથી, એ સ્પર્શને સ્પર્શતો નથી. દ્રવ્યેન્દ્રિયથી તો નહિ પણ ભાવેન્દ્રિયથી પણ નહિ. ત્યાં સામાન્યને સંવેદનસ્વરૂપ છે એમ લીધું છે. જ્ઞાનસામાન્ય પોતે સંવેદનસ્વરૂપ છે અને એ આત્માનું સ્વરૂપ છે, એવો જ આત્મા છે, એ સ્વરૂપે જ આત્મા છે.

એટલે ('સમયસાર'ની) ૧૭–૧૮ ગાથામાં લીધું – અનુભૂતિસ્વરૂપ છે. આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. કેમકે બધાને વેદન ચાલુ જ છે. પર સાથેના એકપણાના નિશ્ચયને લીધે એ વેદન માલૂમ પડતું નથી. (ઘણાં) નથી કહેતા ? કે, મને કેમ પકડાતું નથી ? આવું જે વેદન છે એ પ્રગટ હોવા છતાં મને કેમ પકડાતું નથી ? (તો કહે છે કે) એકપણાના નિશ્ચયને લીધે. પર સાથેના એકપણાના નિશ્ચયને લીધે તે આવિર્ભૂત થતું નથી, તિરોભૂત રહે છે. એટલે માલૂમ પડતું નથી. પણ છે, પ્રગટ છે, પ્રત્યક્ષ છે અને તથાપ્રકારના પુરુષાર્થથી તે આવિર્ભૂત થઈ શકે છે. તથાપ્રકારના પુરુષાર્થમાં ભાવભાસન સુધીની Line છે.

(પરિભ્રમણની) વેદનામાં આવે, વેદનાપૂર્વક વૈરાગ્યથી પૂર્ણતાના લક્ષમાં આવે, પૂર્ણતાના લક્ષપૂર્વક સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આવે. ભાવનાથી સતત અવલોકનમાં આવે, અવલોકનથી ભેદજ્ઞાન ચાલુ થાય અને એ ભેદજ્ઞાન ચાલુ રહેતા જે નિર્મળતા આવે ત્યારે જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપી અખંડ સાક્ષાત્ સિદ્ધપદનું મૂર્તિમંત સિદ્ધસ્વરૂપ પોતે પોતાને ભાસવા લાગે. ત્યારે એકપણાનો નિશ્ચય તૂટી જાય. (અર્થાત્) પર સાથેના એકપણાનો નિશ્ચય તૂટી જાય અને સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ આવે. એને બીજું સમકિત કીધું. 'કૃપાળુદેવે' તો એને એ ભૂમિકાનું 'સમકિત' જ કીધું છે. એ ભૂમિકાનું એ સમકિત છે અને એ ભૂમિકાનું તે આત્મજ્ઞાન પણ છે. એ ભૂમિકાનું તે આત્મજ્ઞાન જ છે. એ રીતે ભાવભાસન સુધી પહોંચે એટલે જ્ઞાન જાત્યાંતર થઈને અનુભવ સુધી પહોંચતા વાર લાગે નહિ. એને પછી વાર ન લાગે. કેમકે

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પછી લક્ષ ત્યાંથી ખસેડવા માંગે તોપણ ખસી શકે નહિ. એ પરિસ્થિતિ ભી થાય છે.

શ્રોતા :– આપે એક વખત છ મહિના કહ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બહુ મંદ પુરુષાર્થ હોય તો. મંદ પુરુષાર્થવાળાને પણ મહિના–દોઢ મહિનાથી વધારે (સમય) નથી લાગતો. એ છ મહિનાની તો બહુ લાંબી Limit છે.

શ્રોતા :– 'સોભાગભાઈ'નો દાખલો આપીને આપે કહ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'સોભાગભાઈ'ને તો અઠવાડિયું જ લાગ્યું છે. 'સોભાગભાઈ'ને અહીંયા 'ઈડર' 'કૃપાળુદેવ' લઈ આવ્યા અને હથેળીમાં ચાંદો દેખાડ્યો ! 'ચૈતન્યચંદ્ર' ! પ્રત્યક્ષ કરીને દેખાડ્યો કે, 'જુઓ આ અમારું વેદન ! જુઓ ! તમારે અંદરમાં ધારાવાહી ચાલે છે !! મારે જે જ્ઞાનવેદનની ધારા ચાલે છે એ તમારે પણ ચાલે છે. જરા અંદર જુઓ ! તમારા જ્ઞાનથી તમે તમારી અંદર જુઓ તો વેદનમાં તમે પોતે જ જણાશો ! ન જોવાય તો જરા ઔર ધ્યાનથી જુઓ... ઔર ધ્યાનથી જુઓ... ઔર ધ્યાનથી જુઓ... ઔર સૂક્ષ્મતાથી, ધીરજથી જોવાનો પ્રયત્ન કરો !' કેમકે એટલી નિર્મળતામાં એ આવ્યા હતા. નિર્મળતામાં લાવવા માટે સાત–આઠ મહિના લટકાવ્યા !! ('સોભાગભાઈ') એવી વેદનામાં આવ્યા... એવી વેદનામાં આવ્યા... કે, (છેલ્લે કાગળમાં લખ્યું) 'પ્રભુ ! હવે તમે નહિ આવો ને તો મારા પ્રાણ છૂટી જશે !! હવે હું માંદગીથી નહિ મરું. તમારા વિયોગની વેદનાથી મારા પ્રાણ છૂટશે !!' ('કૃપાળુદેવે') જોયું કે, 'હાં.. હવે બરાબર વાત પાકી ગઈ !!' ('સોભાગભાઈ'ને) કહ્યું કે, 'ચાલો હવે ઈડર !' એટલી નિર્મળતામાં આવી ગયેલા (કે) (જ્ઞાન)વેદનને જોઈ શકે. એમને તો આંગળી ચીંધવાનું પુણ્ય હતું. ('કૃપાળુદેવ' કહે છે) 'જુઓ તમારામાં ! અમારે પ્રગટ છે, અમારા પરિણમનને જોઈ લ્યો ! અમારે તો આત્મા પ્રગટ છે ! 'આ' પ્રગટ છે અમારે તો !!' ('સોભાગભાઈ'માં) જોવાની નિર્મળતા હતી (એટલે) ફડાક પકડ્યું !! પકડ્યું કે પુરુષાર્થનો બંબો ફાટ્યો !! જ્યાં અંદર પોતાનું જ પરમેશ્વરપદ જોયું પછી પરિણમન જાલ્યું રહે નહિ. ફાટફાટ... (    પડ્યા)...

અઠવાડિયામાં અનુભવ ! અઠવાડિયું જ લાગ્યું !! એ તો બહુ મંદ પુરુષાર્થ હોય એને મહિનો, દોઢ મહિનો લાગે. છ મહિના તો એની Maximum limit બાંધી, પણ એટલું તો કોઈને ન લાગે. એટલો ઉપાડ આવે ! કેમકે અનંત વીર્યનો પિંડ જોયો. જેના સામર્થ્યની કોઈ હદ નથી એટલી શિ તનો સમૂહ જોઈ લીધો. એક શિ ત નથી જોઈ, અનંત શિ ત (જોઈ). એક એક શિ તનું અનંત સામર્થ્ય ! એવી અનંત શિ તનો સમૂહ, એકરૂપ દ્રવ્યસામાન્ય !! એ પરિણમન કેવી રીતે જાલ્યું રહે ? અને કેવી રીતે બીજી બાજુ જઈ શકે ? એની તો મસ્તી જ ચડી જાય !! ધૂન ચડી જાય, ધૂનમાંથી બહાર જ નીકળી શકે નહિ ને !! ધૂનમાંથી બહાર નીકળે તો અંદર કાંઈક (બીજી) ડખલ ભી થાય ને ? ધૂનમાંથી બહાર નીકળી શકે નહિ. ધૂન ચડી જાય એટલે પરિણમન આવતા વાર લાગતી નથી.

(અહીંયાં કહે છે) '**સર્વને બાદ કરતાં...**' એટલે બધા જ્ઞેયાકારોને બાદ કરતાં જે જ્ઞાનસામાન્ય રહ્યું તે '**...અબાધ્ય અનુભવ...**' એટલે અબાધ્ય વેદનસ્વરૂપ રહે છે. અને '**...તે આત્મા છે.**' એવું જે જ્ઞાનવેદન છે – અબાધ્ય અનુભવ છે એ જ આત્મા છે, એ જ અનુભૂતિ છે અને અનુભૂતિ છે તે જ આત્મા છે. અનુભૂતિથી આત્મા કોઈ બીજી (જુદી) ચીજ નથી. અથવા તે પોતે છે. '**તે આત્મા છે**' એટલે તે પોતે છે. કેમકે સ્વપણે વેદાય છે, ત્યાં વેદન સ્વપણે વેદાય છે.

'**જે સર્વને જાણે છે તે આત્મા છે.**' જે સર્વને જાણે છે તે આત્મા છે એટલે બધાને જાણનાર... જાણનાર... જાણનાર... તરીકે છે તે આત્મા છે. કોને કોને જાણે છે, એ કાંઈ લંબાવાની જરૂર નથી. અથવા જેનામાં સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે, જેના જ્ઞાનમાં, જે જ્ઞાનદર્પણમાં સર્વ જ્ઞેયો ઝિલાય છે તે આત્મા છે. જાણવા જવાની જરૂર પડે એવું નથી. લંબાવાની જરૂર નથી કે, હું આને જાણું... આને જાણું... આને જાણું... જેના જ્ઞાનકટાક્ષમાં આખું વિશ્વ પ્રતિબિંબિત થઈ જાય છે. 'કટાક્ષ' (એટલે) શું કીધું ? આંખના ખૂણાથી જેમ જોઈ લ્યે એમ (જ્ઞાનના) એક અંશમાં (લોકાલોક જોઈ લે છે). અનંત જ્ઞાનના સામર્થ્ય પાસે કેવળજ્ઞાનની પર્યાય તો એક અંશ છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
આત્માની સર્વજ્ઞશિ તમાં એટલું બધું સર્વજ્ઞપણું ભર્યું છે કે, કેવળજ્ઞાનની પર્યાય તો એક-એક અંશે પ્રગટ થાય છે !! જેના જ્ઞાનકટાક્ષમાં – 'કટાક્ષ' એટલે આંખનો ખૂણો. 'કટ' એટલે ખૂણો. 'અક્ષ' એટલે આંખ. આંખના ખૂણેથી જોવે તો આખું વિશ્વ દેખાઈ જાય !! વસ્તુ કેવડી ? એનું માપ ન નીકળે એવડી !!

**'જે સર્વને જાણે છે તે આત્મા છે. જે સર્વ ભાવને પ્રકાશે છે તે આત્મા છે.'** જુઓ ! ત્યાં '**પ્રકાશે છે**' શબ્દ લીધો છે. '**જે સર્વ ભાવને પ્રકાશે છે તે આત્મા છે.**' સર્વ પદાર્થને પણ જાણે છે અને સર્વ ભાવને એટલે ગુણ, પર્યાયોને (પણ જાણે છે). સર્વ દ્રવ્યોને જાણે છે, સર્વ પદાર્થોને જાણે છે અને સર્વના ગુણ, પર્યાયોના ભાવોને પણ પ્રકાશે છે. એટલે સર્વ પદાર્થના ગુણ, પર્યાયો પણ જેમાં પ્રતિબિંબિત થાય છે તે આત્મા છે.

શ્રોતા :– સર્વ ભાવને પ્રકાશે છે એ જ્ઞાનગુણની પર્યાય છે ને ?

સમાધાન :– હા, પણ અહીં કહે છે કે, ગુણભેદે નથી જોવું. એ આત્મા જ જાણે છે, એમ કહે છે. અભેદપણે લેવું છે ને એટલે આત્મા છે, એમ કહે છે. જ્ઞાન જાણે છે એમ નથી લેવું, આત્મા જાણે છે એમ લ્યો, અભેદ લેવું છે. (કારણ કે) ભેદથી વિકલ્પ ઠે છે. અભેદ છે એમાં વિકલ્પ શાંત થાય છે, નિર્વિકલ્પ થાય છે.

'**ઉપયોગમય આત્મા છે.**' (અર્થાત્) એવો જે જ્ઞાનનો વ્યાપાર છે તે મય આત્મા છે. જ્ઞાનમય આત્મા છે. ઉપયોગમય એમ કહો કે જ્ઞાનમય એમ કહો. હું જ્ઞાનમય છું, હું ઉપયોગમય છું, ઉપયોગસ્વરૂપ છું. 'સમયસાર'ની 'નિર્જરા અધિકાર'ની ૧૮૩ (નંબરની) ગાથામાં એ શબ્દ વાપર્યો છે કે, 'ઉપયોગ શુદ્ધાત્મા' – ઉપયોગને શુદ્ધાત્મા કીધો છે. કેમકે એ સ્વરૂપે આત્મા છે. જેવો ઉપયોગ છે એ સ્વરૂપે અંદર આત્માનું સામર્થ્ય છે. એ આત્માનું સ્વરૂપ છે. કેમકે દેખાડવાનું સાધન તો પર્યાય સિવાય બીજું કોઈ છે નહિ. કેમકે પર્યાયમાં એનો સ્વભાવભાવ પ્રકાશે છે. '**સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય**' એટલે ત્યાંથી દેખાડવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

**'ઉપયોગમય આત્મા છે.'** ઉપયોગથી એ ભિન્ન પડે છે. ભિન્ન પણ ઉપયોગથી જ પડે છે. નહિતર તો અનેક સામાન્ય ગુણોની એવી રીતે પરિસ્થિતિ છે કે ભિન્ન ન પડે, Specify ન થાય. આ (જ્ઞાનગુણથી) Specifically એકદમ જુદો પડી જાય છે. એટલે જ્ઞાન લક્ષણ લીધું છે, જ્ઞાનસ્વરૂપ લીધું છે. આપણે 'અનુભવપ્રકાશ'માં આવશે કે, 'આત્મા અનંત ગુણોનું સ્વરૂપ જ્ઞાનપ્રધાન વસ્તુ છે.' અનંત ગુણોનું સ્વરૂપ હોવા છતાં જ્ઞાનપ્રધાન વસ્તુ છે. કેમકે ત્યાંથી પકડાય છે. પોતે અંતરમાં સાવધાન થાય છે કે, હું આત્મા છું. એ ઉપયોગથી સાવધાન થાય છે. અંદરમાં ચેતી જાય છે કે, હું આત્મા છું. એ ચેતવાનો પોતાનો – જ્ઞાનનો સ્વભાવ છે. ચેતવાનો સ્વભાવ કોનો છે ? જ્ઞાનનો ચેતવાનો સ્વભાવ છે. હું આત્મા છું, એમ કોણ ચેતે છે ? જ્ઞાનને લઈને ચેતે છે. એટલે જ્ઞાનપ્રધાનતા લેવામાં આવે છે.

**'ઉપયોગમય આત્મા છે.'** એટલે ઉપયોગમય હું છું. આત્મા એટલે કોણ ? આત્મા એટલે હું. 'જયસેનાચાર્યદેવે' 'પ્રવચનસાર'ની ટીકામાં આ પ્રશ્ન ઉઠાવ્યો છે. '**आत्मा को इति चेत**' સંસ્કૃતમાં એમ છે. '**आत्मा को इति चेत**' એટલે કે, આત્મા એટલે શું ? ગુજરાતીમાં આપણે એમ કહીએ કે, આત્મા એટલે શું ? તો કહે છે, '**अहं इति**' ! '**इति**'માં પૂરું કર્યું. '**अहं इति**' ! '**इति**' કહેતાં એ જવાબમાં પૂરું કરી દીધું. એક શબ્દમાં જવાબ આપ્યો. '**इति**' તો પૂરું કરવા માટેનો શબ્દ છે. 'હું' – આત્મા એટલે હું. બસ ! આથી વધારે કાંઈ નથી કહેવું. કેમ ? (કેમકે) હું.. હું.. હું... હું... પણે પોતાની હયાતીને વેદે છે. હું... હું... હું... હું... પણે પોતાની હયાતીને જે જાહેર કરે છે, અનુભવમાં લ્યે છે તે આત્મા છે. તે પોતે છે. હું એટલે આત્મા, આત્મા એટલે હું.

**'ઉપયોગમય આત્મા છે. અવ્યાબાધ સમાધિસ્વરૂપ આત્મા છે.'** હવે અહીંથી ચારિત્રની પ્રધાનતાથી વાત કરે છે. આ બોલમાં ચારિત્રપ્રધાનતા લીધી છે. અવ્યાબાધ સમાધિસ્વરૂપ છે. અસમાધાન છે એમાં બાધા પહોંચે છે. જીવને દુઃખ થાય છે, આકુળતા થાય છે, મૂંઝવણ થાય છે. એ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અસમાધાનમાં થાય છે. પોતાના સ્વરૂપને જોતાં, પોતાના સ્વરૂપને જોવામાં આવતાં ક્યાંય અસમાધાન થતું નથી. સર્વાંગ સમાધાનસ્વરૂપ (છે) કે જેને કોઈ બાધા પહોંચાડી શકે નહિ. એવો અવ્યાબાધ સમાધિસ્વરૂપ હું છું. મારું સ્વરૂપ જ એવું છે કે મને ક્યાંય કોઈ અંદરમાં અસમાધાન લાવી શકે નહિ. અસમાધાન તો સ્વરૂપને ભૂલતાં છે. મૂંઝવણ તો સ્વરૂપ હાથમાં ન આવે એની છે. બાકી સ્વરૂપ હાથમાં આવ્યું એટલે મૂંઝવણ ટળી. કાયમની, અનંતકાળની મૂંઝવણ ગઈ. ગઈ તે ગઈ, ખલાસ ! એવો હું આત્મા છું, એવો હું છું.

હવેનું વચન તો બહુ સરસ છે ! આખી નોંધમાં જે બહુ સરસ વચન છે (એ આ છે). થોડું Practical sideથી એને લેવા જેવું છે. એ હવે આવે છે. એ વિષય આપણે કાલે થોડો વિસ્તારથી લઈશું. સમય થયો છે.

∧ ∧ ∧

આત્માની શ િ તઓ તે સામર્થ્યરૂપ સ્વભાવ / સ્વરૂપ છે, એકરૂપે અર્થાત્ દ્રવ્યરૂપે તેને જોતા આત્મરસ ઉપજે છે–આરાધના થાય છે.–ભેદરૂપે–ગુણભેદરૂપે જોતાં આરાધના થતી નથી–વિકલ્પ થાય છે. રસ ભંગ થાય છે.

*–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૮૧)*

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૭
## પત્રાંક–૭૧૦ (૩)
## તા. ૨૩-૧૨-૧૯૯૫

---

આંક–૭૧૦ (ચાલે) છે. સ્વરૂપ વિષેની નોંધ છે. ડાયરીમાંથી એમની સ્વરૂપ વિષયક નોંધ છે. સાત વચનામૃત ચાલ્યા છે. આઠમું વચનામૃત છે. '**આત્મા છે.**' '**આત્મા છે**' એટલે 'હું' છું. આત્મા એટલે હું. આત્મા છે એટલે પોતે છે. હું છું એમાં પોતે છે.

'**આત્મા અત્યંત પ્રગટ છે,...**' હું છું, એમ નહિ પણ હું અત્યંત પ્રગટ છું. ક્યાંય ડે ડે મને હું જડતો નથી, એવું મારું સ્વરૂપ નથી. હું તો અત્યંત પ્રગટ છું, ખૂબ જ પ્રગટ છું, સાવ પ્રગટ છું, બિલકુલ પ્રગટ છું, એમ લેવું છે. કેવી રીતે ? '**...કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.**' કેવી રીતે આત્મા પ્રગટ છે એમ પકડાણું ? આત્મા અત્યંત પ્રગટ છે એમ કેમ માલૂમ પડ્યું ? કે, સ્વસંવેદન દ્વારા માલૂમ પડ્યું. અને સ્વસંવેદન છે એ તો અનુભવગોચર છે, પ્રગટ અનુભવગોચર છે, પ્રત્યક્ષ અનુભવગોચર છે.

જે પ્રત્યક્ષ, પ્રગટ અનુભવગોચર હોય તેને બીજું પ્રમાણ આપવાની જરૂરત રહેતી નથી. જેમકે (કોઈ એમ કહે કે) 'તમે ફલાણું આમ બોલ્યા હતા.' તો (સામેવાળો) માણસ કહે કે, 'અમે તો કાંઈ એવું બોલ્યા નથી.'

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

(એટલે આ ભાઈ કહે) 'એમ નહિ, તમે બોલ્યા ત્યારે આ ભાઈ હાજર હતા, એની હાજરીમાં બોલ્યા છો.' વાત પૂરી થઈ ગઈ, હવે બીજું પ્રમાણ આપવાની જરૂર નથી. જ્યાં વસ્તુ કે બનાવ પ્રગટ અને પ્રત્યક્ષ હોય ત્યાં બીજા પ્રમાણની જરૂર રહેતી નથી. કેમકે પછી તો અનુમાનપ્રમાણ ને આગમપ્રમાણ ને તર્કપ્રમાણ ને એ બધી વાત ભી થાય છે. અનુભવપ્રમાણ બધા પ્રમાણોમાં બળવાન પ્રમાણ છે.

જુઓ ! અંદરમાં પોતાને પોતાનું વેદન, પોતાને પોતાનું સારી રીતે વેદન તેને 'સ્વસંવેદન' કહે છે. સ્વ એટલે પોતે. સંવેદન એટલે અનુભવ, વેદવું, ભોગવવું. પોતાનું સ્વસંવેદન બધાને પ્રગટ જ અનુભવમાં છે. તેથી આત્મા અત્યંત પ્રગટ છે. તેના દ્વારા આત્મા અત્યંત પ્રગટ છે.

**'આત્મા છે. આત્મા અત્યંત પ્રગટ છે, કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.'** સ્વસંવેદન પ્રગટ અનુભવમાં ચાલુ જ છે. અનુભવમાં છે એટલે અનુભવમાં ચાલુ જ છે. જેને બંધ કરી શકાય નહિ, કરવા ધારે તોપણ ! આમ હોવાથી આત્મા અત્યંત પ્રગટ છે. આ વાત થઈ સમજવાની અને સમજાવવાની. તેનું વાચ્ય જે છે એ પરિણમનરૂપ છે. અહીંયાં સુધીની વાત તો સમજવાની, સમજાવવાની થઈ. આપણે સમજીએ પણ છીએ અને બીજાને સમજાવી પણ શકીએ છીએ. પરંતુ વાત પરિણમનની છે. ન કહેવા માત્રની છે કે ન સાંભળવા માત્રની પણ છે. આ વાત કહેવા માત્ર નથી. આપણે 'અનુભવપ્રકાશ'માં આવ્યું ને ? 'એ કહેવા માત્ર જ નથી. ચિત્તને ચેતનામાં લીન કરે.' (તેથી) વાત કહેવા માત્ર નથી. એ રીતે આ વાત પણ કહેવા માત્ર નથી. તેનું વાચ્ય જે છે તે પરિણમન છે. આપણે આ વિષયમાં વાચ્ય સુધી પહોંચવું છે એટલે કે પરિણમન સુધી પહોંચવું છે. ત્યારે આ વિષયનો સ્વાધ્યાય યથાર્થ (કહી શકાય). શબ્દાર્થ કર્યો, બરાબર શબ્દાર્થ કર્યો, સાચો શબ્દાર્થ કર્યો, માટે સ્વાધ્યાય યથાર્થ છે, એમ નથી.

આત્મા છે – તો કોની વિદ્યમાનતામાં એ માલૂમ પડે છે ? આ સવાલ છે. આત્મા છે, એમ તમે કહો છો, 'હું છું, હું તો છું, હું નથી

એમ વાત નથી, હું તો છું.' છો કે નહિ ? કે તમે નથી ? હું છું, બરાબર છું, હું મોજૂદ છું, તમારી સામે હું મોજૂદ છું. જ્યારે હું મોજૂદ છું ત્યારે આ મોજૂદગી કોની વિદ્યમાનતામાં માલૂમ પડે છે ? જ્ઞાનની વિદ્યમાનતામાં માલૂમ પડે છે. મારી મોજૂદગી મારા જ્ઞાનની વિદ્યમાનતામાં માલૂમ પડે છે. બીજા જીવો મારી મોજૂદગીની નોંધ લે કે ન લે મને કોઈ અપેક્ષા નથી. Neglect (ઉપેક્ષા) કરે છે ને ? (માણસ કહે છે ને ?) 'અમે ત્યાં હતા તો ખરા, પણ સામે પણ નહોતા જોતા, અમારી કેટલી ઉપેક્ષા કરી, અમે છીએ કે નહિ (તે પણ ન જોયું).' એવી વાત થઈ ગઈ. (એ પ્રકારની) મને અપેક્ષા નથી.

મારી મોજૂદગી મારા જ્ઞાનની વિદ્યમાનતામાં માલૂમ પડે છે અને શેનાથી માલૂમ પડે છે ? સ્વસંવેદનથી માલૂમ પડે છે. સ્વસંવેદનથી મારી મોજૂદગી અનુભવગોચર થાય છે, વેદનગોચર થાય છે. માટે હું અત્યંત પ્રગટ છું. (ફ   ત) પ્રગટ છે, એટલી વાત નથી, (પણ) અત્યંત પ્રગટ છે.

શ્રોતા :– 'અત્યંત' વિશેષણ મૂકવા પાછળ શું આશય છે ?

સમાધાન :– વજન દેવા માંગે છે. વિદ્યમાનતા ઉપર વજન દેવા માંગે છે. એટલા માટે કે, પરની વિદ્યમાનતાની જીવે એટલી એટલી અધિક મુખ્યતા કરી નાખી છે કે પોતે પોતાને ભૂલી ગયો ! પોતાની વિદ્યમાનતાને ભૂલેલો છે. અને એટલો બધો ભૂલી ગયો છે, એટલો બધો ભૂલી ગયો છે કે, શોધવા નીકળ્યો તોપણ મળતો નથી ! એટલું બધું ભૂલી ગયો છે, થોડું નથી ભૂલ્યો.

શ્રોતા :– બહુ   ધી દિશામાં ચાલ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :–   ધી દિશામાં શું શું આવે છે ખબર છે ? આ મારું શરીર, તે રૂપ હું, કેટલો સુંદર ! આ શરીરને સારાં સારાં કપડાં પહેરાવું, એક તો મારું શરીર સુંદર અને તેને સારાં સારાં કપડાં પહેરાવું ! પછી સારાં સારાં ઘરેણાં પહેરાવું ! એમાં પાછું બાકી રહી ગયું હતું તો Cosmetics (આવી ગયા). એમાં પાછા વાળ (કપાવવા) !! એમ બહુ ગડબડ કરી. ત્યાં રસ લીધો છે. ગડબડ કરી એટલે શું કર્યું ? કે, એમાં રસ

બહુ લીધો. સ્મરણ કરી લેવું. જો આવું થયું હોય તો સ્મરણ કરી લેવું.

શ્રોતા :– વર્તમાનમાં મોજૂદ છે પછી સ્મરણ શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– માનો કે વર્તમાનમાં વૈરાગ્ય આવ્યો હોય અને વૈરાગ્ય ચાલતો પણ હોય, તો સ્મરણ કરી લેવું. કેમ ? કેમકે (પોતે) શોધવા છતાં મળતો નથી. એટલો ખોવાઈ ગયો છે કે, શોધવા છતાં પણ મળતો નથી. બહુ તકલીફ થઈ રહી છે, આની મોટી તકલીફ થઈ રહી છે. તેનું કારણ આ જ છે કે, પરની વિદ્યમાનતાને પોતારૂપ માનીને; છે તો એ બધું પર, એ પરની વિદ્યમાનતાને પોતારૂપ માનીને ઘણો ઘણો રસ લીધો છે. તેથી સ્વસંવેદન તિરોભૂત થઈ ગયું. શું થયું ? (તિરોભૂત થઈ ગયું છે). સ્વસંવેદનનો નાશ નથી થયો, સ્વસંવેદનનો અભાવ નથી થયો.

'સમયસાર'ની ૧૭–૧૮ ગાથામાં આચાર્યદેવનો આ પોકાર છે કે, આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ એટલે વેદનસ્વરૂપ ભગવાનઆત્મા સદાય અનુભવમાં આવી રહ્યો છે. આ પરમ સત્ય છે. આવું થઈ જ રહ્યું છે. પરંતુ તિરોભૂત થઈ રહ્યું છે એટલે માલૂમ નથી પડતું. ગુરુદેવ એક દૃષ્ટાંત આપતા હતા કે, પહેલાના જમાનામાં અને અત્યારે પણ પ્રતિષ્ઠા વગેરે હોય તો ચૂલો કરે છે ને ? એમાં લાકડાં વગેરે સળગાવે છે. લાકડાં ક્યારેક ભીનાં હોય, પૂરાં સુકાયેલાં ન હોય તો તેનો બહુ ધુમાડો થાય છે. સળગવામાં ઘણો (ધુમાડો થાય). એમાં આટલું મોટું તપેલું – સો, બસો, પાંચસો માણસોની રસોઈ જેમાં કરવાની હોય એટલું મોટું તપેલું હોય તો ધુમાડામાં દેખાતું નથી. આટલું મોટું હોય તોપણ નથી દેખાતું ? (તો કહે છે કે) ધુમાડો તેનાથી પણ વધારે છે, ક્યાંથી દેખાય ? એવી રીતે પરપ્રવેશભાવનો, પરરસનો ધુમાડો એટલો બધો વધી ગયો કે, આવો મહાન આત્મા કે જેની અનંત મહિમા છે, બહુ મહાન છે, એટલું સામર્થ્ય છે... એટલું સામર્થ્ય છે કે, (જેની કોઈ) હદ નથી એટલું સામર્થ્ય છે, પરંતુ દેખાતો નથી. તેની વિદ્યમાનતા નજરમાં આવતી નથી.

શ્રોતા :– આંધળો થઈ ગયો !

પૂજ્ય ભાઈશ્રી :– એ વાત થઈ ગઈ છે, આંધળો થઈ ગયો છે.

આમ તો જ્ઞાન ક્યારેય આંધળું થતું નથી. આંખ બંધ કરો તોપણ લાલ–પીળું દેખાય છે. એનો અર્થ શું થયો ? કે, દેખાય તો છે, જોવાનું તો ચાલુ છે. આંધળા માણસને શું દેખાય છે ? અંધારું. તો અંધારું દેખાયું કે ન દેખાયું ? કોઈ માણસની બહાર જોવાની દૃષ્ટિ જતી રહે છે (તેમાં) ક્ષયોપશમમાં ફરક પડે છે, બીજી કોઈ વાત નથી. એ કંઈ ચાર ઇન્દ્રિય નથી થયો, એ પંચેન્દ્રિય જ રહ્યો છે. ચારઇન્દ્રિય નથી થયો, પંચેન્દ્રિય જ રહ્યો છે. આંખ ચાલી જવાથી ચારઇન્દ્રિય થાય છે ? કોઈને કાનમાં સાંભળવાનું બંધ થઈ જાય છે, તો એ કંઈ ચારઇન્દ્રિય નથી થઈ જતો. ત્યાં તેને બીજો અવાજ સંભળાય છે, તે આડે તેને બહારનો અવાજ સંભળાતો નથી. એમ અહીંયાં અંધારું દેખાય છે તો અંધારું એટલું છે કે પ્રકાશ નથી દેખાતો. બાકી દેખાય તો છે, નથી દેખાતું એવી કોઈ વાત નથી. ક્ષયોપશમમાં ફરક થઈ જાય છે. એવી રીતે જ્ઞાન ક્યારેય આંધળું નથી થતું. પણ તેની ઉપર આવરણ આવે છે, અવસ્થામાં આવરણ આવે છે.

જ્ઞાનને સ્વયંનું વેદન નથી થઈ રહ્યું અને સ્વયંનું મૂળ સ્વરૂપ, સ્વભાવ સ્વરૂપ માલૂમ પડતું નથી તેનું કારણ જ્ઞાન ઉપર તે પ્રકારનું આવરણ છે. આ આવરણને 'પંચાધ્યાયી'માં 'સ્વાનુભૂત્યાવરણ' કહ્યું છે. શું કહ્યું છે ? 'સ્વાનુભૂત્યાવરણ !' અનુભવ નથી કરતો એ વાત છે જ નહિ. અનુભવ તો કરે જ છે. પરંતુ કહે છે કે, મને ઠંડી લાગે છે. કહે છે કે, આ મને ગળ્યું લાગે છે, આ મને કડવું લાગે છે. તેનો આ અનુભવ ચાલુ છે. પરવેદન તો ચાલુ ને ચાલુ છે. માટે અનુભવ નથી, વેદન નથી એ વાત નથી.

એમ જો સીધું જ્ઞાનવેદન પકડમાં ન આવે તો લટા વેદનમાં વેદન તો છે કે નહિ ? તેમાં સામાન્યને પકડો. લટું અને સુલટું વેદન તો વિશેષ છે. બન્ને (અવસ્થામાં) વેદન તો સામાન્ય છે. ગુણને આવી રીતે પકડવામાં આવે છે, સ્વભાવને આવી રીતે પકડવામાં આવે છે. (દા.ત.) શ્રદ્ધા છે. વિપરીતશ્રદ્ધા પણ શ્રદ્ધા છે અને સમ્યક્‌શ્રદ્ધા પણ શ્રદ્ધા છે. બન્નેમાં શ્રદ્ધા કરવાનો સ્વભાવ તો સામાન્ય છે. અહીંયાંથી શ્રદ્ધાને પકડો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
ને કે, શ્રદ્ધા શું ચીજ છે. (એવી રીતે) કોઈ પણ ગુણને લઈ લ્યો. અહીંયાંથી પકડી શકો છો. લટું–સુલટું તો અવસ્થાનો ભેદ છે. ગુણ તો પરિણમન કરી જ રહ્યો છે, ત્યાં ગુણ પરિણમી રહ્યો છે. અવસ્થામાં કોણ પરિણમે છે ? ગુણ પરિણમે છે, સ્વભાવ પરિણમે છે. (માટે) અહીંયાંથી પકડો.

શ્રોતા :– વેદન–સ્વસંવેદન ચાલુ જ છે, એમ પહેલાં આપે કહ્યું. તો 'પ્રકાશશિ ત'નું સ્વાભાવિક પરિણમન ચાલુ છે, એમ કહેવું પડશે.

સમાધાન :– ઠીક છે ! પણ શું છે કે, પ્રકાશશિ ત સમજવામાં સૂક્ષ્મ પડે છે. જ્યારે જ્ઞાન સમજમાં, પકડમાં આવે છે. માટે જ્ઞાનથી વાતને સમજાવવામાં આવે છે અને તે તેનું જ રૂપ છે (અર્થાત્) જ્ઞાનમાં જે વેદન છે તે પ્રકાશશિ તનું રૂપ છે અને જ્ઞાનમાં જે નિરાકૂળતા છે તે સુખશિ તનું રૂપ છે. જ્ઞાન કોઈને સ્પર્શતું નથી, નિર્લેપ રહે છે એ તેનું ભિન્નત્વશિ તનું – ભિન્નપણાનું સ્વરૂપ છે. એમ જ્ઞાનમાં અનેક ગુણોનું રૂપ તો છે જ. જ્ઞાન છે તેને અસ્તિત્વનું રૂપ છે. જ્ઞાનની વિદ્યમાનતા છે તે અસ્તિત્વનું રૂપ છે. જ્ઞાનથી બધી વાત સમજાઈ જાય છે કે, હું અનંત ગુણોનો એકરૂપ આત્મા છું. અહીંયાં 'આત્મા' શબ્દ લીધો છે.

સ્વસંવેદન આત્મા છે, જ્ઞાન છે, એમ નથી લીધું. **'આત્મા અત્યંત પ્રગટ છે.'** આત્મા લઈ લીધો છે. **'...કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.'** (વેદન છે તે) 'સ્વયં'ના રૂપમાં અનુભવમાં આવે છે. જે વેદન આવે છે તે સ્વયંના રૂપમાં આવે છે કે, આ તો મારું વેદન છે. એમ વેદન 'સ્વ' રૂપે વેદવામાં આવે છે. માટે તેને 'સ્વસંવેદન' કહેવામાં આવે છે.

આ વચનામૃત તો એટલું સરસ છે કે, આ વચનના વાચ્યને Practical sideમાં (પરિણમનમાં) લઈ જાય તો એ રસમાંથી બહાર જ નીકળે નહિ, રસ છૂટે જ નહિ, એવું વચનામૃત છે !! કોઈ સંસ્કારી જીવ હોય તો આવા વચનથી સ્વસંવેદનને પકડીને આત્માના અનુભવ સુધી પહોંચી જાય !! (તેને એમ થાય કે) શું વાત કરી છે ! હું છું, હું અત્યંત પ્રગટ છું, મારા સ્વસંવેદનથી એ પકડમાં આવે છે. (એમ વાચ્યને પકડીને) અંદર ચાલ્યો જાય છે. એ રીતે અંદર ગ્રહણ થઈ જાય એવી વાત છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
'**પ્રગટ છે**' '**પ્રગટ**' શબ્દમાં ઘણાં ભાવ ભર્યા છે !! એમ લાગે કે, આ તો પ્રગટ છે !

'ધર્મદાસજી ક્ષુલ્લક' માટે આ ઘટના બની. 'ધર્મદાસજી ક્ષુલ્લક' પોતાની આત્મકથા લખે છે. એમાં લખ્યું કે, 'મેં અજ્ઞાનદશામાં વ્રત લઈ લીધા. પંચમ ગુણસ્થાનમાં જે વ્રત છે એ ક્ષુલ્લકપણાના વ્રત લઈ લીધા.' શ્રાવકના વ્રત હોય છે તેમાં દસમી પડીમા છે. ક્ષુલ્લક અને એલ્લક, દસમી અને અગિયારમી પડિમા છે. તેમાં દસમી પડીમા લઈ લીધી. હજારો ઉપવાસ કર્યા. શું કર્યું ? મેં હજારો તો ઉપવાસ કર્યા અને સેંકડો વાર ચાલીને 'સમ્મેદશીખર'ની યાત્રા કરી. કેટલી વાર ? સેંકડો વાર ! અને તેનું મને બહુ અભિમાન થયું હતું. શું લખ્યું ? કે, આનું મને બહુ અભિમાન થયું હતું. 'હું ક્ષુલ્લક ! હું તપસ્વી ! વારંવાર ઉપવાસ કરું છું ! હજારો તો ઉપવાસ કરી નાખ્યા.' શું ? 'કરી નાખ્યા !' અજ્ઞાનમાં 'કરીને નાખી દીધા !' અને આટલી આટલી 'સમ્મેદશીખર'ની યાત્રા કરી.

તેમના ગુરુ 'દેવેન્દ્રકીર્તિ' હતા. તેઓએ તેમને કહ્યું : 'સમ્મેદશીખરથી બધા સિદ્ધ થાય છે. અનંત તીર્થંકર ત્યાંથી સિદ્ધ થયા છે. અનંત ચોવીસીના અનંત તીર્થંકર ત્યાંથી સિદ્ધ થયા છે. ત્યાંથી સિદ્ધ થયા તો ત્યાં તો સિદ્ધના દર્શન થાય છે. તને સિદ્ધ પરમાત્માનાં દર્શન થયા કે નહિ ?' (આમણે કહ્યું) 'નહિ', (તો ગુરુએ કહ્યું) 'તું આંધળો છો આંધળો !' શું કહ્યું ? 'અંધા હૈ !' ('ધર્મદાસજી'ને થયું) 'ત્યાં સિદ્ધ પરમાત્માનાં દર્શન થાય છે તો લાવ ફરીથી જાઉં !' એટલે ફરીથી ગયા અને શોધ્યું. સિદ્ધ ભગવાનને શોધ્યા. પણ સિદ્ધ ભગવાન તો સિદ્ધાલયમાં બિરાજમાન છે અને પોતાનું સિદ્ધસ્વરૂપ તો ભાસ્યમાન થયું નહોતું. એટલે ઉપયોગ તો ત્યાં સિદ્ધાલયમાં ગયો નહિ. નહિતર તો સિદ્ધ ભગવાનને હૃદયમાં ઉતારે ! એટલે એમને એમ, કોરેકોરા પાછા આવ્યા. (આવીને ગુરુને કહે છે) 'મહારાજ ! ત્યાં તો કોઈ સિદ્ધનાં દર્શન થતાં નથી. ત્યાં તો કોઈ સિદ્ધપરમાત્માનાં દર્શન ન થયાં.' (એટલે ગુરુ કહે છે) 'અંધા હૈ !' ફરીથી તેમને કહ્યું 'તું કેટલો આંધળો છો ! તારા સિદ્ધ પરમાત્માના તને દર્શન નથી થતાં !?' (એટલું

સાંભળ્યું ત્યાં) તેમનું આવરણ નીકળી ગયું. (સાંભળતાં જ) આવરણ નીકળી ગયું અને પોતાના સિદ્ધ પરમાત્માનાં દર્શન કરી લીધાં. સુપાત્ર જીવ હતા તેથી ‘આંધળો’ કહ્યું તો ખરાબ ન લાગ્યું.

શ્રીગુરુ કઠોર શબ્દ કહે છે તોપણ મારા હિત માટે અને મૃદુ શબ્દ કહેશે તોપણ મારા હિત માટે. ‘ભાઈ ! તને દર્શન નથી થતાં ? સ્વયંનાં દર્શન કરો ! અંદરમાં જરા ધ્યાનથી જુઓ ! પ્રગટ પરમાત્મા બિરાજમાન છે અને એવી રીતે બિરાજમાન છે કે ત્યાંથી એ કોઈ દિવસ હટતા નથી. તેં ગમે તેટલી ઉપેક્ષા કરી અને કરી રહ્યો છો તોપણ તે ત્યાંથી હટતા નથી.’ આમ (‘ધર્મદાસજી’ને) સ્વાનુભવ થઈ ગયો. આવરણ નીકળી ગયું તો સ્વાનુભવ થઈ ગયો. એ આવરણ પરવેદનથી થાય છે. શેનાથી થાય છે ? પરવેદનથી આવરણ થાય છે. પરપ્રવેશભાવ કહો, પરવેદન કહો, પરનું વેદન કહો, રાગનું વેદન કહો, શરીરની શાતા, અશાતાનું વેદન કહો, ઠંડી, ગરમીનું વેદન કહો અથવા રસાસ્વાદનું વેદન કહો, બધું પરવેદન છે. એ વેદનમાં મને એકત્વ થાય છે તો એ આવરણ આવે છે. એકત્વ નથી થતું તો નિરાવરણ થાય છે, ત્યારે એકત્વ નથી થતું. એકત્વ થવામાં આવરણ આવે છે.

શોધ એવી રીતે ચલાવો કે, મને વેદન કોનું થઈ રહ્યું છે ? કેવી રીતે ? અંદરમાં શોધ ચાલુ થઈ તો એવી રીતે શોધ કરો કે, મને વેદન કોનું થઈ રહ્યું છે ? રાગનું વેદન થઈ રહ્યું છે. શરીરનું વેદન તો ખાવા–પીવામાં ઠંડી, ગરમી થાય છે ત્યારે પ્રાસંગિક ઉદયકાળે થાય છે. જ્યાં શરીર નિમિત્ત થાય છે. પરંતુ શરીરના નિમિત્તનો ઉદય પ્રસંગ ન હોય તો તે વખતે પણ વેદન તો ચાલુ છે, પરવેદન તો ચાલુ છે. એ પરવેદન છે તે રાગનું વેદન છે. વાસ્તવમાં તે અધ્યાસ છે. આત્મા રાગને વેદી શકતો નથી, ભોગવી શકતો નથી, કરી શકતો નથી. કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપી છે.

જ્ઞાનસ્વરૂપી આત્મા રાગને કરી શકતો નથી. કરે ક્યારે ? કે, જ્ઞાન પલટીને, જ્ઞાન મટી જઈને રાગરૂપ થઈ જાય તો. પરંતુ જ્ઞાન જ્ઞાનરૂપ

રહે છે. રાગ થાય છે તેને જાણે છે પણ કરી શકતો નથી અને જ્ઞાનમાં રાગ કરવાની શ િ ત પણ નથી. 'આ રાગ સારો છે' (એમ જાણી) હું રાગ કરવા ઇચ્છું, તોપણ જ્ઞાન કરી શકતું નથી એટલે કે આત્મા કરી શકતો નથી. **'आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्'** 'અમૃતચંદ્રાચાર્યદેવે' પ્રશ્ન ઉઠાવ્યો કે, જ્ઞાન રાગને કેવી રીતે કરી શકે ? **'ज्ञानादन्यत्करोति किम्', 'परभावस्य कर्तात्मा'** (અર્થાત્) રાગાદિ ભાવોને હું કરું છું, **'मोहोऽयं व्यवहारिणाम्'** એ અજ્ઞાની જીવોનો, વ્યવહારી જીવોનો ફ ત મોહ છે. કલ્પના છે, અધ્યાસ છે બીજું કાંઈ નથી. એ વસ્તુસ્થિતિ નથી. તેમ છતાં સ્વસંવેદન માલૂમ નથી પડતું, ગ્રહણ નથી થતું તો શોધવામાં એ શોધો કે, વેદન કોનું થાય છે ?

('સમયસાર'માં) 'કર્તા કર્મ અધિકાર' એટલા માટે લખ્યો છે કે, વેદન ગ્રહણ નથી થતું. આ વિષયને અર્થે ત્યાં ૯૨, ૯૩, ૯૪, ૯૫ એમ ચાર ગાથા લીધી છે અને ૯૬મી ગાથામાં આ ચારે ગાથાઓનો સરવાળો કર્યો છે. એમ પાંચ ગાથા આ વિષય ઉપર ચાલી છે. આત્મા કરી જ શકતો નથી, રાગને પણ કરી શકતો નથી. ઠંડી, ગરમીને કરી શકતો નથી તેમ રાગને પણ કરી શકતો નથી. કેમકે જ્ઞાન ઠંડું, ગરમ થતું નથી. કરી નથી શકતું તો ભોગવી પણ નથી શકતું. જેનો કર્તા થાય તેનો જ ભો તા થઈ શકે. તો પછી એ રાગનું વેદન કરું છું, એવું ભો તાપણું આવ્યું ક્યાંથી ?

જ્ઞાન મટીને, જ્ઞાનનો નાશ થઈને રાગ થાય તો તો જ્ઞાન રાગને કરે. પરંતુ જ્ઞાનનો નાશ થતો નથી અને રાગને તે કરી શકતું નથી. આવો રાગ કરું, આવો દ્વેષ કરું એમ મન ફાવે તેમ નથી કરી શકતો. એ થાય છે ત્યારે સ્વયં થાય છે, કરવાથી નથી થતો. આ પણ વસ્તુસ્થિતિ છે. ઇચ્છા અનુસાર પણ કરી શકતો નથી. જ્ઞાન તો સદાય જ્ઞાનરૂપ જ રહે છે. જ્યારે કર્તા નથી તો એ વાત સિદ્ધ કરવાની જરૂર નથી કે એ ભો તા નથી. કારણ કે જેનો કર્તા થાય તેનો જ ભો તા થઈ શકે. ભો તા થવું એટલે વેદન કરવું, અનુભવ કરવો, ભોગવટો કરવો ત્રણેય એકાર્થ છે.

(અહીંયાં કહે છે) સ્વયંની વિદ્યમાનતાની તો ના નથી પાડતા. 'હું

નથી' એમ કોણ કહેશે ? 'હું નથી' એમ કોણ કહેશે ? સ્વયંની વિદ્યમાનતાનો કોણ નિષેધ કરશે ? કે, 'હું નથી.' 'મારો નાશ થઈ ગયો છે ? હું મરી ગયો છું ?' (તો કહે છે) 'ના, હું તો છું જ. તમારી સામે જ બેઠો છું. અત્યારે હું છું, મોજૂદ છું.' ક્યાં મોજૂદ છો ? કેવી રીતે જાણ્યું ? કોની વિદ્યમાનતામાં જાણ્યું ? બસ ! તેના  ડાણમાં ચાલ્યા જાઓ ! વેદન સુધી પહોંચી જ જશો.

વિદ્યમાનતાના  ડાણમાં જાઓ કે, વિદ્યમાનતાને કોણ સંભાળે છે ? પોતાની વિદ્યમાનતાને કોણ ચેતે છે ? ચાલો ! થોડું વધારે લઈ લઈએ કે, સ્વયંની વિદ્યમાનતાને કોણ ચેતે છે ? આપણે નથી કહેતા કે, 'અહીંયાં ચેતવણી છે. અહીંયાં સંભાળીને ચાલજો, અહીંયાં ૪૪૦ વોલ્ટનો ઇલેિ  ટ્રક કરંટ ચાલુ છે. તમારો હાથ ક્યાંય અડી ન જાય.' એવી ચેતવણી હોય છે કે નહિ ? તો વિદ્યમાનતાને કોણ ચેતે છે ? આ ચેતવાવાળો કોણ છે ? આના  ડાણમાં ચાલ્યા જાઓ ! વેદન સુધી પહોંચી જાશો.

શ્રોતા :–  ડાણમાં જવા માટેનો વિસ્તાર કરશો.

સમાધાન :– તમને જીવનમાં ક્યારેય Tension થયું છે ? થયું છે ? તે વખતે તમે ક્યાં ચાલ્યા ગયા ? Tension થયું ત્યારે તમે ક્યાં ચાલ્યા ગયા ? કે, જે પણ પ્રસંગ બન્યો છે તેના  ડાણમાં ચાલ્યા ગયા કે નહિ ? હજી એક દૃષ્ટાંત લઈ લઈએ. તીવ્ર અશાતાની વેદના–પીડા થાય છે. ત્યારે એમ બોલાય છે કે, 'મારો જીવ  ડો  ડો  તરી જાય છે.' શું કહે છે ? કે, 'મારો જીવ  ડો  તરી જાય છે.' બેભાન થયા પહેલા એનો Process (પ્રક્રિયા) આ રીતે ચાલે કે, એનો ઉપયોગ અંદરમાં ઘેરાવા મંડે અને  ડો  તરવા મંડે. પછી ભાન ન રહે કે, હું ક્યાં છું ? મને શું થયું ? આ વેદનાનું દૃષ્ટાંત છે (કેમકે) વેદન સમજાવવું છે ને ?

એમ હું મારી હયાતીને જો સ્વીકારું છું તો શેમાં સ્વીકારું છે ? હું કેવી રીતે તેને ચેતું છું ? એ વિષયથી બહાર ન જાઓ એવી રીતે એ વિષયના  ડા મંથનમાં,  ડા ચિંતનમાં અને  ડી શોધમાં જાઓ !  ડી શોધમાં જાઓ...!!

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

કોઈ ચીજ અંધારામાં ખોવાણી હોય તો બહુ ધ્યાનથી જોવું પડે ને ? બહુ ધ્યાનથી જોવું પડે. 'ધ્યાનથી જોવું' તેનું દૃષ્ટાંત આ છે. અંધારામાં ચીજ પડી ગઈ હોય અને ન દેખાતી હોય તો કેવી રીતે ધ્યાન આપીને જોવે કે, સહેજ એની ઝાંખી થઈ જાય તો આખી ચીજને પકડી લે. ચોખ્ખી તો દેખાવાની નથી. અંધારું છે એટલે અજવાળામાં પડી હોય એવી રીતે ચોખ્ખી દેખાવાની નથી. તો ધ્યાનથી, એકદમ ધ્યાનથી... એકદમ ધ્યાનથી જોવે તો એમાં સહેજ ઝાંખી આવી જાય, એની સહેજ આકૃતિ આવી જાય તો જ્ઞાનમાં તો આખી ચીજને પકડે છે કે નહિ ? કે, અહીંયાં લાગે છે, આ અહીંયાં પડી. આ તો અંધારામાં ચમકતો હીરો છે !! પેલી ચીજ તો ન દેખાય એવી છે. આ તો અંધારમાં ચમકતો હીરો, દડતો હીરો છે !! હીરો દડતો હોય તો કેવો ઝડપથી પકડે ? એ સ્થિર થાય એ પહેલાં પકડી લે કે નહિ ? દડતો હીરો, પ્રકાશતો હીરો આમ ચાલ્યો જતો હોય તો એ સ્થિર થાય એ પહેલાં પકડે કે નહિ ? કેવી ઝડપ મારે !!

આ ઉપયોગ છે દડતો હીરો છે, ચાલુ જ છે. વિષયના ડાણમાં (જવાનો) રસ આવે, શોધવાનો રસ આવે (તો મળી જ જાય). અંતર શોધ ! 'વર્તે અંતરશોધ' ! ('આત્મસિદ્ધિ' ૧૦૯ નંબરની ગાથામાં આવે છે). એમ તો જ્યારે અંદરમાં શોધ વર્તે ત્યારે એક પદ એવું (આવે) છે, 'સદ્‌ગુરુ બોધ સુહાય' (કૃપાળુદેવે) એ પદ લખ્યું છે. 'આત્મસિદ્ધિ' (૪૦મી ગાથાની) કડી છે. ત્યારે શું થાય ? કે, 'સદ્‌ગુરુ બોધ સુહાય' કેમકે એ જેને ગોતે છે (સદ્‌ગુરુ) એ વાત કરે છે. એટલે એ વાત એને ગમે છે. કેમકે એ એનું મંથન છે, એ એની ખોજનો વિષય છે. ત્યાંથી એ નીકળી શકતો નથી, ત્યાંથી એ છૂટી શકતો નથી, એટલે એને એ વાત ગમે છે. 'સદ્‌ગુરુ બોધ સુહાય' ! એવી દશા આવે. **'આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય'**

(ચાલતા પત્રમાં) આ જે વચનામૃત છે એ આખી નોંધમાં આત્માને પ્રગટ, બહુ જ પ્રગટપણે દેખાડી દે એવું છે. પ્રગટ આત્માને પ્રગટપણે

દેખાડી દે એવું છે. **તું જો અંદર તારું સ્વસંવેદન પ્રગટ છે ! તું અત્યંત પ્રગટ છો ! તું આત્મા છો ને ! અત્યંત પ્રગટ છો ! જો તો ખરો !! જરાક ધ્યાનથી જો તું !** બીજું જોવાનું બંધ થવું જોઈએ, એ તો સ્વાભાવિક છે. ધ્યાનથી જોવું હોય ત્યારે બીજે ક્યાંય જોવાનું બંધ થવું જોઈએ.

હયાતી અનુભવગોચર થાય છે. પોતે 'ના' પાડતો નથી, 'હું નથી', એમ કહેતો નથી. એનો અર્થ કે, હયાતી અનુભવગોચર થાય છે. સવાલ એટલો છે કે, અનુમાનથી છે કે વેદનથી છે ? કેમકે કોઈ 'ના' તો પાડતું નથી કે, મારી હયાતી નથી. 'હું નથી', એમ તો કોઈ કહેતું નથી. તો 'હું છું, એનું તમે અનુમાન લગાવો છો કે તમને વેદન છે ?' અહીંયાં તો કહે છે કે, સ્વસંવેદનથી પ્રગટ છે. આ વાત છે. અહીંયાં અનુમાન લગાવવાની વાત નથી. હું નથી, એમ આવતું નથી માટે હું છું, એમ નહિ. કેમકે એ તર્કપ્રધાન થયું. તર્કથી પ્રમાણ નથી કરવું, અનુમાનથી પ્રમાણ નથી કરવું, અનુભવથી પ્રમાણ કરવું છે.

**'તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુબોધ;**
**તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.'** ('આત્મસિદ્ધિ'–૧૦૯)

'**તે જિજ્ઞાસુ જીવને**' એટલે જેને અંતર જિજ્ઞાસા છે તે જીવને સદ્‌ગુરુનો બોધ મળે છે એટલે નિમિત્ત નૈમિત્તિક સંબંધે પ્રાપ્ત થાય છે. એટલે એ જે કહેવા માંગે છે એનું એ વાચ્ય પકડે છે. એ અવશ્ય સમકિતને પામે છે. ક્યારે ? (તો કહે છે) અંતરશોધ વર્તે ત્યારે. અંતરશોધની ભૂમિકામાં એને બોધની પ્રાપ્તિ છે અને બોધની પ્રાપ્તિના ફળમાં સમકિતની પ્રાપ્તિ છે. એમ લેવું છે. જિજ્ઞાસુ એટલે મુમુક્ષુ જીવ છે, જ્ઞાનીની વાત નથી. આ મુમુક્ષુ જીવની વાત છે, એને એમ બને છે. એમ કહેવું છે. જો જિજ્ઞાસાની ભૂમિકામાં ન આવે તો ત્યાં સુધી તો એને કોઈ કામ આવે નહિ.

શ્રોતા :– આગલી ગાથામાં એમ લીધું છે કે, '**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ.**'

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે મોક્ષાર્થી હોવો જોઈએ અને અંતર શોધની ભૂમિકામાં આવવો જોઈએ. જિજ્ઞાસાપૂર્વક અંતરશોધની ભૂમિકામાં

આવવો જોઈએ. પછી એને બોધની પ્રાપ્તિ થશે, એને સમકિતની પ્રાપ્તિ પણ થશે. એમ લેવું છે.

(અહીંયાં ચાલતા વિષયમાં) આ જે વચનામૃત છે એ આત્માને જાગ્રત કરી દે એવું છે !! એટલે Concentrate (એકાગ્ર) થવા જેવો વિષય છે. એના વાચ્ય સુધી જાવું જોઈએ. જેમ 'સાકર' શબ્દ કહેતાં સાકરનો આખેઆખો ગાંગડો જ્ઞાનમાં દેખાઈ જાય (તેમ). 'હાથી' કહેતાં સૂંઢવાળું પ્રાણી સીધું જ્ઞાનમાં આવે. ખડો થઈ જાય ! હાથી ખડો થઈ જાય ! 'હાથી' એમ શબ્દ સાંભળે ત્યાં હાથી ખડો થઈ જાય. એમ 'ભગવાનઆત્મા' કહે ત્યાં 'ભગવાનઆત્મા' ખડો થઈ જવો જોઈએ !! (કોઈ એમ કહે કે) 'પણ ત્યાં તો હાથીને જોયો હતો ને એટલે ખડો થયો, અહીંયાં ભગવાનઆત્માને જોયો નથી ને એટલે ખડો નથી થાતો.' તો કહે છે કે, 'જો તારા જ્ઞાનથી. જ્ઞાનસ્વરૂપી અને જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન પ્રગટ છે અને અનુભવગોચર છે, સાકાર છે. એવો જ તારો આત્મા છે. બીજું આત્માનું રૂપ નથી. જ્ઞાનસ્વરૂપી જ તું છો, એ સિવાઈ બીજું રૂપ નથી.'

'**તે આત્મા નિત્ય છે,...**' શું કહે છે હવે ? કે, '**તે આત્મા નિત્ય છે**' જે પ્રગટ અનુભવમાં આવી રહ્યો છે તે સદાય છે. શા કારણથી ? (તેનું) Logic આપ્યું છે. '**...અનુત્પન્ન અને અમિલન સ્વરૂપ હોવાથી.**' તેને કોઈએ ઉત્પન્ન કર્યો નથી, બનાવ્યો નથી અને ક્યારેય એ મેલો થતો નથી. એવું ને એવું સ્વરૂપ (રહે છે). અનંતકાળ નિગોદમાં કષાયકલંકની વચ્ચે રહેવાં છતાં વસ્તુનું સ્વરૂપ એવુંને એવું Intact – કોરેકોરું નક્કોર (છે) !

ભગવાન કહે છે કે, 'હે જીવો ! તમે આનંદો !' કેમ આનંદો ? (તો કહે છે કે) 'તમે એવાને એવા છો ! તમારું કાંઈ બગડ્યું નથી. અંદરમાં કાંઈ બગડ્યું નથી.' '**અમિલન**' એટલે અંદર કોઈ મળ્યું નથી, કોઈ મળતું નથી. Adulteration થતું નથી – ભેળસેળ થતી નથી. અંદર કોઈની મેળવણી થતી નથી. એમાં શું છે કે, કાં તો વસ્તુ નવી ઉત્પન્ન થાય અને કાં તો કોઈપણ મેળવણીથી તેને Creat કરવામાં આવે. (અર્થાત્) એક, બે, ચાર એવા પદાર્થોના મિશ્રણથી કોઈ વસ્તુ બનાવવામાં આવે. કોઈ વસ્તુ ભળીને,

મળીને થઈ. એવી રીતે. એવી રીતે ઘણી વસ્તુ નથી બનતી ? મેળવીને – Mixing કરીને બનાવે જ છે ને ? આમાં કાંઈ Mixing થતું નથી. શીખંડ, લ્યો ! દહીં અને ખાંડની મેળવણી કરીને છણે, Mix કરે ને ? ત્યાં એમ નહીં કહે કે, આ દહીં, ખાંડ છે, ખાઓ ! એમ નહીં કહે. શીખંડ ખાઓ ! એમ કહે. દહીં, ખાંડને ખાઓ, એમ થોડું આપણને કહે છે ? શીખંડ ખાઓ. શીખંડ એટલે શું છે ? કે, દહીં અને ખાંડની મેળવણીથી એક તૈયાર થયેલી વસ્તુ. એમ આ (આત્મા) કોઈ તૈયાર થયેલી વસ્તુ (નથી), મિલનસ્વરૂપ નથી. વસ્તુ મળીને થયેલી નથી, તેમ કોઈએ ઉત્પન્ન કરેલી વસ્તુ નથી. માટે વસ્તુ નિત્ય છે. એવીને એવી સદાય છે. '**તે આત્મા નિત્ય છે, અનુત્પન્ન અને અમિલન સ્વરૂપ હોવાથી.**' આત્મા સદાય છે, એવોને એવો સદાય છે.

હવે કહે છે કે, '**ભ્રાંતિપણે પરભાવનો કર્તા છે.**' પરભાવનો કર્તા (એટલે) એવો અનુભવ થાય છે કે, મેં રાગ કર્યો. એ ભ્રાંતિ છે. બાકી ખરેખર જ્ઞાન રાગને કરતું નથી. અથવા સ્વભાવસ્વરૂપ આત્મા પોતાના સ્વભાવે કરીને રાગને કરી શકતો નથી કે રાગરૂપ પરિણમતો નથી. જો સ્વભાવે કરીને રાગરૂપ પરિણમતો હોય તો સદાય રાગ ચાલ્યા જ કરે, મટે જ નહિ. કેમકે એ તો એનો સ્વભાવ છે. જેમ જ્ઞાન સદાય થયા કરે છે, કેમકે જ્ઞાન એનો સ્વભાવ છે. એને મટાડી ન શકાય પણ રાગને મટાડી શકાય. એટલે (એમ કહ્યું કે), '**ભ્રાંતિપણે પરભાવનો કર્તા છે.**' એ ભ્રાંતિગતપણે વાત છે. અને તેથી '**તેના ફળનો ભો  તા છે.**' એટલે દુઃખનો પણ ભો  તા છે. જ્યારે ભ્રાંતિપણે રાગને કરે છે ત્યારે આકુળતા નામ દુઃખને પણ એ ભોગવતો રહે છે.

પણ '**ભાન થયે સ્વભાવપરિણામી છે.**' 'કૃપાળુદેવ'ની બહુ સરસ શૈલી છે ! આત્મા પોતાના પૂર્ણ શુદ્ધ પર્યાયે પરિણમે એવો જ આત્માનો સ્વભાવ છે. છતાં કેમ તે શુદ્ધ પર્યાયે પરિણમતો નથી ? કારણ કે પોતાના સ્વભાવનું બેભાનપણું વર્તે છે તેથી. જો ભાન થાય તો સ્વભાવરૂપે પરિણમવું સહજ છે. કેમકે સહજ સ્વભાવે પરિણમવું એવો એનો સ્વભાવ

છે. (ફ   ત) ભાન થવાની જરૂર છે.

(અત્યારે) બેભાન છે. 'હું ફલાણો, હું ફલાણી.' જેવું શરીર છે એવો કલ્પી લીધો. નીચો હશે તો નીચો,   ચો હશે તો   ચો, જાડો હશે તો જાડો, પાતળો હશે તો પાતળો, રૂપાળો હશે તો રૂપાળો અને કદરૂપો હશે તો કદરૂપો. એ આત્માનું બેભાનપણું છે. એ બેભાનપણામાં એવી બધી કલ્પના (કરે છે). હું રંક, હું રાજા, હું ગરીબ, હું શ્રીમંત, હું મૂર્ખ, હું પંડિત, હું ગૃહસ્થ અને હું ત્યાગી ! આ બધા બેભાનપણાના ભાવો છે.

હું આત્મા છું. હું ગૃહસ્થ પણ નથી, ત્યાગી પણ નથી. મૂર્ખ પણ નથી અને પંડિત પણ નથી. રાજા પણ નથી અને રંક પણ નથી. મનુષ્ય પણ નથી. પછી સવાલ ક્યાં રહ્યો ? હું આત્મા છું. (મનુષ્યપણું) એ તો કર્મજનિત અવસ્થા છે. એ આત્માનું સ્વરૂપ ક્યાં છે ? એ આત્માનું સ્વરૂપ નથી.

'**ભાન થયે સ્વભાવપરિણામી છે.**' કેટલું સરસ લખ્યું છે !! 'સ્વભાવપરિણામી છે' એમ સીધું નથી લખ્યું. '**ભાન થયે સ્વભાવપરિણામી છે.**' મૂળ સ્વરૂપનું ભાન થાય તો સહજ સ્વભાવરૂપ પરિણમન ચાલુ થઈ જાય. જેમ (પાણીનો) કોક ખોલ્યો એટલે પાણી ધડધડાટ ચાલુ થઈ ગયું. એમ ભાન થયું એટલે એના સ્વભાવનો કોક ખૂલી ગયો ! જેવું ભાન થયું (એવું) સ્વભાવપરિણમન ચાલુ થઈ ગયું. (ફ   ત) ભાન થવાની જરૂર છે.

ભાન ક્યારે થાય ? 'પ્રગટ લક્ષણે ભાન' ! જ્ઞાનનું જે પ્રગટ લક્ષણ છે એનાથી ભાન થાય. કેવા કેવા ટુકડાં આવી જાય છે !! ચાર શબ્દનો ટુકડો છે – '**ભાન થયે સ્વભાવપરિણામી છે.**' ચાર શબ્દ ! એમાં ત્રણ શબ્દ તો બે–બે અક્ષરના છે. કેટલું ટૂંકું વાક્ય છે ! બે શબ્દ તો બે–બે અક્ષરના છે, એક શબ્દ એક અક્ષરનો છે. ત્રણ શબ્દ માટે ફ   ત પાંચ અક્ષર છે. પાંચ અક્ષરના ત્રણ શબ્દ છે. એટલું ટૂંકું વાક્ય છે !! (પણ) મર્મ કેટલો ભર્યો છે ! એમ લાગે કે, બસ ! આટલું જ છે !! (ફ   ત)

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ભાન થવાની જરૂર છે ?! પછી તો સ્વભાવનો બંબો ચાલુ થઈ ગયો !! શ્રીગુરુએ માર્ગને સહેલો કરી દીધો છે. 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'એ એવું બધું લખ્યું છે. 'શ્રીગુરુએ માર્ગને સહેલો કરી દીધો છે.' લખે છે અનુભવની વાત અને વચ્ચે શ્રીગુરુને નાખતા જાય છે !! એમની વાતો એવી આવે છે. 'અનુભવપ્રકાશ' પહેલું ગુજરાતીમાં વાંચ્યું છે, હિન્દીમાં પણ છે, ઢુંઢારી (ભાષામાં) પણ વાંચ્યું છે. અહીં સુધી રાખીએ. (વિશેષ આવતીકાલના સ્વાધ્યાયમાં લેશું).

^ ^ ^

જ્ઞાનસ્વભાવી આત્મા માત્ર જ્ઞાનથી જ ગ્રાહ્ય છે / ગ્રહણ થવા યોગ્ય છે / અનુભવવા યોગ્ય છે. સિવાઈ અન્ય કારણથી - કોઈપણ પ્રકારના શુભ રાગથી અથવા પરાશ્રિત બાહ્ય જ્ઞાનથી ગ્રહણ થવા યોગ્ય નથી. તેથી અન્યથા ઉપાય કર્તવ્ય નથી. અભિપ્રાયમાં - આ વિધિ અંગે જરાપણ ફેર થાય, તો તે વિપરીત અભિનિવેષ / ગૃહીત મિથ્યાત્વ થઈ જાય છે.

*—પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૯૮)*

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૮
## પત્રાંક–૭૧૦ (૪)
## તા. ૨૪-૧૨-૧૯૯૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. આંક–૭૧૦. ગુજરાતીમાં પાનું–૫૧૯ છે. **'ભાન થયે સ્વભાવપરિણામી છે.'** સ્વાધ્યાયમાં આ વચન ચાલે છે. આત્મા સ્વભાવપરિણામી તો છે. સ્વભાવપરિણામી એવું જે આત્માનું સ્વરૂપ છે, એ તો ત્રિકાળ સ્વરૂપ છે. ત્રિકાળ સ્વભાવપરિણામી આત્મસ્વરૂપ હોવા છતાં એ સંસારઅવસ્થામાં સ્વભાવપરિણામે કેમ પરિણમતો નથી ? આ પ્રશ્ન ભો થાય છે.

ફરીથી, આત્મા સ્વભાવપરિણામી છે. એટલે કે સ્વભાવરૂપ પરિણમન કરવું એ તેનું સ્વરૂપ છે. છતાં આપણે અનુભવ કરીએ છીએ કે, અનંતકાળથી સંસારમાં આત્મા પોતાના સ્વભાવરૂપ પરિણમન કરતો નથી. તો આનું શું સ્પષ્ટીકરણ છે ? આનો ખુલાસો શું છે ? (તો કહે છે) **'ભાન થયે સ્વભાવપરિણામી છે.'** જો કોઈને 'આત્મા સ્વભાવપરિણામી છે' એવું ભાન થઈ જાય છે તો સ્વભાવપરિણમન થવા લાગે છે. અનાદિથી એવું ભાન નહિ હોવાથી સ્વભાવપરિણામી હોવા છતાં સ્વભાવરૂપ પરિણમન થતું નથી. તેથી સ્વભાવ છે તે સ્વભાવરૂપ રહી જાય છે, તેનું પરિણમન બહાર નથી આવતું. માટે આત્મસ્વરૂપનું ભાન કરવાનો સત્શાસ્ત્રોમાં ઉપદેશ છે. જ્ઞાનીઓનો પણ એ ઉપદેશ છે કે, આત્મા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
સ્વયંના સ્વરૂપના ભાનમાં આવી જાય તો તેની બધી તકલીફો શાંત થઈ જાય છે અને એ સ્વભાવરૂપ નિરાકુળ, શાંતરૂપ પરિણમન કરવા લાગે છે.

આત્માનો સ્વભાવ તો શાંતસ્વભાવ છે અને શાંતરૂપે પરિણમન કરવું એ જ એનું ત્રિકાળસ્વરૂપ છે. જ્યારે જ્યારે આત્માના પરિણામમાં અશાંતિ થાય છે ત્યારે એમ જ વિચારવું કે, હું બેભાનપણામાં છું. બેભાનપણામાં પણ એટલો વિચાર તો કરી શકે છે કે, હું બેભાન છું એટલે અશાંતિ થઈ રહી છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને બેભાનપણામાં પણ એટલો વિચાર કરવાની તો શિ ત રહે છે કે, આ જે મને અશાંતિ થઈ રહી છે તે મારા બેભાનપણાને કારણે થઈ રહી છે. સ્વરૂપના ભાનમાં કોઈ પણ હાલતમાં, કોઈ પણ પરિસ્થિતિમાં આત્મા શાંતરૂપે પરિણમન કરવા લાગે છે.

આ એનો મર્મ છે કે, સ્વયંનું બેભાનપણું મટી જાય અને પોતે પોતાના સ્વરૂપના ભાનમાં આવી જાય. આ જ આ વચનામૃતનો મર્મ છે.

શ્રોતા :– ભ્રાંતિપણે પરભાવનો કર્તા લીધો અને સ્વભાવમાં પરિણામી શબ્દ લીધો, કર્તા પરિણામી એમ શબ્દ નથી લીધો, તેનું શું કારણ ?

સમાધાન :– (સ્વભાવપણે પરિણમવું) એ તો તેનું ત્રિકાળ સ્વરૂપ છે. જે પરભાવનો કર્તા લીધો છે એ તો ભ્રાંતિને કારણે લીધું છે. સ્વભાવથી પરભાવનો કર્તા નથી. સ્વરૂપથી જો એ પરભાવનો કર્તા હોય તો ત્રણે કાળ પરભાવ થયા કરે, મટે જ નહિ. માટે તેવું સ્વરૂપ નથી. પરંતુ જ્યારે ભ્રાંતિ થાય છે, ભ્રાંતિમાં શું થાય છે કે, વર્તમાન જે કર્મજનિત અવસ્થા છે – 'હું આવો છું' આ જે ભ્રાંતિ છે, તે તેને પરભાવ કરાવે છે.

આ જગતમાં 'હું નિરપેક્ષ આત્મદ્રવ્ય છું.' શું લેવું છે ? આખા વિશ્વમાં હું એક આત્મદ્રવ્ય છું, જે નિરાલંબ નિરપેક્ષ છું. મને કોઈના આલંબનની આવશ્યકતા નથી અને મને કોઈની અપેક્ષા નથી. હું અપેક્ષાવાળો નથી. એવું આત્મદ્રવ્ય હું છું – એવા ભાનમાં શાંતસ્વભાવરૂપ પરિણમન ચાલુ રહેશે. અને આવું ભાન નથી તો ભ્રાંતિ થઈ ગઈ કે, હું ફલાણો, ફલાણો, ફલાણો છું. માટે આમ હોવું જોઈએ, તેમ હોવું

જોઈએ, આમ હોવું જોઈએ, તેમ હોવું જોઈએ. હું દેશમાં કંઈ નથી, મારા દેશમાં હું મારા દેશનો વતની નથી. મારા ગામમાં હું આ ગામવાળો નથી. મારા આ Groupમાં હું આ Groupવાળો નથી અને મારા કુટુંબમાં હું કોઈ સંબંધવાળો નથી. મારા પરિવારમાં હું કોઈ સંબંધવાળો નથી. હું જગતનું એક સ્વતંત્ર દ્રવ્ય છું, આત્મદ્રવ્ય છું. નિરાલંબ, નિરપેક્ષ છું. આવું ભાન થતાં શાંત... શાંત... શાંત... શાંત... આત્મશાંતિનું પરિણમન રહેશે. કેમકે એવું તેનું સ્વરૂપ છે, સ્વભાવ છે. (જો) ભ્રાંતિ થઈ તો પરભાવ થયા જ કરશે અને અશાંતિ થશે અને વધતી જ જાશે. (અશાંતિ) થશે તો ખરી પણ વધતી પણ જાશે.

શ્રોતા :– બેભાનપણામાં અશાંતિ વધતી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બેભાનપણામાં અશાંતિ વધતી જાય છે. સ્વરૂપનું બેભાનપણું છે પરંતુ કર્મજનિતપર્યાયનું સભાનપણું છે. તેથી અશાંતિ વધે છે. હું ફલાણો... ફલાણો... ફલાણી... ફલાણી... આ જે કર્મજનિત અવસ્થા છે તેનું સભાનપણું છે. આ જ તેને અશાંતિનું કારણ છે. બેભાનપણું એટલે માણસ બીમારીને કારણે બેશુદ્ધ થઈ જાય છે, એ નહિ. અહીંયાં તો બેભાનપણું એટલે કર્મજનિત અવસ્થાનું સભાનપણું અને મૂળ સ્વરૂપનું બેભાનપણું. આવી અવસ્થા છે અને આ અવસ્થા રોગિષ્ટ અવસ્થા છે. આ ભાવરોગ છે, પરિભ્રમણના કારણરૂપ છે, ફળસ્વરૂપે પરિભ્રમણ થાય છે અને જીવ દુઃખી... દુઃખી... દુઃખી... બહુ દુઃખી થાય છે.

(હવે કહે છે) '**સર્વથા સ્વભાવપરિણામ તે મોક્ષ છે.**' જ્યારે ભાન થાય છે (ત્યારે) સ્વભાવરૂપ પરિણમન થવા લાગે છે. જ્યારે પૂરેપૂરા સ્વભાવપરિણામ થાય છે તેને ભગવાન 'મોક્ષ' કહે છે. મોક્ષ કોઈ સ્થાન નથી, કોઈ ક્ષેત્ર નથી, કોઈ સંયોગ નથી, કોઈ વિયોગ નથી. સ્વયંના પરિપૂર્ણ સ્વભાવરૂપ પરિણામ – જેવું સ્વરૂપ છે તથારૂપ સંપૂર્ણ શુદ્ધ પરિણામ તેને 'મોક્ષ' કહે છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' તેને જ મોક્ષ કહે છે.

મોક્ષની પરિભાષા જ્ઞાનીઓએ અનેક પડખેથી કહી છે. અહીંયાં

**'સર્વથા સ્વભાવપરિણામ તે મોક્ષ છે.'** એમ કહ્યું છે. કોઈ કહેશે કે, નિષ્કર્મ અવસ્થારૂપ મોક્ષ છે. કોઈ કહેશે કે, પરિપૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે. (એ રીતે) અનેક પ્રકારે મોક્ષની પરિભાષા છે. કારણ કે તેમાં અનેક ગુણો પ્રગટ થાય છે. મોક્ષમાં સર્વ ગુણો સંપૂર્ણ શુદ્ધ(પણે) પ્રગટ થાય છે. (તેથી) યારેક કોઈ ગુણથી, ક્યારેક કોઈ ગુણથી, ક્યારેક કોઈ ગુણથી મોક્ષની પરિભાષા આવે છે. તે બધી સત્ય છે.

**'સદ્ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર અને સંયમાદિ તેનાં સાધન છે.'** સૌથી પહેલાં, સૌથી મોટું સાધન 'સદ્ગુરુ' છે. સદ્ગુરુ જેવું કોઈ સાધન નથી. સદ્ગુરુ સાધન છે, સત્સંગ પણ સાધન છે. તેથી સત્સંગરૂપ સાધનનું સેવન મુમુક્ષુએ હંમેશાં હંમેશાં કરવું જોઈએ. કોઈ પણ પરિસ્થિતિમાં સત્સંગનો ત્યાગ કરવાનો નિર્ણય ન લેવો. બીજા બધા પદાર્થનો ત્યાગ કરવાનો નિર્ણય લો એમાં કોઈ આપત્તિ નથી. પરંતુ સત્સંગનો ત્યાગ કરવાનો નિર્ણય ન લેવો. આ એક સાધન છે. આ સાધન છૂટી ગયું તો પછી તરવાનો કોઈ ઉપાય રહેશે નહિ.

'**સત્શાસ્ત્ર**' જ્યારે સત્સંગ ન મળે ત્યારે એક Alternative વાત છે – સત્શાસ્ત્રની, તે પણ સાધન છે. અને તે પણ ઉપલબ્ધ ન હોય, શાસ્ત્ર પણ ઘરમાં ન હોય અથવા એવી કોઈ પરિસ્થિતિમાં હોઈએ કે જ્યાં આપણા હાથમાં શાસ્ત્ર પણ ન હોય અને સત્સંગ પણ ન હોય, ગુરુ પણ ન હોય ત્યારે '**સદ્વિચાર**'માં રહેવું.

શ્રોતા :– વગર ગુરુએ સદ્વિચાર ઉત્પન્ન થઈ શકે છે ખરા ?

સમાધાન :– નહિ, સદ્ગુરુ તો પહેલાં જોઈએ. એ ન હોય તો સત્સંગ જોઈએ, એ ન મળે તો સત્શાસ્ત્ર જોઈએ, તે પણ ન હોય તો શું કરવું ? એ ન હોય તો આત્મકલ્યાણના વિચાર કરવા. સદ્વિચાર એટલે આત્મકલ્યાણના વિચાર કરવા. આત્મકલ્યાણના વિચારમાં સદ્ગુરુ અને સત્સંગના વિચાર પણ આવ્યા વિના રહેશે નહિ. તે પણ વચમાં આવી જશે. તેને પણ 'સદ્વિચાર' કહે છે.

શ્રોતા :– ભાઈશ્રી ! આપે કહ્યું કે, સત્સંગને છોડવાનો ક્યારેય વિચાર

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ન કરવો, એમ કેમ ન કહ્યું કે પરમ સત્સંગને છોડવાનો ક્યારેય વિચાર ન કરવો ?

સમાધાન :– હા, ઠીક છે. સત્સંગ કહો, પરમ સત્સંગ કહો. જ્યાંથી જેને લાભ થાય તે કરવું. ચાહે સત્સંગ હો, ચાહે પરમ સત્સંગ હો. પોતાના પારમાર્થિક લાભને જોવાનો છે.

'**...અને સંયમાદિ તેનાં સાધન છે.**' 'સંયમ' એટલે વૃત્તિને સ્વચ્છંદ (થતાં) રોકવી. અહીંયાં સંયમ એટલે મુનિદશામાં કે પંચમ ગુણસ્થાનમાં જે સંયમ હોય છે એ વાત નથી. સંયમ એટલે પોતાની ભૂમિકામાં જે સંયમિત વૃત્તિ હોવી જોઈએ, તે હોવી જોઈએ. એ '**...સંયમાદિ તેનાં સાધન છે.**'

'**આત્માના અસ્તિત્વથી માંડી નિર્વાણ સુધીનાં પદ સાચાં છે, અત્યંત સાચાં છે, કેમકે પ્રગટ અનુભવમાં આવે છે.**' શું કહે છે ? કે, આત્મા છે... ઉપદેશનું એક પદ છે કે, આત્મા છે, તો એ પદ સાચું છે. ત્યાંથી માંડીને આત્માનો મોક્ષ થઈ જાય (એ બધાં પદ સાચાં છે). પ્રથમ ઉપદેશ શું દેશે ? કે, આત્મા છે. તમે શ્રદ્ધા કરો, વિશ્વાસ કરો કે આત્મા છે. શ્રદ્ધાનું કાર્ય અસ્તિત્વને ગ્રહણ કરવાનું છે. તો સૌથી પહેલાં શ્રદ્ધાનું પરિણમન ચતુર્થ ગુણસ્થાનમાં થાય છે. ત્યાંથી માંડીને (એટલે કે) ચતુર્થ ગુણસ્થાનથી માંડીને નિર્વાણ પદનો જે ઉપદેશ દીધો છે તે બધી અવસ્થા અને તેનો ઉપદેશ સાચાં છે, અત્યંત સાચાં છે. '**...કેમકે પ્રગટ અનુભવમાં આવે છે.**' જ્ઞાનીઓએ કહ્યું છે, શાસ્ત્રમાં લખ્યું છે માટે નહિ. અમારા અનુભવમાં એ વાત પ્રગટપણે આવી રહી છે.

શાસ્ત્રમાં આ બધાં પદ કહ્યાં છે. આત્માના અસ્તિત્વથી માંડીને નિર્વાણપદ (સુધીનો) ઉપદેશ દીધો છે તે બિલકુલ સાચો છે. તેમાં કોઈ સંદેહ કરવાની જગ્યા નથી. નિઃશંક સાચો છે અને અમારો અનુભવ પણ એ જ બોલે છે.

'**ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી...**' ઉપર કહ્યું ને ? '**ભ્રાંતિપણે પરભાવનો કર્તા છે.**' '**...શુભાશુભ કર્મની ઉત્પત્તિ થાય છે.**'

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પરભાવના કર્તાપણાનું ફળ શું આવ્યું ? કે, કાં તો શુભ કરશે કાં તો અશુભ (ભાવ) કરશે. ભ્રાંતિમાં પડેલો જીવ શુદ્ધપરિણામ નહિ કરી શકે. કેમકે શુદ્ધ પરિણામ કરી શકવાની તેનામાં કોઈ શ િ ત નથી, કરી શકશે જ નહિ.

શ્રોતા :– ભાઈશ્રી ! આત્માના લક્ષે જે પરિણામ થાય છે તે શુદ્ધ પરિણામ છે ?

સમાધાન :– હા, આત્માના લક્ષે શુભાશુભ ભાવરહિત આત્મભાવ થાય છે તે શુદ્ધ પરિણામ છે. જે ભ્રાંતિમાં પડ્યો છે કે, 'હું ફલાણો છું, હું મનુષ્ય છું' તેને શુદ્ધ પરિણામ ક્યારેય નથી થતા. તેને બે જ પ્રકારના પરિણામ થશે – કાં તો શુભ કાં તો અશુભ. અર્થાત્ કાં તો તે કષાયના તીવ્ર પરિણામ કરશે અથવા તો કષાયના મંદ પરિણામ કરશે. કષાયનો અભાવ કરીને કષાયરહિત પરિણામ તે નહિ કરી શકે. કારણ કે ભ્રાંતિમાં પડ્યો છે. તેને શુદ્ધ સ્વરૂપનું ભાન નથી અને શુદ્ધ પરિણામ તો શુદ્ધ સ્વરૂપના અવલંબને થાય છે. જ્યારે શુદ્ધ સ્વરૂપનું જ ભાન નથી તો અવલંબન ક્યાંથી આવશે ? શુદ્ધ પરિણામ થશે ક્યાંથી ? તેને કાં તો શુભ પરિણામ થશે, કાં તો અશુભ પરિણામ થશે. એ વાત થઈ જશે.

શ્રોતા :– જેણે લક્ષ બાંધ્યું તેને પણ શુદ્ધ પરિણામ ન થાય ?

સમાધાન :– નહિ, શુદ્ધ પરિણામ તો શુદ્ધાત્મ સ્વરૂપના અવલંબને થાય છે. અવલંબન હાથ આવ્યું કે પરિણામ શુદ્ધ થયા. જ્યાં સુધી અવલંબન નથી (ત્યાં સુધી) પરિણામની શુદ્ધતા નથી. તેને શુદ્ધ થવાની વિશુદ્ધિ કહેવાય છે, પાત્રતા કહે છે, યોગ્યતા કહે છે, પણ હજી શુદ્ધ થયો નથી.

શ્રોતા :– ભાવભાસન પછી આ શુદ્ધભાવ આવે છે ?

સમાધાન :– ભાવભાસન પછી પણ મુખ્યરૂપે ન કહી શકાય. મુખ્યપણે અનુભવ પછી કહેવામાં આવે છે. ભાવભાસન થવામાં શું થયું કે, મિથ્યાત્વ અત્યંત મંદ થયું, અભાવ થવાને લાયક થઈ ગયું. એવી સ્થિતિ થઈ ગઈ અને જે જ્ઞાન છે તે સ્વભાવ સન્મુખ થયું. પુરુષાર્થ પણ

સ્વભાવ સન્મુખ થયો. આ ત્રણ ગુણમાં મોટો ફેર પડ્યો. એટલી વાત છે. પરંતુ શુભ–અશુભ ચાલુ છે. ચારિત્રગુણમાં શુદ્ધતા નથી આવી, વીતરાગતા નથી આવી. ચારિત્રગુણમાં વીતરાગતા ચોથા ગુણસ્થાને આવે છે.

શ્રોતા :– આત્મભાવ અને આત્મવિકલ્પમાં મુમુક્ષુ ભેદ પાડી શકે છે, તો એ આત્મભાવનો જે પરિચય થયો તો શું તે શુદ્ધભાવ નથી ?

સમાધાન :– શુદ્ધભાવ તો વીતરાગભાવને કહે છે. શ્રદ્ધા, જ્ઞાનના પરિણમનમાં જે ફેરફાર થયો અને આત્મભાવ થયો તેને શુદ્ધભાવ કહેવાતા નથી, કારણ કે વીતરાગતા નથી થઈ. શ્રદ્ધા, જ્ઞાનમાં ફેરફાર થયો એ વાત ઠીક છે, પરંતુ શ્રદ્ધા મિથ્યા તો છે ને ? તેની જાતિ તો સમ્યક્ નથી થઈ ને ? ધર્મ તો 'દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' છે. ત્રણે (ગુણની) એકતા થવી જોઈએ. 'કૃપાળુદેવે' 'મૂળમાર્ગ સાંભળો...' (કાવ્યમાં) શું કહ્યું ? '**જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ, જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.**' '**બુધ**' એટલે જ્ઞાની. સિદ્ધાંતમાં જ્ઞાનીઓએ મોક્ષમાર્ગ આવો બતાવ્યો છે. એની પહેલાં જો આપણે મોક્ષમાર્ગ કહીએ તો સિદ્ધાંત તૂટે છે. શું થાય છે ? સિદ્ધાંત તૂટે છે. કેવી રીતે તૂટે છે ? કે, શ્રદ્ધાની જાતિ મિથ્યા છે. તેને તમે ધર્મ છે, એમ કેવી રીતે કહેશો ? ભલે પાતળું છે, પણ છે તો મિથ્યાત્વ ને ? પાતળું પણ છે તો મિથ્યાત્વ ને ? સમ્યક્ તો નથી ને ? તેમાં આપણે રાજી થવું નથી કે, ચાલો, પાતળું તો પડ્યું ને ! એમાં રાજી નથી થાવું.

શ્રોતા :– સિદ્ધાંત તૂટે છે એટલે મિથ્યા કહેવું છે કે વાસ્તવમાં મિથ્યા જ છે ?

સમાધાન :– મિથ્યા છે એટલે સિદ્ધાંત તૂટે છે. સિદ્ધાંત કેમ તૂટે છે ? કેમકે શ્રદ્ધા મિથ્યા છે એટલે સિદ્ધાંત તૂટે છે. તો તેને મોક્ષમાર્ગ કેમ કહેવાય ? તેને ધર્મ કેમ કહેવાય ? તેથી 'સમયસાર'ની ૧૪૩ (નંબરની) ગાથામાં લખ્યું કે, છેલ્લી હદ સુધીના સ્વરૂપના વિકલ્પમાં રહ્યો છે અને અનુભવમાં નથી આવ્યો તો તેથી શું થયું ? તેથી શું ? તને ભાવભાસન

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

થયું, સમ્યક્‌સન્મુખ થયો, પણ હજી તને નિશ્ચયનયનો પક્ષ રહ્યો છે, હજી તું પક્ષવાળો છો, નિષ્પક્ષ નથી. આ માર્ગમાં – વીતરાગમાર્ગમાં નિષ્પક્ષ જોઈએ. વીતરાગમાર્ગમાં પક્ષવાળાનું કામ નથી. સ્વરૂપના પક્ષવાળાનું કામ નથી ! બીજાના પક્ષવાળાનો તો પ્રશ્ન જ નથી રહેતો. તેથી વીતરાગમાર્ગમાં ચાલવાવાળા સમાજમાં પક્ષવાળાનું કોઈ સ્થાન નથી. Not allowed, Not permitted ! તેની પરવાનગી નથી મળતી.

શ્રોતા :– આવું બને છે તો આજ્ઞાવિરુદ્ધતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો બહુ વિરુદ્ધતા છે. પ્રશ્ન જ ભો નથી થતો. ત્યાં આજ્ઞા છે જ ક્યાં ? અહીંયાં તો સ્વરૂપના પક્ષવાળાને એમ કહ્યું કે, તેથી શું ? અર્થાત્ તેમાં કંઈ નથી. અમે તેની કોઈ કિંમત નથી કરતા.

શ્રોતા :– પૂર્ણતાના લક્ષવાળો તો એવું કરશે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બારમા ગુણસ્થાન સુધીની પર્યાય હોય તોપણ કહે છે કે, મને આ અધૂરી વાતનું પોષાણ નથી. મુનિદશામાં આ વાત કહેશે કે, અમૃત તો આવે છે પણ ધીમી ધારથી આવે છે ! અમને ધીમી ધાર નહિ ચાલે !! આ ચાલશે નહિ. અમને તો પૂરેપૂરું જોઈએ. અમારો અધિકાર તો પૂરાનો છે, અમે અધૂરું શું કામ રાખીએ ? કેમ લઈએ ?

એક બાપના બે દીકરા હોય અને બાપ પોતાની મૂડી દેવા માંગે છે, તો બન્ને દીકરા શું કહેશે ? ‘પચાસ–પચાસ ટકા વહેંચી દો.’ બાપ કહે છે કે, ‘જુઓ ભાઈ ! મને આનો થોડો પક્ષ છે તો તેને એકાવન ટકા આપીશ અને બીજાને ઓગણપચાસ (ટકા) રહેશે.’ દીધો તો એક (ટકો) પણ ફરક થયો બે (ટકાનો). ઓગણપચાસ અને એકાવનમાં ફરક તો બે નો થઈ ગયો ને ? વધારે આપ્યો એક ટકો પણ ફરક થયો બે ટકાનો. મંજૂર કરશે ? (ત્યારે બીજો દીકરો શું કહેશે ?) ‘જુઓ ! હું મારી ઉદારતાથી પૂરું આપી દઉં, ઓગણપચાસ ટકા આપી દઉં. પણ મારો અધિકાર પચાસ ટકાનો છે. મારા અધિકારમાં મને એક ટકો પણ ઓછો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

નહિ ચાલે.'

એવી રીતે જેને સ્વરૂપનું ભાન છે એ કહેશે કે, મને તો પૂરેપૂરું સ્વરૂપ જોઈએ, મને અધૂરું નહિ ચાલે. બારમું ગુણસ્થાન પણ અધૂરું છે એ નહિ ચાલે. સમ્યક્સન્મુખની તો વાત ક્યાં રહી ? ભાવભાસનની વાત ક્યાં રહી ? બારમા ગુણસ્થાન સુધીનું અધૂરું મને નથી ચાલતું. મારો અધિકાર પૂરાનો છે, મને પૂરું જોઈએ. અને મને પૂરું મળી ગયું તો એમાં શું વધારે મળી ગયું ? એ તો મારો અધિકાર છે. એમાં કાંઈ વધારે તો નથી મળી ગયું ને ? એ તો મારો અધિકાર હતો તે મને મળ્યું છે ! માટે એમાં કોઈ મોટી વાત નથી. અહીંયાં સુધી આવવું જોઈએ. ભાવભાસન (થઈ ગયું) કે થોડી યોગ્યતા થઈ ગઈ કે આગળ વધ્યા તો તેમાં કોઈ રાજી થવાની વાત નથી. એ તો બહુ સામાન્ય વાત છે.

શ્રોતા :– જેને પૂર્ણતાનું લક્ષ છે તેને તો કેટલું બાકી છે, એ દેખાય છે, તેને સંતોષ ક્યાં થવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એ (વીસ દોહરામાં) આવ્યું ને ? '**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહિ**' મને તો અહંભાવ થઈ જાય છે. થોડું–ઘણું થાય ત્યાં અહંભાવ થઈ જાય છે. મારો સ્વધર્મ તો પૂર્ણ થવો જોઈએ.

(અહીંયાં) શું કહે છે ? '**ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી શુભાશુભ કર્મની ઉત્પત્તિ થાય છે.**' ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી... એક આ સ્થિતિ રહી (અર્થાત્) ભ્રાંતિની સ્થિતિ રહી, ભ્રાંતિ થઈ તો પરભાવ થશે (અને) કર્તાપણે પરભાવ થશે. તેનું કર્તૃત્વ થઈ જશે અને ભો  તૃત્વ પણ થઈ જશે. તેના ફળસ્વરૂપે શુભ અને અશુભ, શુભ અને અશુભ પરિણામ થવા લાગશે. શુદ્ધ પરિણામ થવાનો કોઈ અવસર આવશે નહિ.

શુદ્ધ પરિણામ થવા અર્થે પરભાવનું કર્તૃત્વ મટી જવું જોઈએ. પરભાવનું કર્તૃત્વ ત્યારે મટે છે કે જ્યારે સ્વરૂપની નિર્ભ્રાંત દશા થાય છે, સ્વરૂપ વિષયક ભ્રાંતિ મટી જાય છે ત્યારે થાય છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આમ તો વાત સરળ છે પણ અસરળ કરી નાખી છે, કરી નાખી છે અથવા થઈ ગઈ છે. 'હું ફલાણો... ફલાણો...!' જ્યારે તું આત્મા છો, તો 'હું આત્મા છું', એમ લેવામાં તને શું આપત્તિ છે ? જ્યારે તું આત્મા છો, તું માને તોપણ આત્મા છો, ન માને તોપણ આત્મા તો છો જ. જ્યારે તું જીવ છો, આત્મા છો તો એમ માનવામાં તને તકલીફ કઈ વાતની છે એ બતાવ ને ? 'ના, ના, હું ફલાણો... ફલાણો.. ના, ના, હું ફલાણી... ફલાણી...' શું વાત છે આ ? આમ માનીને કાં તો કષાય તીવ્ર કરશે કાં તો કષાય મંદ કરશે. (ફળસ્વરૂપે) પરિભ્રમણના ચક્કરમાંથી છૂટશે નહિ. ભયંકર પરિભ્રમણને પ્રાપ્ત કરશે.

શ્રોતા :– 'ભાન થયે સ્વભાવપરિણામી છે' આ વાત જો સમજાઈ જાય તો જીવ ભાન કરી લે.

પૂજ્ય ભાઈશ્રી :– Tone કેટલો સરસ છે ! '**ભાન થયે સ્વભાવપરિણામી છે.**' બસ, એટલું જ કરવાનું છે. કેટલું કરવાનું છે ? ભાન કરવાનું છે. ભાન કેવી રીતે થાય ? કે, જેવું છે તેવું જુઓ. જોવાનું જ છે, કરવાનું કંઈ નથી. 'અનુભવપ્રકાશ'માં આવશે, કાલે આવશે. 'માત્ર નિહાળવાનું છે.' 'નિજ નિહાળ' ! નિજને નિહાળો ! જેવો છે તેવો. બીજું કાંઈ કરવાનું નથી.

હું મનુષ્ય નહિ, પણ મુમુક્ષુ તો ખરો કે નહિ ? ના, મુમુક્ષુ પણ નથી, ત્યાગી પણ નહિ, ગૃહસ્થી પણ નહિ, મુનિ પણ નહિ, પંડિત પણ નહિ, મૂર્ખ પણ નહિ, કોઈ નહિ. કોઈ પણ કર્મજનિત અવસ્થા મારી નથી. માટે 'મૂળમાર્ગ...' (કાવ્યમાં) ચારિત્રને 'અણલિંગ' લીધું છે. ચારિત્રને કેવું બતાવ્યું ? 'અણલિંગ' ! ચારિત્રનું કોઈ ચિહ્ન નથી. મુનિદશા ચારિત્રનું ચિહ્ન છે કે નથી ? કહે છે કે, નથી. 'સમયસાર'ની ૪૧૩ (ગાથામાં) ના પાડી. '**पाषण्डिलिङ्गेषु**' શું કહ્યું ? 'પાષંડ' શબ્દમાંથી 'પાખંડ' શબ્દ આવ્યો. જે લિંગ છે એ બધા પાખંડ છે. લિંગ એટલે વેશ. આ સવસ્ત્રદશા, નિર્વસ્ત્રદશા, આ પીતાંબર, આ સફેદવસ્ત્ર(ધારી), આ ફલાણા.. તિલક, જટા વગેરે (પાખંડ છે). આત્મા 'અલિંગ' છે. તેથી તો તેને 'અલિંગગ્રહણ'

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

કહ્યો. અલિંગગ્રાહ્ય ન કહ્યું, અલિંગગ્રહણ કહ્યું. નામ આપી દીધું.

(અહીંયાં) શું કહે છે ? '**ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી...**' ભ્રાંતિથી પરભાવ કર્તાપણે થઈ જાય છે અને શુભાશુભ ભાવ થાય છે. તે શુભાશુભ ભાવના નિમિત્તે શુભાશુભ કર્મ ભોગવે છે. કર્મ ઉત્પન્ન થાય છે, કર્મ બંધાય છે. તે '**કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે.**' જે શુભાશુભ કર્મ બંધાણા તેને તેણે ભોગવવા પડશે. ઇચ્છા નહિ હોય તોપણ વિવશ થઈને ભોગવવા પડશે. એવી વાત છે. સભાન અવસ્થા પણ ક્યારેક જે અલ્પ કર્મ બંધાય છે ને ? તે પણ ભોગવવા પડે છે, તો બેભાનપણામાં જે કર્મ બંધાય છે તેને તો ભોગવવા પડશે જ પડશે.

જેમકે તીર્થંકર ભગવાનને તીર્થંકર પ્રકૃતિનો બંધ સભાન અવસ્થામાં થાય છે, બેભાન અવસ્થામાં નથી થતો. જ્ઞાનદશામાં તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. કેટલીક કર્મ પ્રકૃતિ એવી છે કે જે અજ્ઞાન અવસ્થામાં બંધાતી જ નથી. ૧૪૮ કર્મ પ્રકૃતિ છે. તેમાંથી ૨૭ કર્મ પ્રકૃતિ એવી છે કે જે સમ્યક્‌દૃષ્ટિને જ બંધાય છે, મિથ્યાદૃષ્ટિને ક્યારેય નથી બંધાતી. તેમાં એક તીર્થંકર પ્રકૃતિ પણ છે. તેમાં નામ અને ગોત્ર બે હોય છે. નામ અને ગોત્ર બન્ને તીર્થંકરના હોય છે (અર્થાત્) તીર્થંકર નામકર્મ અને તીર્થંકર ગોત્રકર્મ. તેના પેટાભેદ પણ હોય છે. તેમનું શરીર સુંદર હોય છે, સમચતુરસ્ત્રસંસ્થાન હોય છે. એમ ઘણી વાતો છે.

જેમકે સર્વાર્થસિદ્ધિનો ભવ. એ સર્વાર્થસિદ્ધિનું આયુ સમ્યક્‌દૃષ્ટિને જ બંધાય છે, મિથ્યાદૃષ્ટિને નથી બંધાતું, કારણ કે ત્યાં બધા સમ્યક્‌દૃષ્ટિ જ હોય છે. ત્યાં કોઈ મિથ્યાદૃષ્ટિ નથી હોતા. આ ૨૭ પ્રકૃતિ છે તે તો સમ્યક્‌દૃષ્ટિને જ બંધાય છે. બીજાને તે પ્રકારનું પુણ્ય સંચય થતું નથી. બધી શુભ પ્રકૃતિ છે, એમાં કોઈ અશુભ નથી, આ પ્રકારનું પુણ્ય સંચય સમ્યક્‌દૃષ્ટિને જ થાય છે, મિથ્યાદૃષ્ટિને નથી થતું. ૧૨૧ (કર્મ પ્રકૃતિ) રહી તેમાંથી સમ્યગ્દર્શન થતાં ૪૧ (પ્રકૃતિનો) નાશ થાય છે. સમ્યગ્દર્શન થતાં જ તેના બંધનો વિચ્છેદ થઈ જાય છે. '**તત્ત્વાનુશીલન**'માં લીધું છે. ૪૧

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

નો નાશ થાય છે. બાકી પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું, દસમું, બારમું, તેરમું અને ચૌદમું એમ નવ ગુણસ્થાન રહ્યાં, નવ ગુણસ્થાનમાં બાકીની ૮૦ પ્રકૃતિ જશે. કોઈમાં છ, કોઈમાં સાત, કોઈમાં આઠ, કોઈમાં નવ જાય છે. એક એક ગુણસ્થાનમાં એવી રીતે નાશ થશે. જ્યારે પહેલો પગ મૂક્યો, મોક્ષમાર્ગની સીડીના પહેલા પગથિયા ઉપર પગ મૂક્યો તો ૪૧ (પ્રકૃતિને) ઉડાડી ! આટલો મોટો લાભ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાવાળાને થાય છે. ૧૨૧ (પ્રકૃતિમાંથી) એક તૃતીયાંશ (પ્રકૃતિ) ગઈ. ૮૦ રહી ને ? ૪૦ x ૩ = ૧૨૦ થયા ને ? સમ્યગ્દર્શન થતાં એક તૃતીયાંશ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે. બાકી નાની મોટી રહી તો કોઈ ગુણસ્થાનમાં છ જશે, કોઈમાં આઠ જશે, કોઈમાં સાત જશે (પણ) જાશે જ જાશે. (મોક્ષમાર્ગના) પ્રવેશમાં એટલો લાભ છે. તેથી મોક્ષમાર્ગને પ્રારંભ જ Grand gala opening છે ! શું છે ? આપણે કરીએ છીએ ને ? કોઈ Opening કરીએ છીએ ને ? તો કહીએ છીએ કે, 'અમારું Opening તો Grand gala opening હોય છે !' એટલે કે બહુ સરસ હોય છે. મોક્ષમાર્ગનું Opening પણ એવું જ છે ! આનંદો...! આનંદ કરો ! ખુશ થઈ જાઓ કે, સમ્યગ્દર્શન થતાં જ આટલો મોટો લાભ થશે !

'**કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે.**' આના પરથી યાદ આવ્યું કે, તીર્થંકરદેવને તેરમા ગુણસ્થાને (અથવા) બધા જ અરિહંતોને ચાહે તીર્થંકર હો, ચાહે સામાન્ય કેવળી હો (તેમને) ચાર અઘાતિ રહ્યા ને ? એ ચારે શુભનો ઉદય છે. નામ, ગોત્ર, વેદની અને આયુ – આ ચારેયમાં શુભનો ઉદય હોય છે. ચારે શુભ પ્રકૃતિ ઉદયમાં બાકી રહી ગઈ, તેને ભોગવવી પડે છે. ક્યાં સુધી ? કે, ક્યારેક ક્યારેક તો અબજો વર્ષો સુધી ભોગવવી પડે છે.

જેમ કે 'સીમંધરસ્વામી' છે. અરિહંત થયા પછી ૧૬ લાખ પૂર્વ આયુષ્યના બાકી રહ્યા. (કુલ) એક કરોડ પૂર્વનું આયુ છે. ૮૪ લાખ પૂર્વ છદ્મસ્થ અવસ્થામાં ગયા. સોળ લાખ પૂર્વ છે એ અરિહંત અવસ્થામાં બાકી રહ્યા છે. એ ભોગવવું પડશે. કર્મ સફળ છે, નિષ્ફળ નથી જતા. ભલે

તેમણે સમ્યગ્દર્શન થયા પછી આ આયુનો, ગોત્રનો, નામનો બંધ બાંધ્યો છે તોપણ ૧૬ લાખ પૂર્વ સુધી (ભોગવવું રહ્યું). એક પૂર્વમાં અબજોના અબજો વર્ષ હોય છે. કેટલા ? એક પૂર્વમાં અબજોના અબજો વર્ષ હોય છે. તે પૂરા થશે ત્યારે સિદ્ધાલયમાં જશે, તેની પહેલા નહિ જાય. (તેથી કહ્યું કે) કર્મ સફળ છે. આયુનું બંધન છે તે છૂટશે નહિ. આત્મા તેને ભોગવે છે. જોકે વીતરાગભાવ હોવાથી તેનું દુઃખ નથી. સરાગભાવમાં કર્મફળ ભોગવતી વખતે આત્માને દુઃખ થાય છે. વીતરાગતામાં તેનું દુઃખ નથી થતું. તેથી (બાહ્ય) સુખ--દુઃખથી કોઈ પ્રયોજન રહ્યું નહિ. એ તો એક જાણવાની વાત છે.

શ્રોતા :– ભાઈશ્રી ! આપે કહ્યું કે સભાનપણામાં જે કર્મબંધન થાય છે તેને પણ ભોગવવું પડે છે, તો જેટલું સભાનપણું છે તેને કારણે કર્મોની નિર્જરા થાય છે, એ વાત પણ છે ને ?

સમાધાન :– નિર્જરા ઘણી થાય છે, બંધ ઘણો અલ્પ થાય છે, ઘણો અલ્પ થાય છે. તોપણ અઘાતિની સ્થિતિ ઘણી લાંબી પડે છે. કર્મનું ગણિત ઘણું વિચિત્ર છે. ઘાતિની સ્થિતિ, અઘાતિની સ્થિતિ તેમાં વિચિત્રતા ઘણી છે. આયુષ્ય, નામ, ગોત્ર એ અઘાતિમાં જાય છે. તેની સ્થિતિ લાંબી પડે છે. બહુ લાંબા આયુષ્ય હોય છે. દેવલોકમાં જશે તો સાગરોપમનું આયુષ્ય હશે. એ (આયુ) તો મનુષ્યથી પણ મોટા છે. આ જે એક કરોડ પૂર્વ છે ને તે પણ આની સામે ઘણું ઓછું છે. એવા સાગરોપમના આયુષ્ય હોય છે. તેત્રીસ સાગરની સ્થિતિમાં સર્વાર્થસિદ્ધિના દેવ જાય છે ! તેત્રીસ સાગર સુધીની જેલ !! કેદી થઈ ગયો. ત્યાંથી છૂટશે નહિ. તેમને તો અવધિજ્ઞાન હોય છે. સૌથી સારું અવધિજ્ઞાન તો ત્યાં હોય છે. તેથી ખબર છે કે, અહીંયાં આયુષ્ય પૂરું થશે, પછી મનુષ્ય થઈશ અને તે મનુષ્યભવમાં મારી મુિ ત થઈ જશે. તોપણ અહીંયાં તેત્રીસ સાગર સુધી બંધનમાંથી હલી શકતા નથી, છૂટી શકતા નથી. કોટડીમાંથી બહાર નથી આવી શકતા. આ વાત છે.

શ્રોતા :– First class જેલ હોવા છતાં !

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

સમાધાન :– પીંજરું સોનાનું હોય કે લોઢાનું હોય, બેડી સોનાની હોય કે લોઢાની હોય, શું ફાયદો ? તમને સોનાની બેડી પહેરાવશું, ખુશ થઈ જાઓ ! પુરુષ હોય તેને બેડી પહેરાવી તો થઈ ગઈ બંગડી ! સારું લાગશે ? પુરુષને બંગડી શોભા દે છે ? તો બેડી પહેરાવી તો શું થયું ?

શ્રોતા :– પુરુષ જો પુરુષાર્થ નહિ કરે તો પહેરાવી દેવાશે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, જો પુરુષ પુરુષાર્થ નહિ કરે તો બંગડી પહેરાવવામાં આવશે !! આ તો હજી 'સ્ત્રી' કહ્યું છે, બાકી 'કુંદકુંદાચાર્ય' જેવા મહાન આચાર્યોએ 'નામર્દ' કહ્યું છે ! 'સ્ત્રી' પણ નથી કહ્યું !! તેને 'નામર્દ' કહ્યો છે. પાવૈયા, હીજડા જેને કહે છે. આમ કહ્યું છે. તેને નપુંસક કહ્યો છે. તેને માટે સંસ્કૃતમાં શબ્દ છે '**क्लीव**' કહ્યું છે. આ શબ્દનો પ્રયોગ કર્યો છે. તેનો અર્થ થાય છે – 'નપુંસક' ! 'જે પુરુષાર્થ નથી કરી શકતો તે નપુંસક છે.' એવું કહ્યું છે. બહુ કડક શબ્દનો પણ પ્રયોગ કર્યો છે. એમાં પણ આચાર્યોની પુરુષાર્થ જગાડવાની વાત છે.

શ્રીગુરુ જગાડે છે, જાગ્રત કરે છે કે, તું જો ! અનંત વીર્યનો તું ધણી છો ! અનંત પુરુષાર્થની તારી તાકાત છે ! હવે તું સમ્યગ્દર્શન જેવો મામૂલી પુરુષાર્થ નથી કરતો !? આ તો પ્રારંભની – પહેલી સીઢીની વાત છે. તેમાં તો કોઈ વ્રત નથી, તપ નથી, કોઈ કઠણાઈ નથી. અરે...! પંચ પરમેષ્ઠીનું નામ નહિ લે તોપણ ચાલશે !

શ્રોતા :– નામ લેવું સહેલું છે, પ્રકૃતિને છોડવી મુશ્કેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રકૃતિમાં પણ શું છે કે, અનંતાનુબંધીની જાતિ બદલાય છે. ક્રોધ, માન, માયા, લોભ રહે છે.

શ્રોતા :– એ વાત તો જુદી છે, અમને તો લક્ષ બાંધવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો પછી  લીવ કહેશે જ કહેશે, એમાં શું છે ? જે પુરુષાર્થ કરે તે ચાહે સ્ત્રી હો, ચાહે નપુંસક હો, તે જ પુરુષ છે. નારકીમાં બધા નપુંસક જ હોય છે. નારકીમાં એક જ જાતિ છે. દેવલોકમાં દેવ અને દેવી બન્ને હોય છે. ઉપરના દેવલોકમાં દેવીઓ નથી હોતી, એકલા દેવ હોય છે. જેમકે સર્વાર્થસિદ્ધ છે તો ત્યાં કોઈ દેવીઓ નથી હોતી. બધા

પુરુષ જ હોય છે. જ્યારે નારકીમાં બધા નપુંસક હોય છે. પરંતુ ત્યાં પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવાવાળો 'પુરુષ' છે. તે નપુંસક નથી કહેવાતો, તે પુરુષ છે. તે ધર્માત્મા છે, તે વંદનીય છે, પૂજનીય છે. એવી વાત છે. એ વાત થઈ એ આત્માના પુરુષાર્થની વાત થઈ.

**'ઉત્કૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીના સર્વ ન્યૂનાધિક પર્યાય ભોગવવારૂપ ક્ષેત્ર અવશ્ય છે.'** આ વિશ્વમાં ભોગ્યસ્થાનરૂપ ક્ષેત્ર હોય છે. તે કેવા–કેવા છે ? કે, ઉત્કૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીની જેટલી Range છે તે બધાનું ફળ ભોગવવાના સ્થાન છે. સાતમી નરકથી લઈને સર્વાર્થસિદ્ધિ સુધી જે પણ ચૌદ બ્રહ્માંડ છે એ આખું કર્મનું ભોગ્યસ્થાન છે. કર્મના ફળને ભોગવવાનું સ્થાન છે. તે પણ અવશ્ય છે. તેમાં પણ કોઈ શંકા કરવાની જગ્યા નથી. લોકો કહે છે ને કે, 'સ્વર્ગ–નરક કોણે જોયાં છે ? કોણ જાણે સ્વર્ગ છે કે નહિ, નરક છે કે નહિ ?' એવું નથી, બધું છે. '**અવશ્ય છે**' એમ લખ્યું છે. 'અવશ્ય' શબ્દ કેમ નાખ્યો ? કેમકે લોકો શંકા કરે છે – એવું હશે કે નહિ હોય, શું ખબર ?

ઉત્કૃષ્ટ શુભથી માંડી ઉત્કૃષ્ટ અશુભ સુધીના ફળ છે તેના હીન–અધિક એવા ઘણાં ભેદ છે, તેમાં અસંખ્ય ભેદ છે. કેટલા ? અસંખ્ય ભેદ છે. શુભના પણ અસંખ્ય ભેદ છે, અશુભના પણ અસંખ્ય ભેદ છે, પ્રકાર છે. ભેદ એટલે પ્રકાર છે. તે બધાનું ફળ ભોગવવાના ક્ષેત્ર પણ છે. એવું નથી કે, કોઈ વ્યવસ્થા નથી. બધું અપરાધ છે, બન્ને અપરાધ છે અને બન્ને અપરાધના ફળને ભોગવવાની વ્યવસ્થા કુદરતના ઘરમાં છે જ. કોઈ પરિણામ નિષ્ફળ નથી અને તેના ફળ ભોગવવાની વ્યવસ્થા અનાદિથી અનાદિ અનંત વિશ્વમાં છે જ.

**'નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે.'** આ કેવળજ્ઞાનની પરિભાષા લખી. જ્ઞાની તેને પણ અનેક પ્રકારે લખે છે. કેવળ એટલે માત્ર. **'કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ'** ('આત્મસિદ્ધિ શાસ્ત્ર' ગાથા–૧૧૩) સદેહે મોક્ષ !

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અહીંયાં તો કેવળજ્ઞાનને કેટલા બધા વિશેષણ લગાડ્યા છે ! '**નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગ**' (અર્થાત્) ઉપયોગનો એક અંશ પણ નિજ સ્વભાવને છોડીને અન્ય કોઈને વિષય કરતો નથી. જેમકે કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે. (પરંતુ) ઉપયોગપૂર્વક નથી જાણતું (એટલે કે) ઉપયોગ નથી દેતા. કેવળજ્ઞાની જગતના પદાર્થ ઉપર ઉપયોગ દેતા નથી. ઉપયોગ તો દેતા નથી પણ ઉપયોગનો એક અંશ પણ ત્યાં દેવામાં નથી આવતો કે, આને જાણીએ ! તેમ છતાં દર્પણમાં જેમ અન્ય પદાર્થનું પ્રતિબિંબ સહજ પડી જાય છે તેવી રીતે શુદ્ધ નિર્મળ જ્ઞાનમાં લોકાલોકનું પ્રતિબિંબ સહજ ઝળકી જાય છે. સહેજે ઝળકી જાય છે, એટલી વાત છે. ઉપયોગ (ત્યાં) જતો નથી. કારણ કે કેવળ ઉપયોગ છે. શેમાં ? નિજ સ્વભાવમાં. નિજ સ્વભાવનું જ્ઞાન છે તેમાં જ ઉપયોગ છે. જ્ઞાનમાં જ ઉપયોગ છે. બહાર ઉપયોગ ગયો નથી.

'**તન્મયાકાર**' હોય છે. તન્મયાકાર એટલે સ્વરૂપમાં તન્મય – લીન (હોય છે). ઉપયોગના એક અંશમાં પણ ચંચળતા હોતી નથી. પૂરો તન્મય હોય છે. આત્માકાર ! કેવળજ્ઞાનમાં પરિપૂર્ણ લીનતા (છે). લીનતા પણ પરિપૂર્ણ (છે), અધૂરી લીનતા નથી. સાધકઅવસ્થામાં લીનતા અધૂરી હોય છે. કેવળજ્ઞાન થાય છે ત્યારે લીનતા (પૂર્ણ હોય છે). લીનતા તો બારમે ગુણસ્થાને પૂર્ણ થઈ જાય છે. કેવળજ્ઞાનમાં તો હોય જ છે. ચારિત્ર ગુણ છે તે બારમે ગુણસ્થાને પૂર્ણ પરિણમી જાય છે. પરિપૂર્ણ શુદ્ધ થાય છે. પૂરું શુદ્ધ પરિણમન થાય છે. ચારિત્રગુણના પર્યાયને જ લીનતા કહે છે. લીનતા છે તે ચારિત્રગુણની પર્યાય છે. કેવળજ્ઞાન તેરમા ગુણસ્થાને થાય છે. બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે પૂર્ણ લીનતા થઈ અને તેરમા ગુણસ્થાનના પહેલા સમયમાં કેવળજ્ઞાન થયું. એક સમયનું અંતર છે, પરંતુ ચારિત્ર પહેલાં પૂર્ણ થાય છે.

'**સહજ સ્વભાવે**' એટલે કૃત્રિમરૂપે નહિ. સહજસ્વરૂપે સહજ પરિણમન આવું થાય છે. સ્વાભાવિક પરિણમનથી (કેવળજ્ઞાન પરિણમે છે).

'**નિર્વિકલ્પપણે**' (એટલે) તેમાં કોઈ વિકલ્પ પણ નથી. પરિપૂર્ણ

નિર્વિકલ્પતા ! નિર્વિકલ્પતા પણ પરિપૂર્ણ ! આવા રૂપે જે આત્મા પરિણમન કરે છે તેવા પરિણમનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. આ કેવળજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે. આ વચનામૃતમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે કે, કેવળજ્ઞાન આવું હોય છે. ભગવાન જેને તેરમા ગુણસ્થાનનું કેવળજ્ઞાન કહે છે તે આવું છે.

હવે 'સમ્યક્ત્વ' કોને કહે છે (તે કહે છે). '**તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે.**' ઉપર જે કેવળજ્ઞાનની વાત કહી તેમાં '**સહજ સ્વભાવે**' વાત આવી ને ? '**સહજ સ્વભાવે**' ! એ સ્વભાવની પણ પ્રતીતિ આવી અને મોક્ષની પણ પ્રતીતિ આવી. તેની વચ્ચે જે પણ અવસ્થા છે તેની પણ પ્રતીતિ થઈ ગઈ. વગર કહે ! તથારૂપ પ્રતીતિ ! તેને શું કહ્યું '**તથારૂપ પ્રતીતિ**' !

તથારૂપ પ્રતીતિપણે શ્રદ્ધાગુણ જે પરિણમન કરે છે અથવા પ્રતીતિરૂપ પરિણમન જેનું હોય છે તેને 'સમ્યક્ત્વ' કહેવામાં આવે છે. આ સમ્યક્ત્વ છે, જેમાં સ્વરૂપની પણ પ્રતીતિ છે અને કેવળજ્ઞાનની પણ પ્રતીતિ છે. સર્વોત્કૃષ્ટ દશાની પણ પ્રતીતિ છે અને સ્વયંના મૂળ સ્વરૂપની પણ પ્રતીતિ છે. આવા પ્રતીતિભાવને જ સમ્યક્ત્વ કહેવામાં આવે છે. તે સમ્યક્ત્વ છે. બહુ જ સંક્ષેપમાં આ સમ્યક્ત્વની પરિભાષા છે. બાકી સમ્યક્ત્વનો વિષય તો બહુ ડો છે અને વિશાળ પણ એટલો જ છે.

જે કારણે અનંત ગુણોના પરિણમનમાં સમ્યક્પણું આવી જાય છે, તે જ સમ્યક્ત્વનો પ્રભાવ છે, પરિણમનમાં તે જ સમ્યક્ત્વનો પ્રભાવ છે !! આવી પ્રતીતિરૂપ સમ્યક્ત્વ આવ્યા વિના અંગ–પૂર્વનું જ્ઞાન હોય તોપણ મિથ્યાજ્ઞાન છે અને અઠ્યાવીસ મૂળગુણ અને શુદ્ધ મુનિપણું પાળે તોપણ મિથ્યાચારિત્ર છે. સમ્યક્ત્વ થયા પછી એક વ્રત, તપ કે પચ્ચખાણ ન હોય અને નવ તત્ત્વના ભેદવાળી સમજણરૂપ જ્ઞાન ન હોય તોપણ તેના જ્ઞાન અને ચારિત્ર બન્ને સમ્યક્ છે. આટલો સમ્યક્ત્વનો પ્રભાવ છે !

'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' બધા ગુણોના કોઈને કોઈ અંશ શુદ્ધરૂપે પરિણમવા લાગે છે તેને જ સમ્યક્ત્વ કહેવામાં આવે છે. આ મૂળ ગુણ

છે. આત્માના સર્વ ગુણોમાં પ્રધાન ગુણ ભલે જ્ઞાન હોય પણ મૂળ ગુણ તો સમ્યક્ત્વ છે. એમ વાત છે. '**दंसण मूलो धम्मो**' ધર્મનું મૂળ, મોક્ષનું મૂળ સમ્યગ્દર્શન છે – સમ્યક્ત્વ છે.

શ્રોતા :– આ સમ્યક્ત્વ હોવાથી જ કોઈ પણ પરિણમનમાં ભિન્નત્વ રહે છે ને ?

સમાધાન :– હા, સમ્યક્ત્વથી શું થાય છે કે, આત્માભિમુખતા છૂટતી નથી, આત્મસન્મુખતા મટતી નથી. જ્યારે આત્મસન્મુખતા રહેશે તો બહારમાં પૂરેપૂરો કેવી રીતે જોડાશે ? સમ્યક્ત્વમાં અંદર જોડાણ હોય છે તો બહારમાં કેવી રીતે જોડાશે ? સીધી વાત છે.

શ્રોતા :– ઉપયોગ બહાર જાય છે પણ ખેંચાણ અંદર રહે છે ?

સમાધાન :– ઉપયોગ છે તે પણ જ્ઞાનપર્યાયનો એક અંશ છે. આ જ્ઞાનપર્યાયનો લબ્ધઅંશ તો આત્મા સાથે જોડાયેલો છે. આજે સવારે ચાલવા ગયા ત્યારે લબ્ધ–ઉપયોગની ઘણી ચર્ચા ચાલી, સવારે ઘણી ચર્ચા ચાલેલી.

'**તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે.**' મોક્ષમાર્ગમાં સમ્યક્ત્વને કારણે સર્વ ગુણો શુદ્ધ થાય છે અને તેની શુદ્ધતા પાંગરતી રહે છે. સમ્યક્ત્વને કારણે તેની શુદ્ધતા પાંગરે છે. કેમ ? કેમકે પ્રત્યેક સમયે સમ્યક્ત્વ પરિણમન કરે છે ને ! એટલે તેનો પુટ લાગે છે. ઔષધિને જેમ પુટ આપવામાં આવે છે તો ઔષધિની તાકાત વધે છે. જેમ કહેવાય છે ને – 'સહસ્રપુટી અબરખ ભસ્મ' તો અબરખ તો અબરખ છે, પણ તેને અગ્નિનો પુટ દીધો એટલે આંચ આપી. રાખ થઈ જાય એટલે ફરીથી તેટલી જ અગ્નિનો પુટ દેવામાં આવે. એવી રીતે હજારવાર અગ્નિ આપી. પછી જે રાખ થઈ તેમાં તાકાત બહુ હોય છે. ટી.બી.માં – ક્ષયરોગમાં જેના ફેફસાં ખલાસ થઈ ગયાં છે તેને ઠીક કરી દેશે. તેને અબરખ ભસ્મ આપે છે. આયુર્વેદમાં જેને ક્ષય રોગ થાય છે તેને અબરખ ભસ્મ ખવડાવે છે તો સારું થઈ જાય છે. અબરખનો ઘણી જગ્યાએ પ્રયોગ થાય છે.

હવે, સમ્યક્ત્વના ભેદ એટલે પ્રકાર કેટલા કેટલા છે (તે કહે છે). એ ત્રણ પ્રકારનું આગળ વર્ણન કરશે. અહીં સુધી રાખીએ.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૯
# પત્રાંક–૭૧૦ (૫)
# તા. ૨૫-૧૨-૧૯૯૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, આંક–૭૧૦. આગમભાષાએ સમ્યક્ત્વના ત્રણ ભેદ છે, ત્રણ પ્રકાર છે. તેની અહીંયાં વ્યાખ્યા કરે છે અને પરિણમનની પ્રધાનતાથી કરે છે. કેમકે ત્રણે ભેદ તો આગમપદ્ધતિમાં જાય છે. અધ્યાત્મપદ્ધતિમાં સમ્યક્ત્વના ત્રણ ભેદ નથી. સમ્યક્ત્વ એક જ પ્રકારનું હોય છે.

અધ્યાત્મ અને આગમમાં શું અંતર છે ? આગમ છે એ કર્મની સાથે પરિણામ, પરિણમનનો ક્યા પ્રકારનો સંબંધ છે ? દ્રવ્યકર્મની અવસ્થા સાથે શું સંબંધ છે ? એવા દૃષ્ટિકોણથી જે કોઈ કથન કે વ્યાખ્યા આવે છે તેને 'આગમપદ્ધતિ' કહે છે. શુદ્ધાત્માના અનુભવથી, શુદ્ધાત્માના અવલંબનથી તે જ પરિણામોની ચર્ચા થાય છે તેને 'અધ્યાત્મપદ્ધતિ' કહે છે. આ ત્રણ પ્રકાર છે તે આગમપદ્ધતિમાં જાય છે. તેમ છતાં 'કૃપાળુદેવે' પરિણમનની સાથે, એ ત્રણે પ્રકારમાં પરિણમનમાં ક્યા પ્રકારની વાત હોય છે, તેની પ્રધાનતાથી અહીંયાં ત્રણ પ્રકાર દેખાડ્યા છે, દર્શાવ્યા છે.

'**નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે...**' કોની ? આત્મસ્વરૂપની. નિરંતર

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પ્રતીતિ રહ્યા કરે '**...તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ.**' ક્ષાયિક સમ્યક્ત્વ ક્યારેય જતું નથી. સાદિ અનંતકાળ તેની પ્રતીતિ નિરંતર રહે છે. કેમ ? (કેમકે) ત્યાં મિથ્યાત્વ પ્રકૃતિનો અને અનંતાનુબંધીની પ્રકૃતિનો, સાતે પ્રકૃતિનો (અર્થાત્) ત્રણ મિથ્યાત્વની અને ચાર અનંતાનુબંધીની, સાતેય દ્રવ્યકર્મની પ્રકૃતિનો ક્ષય થઈ ગયો છે. એટલે કે મૂળમાંથી નાશ થઈ ગયો છે. તેથી તેને 'ક્ષાયિક સમકિત' કહે છે. તે ક્ષાયિક સમ્યક્ત્વનું પરિણમન એવું છે કે તે સાદિ અનંતકાળ પર્યંત નિરંતર રહે છે. જ્યારથી ઉત્પન્ન થાય છે (ત્યારથી) અનંતકાળ સુધી તે નિરંતર રહે છે. તેથી તેને ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે.

'**વચિત્ મંદ, વચિત્ તીવ્ર, વચિત્ વિસર્જન, વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.**' અર્થાત્ આ સાત પ્રકૃતિમાં કેટલીક પ્રકૃતિનો ઉપશમ થાય, કેટલીક પ્રકૃતિનો ક્ષય થાય તેને 'ક્ષયોપશમ સમકિત' કહે છે અને તે ક્ષયોપશમ સમકિતના કાળમાં પ્રતીતિ વચિત્ મંદ થાય છે, વચિત્ તીવ્ર થાય છે. અર્થાત્ ક્યારેક જોરથી પ્રતીતિનું પરિણમન થાય છે. ક્યારેક મંદ પરિણમન દેખાય છે તો ક્યારેક ક્ષયોપશમ સમકિત નાશને પણ પ્રાપ્ત થઈ જાય છે, તેને વિસર્જન કહે છે; તો ત્યાં ક્ષયોપશમ સમકિત રહ્યું નહિ. વચિત્ સ્મરણરૂપ એટલે તેનો નાશ થઈ ગયા પછી તેનું સ્મરણ આવે છે કે, મારી સમ્યક્ત્વદશા આવી હતી. તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવામાં આવે છે. ક્ષયોપશમ સમ્યક્ત્વવાળાને આવા પરિણામ થાય છે.

શ્રોતા :– સાવ વિસ્મરણ થઈ જાય તો પહેલે ગુણસ્થાને ન આવી જાય ?

સમાધાન :– એ તો વિસર્જન થયું – નાશ થયો એટલે પહેલે ગુણસ્થાને તો આવી જ ગયો. પરંતુ તે ક્ષયોપશમ હતું તેથી વિસર્જન થયું.

શ્રોતા :– પછી એને કેવી રીતે સ્મરણ આવે ?

સમાધાન :– સ્મરણ આવવું બીજી વાત છે, પરિણમન આવવું બીજી વાત છે.

શ્રોતા :– યાદ આવી શકે પણ પરિણમન ન રહે, તો તેને ક્ષયોપશમ સમકિત કહેવાય ?

સમાધાન :– નહિ, પણ ક્ષયોપશમ સમકિતવાળાને આવું પરિણમન હોય છે. એટલી વાત છે. એવું સ્મરણ રહે છે.

શ્રોતા :– કઈ પ્રકૃતિનો નાશ થાય ? દરેકમાં જુદું જુદું હોય છે ?

સમાધાન :– એમાં એવું છે કે, સમ્યક્ત્વ પ્રકૃતિનો ઉદય રહે છે અને બાકીની જે છ છે તેમાં કોઈનો ક્ષય અને કોઈનો ઉપશમ (હોય છે). ક્ષય અને ઉપશમ બન્નેમાં અભાવ જ છે, ઉદય અભાવ છે. ઉદય એક જ પ્રકૃતિનો રહે છે. જેને 'સમકિત વેદની' પ્રકૃતિ કહેવામાં આવે છે. એ ઘાતિ પ્રકૃતિ નથી, તે સમ્યક્ત્વનો ઘાત નથી કરતી.

શ્રોતા :– ત્રણે પ્રકૃતિને સમજાવો ને !

સમાધાન :– મિથ્યાત્વ, સમ્યક્ત્વ વેદની અને મિશ્ર. એમાં જે સમકિત વેદની છે તેનો ઉદય રહે છે. મિશ્ર અને મિથ્યાત્વનો નાશ થાય છે.

શ્રોતા :– નાશ કે ઉપશમ ?

સમાધાન :– ઉપશમમાં પણ ઉદય નથી થતો અને ક્ષયમાં પણ ઉદય નથી થતો. કાં તો ક્ષય થાય છે, કાં તો ઉપશમ થાય છે.

શ્રોતા :– સમ્યક્ત્વ મોહનીના ઉદયથી શું થાય ?

સમાધાન :– કંઈ નહિ, કોઈ ફેર નથી પડતો. પરંતુ ભગવાને જોયું છે તેને સમકિત વેદનીનો ઉદય છે, સમકિત મોહનીનો ઉદય છે તો તીવ્ર–મંદતા થાય છે, એટલો ફેર પડે છે. સમકિત નબળું પડવાથી તે અભાવને પણ પ્રાપ્ત થઈ જાય છે અને અભાવને પ્રાપ્ત થાય છે તો તેનું સ્મરણ રહી પણ શકે છે અને નથી પણ રહેતું. બન્ને વાત બને છે.

શ્રોતા :– સમ્યક્ત્વ તો શુદ્ધ જ હોય ને ?

સમાધાન :– હા, પ્રતીતિ ચોખ્ખી છે. પ્રતીતિનો વિષય પણ શુદ્ધાત્મા છે અને પ્રતીતિ પણ પૂરી છે, અધૂરી નથી. પરંતુ તેમાં તીવ્ર–મંદતા આવી શકે છે.

જેને ક્ષયોપશમ સમકિત છે તેને તો એમ લાગે છે કે, મને મારા

આત્મસ્વરૂપની બરાબર પ્રતીતિ છે અને તેમાં મને કોઈ પણ શંકાનું સ્થાન નથી. તેને તો આવું જ લાગે છે. એવા પણ સૂક્ષ્મ કથન છે, સૂક્ષ્મ કથનમાં એવી વાત છે કે, કાંઈક શ્રદ્ધાનનો મળ છે તે કેવળીગમ્ય છે. નથી પોતાને ખબર પડતી કે નથી બીજાને પણ ખબર પડતી. એ વાત અપ્રયોજનભૂત છે. અનુભવમાં તો બરાબર પ્રતીતિ હોય છે, એમાં કોઈ ફરક નથી દેખાતો.

**'તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી, ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.'** સાતેય પ્રકૃતિઓના દ્રવ્યકર્મ સત્તામાં ચાલ્યા જાય છે. કોઈનો ઉદય નથી રહેતો, ઉદયનો અભાવ રહે છે. પરંતુ સત્તામાં સાતેય પ્રકૃતિઓ રહી છે. તેને 'ઉપશમ સમ્યક્ત્વ' કહે છે અને પ્રથમ આવું જ થાય છે. સૌથી પહેલું સમ્યક્ત્વ થાય છે તે ઉપશમ સમ્યક્ત્વ જ થાય છે અને સાતેય પ્રકૃતિ દબાઈ જાય છે. સત્તામાં દબાઈને રહે છે એટલે કે તેની વિદ્યમાનતા રહે છે, ઉદય નથી રહેતો. આવી સ્થિતિ થાય છે. આ જાણવાનો વિષય છે, આ ફ ત જાણવાનો વિષય છે. બીજી કોઈ ખાસ વાત આમાં નથી. એટલે થોડું સ્પષ્ટીકરણ આપીએ છીએ, તેની ઉપર વધારે ચર્ચા નથી કરતા.

**'અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્‌ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ.'** ક્ષયોપશમ સમ્યક્ત્વનું બીજું નામ વેદક સમ્યક્ત્વ પણ કહેવામાં આવે છે. તેમાં અલ્પ પ્રકૃતિનું એટલે કે સમકિત મોહનીનું વેદન રહે છે. સમકિત મોહનીના જે પરમાણુ છે તેનું વેદન અર્થાત્ તેમાં જોડાણ થાય છે. તેને 'વેદક સમ્યક્ત્વ' પણ કહેવામાં આવે છે અને તેને 'ક્ષયોપશમ સમ્યક્ત્વ' પણ કહેવામાં આવે છે.

**'તથારૂપ પ્રતીતિ થયે અન્યભાવ સંબંધી અહંમમત્વાદિ, હર્ષ, શોક ક્રમે કરી ક્ષય થાય.'** આવી પ્રતીતિ થતાં અન્યભાવ સંબંધી જે અહંપણું અને મમત્વપણું આદિ જે કોઈ પ્રકાર છે અથવા ચારિત્રમોહના હર્ષ, શોકના જે પ્રકાર છે, તે પણ ક્રમશઃ, ધીરે ધીરે તેનો પણ નાશ થઈ જાય છે. આ પ્રતીતિ થવાથી ચારિત્રમોહના દોષ પણ ક્રમશઃ નાશ થશે. એકસાથે નાશ નહિ થાય પણ ક્રમશઃ નાશ થઈ જ જશે.

'**મનરૂપ યોગમાં તારતમ્યસહિત જે કોઈ ચારિત્ર આરાધે તે સિદ્ધિ પામે છે. અને જે સ્વરૂપસ્થિરતા ભજે તે સ્વભાવસ્થિતિ પામે છે.**' અસ્તિ–નાસ્તિથી એક જ વાત કરી છે. મનરૂપી યોગમાં એટલે જે ઉપયોગ છે તેના તારતમ્યસહિત. તારતમ્ય એટલે ડિગ્રી. ઉગ્રતાથી કોઈ ચારિત્રની આરાધના કરે છે તો તેને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ આગળ જતાં પોતાના નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. તે ડિગ્રીમાં અસ્તિથી જોવો તો તે સ્વરૂપસ્થિરતા કરે છે. સ્વરૂપસ્થિરતાનું સેવન કરે છે તો તે સ્વભાવસ્થિતિ (પામે છે). સ્વભાવસ્થિતિ કહો કે નિર્વાણપદ કહો, તેની પ્રાપ્તિ તેને થાય છે. આ વાત કહી ચારિત્રની.

'**નિરંતર સ્વરૂપલાભ, સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન એ આદિ સ્વભાવ અંતરાય કર્મના ક્ષયે પ્રગટે છે.**' આ મોક્ષની પર્યાય થઈ. અંતરાય કર્મનો નાશ થવાથી મોક્ષની પર્યાય પ્રગટ થઈ. નિરંતર સ્વરૂપલાભ રહ્યા કરે. પરિપૂર્ણ – પૂર્ણ સ્વરૂપનો લાભ થાય. એ લાભમાં કોઈ કમી ન થાય. કમી ક્યાં સુધી હોય છે ? અંતરાય કર્મનો ઉદય હોય ત્યાં સુધી. સ્વરૂપાકાર ઉપયોગ (એટલે) બધા ગુણોનો સ્વરૂપાકાર ઉપયોગ હોય. એવું જે પરિણમન છે, ઇત્યાદિ સ્વભાવ પૂર્ણ પ્રગટ થઈ ગયો. તે અંતરાય કર્મના ક્ષયે પ્રગટ થાય છે. જો અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ થઈ ગયો તો પૂર્ણ સ્વભાવરૂપ પરિણમન પ્રગટ થઈ ગયું અને પૂર્ણ સ્વરૂપલાભ મળવા લાગ્યો, પ્રાપ્ત થવા લાગ્યો. આ મોક્ષની પરિભાષા થઈ.

'**કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન છે... કેવળજ્ઞાન છે.**' નિરંતર કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન (અર્થાત્) જેવો પૂર્ણ સર્વજ્ઞસ્વભાવ છે તેવું જ જ્ઞાનમાં પરિણમન થયું. તેને 'કેવળજ્ઞાન' કહેવામાં આવે છે. જ્ઞાનગુણ પૂરેપૂરો પ્રગટ થઈ ગયો, નિરાવરણ થઈ ગયો. એ કેવળજ્ઞાન છે.

એ રીતે આ નોંધમાં અનેક પ્રકારના ભાવોની પરિભાષા, ભાવોની વ્યાખ્યા 'કૃપાળુદેવે' સ્વયંના દૃષ્ટિકોણથી, ખાસ દૃષ્ટિકોણથી કરી છે. (અહીંયાં) ૭૧૦ (પત્રાંક) પૂરો થાય છે.

## પત્રાંક–૮૩૩

વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૧, શનિ, ૧૯૫૪

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અ લેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ?

ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

^ ^ ^

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૧૦
## પત્રાંક–૮૩૩ (૧)
## તા. ૨૬-૦૨-૧૯૯૭

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત), પત્રાંક–૮૩૩. '**સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.**' પ્રથમ વચનમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર કર્યા છે કે જે પરમ પુરુષ છે અર્થાત્ સર્વોત્કૃષ્ટ આત્મા છે. જે પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ ગયા છે અને જગતના સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવમાં જેમનાં પરિણામ બિલકૂલ પ્રતિબદ્ધ થતા નથી. પ્રતિબદ્ધ થતા નથી એટલે લાગતા નથી. કોઈપણ અન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં વીતરાગ સર્વજ્ઞ પરમપુરુષના પરિણામ લાગતા નથી.

અનાદિથી સંસારી જીવની સ્થિતિ એ છે કે, બધાના પરિણામ અન્ય દ્રવ્યમાં જ લાગે છે, અન્ય ક્ષેત્રમાં લાગે છે, અન્ય ભાવમાં લાગે છે, પોતાના સ્વરૂપમાં લાગતા નથી. સંસારમાં જીવોની આ હાલત છે. જે વીતરાગ સર્વજ્ઞ થાય છે તેઓ એક એવો અલૌકિક પુરુષાર્થ કરે છે (અર્થાત્) બધા પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પરિણામને છોડાવી પોતાના સ્વરૂપમાં લગાવે છે, સ્થિર થઈ જાય છે. આમ થવું એ કોઈ અલૌકિક પુરુષાર્થનું પરાક્રમ

છે, કોઈ સાધારણ વાત નથી. સાધારણ વાત એટલા માટે નથી કેમકે પરદ્રવ્ય પ્રત્યે જીવના પરિણામ સુખબુદ્ધિને કારણે લાગે છે, આધારબુદ્ધિને કારણે લાગે છે. કોઈને કોઈ સંયોગને આપણે આધાર બનાવી લીધો છે અને આપણી સુખબુદ્ધિ પણ ત્યાં છે. તેથી પરિણામનું તેવા નિશ્ચિત કરેલા પદાર્થો પ્રતિ પ્રતિબદ્ધ થવું અનિવાર્ય થઈ જાય છે. વગર વિચાર્યે પરિણામ દોડે છે, ચાલ્યા જાય છે. એવી પરિસ્થિતિમાં વીતરાગ સર્વજ્ઞ પુરુષે પોતાના સ્વરૂપમાં પરિણામ સંકેલી લીધાં છે, (બહાર જવાની) સ્થિતિ બંધ કરી દીધી. અહીંયાં જ્ઞાનીપુરુષ પણ તેમને નમસ્કાર કરે છે કે, એવા પરમ પુરુષને અમે નમસ્કાર કરીએ છીએ.

પરિણામ જેટલા પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં લાગે છે તેટલા પરિણામ તેટલા પ્રમાણમાં – તેટલા અનુપાતમાં દુષિત થાય છે, દોષની ઉત્પત્તિ પણ અહીંયાંથી થાય છે. સુખબુદ્ધિને કારણે, આધારબુદ્ધિને કારણે, પોતાપણાને કારણે અને કર્તા–ભો તાબુદ્ધિને કારણે પરિણામ લાગે છે અને પરિણામમાં દોષની ઉત્પત્તિ (થાય છે). મોહ, રાગ, દ્વેષ આદિ મલિન પરિણામ ઉત્પન્ન થાય છે. આ મલિનતાને કારણે જીવને પોતાને દુઃખ થાય છે અને તેના ફળસ્વરૂપે ચારે ગતિમાં પરિભ્રમણ કરવાની પરિસ્થિતિ રોકી નથી શકાતી. બંધ નથી કરી શકાતી.

આ જીવનમાં જેટલા રાગ, દ્વેષ, મોહ કર્યા, તેને ભોગવવા માટે – બાંધેલા કર્મોને ભોગવવા માટે આયુષ્ય પૂરું થતાં જ અનિવાર્યપણે જાવું પડશે (અને) બહુભાગ જીવ દુર્ગતિમાં જાય છે. જે જીવો સમ્યક્માર્ગમાં નથી આવતા એવા જીવો દુર્ગતિમાં ચાલ્યા જાય છે અને ત્યાં ઘણાં દુઃખને ભોગવવા પડે છે. આવા દુઃખોથી બચાવવા અર્થે જ્ઞાનીઓએ નિષ્કારણ કરુણાથી સાચો રસ્તો બતાવ્યો. જો કોઈને દુઃખથી છૂટવું છે; દુઃખથી છૂટવું છે એનો અર્થ એમ નથી કે, અનુકૂળતા પ્રાપ્ત કરવી છે અને પ્રતિકૂળતા મટાડવી છે, એ વાત નથી. અહીંયાં તો આકુળતાથી, Tensionના દુઃખથી, આકુળતાના દુઃખથી છૂટવું હોય અને નિરાકૂળ સુખ, શાંતિ, કોઈપણ હાલતમાં નિરાકૂળ સુખ, શાંતિ અંદરથી પ્રાપ્ત થાય, બાહ્ય પરિસ્થિતિની

જેમાં અપેક્ષા ન હોય, એવા આત્મિક સુખની જેને અભિલાષા છે તેને માટે જ્ઞાનીઓએ સાચા માર્ગનું નિર્દેશન કર્યું છે કે, આ માર્ગ છે, આ ઉપાય છે, જેની ભાવના હોય, ચાલ્યા આવો !

('કૃપાળુદેવ' આ વચનામૃતમાં) જ્ઞાનીની પ્રશંસા કરે છે. પહેલાં ભગવાનની – વીતરાગ સર્વજ્ઞની પ્રશંસા કરી, સ્તુતિ કરી, નમસ્કાર કર્યા. હવે જે જ્ઞાની છે, મુનિરાજ છે (તેમની સ્તુતિ કરે છે).

**'જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી,...'** જગતનો કોઈ પદાર્થ જેને પ્રિય નથી, જગતનો કોઈ પદાર્થ જેને અપ્રિય નથી. વાસ્તવમાં કોઈ પદાર્થ પ્રિય–અપ્રિય હોય એવું છે પણ નહિ. કેમ ? (કેમકે) જે પદાર્થ છે એ પરમાણુસ્વરૂપ છે. એ પરમાણુ, પરમાણુની અવસ્થા પોતાની યોગ્યતા અનુસાર પરિણમન કરી રહ્યાં છે. જીવને તો કાંઈ લેવા–દેવા છે જ નહિ. તે અચેતન છે, જીવ ચેતન છે. (ફ ત) કલ્પના કરી લે છે કે, આ ઠીક છે, આ ઠીક નથી – એ કલ્પના છે. વાસ્તવમાં એવી કોઈ વાત છે જ નહિ.

**'જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી,...'** જુઓ ! વીતરાગતા શું હોય છે ! શત્રુની કલ્પના પોતે નથી કરતા. કોઈ એમ કહેશે કે, બીજો જીવ અમારા પ્રત્યે દ્વેષ રાખે છે, અમને શત્રુ માનીને વર્તન કરે છે તો એ શત્રુ છે કે નહિ ? (તો કહે છે) નથી. જ્ઞાની તેને કઈ દૃષ્ટિથી જોવે છે ? જ્ઞાની એ દૃષ્ટિથી જોવે છે કે, એ બિચારો ભૂલો પડ્યો છે. શું છે ? પોતાના સ્વરૂપને તે જાણતો નથી અને બીજાને પોતાના જાણે છે. તેને જેનો રાગ છે તેમાં કોઈ બાધા પહોંચી છે. તેને જેનો રાગ છે તેમાં તેને કોઈ બાધા પહોંચી છે અને તેથી તે કોઈને કોઈ નિમિત્તને કારણ સમજે છે તે પણ તેની ભૂલ છે. નિમિત્ત નિમિત્ત હોય છે, કારણ નથી હોતું. જે કોઈ બાધા પહોંચાડવાવાળું નિમિત્ત છે તેને પ્રતિ તેને દ્વેષ થશે. પરંતુ તે તેની ભૂલ છે.

જેમકે આપણા પરિવારમાં છોકરાંઓ હોય છે, નાસમજ હોય છે. છોકરાંઓ હોય છે એટલે નાસમજ હોય છે. ત્રણ–ચાર વર્ષના છોકરાંઓ

ઘરમાં તોડફોડ પણ કરે છે, નુકસાન કરે છે અને તેનું બોલવાનું કે વર્તન કરવાનું કોઈ ઠેકાણું તો હોતું નથી. તેને કહો કે, 'અવાજ નહિ કરો, રાડો નહિ પાડો' તો એ અવાજ કરશે. આમ જે નાસમજ હોય છે તેના પ્રતિ આપણે શું કરીએ છીએ ? કે, છોકરું છે, નાસમજ છે. થોડો વખત કરશે. છોકરમત છે ત્યાં સુધી કરશે, થોડી–ઘણી સમજણ આવ્યા પછી નહિ કરે. એવી રીતે સંસારમાં જે લોકો દુશ્મનાવટ રાખે છે, દુશ્મનાવટ કરે છે તે પણ છોકરા જેવા નાસમજ છે. તેમના પ્રત્યે આપણને કષાય ન થવો જોઈએ. ઠીક છે, સમજી લો કે છોકરું છે, નાસમજ છે, ભૂલા પડેલા છે, પોતાના સ્વરૂપથી ભટકી ગયા છે તો આવું જ કરશે. તેની દોષિત પર્યાયને ગૌણ કરી નાખવી. એ પણ એક આત્મા તો છે. તેના આત્માને મુખ્ય કરો, વાત ખલાસ ! તેથી જ્ઞાનીને, મુનિને કોઈ દુશ્મન નથી અને કોઈ મિત્ર પણ નથી.

મિત્ર હોય છે એ શું કરે છે ? કે, રાગ કરે છે. જેમ દુશ્મન પ્રતિકૂળ રહેવાનો પ્રયાસ કરે છે તેમ આ અનુકૂળ રહેવાનો પ્રયાસ કરે છે. પરંતુ આપણે માટે કોઈ અનુકૂળતા–પ્રતિકૂળતા છે નહિ. કોઈ ચીજ આપણી નથી. થોટા સમય માટે સંયોગ થાય છે, થોડા સમય સુધી બધી ચીજોનો સંયોગ રહે છે પણ કોઈ ચીજ હંમેશાં તો સાથે રહેતી નથી. જેમ કોઈની લાવેલી પારકી વસ્તુ; આ લગ્નપ્રસંગે લઈ આવે છે ને ? કોઈના દાગીના લઈ આવે છે, કોઈની કોઈ ચીજ–વસ્તુ લઈ આવે છે તો બે દિવસ, ચાર દિવસ, આઠ દિવસ આપણી પાસે રહી તો કોઈ પોતાપણું થોડું કરી લે છે ? (એમ જ કહે છે) 'ચાલો, તેમની વસ્તુ જેમ છે તેમ પાછી મોકલી દ્યો, કંઈ ખરાબ ન થઈ જાય.' એમ બધી વસ્તુ પારકી છે. થોડા સમય માટે આપણા સંયોગમાં આવી છે પછી તેનો વિયોગ નિશ્ચિત છે. આપણે જેટલી પકડ રાખશું તેટલા મોહ, રાગ, દ્વેષથી હેરાન થશું, દુ:ખી થાશું.

જો હવે દુ:ખી ન થવું હોય તો પારકી ચીજને પારકી સમજો. જે અનુકૂળ ચાલે છે તે પણ પારકો છે અને જે પ્રતિકૂળ ચાલે છે તે પણ પારકો છે. અનુકૂળ ચાલવાવાળા પ્રત્યે પણ રાગ નહિ કરો. જો તમે અનુકૂળ

ચાલવાવાળા પ્રત્યે રાગ કરશો તો પ્રતિકૂળ ચાલવાવાળા પ્રત્યે દ્વેષ કર્યા વગર રહી શકશો નહિ. અનિવાર્યપણે દ્વેષ થઈ જશે.

તમને વાળનો કાળો રંગ પસંદ છે તો સફેદ રંગ પસંદ નહિ આવે. ચામડીનો સફેદ રંગ પસંદ છે તો કાળો રંગ પસંદ નહિ આવે. કારણ કે એકમાં રાગ થવાથી પ્રતિપક્ષમાં દ્વેષ થયા વગર રહેશે નહિ. કોઈ સારું-ખરાબ છે જ નહિ અને જો હોત તો આ એક જ શરીરના બે અંગમાં આપણે એવી ગડબડ ન કરત કે, અહીંયાં તો કાળો રંગ સારો છે, અહીંયાં સફેદ રંગ સારો છે. બન્ને જગ્યાએ એક જ રંગને પસંદ કરત. પરંતુ આપણું કોઈ ઠેકાણું નથી.

શ્રોતા :– સહજ સ્વરૂપમાં સ્થિતિ થવા માટે અલૌકિક પુરુષાર્થ કેવો જોઈએ ?

સમાધાન :– અલૌકિક પુરુષાર્થ એટલે અંતર્મુખી પુરુષાર્થ. પુરુષાર્થ બે પ્રકારનો છે – એક લૌકિક, એક અલૌકિક. લૌકિક એટલે શું ? કે, આ સંસારના જે સંગ-પ્રસંગ છે તેમાં આપણી શ  તનો ખર્ચ કરીએ છીએ. આ આપણો લૌકિક પુરુષાર્થ છે. તેને બંધ કરીને, એ દુરુપયોગ છે, આપણી શ  તનો દુરુપયોગ છે. હવે તેનો સદુપયોગ કરવો છે કે, આપણામાં જે શ  ત છે તેને આપણે આપણા સ્વરૂપમાં લગાવીએ તો સુખ-શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. લૌકિક (પુરુષાર્થની) સરખામણીમાં આ તુલનાત્મક વચન છે. લૌકિકને હિસાબે આ અલૌકિક પુરુષાર્થ છે. તેની જાતિ જુદી છે, તેનો પ્રકાર જુદો છે અને લૌકિકથી વિરૂદ્ધ છે તેથી અલૌકિક છે.

(અહીંયાં શું કહે છે ?) '**...જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન,...**' દ્વંદ્વનો અભાવ (થયો છે). દ્વંદ્વ એટલે જોડકું (અર્થાત્) બન્ને સાથે રહે છે – માન અને અપમાન. જેને માનની પણ ગણતરી નથી, જેને અપમાનની પણ ગણતરી નથી. મનુષ્યપર્યાયમાં આ સૌથી કઠણ વાત છે. માન અતિ પ્રિય હોય છે અને અપમાન તો સહન જ ન કરી શકે.

શ્રોતા :– માન અને અપમાનથી રહિત થવા માટે કેવો પુરુષાર્થ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

કરવો જોઈએ ?

સમાધાન :– એ જ વાત કરશે. માન અને અપમાન બન્ને આપણી કલ્પના છે એવી સાચી સમજણ કરવી જોઈએ. શું કરવું જોઈએ ? કે, બન્ને આપણી કલ્પના છે. દા.ત. તમે લોકોએ મને ઉપર બેસાડ્યો અને તમે નીચે બેસી ગયા. મને એક ફૂટ ઉપર બેસાડી દીધો. લોકો કહેશે કે, સન્માન કર્યું – માન કર્યું. મારા આત્માને શું લાભ થયો બતાવો ? અને તમને શું નુકસાન થયું એ બતાવો ? છે કોઈ લાભ-નુકસાન આમાં ? સારાપણાની એક કલ્પના કરી લઈએ છીએ, બીજું કાંઈ નથી. ચાલો મને ઉપર બેસાડી દીધો ! આ કલ્પનાથી મગજ ઉપર ચડી જાય છે. એક ફૂટ ઉપર બેસવામાં મગજ કેટલા ફૂટ ઉપર ચડશે એનું ઠેકાણું નહિ રહે. 'મને માન મળ્યું' એમાં મગજ ચડી જશે અને અપમાન થશે તો નિરાશામાં આવી જશે. કેમકે તેના પ્રત્યાઘાત આવવાના જ છે. બન્ને કલ્પના છે. છતાં તમે કહેશો કે, કોઈ નિંદા કરે કે, 'તમે તો આવા છો... આવા છો... તેવા છો...' ઘણાં પ્રકારે નિંદા કરશે તો તેનું તો (અપમાન) લાગે છે કે નથી લાગતું ? (કહે છે કે) ન લાગવું જોઈએ. તમે કહેશો કે, 'કેવી રીતે ન લાગે ? મારું નામ લઈને બોલે છે. વ્યિ તગત મારી વાત કરે છે, કેવી રીતે ન લાગે ?'

જુઓ ! પોતાના જ કોઈ કર્મનો ઉદય છે. શું છે ? જેને એવો ભાવ થયો એ પોતાના જ કોઈ કર્મનો ઉદય છે. એ ઉદયમાં સામેવાળો તો બિચારો નિમિત્ત છે. હવે, આપણા મેલાં કપડાં સાફ કરવા માટે કોઈ પોતાનો સાબુ, પાણી, સોડા લઈને આવે (તો ભલે આવે). ખર્ચો તો તે કરે છે. એ તો આપણને નિષ્કર્મ – શુદ્ધ થવાનો એક મોકો આપે છે તો આપણે માટે એ ઉપકારી છે. શું છે ? જે કોઈ આપણું કામ કરી દે છે એ આપણી માટે તો ઉપકારી છે. નિમિત્તને ઉપકારી જાણી લો ! તમને અપમાનનું પણ કંઈ લાગશે નહિ. બીજાને આશ્ચર્ય લાગશે કે, આનું અપમાન થાય છે છતાં તેને તો કાંઈ થતું જ નથી !! તેથી આ વાત તો સમજણની છે.

કોઈપણ ઘટનાને આપણે Right angle (સાચા દૃષ્ટિકોણથી) જોવી છે. જો આપણો જોવાનો દૃષ્ટિકોણ ઠીક છે – યોગ્ય છે – યથાર્થ છે તો કોઈ આપત્તિ નથી. જોવાની દૃષ્ટિ જો ખોટી છે તો બધી આપત્તિ છે. કલ્પનાથી તો અંધારામાં ભૂત દેખાશે અને દોરડીમાં સાપ દેખાશે અને નકામું દુઃખ થશે, બીજું કાંઈ નથી. આપણે ભૂતને જોવું નથી. અંધારુ અંધારુ છે, પ્રકાશ પ્રકાશ છે. આપણા જ્ઞાનપ્રકાશમાં કોઈનો પ્રવેશ નથી. કોઈપણ પરસંયોગનો જ્ઞાનમાં પ્રવેશ નથી. તેથી માન-અપમાન, લાભ-અલાભ બન્ને વાત લીધી છે. (તેમાં) ન આપણને કોઈ લાભ છે, ન આપણને કોઈ નુકસાન છે.

તમે બતાવો કે, તમને કઈ ચીજમાંથી સુખ મળે છે ? તે મને બતાવી દો. જગતમાંથી એક ચીજ એવી હોય કે જેમાંથી તમને સુખ મળે છે એવી એક ચીજ બતાવી દો ! જે ચીજ બતાવશો એમાં હું દેખાડી દઈશ કે, તમારી વાત ખોટી છે. તમને ત્યાંથી સુખ નથી મળતું, તમને ત્યાંથી દુઃખ ચાલુ થઈ જાય છે. સુખ તો મળતું નથી પણ દુઃખ ચાલુ થઈ જાય છે. એક ચીજ બતાવી દો ! ન તે ચીજ સુખનું કારણ છે, ન તે ચીજ દુઃખનું પણ કારણ છે. બન્ને આપણી કલ્પના છે. જેમ માન-અપમાન કલ્પના છે એમ લાભ-નુકસાન પણ કલ્પના જ કલ્પના છે. આ વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન છે. આપણને મહાપુરુષોના આ વચનામૃતથી વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન મળે છે, સાચી સમજણ મળે છે તો આપણી કલ્પના જ છૂટી જાય છે. જે Misconcept (મિથ્યા અભિપ્રાય) છે તેની જ આ બધી માથાકૂટ છે.

સંસારમાં જેટલી તકરાર છે, લેશ છે, લડાઈ છે, વિગ્રહ છે, યુદ્ધ છે એ બધી માથાકૂટ એક જ કારણથી છે – Misconcept – પરપદાર્થમાં સુખબુદ્ધિ, પરપદાર્થમાં દુઃખબુદ્ધિ. એવી જે કલ્પના છે તેને કારણે સં લેશ થયા વિના રહેશે નહિ, દુઃખ થયા વિના રહેશે નહિ.

શ્રોતા :– આપને અમે ઉપર બેસાડી દીધા તો આપના મનમાં શું ભાવ થયા ? સારું લાગ્યું ? કેવું લાગ્યું ?

સમાધાન :– નહિ, મને કાંઈ નથી લાગ્યું.

શ્રોતા :– આપને અમે નીચે બેસાડીએ તો આપના મનમાં શું ભાવ આવત ?

સમાધાન :– કંઈ નહિ, તોપણ કંઈ નહિ. હું તો ઘણી જગ્યાએ નીચે બેસી જાઉં છું, પાછળ પણ બેસી જાઉં છું. આગળ બેસાડે તો ના પણ પાડી દઉં છું કે, નહિ, અહીંયાં ઠીક છે. ક્યાંક સાંભળવા જઈએ તો નીચે બેસી જઉં. સંભળાવવાવાળા ઉપર બેસે છે, સાંભળવાવાળા નીચે બેસે છે. ક્યારેક નીચે પણ બેસી જાઉં છું. કલ્પના કરવી જ નથી. હું શું વિચારું છું કે, કલ્પના કરવી જ નથી.

શ્રોતા :– જ્ઞાનીને તો અમારી ભક્તિની જરૂર નથી, પણ અમને અમારા કામ માટે જ્ઞાનીની ભક્તિની જરૂર છે, તો શું કરવું ?

સમાધાન :– તમે તમારું જાણો. હું એમાં શા માટે માથું મારું ? હું શા માટે માથું મારું ? તમે તમારું જાણો. એવું હોય છે કે, જ્ઞાની તો બધું જાણે છે કે, આજે ભક્તિ કરવાવાળો ક્યારે શું કરશે તેનો ભરોસો તો છે નહિ. જો આજે મને ભક્તિનો મોહ થઈ ગયો તો કાલે તેની અભક્તિથી શું થશે ? તકલીફ થઈ જશે ને ? તેથી ભક્તિ કરવાવાળા તેની જાણે, આપણને કાંઈ લેવા-દેવા નથી. કોઈની ભક્તિથી જ્ઞાનીને કોઈ લાભ તો થતો નથી.

હું પૂજ્ય 'સોગાનીજી'ની વાત કરું. જ્યારે મારો પરિચય થયો (ત્યારે) મને ઘણો પ્રમોદ થયો. તેમની અંતરદશા જોઈને મને ઘણો પ્રમોદ થયો હતો. થયું શું કે ગુરુદેવ જાણતા નહોતા કે, આમની અંદરમાં આટલી સુંદર જ્ઞાનદશા છે ! જ્ઞાનદશા તો હજારો–લાખો જીવોમાં કોઈકને જ પ્રાપ્ત થાય છે. તેઓ કોઈના પરિચયમાં આવતા નહોતા, ગુપ્ત રહેતા હતા અને ગુરુદેવશ્રી સાથે પણ વાતચીત નહોતા કરતા, મૌન રહેતા હતા તો કેવી રીતે ખબર પડે ? ત્યાં તો ઘણાં લોકો – સેંકડો લોકો આવતા હોય, જતા હોય, સાંભળે અને ચાલ્યા જાય. મેં એક દિવસ કહ્યું કે, 'જુઓ, ભાઈ ! આપની ઉપર ગુરુદેવનો ઉપકાર તો છે.' તો કહ્યું કે, 'હા, ઘણો–ઘણો ઉપકાર છે.' એ તો એમના પત્રોમાં બધી વાતો મળે છે કે, ઘણાં ઉપકારી

છે. (પછી મેં કહ્યું) 'પરંતુ તમારા વિષયમાં કાંઈ જાણતા નથી તો ઉપકારબુદ્ધિથી પણ બે શબ્દ તો કહો કે, મારા આત્મા ઉપર આપે ઘણો ઉપકાર કર્યો છે ! હું આપના અસીમ ઉપકારને ભૂલી નથી શકતો ! એવી કોઈ બે વાત તો કરો !' એટલે એમણે કહ્યું કે, 'એમાં આપણું શું પ્રયોજન છે ?' એ તો બધી વાત પ્રયોજનથી લેતા કે, આપણું પ્રયોજન શું છે ? મેં કહ્યું 'ગુરુદેવને ખબર નથી, જાણશે તો ખરા કે, આવા પણ કોઈ વિરલ જીવ અહીંયાં થાય છે !' તો શું કહ્યું કે, 'માનો ખબર પડી, એમાં મારા આત્માને શું ફાયદો થશે તે બતાવો ?' મેં કહ્યું 'એ પ્રસન્ન તો થશે !' તો કહ્યું કે, 'એ પ્રસન્ન થશે તો થશે, પણ મારા આત્માને શું ફાયદો થશે ?' એમણે કહ્યું કે, 'ખરેખર વાત એમ છે કે, કોઈ વાત બનાવીને જવી...' Pre-planned જેને કહેવાય છે, '...Preplanning કરીને જવું અને કહેવું એ મારાથી નહિ થઈ શકે, એ મારાથી નહિ થઈ શકે. માટે આ વાતને છોડી દ્યો !' અને મને કહી દીધું કે, 'તમે મારી માટે શા માટે બોજો ઉપાડો છો ? મારી માટે તમે શા માટે બોજો ઉપાડો છો ?' મેં કહ્યું કે, 'આપણો સંગ છે તો સહેજ વિચાર આવી ગયો કે, ગુરુદેવ આપના વિષયમાં કાંઈક પરિચિત થઈ જાય તો સારુ.' (એમણે કહ્યું) 'છોડો એ વાતને. આપણે ક્યાંય આવવું-જવું નથી. પોતાના કામમાં લાગ્યા રહો, બસ !' વાત પૂરી. બિલકૂલ પ્રસિદ્ધિમાં આવવાની વાત જ નહિ અને પ્રસિદ્ધિથી વિરૂદ્ધ એ ભાગવાની ચેષ્ટા કરતા હતા ! અને એમ કહેતા હતા કે, 'જુઓ ! સમ્યગ્દર્શન થઈ ગયું તો શું થઈ ગયું ? જ્ઞાની થઈ ગયા તો શું થઈ ગયું ? હજી તો ઘણું કામ બાકી છે.'

વર્તમાનમાં અઢી દ્વિપ બહાર જે સ્વયંભૂરમણ સમુદ્ર જે છે, જંબુદ્વિપનો જે છેલ્લો સમુદ્ર અસંખ્ય યોજનનો છે, તેની નીચે રેતી નથી હોતી બધા રત્નો જ હોય છે. જે રેતીની જગ્યા હોય છે એ બધા રત્નો જ હોય છે. તેમાં અસંખ્ય જલચર પ્રાણી હોય છે. અસંખ્ય શું અનંત હશે. બહુ મોટો સમુદ્ર છે, અસંખ્ય યોજનનો છે. તેમાં અસંખ્ય સમ્યક્‌દૃષ્ટિ છે ! કેટલાં છે ? તિર્યંચ – પશુગતિના અસંખ્ય જળચર પ્રાણી સમ્યક્‌દૃષ્ટિ છે.

'સમ્યગ્દર્શન થઈ ગયું તો શું થઈ ગયું ?' એમ કહેતા હતા. (કેટલાક) તો પંચમ ગુણસ્થાનવર્તી પણ હોય છે. એમાં કોઈ મોટી વાત નથી. આપણે માન-અપમાનની વાત ક્યાંય લેવી જ નથી. એમની જે રહેવાની પરિસ્થિતિ હતી તે બહુ Ideal – બહુ આદર્શવાળી હતી, એકદમ Ideal હતી.

સંસારી જીવોને આઠે કર્મોનો ઉદય હંમેશાં–હંમેશાં હોય જ છે. જેમકે આઠ કર્મમાં આયુકર્મ છે, તેનો ઉદય ક્યારે ચાલુ નથી ? આયુષ્યનો ઉદય બધાને ચાલુ છે કે નથી ? છે. તો એવી રીતે બાકીના સાત કર્મોનો ઉદય પણ બધાને ચાલુ છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય, મોહની, શાતા-અશાતા વેદની, આયુ, નામ, ગોત્ર.

શ્રોતા :– નામ, ગોત્ર એ કેવી રીતે હોય છે ?

સમાધાન :– ગોત્ર એટલે જે કૂળમાં આપણે જન્મ લઈએ છીએ તેને 'ગોત્ર' કહેવામાં આવે છે. લગ્ન વખતે મહારાજ બોલે છે – તમે આ ગોત્રના છો, તમે આ ગોત્રના છો... તમે લોકો આ ગોત્રના છો... એ બ્રાહ્મણ લોકો જાણતા હોય છે. પિતાજીના વખતથી જે ગોત્ર ચાલ્યું આવતું હોય તે ગોત્ર બતાવે છે, આ ગોત્રની કન્યા છે, આ ગોત્રનો (વર છે). કારણ કે પહેલાંના જમાનામાં એક ગોત્રમાં સગાઈ નહોતા કરતા. આ ગોત્રની કન્યા છે, આ ગોત્રના વરપક્ષ છે, એમ કરીને બોલે છે. હિન્દુઓમાં બ્રાહ્મણ લોકો બોલે છે. એ કુળ પરંપરાથી ચ-નીચ એવા બે પ્રકારના ગોત્ર હોય છે. નામકર્મના હિસાબે નામકર્મની ઘણી પ્રકૃતિ હોય છે. એમાં શરીર રચના – દુબળો-પાતળો, સુરૂપ-કુરૂપ, કીર્તિ-અપકીર્તિ એ બધું નામકર્મની પ્રકૃતિમાં જાય છે. એ બધાને ચાલુ છે. વેદનીમાં શાતા-અશાતા (હોય છે એ) બધા જાણે છે. (એ રીતે) આઠેય કર્મનો ઉદય બધાને નિરંતર ચાલુ છે.

જ્યાં સુધી આપણા પરિણામ આત્મામાં નથી લાગતા (ત્યાં સુધી) પરિણામ ઉદયમાં નિયમથી લાગે છે. પરિણામ લાગવાના બે જ સ્થાન છે – એક પોતાનું આત્મસ્વરૂપ અને બીજો ઉદય. કાં તો પરિણામ ઉદયમાં લાગે, કાં તો પોતાના આત્મામાં લાગે. ત્રીજી કોઈ વસ્તુ નથી, ત્રીજી કોઈ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
જગ્યા નથી.

અહીંયાં કહે છે કે, જેને ઉદય આશ્રિત હર્ષ-શોકના પરિણામ નથી, જેને '**...જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ...**' છે. મારો જન્મ નથી, મારું મરણ પણ નથી. હું અનાદિ-અનંત શાશ્વત પદાર્થ છું. ક્યારેય નવો થયો નથી અને ન ક્યારેય મરનાર છું, મારો નાશ થઈ શકતો જ નથી. જ્યારે અવ્યાબાધ (સ્વરૂપે) છું તો નાશ થવાનો તો કોઈ પ્રશ્ન જ નથી.

(એ) '**...આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે,...**' શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં જે સ્થિતિ પામ્યા છે (એટલે) ભૂતકાળમાં. વર્તમાનમાં સ્થિતિ પામે છે અને ભવિષ્યમાં સ્થિતિ પામશે '**...તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ...**' (અર્થાત્) પુરુષાર્થનું પરાક્રમ ! કોઈ કલ્પનામાં આવતું નથી, જેને કલ્પના થતી નથી, જે સમજણ છે તેમાં અડગ અને અચળ રહે છે, સ્થિર રહે છે, એવો જેમનો પુરુષાર્થ છે તે અમને '**...સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.**' અમને એવા વીતરાગી, પુરુષાર્થવાન આત્માને જોઈને આનંદ પણ થાય છે અને આશ્ચર્ય પણ થાય છે કે, શું આમનો પુરુષાર્થ છે !!

હર્ષ-શોકના નિમિત્તમાં જે હર્ષ-શોકાન્વિત થતા નથી, એ એમનો પુરુષાર્થ છે તેથી થતા નથી. તેમના પુરુષાર્થના પરાક્રમને જોઈને આશ્ચર્ય પણ વ્ય  ત કર્યું છે અને આનંદ – પ્રમોદ પણ વ્ય  ત કર્યો છે. એ રીતે અહીંયાં વીતરાગતાની પ્રશંસા કરી છે, વીતરાગતાની ભ  ત કરી છે અને સ્વયંના પ્રમોદને જાહેર કર્યો છે કે, આવા આત્માને જોઈને અમને પણ પ્રમોદ આવે છે, અમને ઘણો પ્રમોદ આવે છે.

'**દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે,...**' આપણે રોજ (એક વાર) કપડાં બદલાવીએ છીએ અને દિવસમાં ત્રણ-ચાર વાર કપડાં બદલવાવાળા પણ હોય છે, આપણે તેની ચર્ચા નથી કરવી, (કેમકે) એમાં જુદો હેતુ છે. પરંતુ રોજ – નિત્યનિયમથી – સામાન્યપણે બધા લોકો ન્હાય છે, કપડાં બદલાવે છે. આપણે કેટલા Normal હોઈએ છીએ ! મેલાં કપડાં કાઢી નાખવા, સ્વચ્છ કપડાંને પહેરી લેવા એકદમ Normal છે. આપણું Routine છે – Normal

routine થઈ ગયું છે. એમાં દુ:ખ નથી થતું. જે કપડાં કાઢી નાખ્યા તેને માટે દુ:ખ નથી થતું અને સાફ કપડાં પહેરવામાં સુખ થઈ જાય એવી કોઈ ખાસ વાત નથી હોતી. બહુ Normal positionમાં આપણે કરીએ છીએ. કેમ ? કેમકે એનાથી આપણને કોઈ ફરક નથી પડતો. એ કપડાં ધોવામાં નાખવાથી અને બીજા કપડાં પહેરવામાં આપણને શું ફરક પડે છે ? કોઈ ફરક આપણે સમજતા નથી. આવો સંબંધ વાસ્તવમાં દેહ અને આત્માનો છે.

આપણો આત્મા દેહ બદલાવતો આવ્યો છે. પરિભ્રમણમાં જૂના દેહને છોડી દે છે, નવા દેહને ગ્રહણ કરી લે છે. પરિભ્રમણમાં આ એક Natural પ્રક્રિયા (કુદરતી પ્રક્રિયા) છે – Natural process છે, થતી જ રહે છે. આવો સંબંધ જ્ઞાનીએ જોયો છે કે, એમાં હર્ષ-શોક કરવાનો કોઈ અવકાશ નથી, કોઈ વાત જ નથી.

**'દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે,...'** કપડું ફાટી પણ જાય છે, જૂનું થઈ જાય છે (તો) ફાટી જાય છે તો આપણે શું વિચારીએ છીએ કે, એમાં એનો કોઈ વાંક નથી. આટલા વર્ષોથી તો પહેરીએ છીએ. આજે ફાટી ગયું તો શું થઈ ગયું ? ઠીક છે, બદલાવી નાખશું. એવી જ રીતે આ દેહ પણ જૂનો – જર્જરિત થાય છે, (તેને રાખવા) ઇચ્છીએ–ન ઇચ્છીએ એમાં ઇચ્છાની કોઈ અપેક્ષા નથી. એ તો કુદરતી રીતે જૂનો થાય જ છે અને પછી બદલવાનો સમય પણ આવે છે. આ કુદરતી છે, આવું થવાનું જ છે એમાં શું થયું ? એમાં દુ:ખ થવાનું શું કારણ છે ? થોડા સમય પછી આ દેહ જૂનો થશે, જર્જરિત થશે એમાં દુ:ખી થવાની શું વાત છે ? અને છૂટશે તોપણ દુ:ખી થવાની શું વાત છે ?

દેહના છૂટવાથી આપણે મરતા તો નથી. જો મરી ગયા હોત તો ગયા ભવમાં દેહ છૂટી ગયો અને અત્યારે મોજૂદ છીએ, તો તેનું શું ? ગયા ભવમાં દેહ છોડીને આવ્યા કે નહિ ? યાદ નથી પણ સમજી તો શકીએ છીએ. વાત સમજમાં તો આવી શકે છે કે, આપણે કોઈ દેહ છોડીને

આ નવો દેહ ધારણ કર્યો છે. જો ત્યાં મરી ગયા હોત તો અહીંયાં મોજૂદ ન હોત. એનો અર્થ એમ કે, ત્યાં મર્યા તો નહોતા. Change of place – ક્ષેત્રની ભિન્નતા થઈ, શરીરની ભિન્નતા થઈ, વાત તો (એટલી છે). એ બધી ચીજોની એક ફેરબદલી થઈ છે, સંયોગની ફેરબદલી થઈ છે, બીજું કાંઈ થયું નથી.

શ્રોતા :– જ્યાં સુધી અનુભવ નથી થયો ત્યાં સુધી શું કરવું ?

સમાધાન :– અનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. આપણી જે સમજણ છે તેનું અમલીકરણ થાય ત્યારે તો અનુભવ થશે અને અનુભવવાનો પ્રયત્ન કરીએ ત્યારે તો અનુભવ થશે. તેથી આ જે સમજણ છે એ અનુભવ અર્થે છે, સમજણ (ફ ત) સમજણ માટે નથી, સમજણ અનુભવ કરાવવા માટે છે. Put it into practice.

શ્રોતા :– ભાઈશ્રી બંગાલીમાં કહે છે કે, મેદાનમાં ઉતરવું પડશે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો છે. Practice તો કરવી જ પડશે, તો જ અનુભવ થશે. વગર Practiceથી અનુભવજ્ઞાન કોઈને મળતું જ નથી. Practice વગર કોઈને અનુભવજ્ઞાન ન (મળે). ડૉ ટર બને તો બે વર્ષ ઇન્ટરશીપના થાય છે કે નથી થતા ? મોટા ડૉ ટરો સાથે હોસ્પિટલમાં ચક્કર લગાવવા પડે છે. જજ બને છે તેને અમુક વર્ષો સુધી વકીલાતની Practice કરવી પડે છે, ત્યારે જજ બની શકે છે. Practical knowledge count થાય છે, Theoratical knowledge સંસારમાં પણ Count નથી થતું.

આપણે આપણી ઑફિસમાં કોઈને નોકરી ઉપર રાખશું તો એ તો Certificate લઈને આવશે કે, જુઓ હું તો આટલું ભણ્યો છું. આપણે બાજુમાં રાખી દેશું. Certificateને જોયું–ન જોયું કરી નાખશું. (આપણે એમ પૂછીએ છીએ કે) અનુભવ કેટલા વર્ષનો છે ? (એ કહેશે) આટલા વર્ષનો. કઈ કંપનીમાં હતા ? એનું કોઈ Certificate છે કે, આમણે અમારે ત્યાં આટલા વર્ષ કામ કર્યું છે ? Practical knowledge minimum five years experience expected છે. જાહેરાતમાં પણ એટલું આપે છે કે નથી આપતા ? ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવી માણસ તો જોઈએ. કેમકે અમે અહીંયાં સ્કૂલ–

કૉલેજ ખોલી નથી કે, અમારા પૈસાથી કોઈ શીખી લ્યે ! અને અમે એનું નુકસાન પણ ભોગવી લઈએ. અમને તો અનુભવ જોઈએ. બધી જગ્યાએ અનુભવની કીંમત છે. અહીંયાં પણ અનુભવજ્ઞાનની જ કીંમત છે.

તમને અનુભવ કરવા માટે હંમેશાં–હંમેશાં Practice કરવાનું મેદાન મળે છે. તમારો જે ઉદય છે એ જ તમારું મેદાન છે. જે કોઈ તમારો રોજિંદો ઉદય છે – ખાવા-પીવાનો, અનેક પ્રકારના સંગ–પ્રસંગ આવે છે, કર્મના બધા પ્રસંગ હોય છે, એ જ તમારું Practice કરવાનું મેદાન છે. Practice કરવા માટે હંમેશાં તૈયાર રહો ! બસ, બીજું તમારે શું જોઈએ ?

શ્રોતા :– ઘણી જગ્યાએ આવે છે કે, કુટુંબ વગેરેથી દૂર જઈને નિવૃત્તિક્ષેત્રમાં જાઓ તો આ બધું વધારે થાય છે.

સમાધાન :– એમાં એવું છે કે, પહેલાં તો ઘરમાં Practice ચાલુ કરી દો ! એમને એમ જાવું નથી, નહિતર ત્યાં (ઘર) યાદ આવશે કે, અમારે ત્યાં તો ગાદલું આવું છે, અમારે ત્યાં તો આવી થાળી છે, અમારે ત્યાં ઉઠવા-બેસવા માટે સોફા છે, મારો રૂમ તો આવો છે, આ બધું યાદ આવશે. પહેલાં અહીંયાં પ્રતિબંધ તોડો ! વચ્ચે રહીને ! આ આપણા જૈનદર્શનની કાર્યપદ્ધતિની નીતિ છે, નિયમ પછી છે. નીતિ વગર નિયમ બનાવવા ન જોઈએ. નીતિપૂર્વક નિયમ બનાવવા જોઈએ. નીતિ એટલે Policy, તો પોતાની નીતિ પહેલાં બનાવો. એ નીતિ એવી છે કે, ઘરમાં તમે જન્મ લીધો છે, ઘરમાં મોટા થયા છો તો ઘરમાં જ પ્રતિબંધ તોડો. જે Attachment છે તેને (તેની) વચ્ચે રહીને નબળું પાડી દ્યો અથવા છોડી દ્યો. મીઠાઈ સામે હોય અને લાલચ ન થાય, એમાં જ આપણો પુરુષાર્થ છે. મીઠાઈ ખાવા ન મળે અને એમ કહે કે, મીઠાઈનો ત્યાગ કરી દીધો ! એ ત્યાગમાં કોઈ દમ નથી, એ ત્યાગમાં કોઈ દમ નથી.

શ્રોતા :– લાલચ થાય છતાં ન ખાઈએ એ પણ એક પુરુષાર્થ થયો ને ? મન છે તો લાલચ તો થઈ જશે.

સમાધાન :– આપણે મનને તૈયાર કરીએ. મનની પણ કેળવણી થઈ શકે છે, મનને કેળવી શકાય છે, એની પણ કાર્યપદ્ધતિ છે. આપણે મનને

કેળવીએ, મનને કેળવી શકાય છે. ઉલટું કેળવો તો વ્યસન થઈ જાય છે, બીડી પીનારને બીડી વિના નથી ચાલતું, ચા પીનારને ચા વિના નથી ચાલતું અને દારૂ પીનારને દારૂ વિના નથી ચાલતું. એણે મન ઉલટું કેળવ્યું. સુલટું કેળવનારને – બીડી પીતા નથી એને ખબરે નથી પડતી કે પીવી કે ન પીવી. એનો કાંઈ વિકલ્પ જ નથી ઠતો. એનું મન કેળવાઈ ગયું. એમ મનને તમે ગમે તે દિશામાં કેળવી શકો છો અને એની પણ એક પદ્ધતિ છે – એનું પણ વિજ્ઞાન છે – એનું પણ Engineering છે. આપણા સત્‌શાસ્ત્રોમાં એની વ્યવસ્થિત વાત છે. એ રીતે તમે કેળવો. સહજ માત્રમાં તમે શુદ્ધ વીતરાગ થઈ શકો છો.

આપણી પહેલેથી જ સહજ પરિસ્થિતિથી જ શરૂઆત છે. કોઈ કૃત્રિમતા નહિ, કોઈ બળજબરી નહિ, કોઈ જબરજસ્તી નહિ, કોઈ દમન નહિ, કોઈ આક્રમણ નહિ. એ પ્રકારથી (કૃત્રિમતાથી) એ રસ્તો લેવાનો નથી. સહજ માત્ર કેવી રીતે પરિણામને કેળવવા એની પદ્ધતિ છે, એનું વિજ્ઞાન છે, એની Practice કરી શકાય છે અને સહજ દશા – ઠેઠ મોક્ષ પર્યંત સહજાત્મસ્વરૂપની સહજદશા પ્રગટ થઈ શકે છે. કેમકે આત્મા સહજાત્મસ્વરૂપ છે તો તેની દશા પણ સહજ હોય તો જ એની સાથે એની સુસંગતતા રહે, નહિતર વિસંગતતા ભી થાય છે અને વિસંગતતામાં લેશ સિવાઈ બીજું કાંઈ હોય નહિ. એટલે થઈ શકે છે, બધું થઈ શકે છે. એવું થઈ શકે છે એની તો અહીંયાં 'કૃપાળુદેવે' પ્રશંસા કરી છે. 'કૃપાળુદેવ' પોતે જ આ પત્રમાં એની તો ભિ ત કરી રહ્યા છે.

આ દેહ અને આત્માની ભિન્નતાનો જે વિષય છે એ પણ ઘણો સુંદર છે. હવે પછીના સ્વાધ્યાયમાં થોડો વિસ્તારથી લેશું, સમય સમાપ્ત થયો છે.

^ ^ ^

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૧૧
# પત્રાંક–૮૩૩ (૨)
# તા. ૨૭-૦૨-૧૯૯૭

('શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક–૮૩૩ ચાલે છે). **'દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.'** ઉપરના પૈરાગ્રાફમાં દ્વંદ્વ લીધા હતા. એક (દ્વંદ્વ) લીધો હતો – પ્રિય-અપ્રિયનો, બીજો લીધો હતો – શત્રુ-મિત્રનો, ત્રીજો માન-અપમાનનો લીધો હતો, ચોથો લાભ-અલાભનો લીધો હતો, પાંચમો હર્ષ-શોકનો લીધો હતો અને છઠ્ઠો દ્વંદ્વ લીધો હતો – જન્મ-મૃત્યુનો. એ છએ દ્વંદ્વમાં સૌથી મોટું Tension મરણમાં આવે છે. પ્રિય-અપ્રિય, માન-અપમાન, લાભ-અલાભમાં એટલું નથી આવતું જેટલું મૃત્યુની સમસ્યા(માં આવે) છે. કારણ કે સંસારમાં મૃત્યુનો પ્રસંગ એક એવો પ્રસંગ ભ્રાંતિગતપણે અનુભવમાં આવે છે કે, મારો સર્વનાશ થઈ ગયો. બીજા પાંચેયમાં સર્વનાશ નથી, થોડું-ઘણું અધૂરું નુકસાન લાગે છે. આમાં તો (મૃત્યુમાં તો) સંપૂર્ણ નાશ અનુભવમાં આવે છે. જેને મૃત્યુનો ભય નથી તેને બીજી કોઈ ચીજનો ભય રહેશે નહિ.

અહીંયાં કોની વાત ચાલે છે ? કે, જેને દેહાત્મબુદ્ધિ ચાલી ગઈ છે, જેને દેહાત્મબુદ્ધિ બિલકુલ ચાલી ગઈ છે. દેહ છે તે આત્મા છે જ નહિ. શરીર સાથે વસ્ત્રનો સંબંધ જેવો મ્યાનનો તલવાર સાથે ભિન્ન-ભિન્ન સંબંધ છે, એવો જ સંબંધ છે. દેહ છૂટી જશે તો દેહ છૂટવાથી મારામાંથી એક ગુણ પણ છૂટવાનો નથી અને મારા ક્ષેત્રમાંથી એક પ્રદેશ પણ ઓછો થવાનો નથી. મારી જે સંપત્તિ છે એ તો ગુણસંપત્તિ છે. જ્યારે મારી સંપત્તિ એટલીને એટલી, એવીને એવી રહે છે તો પછી મને ચિંતા શેની ?

'સોગાનીજી' એક પત્રમાં લખે છે કે, 'મારી પરિણતિ જ્યારે અનંત શાંતિના પિંડ સાથે રહે છે, તો પછી ચિંતા શેની ?' જ્ઞાની શું અનુભવ કરે છે ? કે, મારામાં જે અનંત સુખ-શાંતિ ભરપૂર છે તે તો એમને એમ જ છે. મને અહીંયાંથી સુખ-શાંતિ મળે છે અને તે પૂરેપૂરી Intact – એવીને એવી રહે છે પછી બહારમાં કંઈપણ થઈ જાય તેનાથી મારે શું લેવા-દેવા ? બહારમાં કંઈપણ થાય તેનાથી મને તો કંઈ ફરક પડતો નથી. મારા સુખ-શાંતિના ભંડારમાં – સંપત્તિમાં કોઈ ફરક પડતો નથી. તેથી તેમનું લક્ષ, તેમની પરિણતિ ત્યાં જ રહે છે. બહારમાં જે કાંઈ થાય છે તે પોતાના હાથની વાત તો છે નહિ. એ તો કર્મના ઉદય અનુસાર જે થવાનું હશે તે થશે. એ પોતાના કે બીજાના ભાવને વશ એ સ્થિતિ તો છે નહિ. એક તો પરિસ્થિતિ એ છે કે, એની સ્થિતિ કોઈના હાથની વાત નથી, પોતાના હાથની વાત પણ નથી. બીજું, એનાથી કોઈ ફરક પડતો નથી. કંઈપણ ઉલટફેર થાય તો તેનાથી કાંઈ ફરક પડતો નથી. પછી ચિંતા કઈ વાતની ? તેથી વિશ્વમાં વજ્રપાત થઈ જાય તોપણ જ્ઞાની અંદરથી હલતા નથી ! બહારથી કંઈક દેખાય છે પણ અંદરથી તો હલતા જ નથી.

('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં 'કુંદકુંદાચાર્યદેવે' એ વાત લીધી છે કે, વજ્રપાત થઈ જાય... એટલે મોટામાં મોટી ઉથલપાથલ થઈ જાય, (એવા પ્રસંગમાં) વધારે પુરુષાર્થ ઉપાડે છે અથવા સહેજે વધી જાય છે. એવી પરિસ્થિતિમાં જ્ઞાનીનો પુરુષાર્થ સહજ વધી જાય છે. એ વાત જેને જોવામાં આવે છે કે, આવી પરિસ્થિતિમાં તો આમનો પુરુષાર્થ વધે છે

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

તો તેને અધિક ભ િ ત અને અધિક સ્નેહ આવે છે. એ વાત આપણે ૪૬૭ પત્રમાં વાંચી કે, એવી પરિસ્થિતિમાં જ્યારે વાસ્તવિકતા દેખાય છે તો વધારે ભ િ ત અને વધારે પ્રેમ આવે છે. આ વાત બને છે.

(અહીંયાં) કહે છે કે, '**દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે,...**' 'રત્નકરંડ શ્રાવકાચાર' છે જે 'ભગવાન સમંતભદ્રસ્વામી'એ લખ્યું છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં એક અધિકાર લખ્યો છે – 'મૃત્યુમહોત્સવ' ! સંસારમાં તો આવો શબ્દ પણ કોઈએ સાંભળ્યો નહિ હોય ! કેમકે મૃત્યુ એક અશુભ પ્રસંગ ગણવામાં આવે છે. તેના સમાચારનું મથાળું પણ લખવામાં આવે છે – 'અશુભ સમાચાર' ! (અહીંયાં) ઉલ્ટી વાત છે. સંસારથી મોક્ષમાર્ગીની વાત જ બિલકુલ ઉલ્ટી છે. ઉલ્ટી વાત હોવાથી આ વાત સંસારમાં ક્યાંય સાંભળવામાં નથી આવતી. મૃત્યુને કંઈ મહોત્સવ કહેવાય ખરું ? ઉત્સવ નહિ મહાઉત્સવ ! જુઓ ! મોટા ઉત્સવને મહાઉત્સવ કહે છે, મહોત્સવ કહે છે. મહાઉત્સવની સંધિ મહોત્સવ થઈ જાય છે. 'ઉ'નો 'ઓ' થઈ જાય છે. કેમ (મહોત્સવ કહેવાય છે ?) કારણ કે એ અધિક હર્ષનો પ્રસંગ છે. કેમ ? કેમકે જ્ઞાનીને વધારે નિર્જરા અને વધારે કમાણી એ પ્રસંગમાં થાય છે. પુરુષાર્થ સહજ વધી જાય છે અને તે વખતે તેઓ અધિક નિર્જરા કરે છે. પોતાના પુરુષાર્થમાં વધારે ઉત્સાહિત થાય છે અને વધારે શાંતિ થાય છે, શુદ્ધિ (વધારે) વધી જાય છે અને તેઓ મોક્ષમાર્ગમાં આગળ વધી જાય છે.

કોઈ જ્ઞાની તો એવા હોય છે કે, (તેમને) ખબર પડી જાય છે – શારીરિક પરિસ્થિતિ, વેદના આદિની જે પરિસ્થિતિ થાય છે, જે શરીરપ્રકૃતિથી વિરૂદ્ધ હોય છે તો ખબર પડી જાય છે કે, શરીરપ્રકૃતિ આવી નથી. આ બધું વિરૂદ્ધ ચાલે છે. તેથી પોતાના પુરુષાર્થમાં તેઓ એકદમ જાગ્રત થઈ જાય છે – Alert થઈ જાય છે અને એટલો પુરુષાર્થ વધારે છે... એટલો પુરુષાર્થ વધારે છે કે, પ્રાણ છૂટવાના સમયે તેઓ નિર્વિકલ્પ ઉપયોગમાં આવી જાય !! નિર્વિકલ્પ ઉપયોગમાં તેઓ પ્રાણ છોડે છે. એવી સ્થિતિ થઈ જાય છે. તેવા સમયે એટલી નિર્જરા થાય છે કે જેટલી આખા જીવનમાં

ન થઈ હોય !! આખી જિંદગીમાં જ્ઞાનીએ નિર્જરા ન કરી હોય એટલી નિર્જરા તેઓને પ્રાણ છૂટવાના કાળે થાય છે. કહો આ મહોત્સવ છે કે નહિ ? કેમકે આનંદ વધે છે. મહોત્સવમાં તમને શું થાય છે ? આનંદ થાય છે. ઉત્સવ–મહોત્સવમાં આનંદ આવે છે. તેમને આનંદ વધી જાય છે – આત્માનંદ વધે છે. આનાથી વધારે શું જોઈએ ? એ સમાધિમરણ છે.

સમાધિદશામાં દેહનું છૂટવું થાય તેને સમાધિમરણ કહે છે. 'મરણ' શબ્દ રૂઢિવાચક છે. વાસ્તવમાં મૃત્યુ જેવી કોઈ ચીજ જગતમાં છે જ નહિ. કારણ કે આત્મા મરતો નથી અને પરમાણુ પણ મરતા નથી. દેહના પરમાણુ વિખરાઈ જાય છે અને ભિન્ન-ભિન્ન રીતે વહેંચાઈ જાય છે. પોતાપોતાની પર્યાયનો જે ક્રમ છે એ અનુસાર વિખરાઈ જાય છે. એક પણ પરમાણુનો નાશ તો થતો નથી, આત્માનો નાશ થતો નથી. મૃત્યુ તો નાશનું નામ છે, પરંતુ બિલકૂલ ખોટું ! એ નામ જ ખોટું છે !! કેમ ? (કેમકે) ન આત્માનો નાશ થાય છે, ન પરમાણુનો નાશ થાય છે. સંયોગ હતો તેનો વિયોગ તો થવાનો જ હતો. સંયોગ તો વિયોગની સાથે જ જન્મ લે છે.

ગુરુદેવ કહેતા કે, માતા બાળકને જન્મ આપે છે અને એ સૌથી પહેલાં પોતાના ખોળામાં લે છે. તેની પહેલાં એ બાળકને અનિત્યતાએ પોતાના ખોળામાં લઈ લીધો છે. જે બાળકનો જન્મ થયો એ તેના સંયોગમાં નિત્ય રહેવાનો નથી. એ પહેલેથી જ – જન્મ થતાં જ અનિત્યતાના ખોળામાં આવી ગયો છે, પછી તે તેની માતાના ખોળામાં જશે. આટલી અનિત્યતા પહેલેથી જ સ્વીકારી લેવી જોઈએ. જો તેનો સ્વીકાર થઈ ગયો છે તો કોઈ દુઃખ નહિ થાય, કોઈ Tension નહિ થાય, કોઈ તકલીફ નહિ થાય, જો સ્વીકાર થયો હોય તો.

હું મરી જઈશ – આ ભ્રમ જ મૃત્યુતુલ્ય દુઃખને ઉત્પન્ન કરી દે છે કે, ખરેખર મરી જાય છે. બાકી કોઈ મરતુ નથી. પરંતુ જીવ મૃત્યુતુલ્ય દુઃખ ભોગવી લે છે. આ માર્ગની સૌથી મોટી જો કોઈ દેન છે – ઉપલબ્ધિ છે તો એ છે કે, કોઈપણ પ્રકારનો ભય નથી રહેતો. નિઃશંકતાથી નિર્ભયતા

આવે છે. (જ્ઞાની) પોતાના સ્વરૂપમાં નિઃશંક છે કે, હું મરવાનો નથી. મારી ગુણસંપત્તિમાંથી કાંઈ ઓછું થવાનું નથી. મને કોઈ બાધા પહોંચાડી શકતું નથી, કોઈ પીડા કરી શકતું નથી, કોઈ દુઃખ પહોંચાડી શકતું નથી, કોઈ તકલીફ આપી શકતું નથી. બધા પ્રકારનો ભય ખતમ ! સૌથી મોટી વાત આ છે.

સંસારમાં ગમે તેટલી સંપત્તિ મળે, ગમે તેટલી સત્તા મળે, 'ઇંદિરાજી'એ Emergency – કટોકટી લાગુ કરી તો તેનું પોતાનું જોખમ થઈ ગયું. શું થયું ? Emergency પોતાને લાગુ પડી ગઈ ! (એવું) સાંભળ્યું હતું કે, બે હજાર માણસો તેના મકાનની આગળપાછળ ત્રણ કિલોમીટરના વિસ્તારમાં તેની સુરક્ષા માટે રોકવામાં આવ્યા છે. એટલે રોજનો લાખો રૂપિયાનો ખર્ચ છે, તોપણ બચી નહિ. આટલી સત્તા હોવા છતાં પણ ! અને બે હજાર માણસોની સુરક્ષા હોવા છતાં એ બચી નહિ. તેને ભય છે અને જ્ઞાનીને કોઈ ભય નથી, જ્ઞાનીને કોઈ ભય નથી. આ સૌથી મોટી દેન છે !!

'**...મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે,...**' '**દીઠો છે**' એટલે વિચાર્યું છે એવું નથી. દીઠું છે, પ્રત્યક્ષ કર્યું છે કે, દેહ ભિન્ન છે (અને) આત્મા ભિન્ન છે. આમ તો આત્મા દેહથી ભિન્ન છે તો સર્વથી ભિન્ન છે. કેમકે સમીપમાં સમીપ કોઈ Attachment છે તો તે દેહનું છે, તો દેહથી ભિન્ન છે તેનો અર્થ સર્વથી ભિન્ન છે. હું સર્વથી સર્વ પ્રકારે ભિન્ન જ્ઞાનમયી આત્મા છું – આ મારું સ્વરૂપ છે. મને જ્ઞાન પ્રતિક્ષણ અનુભવમાં આવી રહ્યું છે અને તે પોતાનું સ્વરૂપ છે – પોતાનું રૂપ છે.

દેહ પરમાણુની રચના છે (અને) તે સ્વયં પોતના ગુણધર્મ અનુસાર પરિણમન કરતા રહે છે. આત્માના વિકલ્પ અનુસાર તે પરિણમન કરતા નથી. જો તેમ હોત તો એક વાળને કોઈ સફેદ થવા દેત નહિ. પરંતુ ચાલતું નથી, તેમાં કોઈનું ચાલતું નથી. આવો '**...(દેહ પ્રત્યે) જેણે આત્માનો સંબંધ દીઠો છે,...**'

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

**'...અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે,...'** આ **'અબદ્ધસ્પષ્ટ'** શબ્દનો પ્રયોગ 'કુંદકુંદાચાર્યદેવે' 'સમયસાર'ની ૧૪–૧૫ ગાથામાં કર્યો છે. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત અને અસંયુ ત એવું આત્માનું સ્વરૂપ છે. અબદ્ધસ્પૃષ્ટ એટલે કર્મથી બંધાયેલો પણ નથી અને કર્મથી સ્પર્શિત થયેલો પણ નથી. દેહ છે તે નોકર્મ છે અને જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ પ્રકૃતિ છે તે કર્મ છે. ન દેહથી બંધાયેલો છે, ન જ્ઞાનાવરણી આદિ કર્મથી બંધાયેલો છે. આત્માને કોઈ બાંધી શકતું નથી.

લોકો એમ કહે છે કે, 'જૈન' કર્મવાદી છે. કારણ કે જૈનશાસ્ત્રોમાં જેટલી કર્મની વાતો છે તેટલી વાતો કોઈપણ ધર્મના સંપ્રદાયમાં અને શાસ્ત્રમાં નથી. તેથી લોકો કહે છે કે, (જૈન) કર્મવાદી છે. વાસ્તવમાં જૈન સ્વભાવવાદી છે. કર્મવાદી નથી, સ્વભાવવાદી છે અને તે સ્વભાવ કેવો છે કે, કર્મથી હું ભિન્ન છું એવો છે. મારો સ્વભાવ – સ્વરૂપ કર્મથી ભિન્ન છે. મારી સ્વાનુભૂતિ પણ કર્મથી ભિન્ન છે. પણ એ તો મુ ત થાય ત્યારે ને ? સિદ્ધાલયમાં – નિર્વાણપદમાં બિરાજમાન થઈ જાય ત્યારે ને ? તો કહે છે, નહિ, વર્તમાનમાં ! વર્તમાનમાં જ હું મૂળ સ્વરૂપે મુ ત છું ! અવસ્થામાં બંધન છે, સંબંધ છે તે અવસ્થામાં છે. પરંતુ ત્રિકાળી સ્વરૂપમાં તે જ અવસ્થાનો અભાવ છે. મૂળ સ્વરૂપમાં તે બંધનવાળી અવસ્થાનો અભાવ છે. બંધનવાળી અવસ્થામાં પોતાપણું સ્વીકારી લીધું છે એટલે જીવ પોતાને બંધનયુ ત અનુભવે છે. પોતાના ત્રિકાળી સ્વભાવમાં પોતાપણું કરી લીધું અને સ્વભાવનો સ્વીકાર કરી લીધો તો આ અવસ્થાનું બંધન હોવા છતાં પણ પોતાને મુ તરૂપે અનુભવ કરે છે.

'કૃપાળુદેવ' ૬૮૦ નંબરના પત્રાંકમાં લખે છે કે, અમે પરમાત્મા થયા છીએ ! શું લખે છે ? જુઓ, આમાં જ છે. નીચેથી પાંચમી પં ત છે. **'વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ...'** અમે કોણ છીએ ? **'...પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.'** જુઓ, શું લખ્યું છે ? આ અમારો અંતર અનુભવ છે. **'આ અંતર અનુભવ**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
**પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી,...'** ખરેખર એવો અનુભવ છે, અભિમાન નથી. આ અભિમાન નથી વાસ્તવિકતા છે, એમ કહે છે. અભિમાન તો તેને કહેવાય કે, જેવું નથી તેવું માને તેને 'અભિમાન' કહે છે. લખપતિ હોય અને માની લે કરોડપતિ ! અને તેવું અભિમાન કરે, તો એ અભિમાન છે. પરંતુ અમારું સ્વરૂપ – પરમસ્વરૂપ તો પરમાત્મસ્વરૂપ છે જ અને તે રૂપ અમને અનુભવ થઈ રહ્યો છે. અમારા પરમાત્મસ્વરૂપનો પ્રત્યક્ષપણે અનુભવ કરીએ છીએ, તો અમે પરમાત્મા છીએ કે નથી ? છીએ. એમાં અભિમાનની વાત ક્યાં છે ? પરમાત્મસ્વરૂપ થયા છીએ – એ અનુભવથી કહે છે. અનુભવપ્રધાન વાત છે. ભલે દશામાં તેરમું ગુણસ્થાન ન આવ્યું હોય, ચૌદમું ગુણસ્થાન ન આવ્યું હોય, સિદ્ધપદ પ્રગટ ન થયું હોય તોપણ. એક ન્યાયથી, એ અનુભવપ્રધાન ન્યાય છે, જેમાં સ્વાનુભૂતિની પ્રધાનતા છે તેનાથી પોતે પોતાને પરમાત્મસ્વરૂપે અનુભવ કરે છે.

મૂળ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે અને અનુભવ પણ તેનો થયો તો અનુચિત શું થયું ? તે કહો. એમાં કઈ વાત અનુચિત છે ? એમાં કોઈપણ અનુચિત વાત નથી. તેથી જ્ઞાનીને તે દૃષ્ટિથી, તે પરિસ્થિતિથી ઓળખવાવાળાને પરમેશ્વરબુદ્ધિ આવશે. આ પરમેશ્વરબુદ્ધિ કોઈ કલ્પના નથી, એક વાસ્તવિકતાનો સ્વીકાર છે અને જેને પરમેશ્વરબુદ્ધિ આવે છે તે મુમુક્ષુ તરી જાય છે ! તેને નિર્વાણપદની લોટરી લાગી ગઈ !! તે નિર્વાણપદનો અધિકારી થઈ ગયો. કેમકે યોગ્યતા વિના ત્યાં સુધી તેની પહોંચ નથી કે, એમને તે ઓળખે. એટલે આ યોગ્યતા ઉપર 'કૃપાળુદેવે' એક Registration mark લગાવી દીધો કે, તે નિર્વાણપદનો અધિકારી છે, તેને પહેલા સમકિતની પ્રાપ્તિ છે.

તે જીવ ક્યારેય સ્વચ્છંદ નહિ કરે. જે પરિભ્રમણનું મૂળ કારણ સ્વચ્છન્દ છે તે નહિ કરે. તે પોતાના અભિપ્રાયનો આગ્રહ નહિ રાખે. **'સ્વચ્છન્દ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ'** 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની સત્તરમી ગાથા. શ્રીગુરુ જે કહેશે તેની આજ્ઞામાં રહેશે. આપ જે કહો મને

મંજૂર છે. દિવસને રાત કહે તોપણ મંજૂર છે અને રાતને દિવસ કહે તોપણ મંજૂર છે ! સૂર્યને ચંદ્ર કહે તોપણ મંજૂર છે અને ચંદ્રને સૂર્ય કહે તોપણ મંજૂર છે ! પ્રકાશને અંધારું કહે તોપણ મંજૂર છે ! એવી વાત છે. '**...વર્તે સદ્‌ગુરુ લક્ષ, સમકિત તેને ભાખીયું, કારણ ગણી પ્રત્યક્ષ**' જ્ઞાનીના જ્ઞાનમાં ત્યાં પ્રત્યક્ષપણે સમકિત દેખાય છે કે, આ જીવને સમકિત થઈ ગયું ! જેને સમકિત થઈ ગયું તેનો નિર્વાણ અવશ્ય–અવશ્ય થવાનો જ છે. આ તો Guaranteed વાત છે, વાત પૂરી થઈ ગઈ.

'કૃપાળુદેવે' મુમુક્ષુની ભૂમિકામાં એવી કોઈ ચીજ બતાવી દીધી છે – દર્શાવી છે કે, તેનો ઉત્સાહ વધી જાય. કારણ કે લોકો એમ સમજે છે કે, આ નિર્વિકલ્પ અનુભવ થવો, સ્વરૂપમાં લીન થઈ જવું, આ તો કોઈ યોગીઓનું કામ હશે, ત્યારે સમકિત થાય છે. સમ્યગ્દર્શન ક્યારે થાય છે ? સ્વરૂપલીનતાના કાળમાં. આવું કામ તો યોગી લોકો જ જ્ઞાન–ધ્યાનમાં કરી શકે. આપણે રહ્યાં સામાન્ય માણસ, આપણો વારો ક્યારે આવશે ? તો કહે છે કે, તું લાઈનમાં ભો રહી જા, લાઈનમાં આવી જા ! લાઈનમાં આગળ સ્વરૂપની ઓળખાણવાળો ભો છે, તેની પાછળ સત્પુરુષની ઓળખાણવાળો ભો છે. સત્પુરુષની ઓળખાણ થઈ ગઈ એ સમ્યગ્દર્શનની લાઈનમાં આવી ગયો, બસ ! તેનો નંબર લાગવાનો છે અને તેનો છૂટકારો નિયમથી – અવશ્ય થવાનો છે. આ Guarantee આપી છે.

કહે છે કે, '**...અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે,...**' ચતુર્થ ગુણસ્થાનમાં બહારની સ્થિતિ ગૃહસ્થાશ્રમમાં છે તોપણ જેમણે અંતર અનુભવ કર્યો છે કે, મારા સ્વરૂપમાં કોઈ કર્મનું બંધન અને સ્પર્શ નથી. અનાદિ-અનંત જેવું છે તેવું જ છે, કોઈ ફરક નથી. જેવા સિદ્ધ પરમાત્મા છે તેવો જ હું છું. સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ સ્વયંનો અનુભવ એ અબદ્ધસ્પૃષ્ટ આત્માનો અનુભવ છે.

શ્રોતા :– અબદ્ધ એટલે ?

સમાધાન :– અબદ્ધ એટલે બંધાયેલો નહિ. 'અ' એટલે નહિ. 'નહિ'ના અર્થમાં 'અ' શબ્દનો પ્રયોગ આપણી ભાષામાં ઘણો છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અપક્ષપાત – એમ. 'અ' એટલે નહિ. અહીંયાં બન્નેમાં લેવું – અબદ્ધ અને અસ્પૃષ્ટ. બંધાયેલો પણ નહિ અને સ્પર્શાયેલો પણ નહિ. મને કર્મએ સ્પર્શ પણ નથી કર્યો. મને કોઈ સ્પર્શ કરે ત્યારે તો એની અસર થાય ને ? મારા સ્વરૂપમાં કર્મની અસર થવાનો કોઈ પ્રશ્ન જ નથી. કર્મ શું કોઈપણ પ્રકારની કોઈપણ અસર મૂળ સ્વરૂપમાં થઈ શકતી નથી. કોઈની પહોંચ નથી, ત્યાં કોઈની પહોંચ નથી. એવું સુરક્ષિત આત્મસ્વરૂપ છે. તેને માટે Bodyguardની પણ જરૂર નથી, સ્વયં – પોતે જ સુરક્ષિત છે. તેની સુરક્ષા માટે કોઈ Arrangement, કોઈ Managementની કંઈ જરૂર નથી. સ્વયં સુરક્ષિત છે પછી ભય કઈ વાતનો ? ભય થતો જ નથી.

ઘણાંને ભય લાગે છે કે, આમ જ મરી જશું તો શું થશે ? આમ જ મરી જશું તો શું થશે ? કહે છે કે, અહીંયાં પોતાનું કામ ચાલુ કરો. પોતાના આત્મકલ્યાણું જે કાર્ય છે તેની પ્રક્રિયા – Precess અહીંયાંથી ચાલુ કરી દો અને એવો એક નિશ્ચય રાખો કે, ગમે ત્યારે આયુષ્ય પૂરું થઈ જશે તો આ મનુષ્યભવ પૂરો થઈ જશે અને ગમે ત્યાં જાવાનું થશે (ત્યાં) મારું કાર્ય ચાલુ રાખીશ. આ નિશ્ચય રાખો, આ નિર્ધાર કરી લ્યો કે, ગમે ત્યાં જાવાનું તો થશે. આ મનુષ્યભવ કોઈ કાયમી સ્થિતિ નથી, થોડા સમય માટે છે અને અનિશ્ચિત પણ છે. તેનો કોઈ નિયમ નથી કે, નાનપણમાં મરે કે ન મરે, યુવાનીમાં મરે કે ન મરે, વૃદ્ધાવસ્થામાં જ મરે એવી કોઈ Guarantee નથી. ગમે ત્યારે ગમે તેનું આયુષ્ય પૂરું થઈ જાય છે. કેમકે એ તો પૂર્વકર્મની નિશ્ચિત થયેલી સ્થિતિ છે, પૂર્વકર્મની એ સ્થિતિ નિશ્ચિત થઈ ચૂકી છે તો એમાં એક સેકંડની – એક સમયની વૃદ્ધિ-હાનિ થવાની કોઈ પરિસ્થિતિ નથી હોતી, આયુષ્ય ઉદયમાન થઈ ગયું એટલે. ઉદયમાન કર્મની સ્થિતિમાં કોઈ ફરક નથી પડતો.

હવે આપણે એક નવો નિર્ધાર કરી લેવો છે કે, હું અહીંયાં મારું (આત્મહિતનું) કામ કરું છું, કરી રહ્યો છું અને ગમે ત્યાં જઈશ સર્વત્ર – કોઈ ક્ષેત્રથી મારો મોહ નથી. આ દેહથી પણ મારો મોહ નથી, આ ક્ષેત્રથી પણ મારો મોહ નથી, આ ઘરથી પણ નહિ, આ ગામથી પણ નહિ, આ

દેશથી પણ નહિ, આ સમાજથી પણ નહિ, આ કુટુંબથી પણ નહિ – કોઈની સાથે મારો કોઈ સંબંધ નથી. ગમે ત્યાં જઈશ – કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં હું મારા આત્મકલ્યાણનું કાર્ય કરતો રહીશ. પછી મને મનુષ્યભવની પણ ચિંતા નથી, દેહ છૂટવાની પણ ચિંતા નથી, જાઓ ! નિશ્ચિંત થઈ જાઓ ! કેમકે મારો આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એમાં કોઈ કર્મનો સંબંધ (નથી). આ બધો કર્મનો સંબંધ છે, કર્મપ્રસંગ છે, આત્મપ્રસંગ છે જ નહિ. કર્મપ્રસંગ છે તે આત્મપ્રસંગ નથી, આત્મપ્રસંગ છે તે કર્મપ્રસંગ નથી. કર્મની સાથે મારે કાંઈ લેવાદેવા છે જ નહિ.

સંસારમાં પણ જેની સાથે સંબંધ છોડી દે છે પછી સામે જોતા નથી. શું થયું, શું ન થયું ? કેમકે આજકાલ આપણો કોઈ સંબંધ રહ્યો નહિ. શું થયું તેની સાથે કોઈ લેવાદેવા નથી. ઠીક થયું તો પણ મારે કાંઈ લેવાદેવા નથી, અઠીક થયું તો (પણ) મારે કાંઈ લેવાદેવા નથી. એ રીતે પૂર્વ કર્મનો હિસાબ સ્વાનુભવમાં ચૂકતે કરી દીધો. શું કર્યું ? ચૂકતે કરી દીધો. મારે કાંઈ લેવાદેવા નથી. જેણે આવો અનુભવ કર્યો છે, '**...તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.**' તેમને તો જીવન-મરણ બન્ને સમાન છે. કેમ ? કેમકે જીવન ચાલુ છે તો કોઈ ફરક નથી પડતો અને કોઈની સાથે કાંઈ લેવાદેવા નથી. કેમ ? કેમકે તેનાથી કાંઈ ફરક તો પડતો નથી. આ Traffic આવે છે, જાય છે એમાં શું ફરક પડે છે ? આપણે આપણા ઘરમાં બેઠા છીએ. એમ નિજ સ્વભાવ-ઘરમાં જે બેસી ગયા તેમને બહારના Trafficથી કોઈ ફરક પડતો નથી. અરે...! સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવના પણ દર્શન થાય તોપણ ફરક પડતો નથી ! કોઈનાથી ફેર પડતો નથી. બધું જ્ઞાનનું જ્ઞેય છે.

હવે લખે છે, '**જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.**' જુઓ ! આ ઉપકારબુદ્ધિનું વચનામૃત છે. જ્ઞાનીને ઉપકારબુદ્ધિ આવ્યા વિના નથી રહેતી. જ્ઞાની શું મુનિઓને આવ્યા વિના નથી રહેતી. એવી એક

પરિસ્થિતિ છે કે આ ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી. તે ઉપકાર કેટલો બતાવ્યો ? કે, જેની કોઈ સીમા નથી. કેમ ? કે, નિર્વાણપદમાં જે સુખ થવાનું છે તેની પણ કોઈ સીમા નથી. જે આત્મલાભ થયો તેની કોઈ સીમા તો છે નહિ, એટલું સુખ થવાનું છે ! તો ઉપકાર પણ અમાપ છે, એમ કહી દીધું. ઉપકારમાં શું કર્યું ? કે, આત્મસ્વરૂપને પ્રકાશિત કર્યું, બતાવી દીધું કે, તારું આત્મસ્વરૂપ આવું છે.

વાસ્તવમાં સત્પુરુષની ભક્તિનું આ વચનામૃત છે. પરંતુ સત્પુરુષનો શૃંગાર ઘણો કર્યો છે, શોભા ઘણી કરી છે ! શૃંગારથી શોભા થાય છે ને ? શોભા ઘણી કરી છે. જેમણે મારા ઉપર અપાર ઉપકાર કર્યો છે તે સત્પુરુષ કેવા છે ? કે, '**...અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે...**' એવું પોતાનું સ્વરૂપ દર્શાવવાવાળા સત્પુરુષ છે. (માત્ર) 'સત્પુરુષ' એટલો સાદો શબ્દ નથી લીધો (પણ) આટલું લાંબુ વિશેષણ આપ્યું છે ! તેની પાછળ બે વાક્ય લખી નાખ્યા છે. એટલી મોટી વાત છે ! જેમનો મને ઉપકાર થયો છે એ આટલી મોટી વાત છે !!

દ્રવ્ય પણ અચિંત્ય છે, મારું આત્મસ્વરૂપ પણ અચિંત્ય છે અને તેની શોભા – કાંતિ એટલે શોભા – શુદ્ધ ચૈતન્ય પરિણતિ તે તેની શોભા છે. શુદ્ધ ચૈતન્ય પરિણતિ તે આત્મદ્રવ્યની શોભા છે. કાંતિ એટલે તેજ, કાંતિ એટલે તેજ ! આત્માનું તેજ શું છે ? શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ તે જ આત્માનું તેજ છે. જેમ સોનામાં, હીરામાં તેજ હોય છે તે પુદ્‌ગલાત્મક હોય છે. અહીંયાં આત્મિક તેજની વાત છે. બતાવવા માટે શબ્દ નથી.

એ જે પુદ્‌ગલ તેજ છે અને આત્માનું તેજ છે – વાસ્તવમાં તેની ઉપમા આપી શકાતી નથી. તેથી આત્માના તેજને અનુપમ તેજ કહે છે. શું કહે છે ? અનુપમ તેજ છે ! તેની ઉપમા આપી શકાતી નથી. કોની ઉપમા આપે ? સૂર્ય-ચંદ્રની આપી શકાતી નથી.

શ્રોતા :– ભાઈશ્રી ! આ 'શુદ્ધચિતિસ્વરૂપ'માં ચૈતન્ય છે ?

સમાધાન :– ચિતિ એટલે ચૈતન્યની પ્રગટ પરિણતિને ચિતિ કહે

છે.

શ્રોતા :– અંતઃકરણ નથી લેવું ?

સમાધાન :– નહિ, આ અંતઃકરણની વાત નથી. અહીંયાં સ્વરૂપની શુદ્ધ અવસ્થાની વાત છે, સ્વરૂપની શુદ્ધ અવસ્થાની વાત છે.

શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ એટલે તેજ. અચિંત્ય એટલે ચિંતવનમાં સમાઈ ન શકે એવું. ગમે તેટલું ડુ... ડુ... ડુ... ચિંતવન કરે કે, મારો આત્મા આવો છે... મારો આત્મા આવો છે... એમાં આત્માનો સમાવેશ થતો નથી. કેમ ? કેમકે ચીજ એવી અચિંત્ય છે ! ચિંતવનથી પાર થઈને સ્વાનુભવની નિર્વિકલ્પ સ્થિતિમાં જે પ્રત્યક્ષપણે અનુભવગોચર થાય છે. તેથી મનવાળા ચિંતવનની ત્યાં પહોંચ નથી, મનવાળા ચિંતવનની ત્યાં પહોંચ નથી.

'કૃપાળુદેવ' પોતા માટે લખે છે. એ બધી વાત આપણે 'ધન્ય આરાધના' (પુસ્તકમાં) લીધી છે કે, આત્માને જે પદાર્થનું – જે સ્વરૂપનું જ્ઞાન થયું છે તે મન જાણતું નથી. શું કહે છે ? એ મન જાણતું નથી. મારું મન મારા જ્ઞાનના અનુભવને સમજતું નથી (તો) બીજાનું મન શું સમજશે ? મારું મન મારા આત્માના અનુભવને સમજતું નથી. મને જે અનુભવ થયો છે તે મન જાણતું નથી અને મન જે કંઈ જાણે છે, જેટલું પણ જાણે છે એ મારી ભાષા બોલી શકતું નથી. જે વચનયોગ છે તેમાં એ વાત આવી શકતી નથી અને જે વચનમાં બોલવામાં આવે છે તે લેખનીમાં આવતી નથી અને તમારી સાથે અમારો પત્રવ્યવહાર ચાલે છે, તમને (પત્રમાં) શું બતાવીએ ? તમને જે બતાવીએ છીએ એ તો Third degreeવાળી વાત છે. મૂળ ચીજ તો ક્યાંની ક્યાં રહી જાય છે. તમને સંકેત મળે છે, (તમે) સમજદાર છો, તો સમજદારને ઇશારો બસ છે. એટલી વાત છે.

શ્રોતા :– મન એટલે વૃત્તિ થાય ?

સમાધાન :– (મન એટલે) જ્ઞાનનો મન ઇન્દ્રિય સાથે જોડાયેલો ક્ષયોપશમભાવ. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન પુદ્‌ગલાત્મક પણ છે અને ભાવાત્મક પણ છે. પુદ્‌ગલાત્મકને દ્રવ્યેન્દ્રિય કહે છે અને જે ભાવ છે

તેને ભાવેન્દ્રિય કહે છે. છએ દ્રવ્યેન્દ્રિય છે અને છએ ભાવેન્દ્રિય છે. અહીંયાં ભાવેન્દ્રિયની વાત ચાલે છે. મન ઇન્દ્રિયની સાથે જે જ્ઞાનનો ક્ષયોપશમ જોડાય છે, લાગે છે અને વિચાર થાય છે. શું થાય છે ? વિચાર, મનન, ચિંતન આ બધું મનમાં ચાલે છે.

શ્રોતા :– મનમાં ચાલે છે કે આત્મામાં ચાલે છે ?

સમાધાન :– આ વિચાર, ચિંતન, મનન મનમાં ચાલે છે અને એ આત્માની વિભાવિક પર્યાય છે. જ્ઞાનની વિભાવિક પર્યાય છે તેને મન કહે છે. જ્ઞાન હોવા છતાં વિભાવિક કેમ કહ્યું ? કેમકે, જ્ઞાનની સ્વાભાવિક પર્યાય અંતર્મુખ હોય છે અને વિભાવિક પર્યાય બહિર્મુખ હોય છે.

શ્રોતા :– એટલે આત્માની વિભાવિક પર્યાય એટલે મન ?

સમાધાન :– હા, આત્માની જ્ઞાનની વિભાવિક પર્યાય તે મન. (તે) ક્ષયોપશમભાવ રૂપ છે. મતિજ્ઞાનનો, શ્રુતજ્ઞાનનો એમ બે ક્ષયોપશમ ત્યાં કામ કરે છે. મતિ અને શ્રુત બન્ને જ્ઞાન મનમાં ઉત્પન્ન થાય છે. એ મન જે છે, તે સમયે મનની સાથે જે જ્ઞાન જોડાય છે તેનું મુખ બહાર છે. ક્યાં છે ? બહાર છે. આત્મા છે તે અંતઃતત્ત્વસ્વરૂપ છે, જેને અંતર્મુખી જ્ઞાનમાં જ જાણી શકાય છે, ઓળખી શકાય છે. તેથી બન્નેની દિશા પરસ્પર વિરૂદ્ધ છે. તેથી મનથી ક્યારેય આત્મા જાણવામાં આવતો નથી. કેમકે મનનું મુખ બહાર છે અને આત્મા ત્યાં નથી. જ્ઞાનનું મુખ જ્યાં બહાર છે ત્યાં તો સામે આત્મા છે જ નહિ તો આત્મા કેવી રીતે જાણવામાં આવશે ? ત્યાં આત્માનો અભાવ છે. તે જ મતિ–શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ અંતર્મુખ થઈ જાય તો તે આત્માને વિષય કરે છે.

શ્રોતા :– પાંચ ઇન્દ્રિયનો જે અનુભવ છે એ મન છે ?

સમાધાન :– એ જ્ઞાન છે. પહેલાં જ્ઞાન અંદરથી થાય છે પછી તેની સાથે મનનો સંબંધ જોડાય છે. પહેલાં અહીંયાંથી જ્ઞાન થાય છે કે, મેં જોયું.

શ્રોતા :– એ જ્ઞાન આત્મા કરાવે છે ?

સમાધાન :– હા, મૂળ જ્ઞાન કરાવે છે એ આત્મા કરાવે છે. પણ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
એની બે પ્રકારની અવસ્થા છે. અગ્નિ તો અગ્નિ છે, આપણા ગેસમાંથી ઝાળ નીકળે છે, ગરમ હોય છે પણ ઝાળના બે રંગ હોય છે – Blue flame પણ હોય અને Yellow flame પણ હોય. ગેસવાળા શું કહેશે ? કે, Blue flame હશે તો ગેસ છે એ બરાબર તમારા અનાજને પકાવશે. Yellow flame હશે તો વાર લાગશે અને બરાબર નહિ પાકે. (એ રીતે) અગ્નિ તો અગ્નિ છે પણ તેની અવસ્થાના પ્રકારો છે. એમ જ્ઞાન તો જ્ઞાન છે પણ જ્ઞાનના બે પ્રકાર – સ્વભાવ અને વિભાવ. આપણને સ્વભાવથી લાભ છે વિભાવથી લાભ નથી. વિભાવિક જ્ઞાનમાં આત્મા આવતો નથી. તેથી મારા જ્ઞાનમાં જે આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તે મન જાણતું નથી. કેમ ? કેમકે મનનો વિષય શકતો જ નથી, એ મનનો વિષય શકતો જ નથી. થોડું-ઘણું સમજે છે પણ એમાં કલ્પના જોડાઈ જાય છે. શેનું દુષણ છે ? કે, એમાં કલ્પના જોડાઈ જાય છે. તેથી મન દ્વારા આત્માનો નિશ્ચય યથાર્થપણે થઈ શકતો નથી.

શ્રોતા :– તો પછી આ મનન કરીએ, ચિંતન કરીએ એ બધું મન દ્વારા જ કરીએ છીએ ?

સમાધાન :– આત્માનું મનન, ચિંતવન ગમે તેટલું કરો (પણ) આત્મા સુધી નહિ પહોંચાય. એની Process બીજી છે. Process એવી છે કે, જ્ઞાન જે છે – જે જ્ઞાન મનથી, પાંચ ઇન્દ્રિયથી પ્રવૃત્તિ કરી રહ્યું છે એ જ્ઞાનના બે અંગ છે. શું છે ? બે અંગ છે. એક બાહ્ય અંગ અને એક અંતરંગ. બાહ્ય અંગ બાહ્ય પદાર્થો સાથે સંપર્ક કરે છે. પાંચ ઇન્દ્રિય અને છટ્ઠા મન દ્વારા આત્માના જ્ઞાનનું જે બાહ્ય અંગ છે એ બાહ્ય પદાર્થ સાથે સંપર્ક કરે છે અને સ્થૂળ છે એટલે સમજમાં પણ આવે છે એને બાહ્ય અંગ કહે છે અને આત્મામાં જ્ઞાનનું જે અંતરંગ છે એ એ જ જ્ઞાનની સામાન્ય અવસ્થા છે. પેલી વિશેષ અવસ્થા છે એ બદલતી જાય છે. આ સામાન્ય અવસ્થા છે. Common factor – જ્ઞાનનો Common factor. ગણિતમાં બધા ભણે છે ને – Common factor ? ૩, ૬, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪, ૨૭, ૩૦ – આમાં Common factor શું ? તો કહે, ૩. બાકી બધા

Uncommon છે. ૩ શું છે ? Common factor છે. બધામાં ૩ છે. એમ જ્ઞાનની બધી વિશેષ અવસ્થાઓમાં સામાન્ય જ્ઞાન ચાલુ છે. સામાન્ય જ્ઞાનમાં કોઈ વિશેષતા નથી. એ સામાન્ય જ્ઞાન છે તે સ્વભાવ અંગ છે, સ્વભાવ સદૃશ છે. એટલે જે મન છે એ વિશેષ જ્ઞાનની અવસ્થા છે. એના ઉપરનું લક્ષ છોડી દઈને સામાન્ય જ્ઞાન ઉપર, જે લક્ષ વિશેષ જ્ઞાન કરે છે એ જ સામાન્ય જ્ઞાન ઉપર આવે ત્યારે એને પોતાનો સ્વભાવ ઓળખાય છે અથવા સમજાય છે. ત્યાં સુધી એને સ્વભાવ ઓળખાતો નથી અથવા સમજાતો નથી. પછી અનુભવમાં તો એનું મન સાથે Attachment પૂરું થઈને Detachment થઈને એકદમ નિર્વિકલ્પ અનુભવ થાય છે. ત્યારે આત્મા પોતાનો સ્વાનુભવ કરે છે અથવા આત્મજ્ઞાન કરે છે. જે ભવભ્રમણના નાશનું કારણ છે, અનંત જન્મ-મરણના નાશનું કારણ છે.

આપણે એ મોટી સમસ્યા પાછળ લાગી પડવાનું કે આ ભીંતડા સુધારવામાં લાગી પડવાનું ? ભીંતડા સુધારવા એટલે શું ? કે, આ દીવાલને First class ક્યો કલર સારો લાગે એ આપણે કરો. જે મકાનમાં જઈએ (ત્યાં કરીએ છીએ). કારણ કે મકાન પણ બદલ્યા કરીએ છીએ. (એમ) શરીર પણ પદલ્યા કરીએ છીએ તો શરીરની ભીંત સુધારીએ, આ ભીંત છે, આના ઉપર કલર મારો. અનેક કંપનીના જુદાં–જુદાં પ્રસાધન આવે છે ને ? ક્યાં સુધી ભીંતડા સુધારવાના ? કે જન્મ-મરણ મટાડવાનું ? શું કરવાનું છે ? મોટી સમસ્યા કઈ છે ? જન્મ-મરણ મટાડવાની.

એક બહુ મોટી વાત કરવા જેવી એ છે કે, જિનેન્દ્ર પરમાત્માની જે નિધિ છે એ આપણને એમણે આપી છે ! બીજા કોઈને નથી આપી પણ આપણે એના સાચા વારસદાર હોવાથી આપણને આપી છે. નિધિ એટલે ખજાનો. જિનેન્દ્ર પરમાત્માની નિધિ આપણને મળી છે, એમણે સમવસરણમાંથી ઠીને આપણને આપી છે ! રાજાના કુંવરને રાજ્યાભિષેક કરે ને ? ત્યારે એનો જે પિતા હોય એ પોતાના સિંહાસન ઉપરથી ભો થઈને એ પોતે એને રાજતિલક કરે અને એને પોતાના સિંહાસન ઉપર બેસાડે. એમ જિનેન્દ્ર પરમાત્માએ સમવસરણના સિંહાસનમાંથી ભા થઈને

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

તિલક કર્યું છે ! જુઓ ! આ મારી નિધિ છે ! હવે તને એની કીમત કરતા આવડવી જોઈએ. તારે એની કીમત કરવી છે કે આ બધા રાચરચિલાની કીમત કરવી છે ? તું કહે હવે. શરીરની કીમત કરવી છે ? સામગ્રીની કીમત કરવી છે ? આબરૂ – કીર્તિની કીમત કરવી છે ? સમાજની કીમત કરવી છે ? કોની કીમત તારે કરવી છે ? સોના, રૂપા, ઘરેણા, દાગીના, હીરાની કીમત કરવી છે ? શેની કીમત કરવી છે ? આ જે એમનો ઉપદેશ છે એ જગતમાં મૂઠ્ઠીભર લોકોને સંયોગરૂપે મળે છે. એમાંથી કો'ક કો'ક જીવ એની કીમત કરે છે, એનું મૂલ્યાંકન કરે છે. મળનારામાં જેને સંયોગ થાય છે એના મોટા ભાગના એનું Devaluation કરે છે. એને Evaluate કરતા નથી, Devaluate કરે છે. આપણે શું કરવું એટલું વિચારવાનું છે.

જિનેશ્વરની પ્રદત્ત નિધિ તને હાથ લાગી છે. આત્માને કહેવાનું – પોતાના આત્માને કહેવાનું કે, હે જીવ ! તને જિનેશ્વરદેવની પ્રદત્ત નિધિ હાથ લાગી છે ! હવે તું એનો ઉપયોગ કરી લે ! જો, જે સિંહાસને એ બેઠાં છે એ સિંહાસને એમણે તને બેસાડ્યો છે !! પછી એથી વધારે તારે શું જોઈએ ? એમ છે, લ્યો ! એ એક કરવા જેવી વાત હતી. જ્યાં સુધી એની કીંમત નથી આવતી ત્યાં સુધી જીવ સંયોગનું, શરીરનું લક્ષ છોડતો નથી, કુટુંબ – પરિવારનું લક્ષ છોડતો નથી, સમાજનું લક્ષ છોડતો નથી અને આવેલો ખજાનો ખોઈ બેસે છે. જિનેશ્વરદેવે આપેલી નિધિ ખોઈ બેસે છે.

શ્રોતા :– જીવ અને આત્મા અલગ–અલગ શબ્દ વપરાય છે એ બન્ને એક જ છે ?

સમાધાન :– હા, આમ તો એક જ પદાર્થના બે નામ છે. 'આત્મા' શબ્દ અધ્યાત્મિક પ્રકરણમાં વપરાય છે અને લૌકિકભાષામાં પણ 'જીવ' શબ્દ વપરાય છે કે, 'આનો જીવ આવો છે અને આનો જીવ આવો છે. આ લોભી જીવ છે, આ અભિમાની જીવ છે.'

શ્રોતા :– જીવને બદલે આત્મા ન કહી શકાય કે, આ લોભી આત્મા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

છે ?

સમાધાન :– કહી શકાય, પણ સામાન્ય રીતે બોલવાની પદ્ધતિ છે એમાં શાસ્ત્રની અધ્યાત્મની પદ્ધતિમાં અધ્યાત્મિક શબ્દો વપરાય છે. લૌકિકભાષામાં લૌકિક શબ્દો વપરાય છે. પણ જીવ શબ્દ અધ્યાત્મમાં નથી વપરાતો એવું નથી. 'સમયસાર'માં ૪૭ શિ તઓનું જે વર્ણન કર્યું છે – આત્માની મૂળ શિ તઓનું જે વર્ણન કર્યું છે એમાં પહેલી શિ તનું વર્ણન 'જીવત્વશિ ત' છે. 'જે ચૈતન્યપ્રાણથી અનાદિઅનંત સદાય જીવી રહ્યો છે તે જીવ છે.' ચૈતન્ય એટલે જ્ઞાન અને દર્શન. જ્ઞાન અને દર્શનપ્રાણથી જે અનાદિઅનંત જીવી રહ્યો છે તે જીવ છે. એટલે તું નિગોદમાં પણ અનંત કાળ જીવ્યો, અત્યારે પણ જીવતો છે અને ભવિષ્યમાં અનંતકાળ સુધી જીવતો જ રહેવાનો છે, કદી મરવાનો નથી. ભગવાને આ કાયમ માટેનું જીવતદાન આપ્યું કે, તું મરે જ નહિ ! બોલ, આથી વધારે તારે શું જોઈએ ? અત્યારે જીવતદાન દઈ દીધું. જો પોતાને ખબર પડે કે, મારી જીવત્વશિ તથી હું હંમેશાં–હંમેશાં જીવવાનો છું એને મરવાનો ભય થાય નહિ, પછી બીજો ભય તો થવાનો સવાલ નથી. એટલે ભયનું દુઃખ – સર્વ પ્રકારના ભયનું દુઃખ નાશ પામ્યું. આ તો પહેલે પગથિયે – 'પાશેરામાં પહેલી પુણી' આવી ત્યાં આ ફાયદો થયો. પછીનો ફાયદો તો કહેવાય એવો નથી ! કેમકે વાણી છે એ ટૂંકી પડે છે, ઓછી પડે છે, પહોંચતી નથી, એવી ચીજ છે !!

'કૃપાળુદેવ'નું આ જે વચનામૃત છે એ બહુ પ્રસિદ્ધ વચનામૃત છે. આવી વાક્યરચના પણ જવલ્લે જ જોવા મળે એવી એમની શબ્દરચના અને વાક્યનું સંયોજન છે !! ભાવ તો અંદર બહુ ભર્યો છે. વસ્તુ જ અચિંત્ય છે, ચિંતવનથી પાર છે અને એકલું મન દ્વારા સમજાય (એવું નથી). એ અચિંત્ય દ્રવ્ય તું પોતે છો, એવો હું અચિંત્ય એટલે કેવો ? ચિંતવનમાં પણ ન આવે એવો એટલે કેવો ? એની તને કોઈ અપૂર્વ જિજ્ઞાસા જાગ્રત થવી જોઈએ.

આત્માથી પોતે અનાદિનો અજાણ છે અને આવા સત્પુરુષના શબ્દોથી

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

જો જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને આત્માની ખોજ કરવા અંદરમાં નીકળે, જ્ઞાન સામાન્યથી પકડે, એની ખોજ કરવા નીકળે તો એની ખોજ કરવા નીકળતા બહારથી બધેથી પહેલાં પોતે ખોવાઈ જાય ! ન જડે ત્યાં સુધી. શું દશા થાય ? ગોતવા નીકળે એ પહેલાં પોતે ખોવાઈ જાય !! એવી અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય એટલે એનો પત્તો લાગ્યા વગર રહે નહિ અને એ પહેલાં કોઈ દી' પત્તો લાગે નહિ. આ વાત નક્કી સમજવી, આ વાત નિશ્ચય સમજવી. આવી અપૂર્વ જિજ્ઞાસા થયા વિના નિજ પરમાત્માનું Address – પત્તો નહિ લાગે અને આવી જિજ્ઞાસા આવી એટલે એ સંતાયેલો રહી શકશે નહિ, પછી એ છૂપો રહી શકશે નહિ. આ વાત Guaranteed છે. એક શબ્દથી પણ આવી જિજ્ઞાસા ઉત્પન્ન થવી જોઈએ. 'અચિંત્ય દ્રવ્ય' એટલા શબ્દથી આ જિજ્ઞાસા ઉત્પન્ન થવી જોઈએ. બહુ મોટો લાભ છે, જિજ્ઞાસાથી બહુ મોટો લાભ છે અને એ જિજ્ઞાસાવાળાને જ્ઞાનીઓએ, આચાર્યોએ, જિનેન્દ્રોએ બહુ જ આવકાર્યો છે ! સ્વરૂપની જિજ્ઞાસાવાળા જીવને બહુ મોટો આવકાર આપ્યો છે – એને Highly response કર્યો છે. આવી જિજ્ઞાસામાં તું આવ્યો ? હવે તને વાંધો નહિ આવે.

અહીં સુધી રાખીએ, આવતીકાલે આ વિષય ઉપર વિશેષ લઈશું.

^ ^ ^

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૧૨
## પત્રાંક–૮૩૩ (૩)
## તા. ૨૮-૦૨-૧૯૯૭

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક–૮૩૩ ચાલે છે). '**જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.**' શું કહે છે ? કે, આત્મા એક અચિંત્ય દ્રવ્યસ્વરૂપ છે. બહિર્મુખ ચિંતવનમાં સમાવેશ પામતું નથી. પોતે જ અંતઃતત્ત્વસ્વરૂપ હોવાને લીધે અંતર્મુખ ઉપયોગથી જેની મહિમા અનુભવગોચર થાય છે અથવા જેનું મહિમાવંત સ્વરૂપ અનુભવગોચર થાય છે એવું જે આત્મદ્રવ્ય છે તે અચિંત્ય છે. એની જે શુદ્ધ પરિણતિ – શુદ્ધ દશા પ્રગટ થાય છે એ પણ અચિંત્ય દશા છે. એને પણ ચિંતવનમાં લઈ શકાય એવું નથી.

જોકે દ્રવ્ય સ્વભાવ પાસે દ્રવ્યની અવસ્થા એક અંશરૂપ છે અથવા ત્રિકાળી દ્રવ્યસ્વભાવની તુલનામાં એક સમયની પૂર્ણ શુદ્ધ પર્યાય પણ અનંતમા ભાગે છે. એવી શુદ્ધ પર્યાય પણ અચિંત્ય છે. એવી શુદ્ધ પર્યાયથી તે દ્રવ્ય શોભે છે. એનું એ તેજ છે એ પણ અચિંત્ય છે તો દ્રવ્યસ્વભાવ

તો અચિંત્ય હોય જ. એવું જે અચિંત્ય દ્રવ્ય છે તે '**...સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે...**' એ પોતાનું જ સ્વરૂપ છે. એમ કોણ કહ્યું ? કે, કોઈ સત્પુરુષે એ વાત કહી.

નિષ્કારણ કરુણાથી જેમણે એવો નિશ્ચય પ્રકાશ્યો એના ઉપકારની શું વાત કરવી ! જોકે જ્ઞાનીને તો પ્રતિકૂળ સંયોગ પણ ઉપકારી થાય છે. એ વિષય ગઈકાલના સ્વાધ્યાયમાં આપણે ચાલેલો. પ્રતિકૂળ સંયોગ ઉપકારી થાય છે, પ્રતિકૂળ સંયોગના દેનારા પણ ઉપકારી થયા, પ્રતિકૂળતા આપનારા પણ ઉપકારી થયા. થયા કે ન થયા ? જેના જ્ઞાનમાં પ્રતિકૂળતા દેનારા ઉપકારી હોય એના જ્ઞાનમાં સત્પુરુષનો ઉપકાર કેટલો હોય, (તેની) ત્રિરાશી મૂકવી ? એનો અપાર ઉપકાર છે. એના ઉપકાર(ને) માપવા માટેનું, ઉપમા આપવા માટેનું કોઈ સાધન, કોઈ દ્રવ્ય, કોઈ ભાવ કાંઈ નથી. ૨૧૩ પત્રમાં તો 'કૃપાળુદેવે' સત્પુરુષની વિશિષ્ટતા, મહત્તા અને ઉપકાર દર્શાવવા જે કલમ ચલાવી છે એ તો એમણે ગજબની કલમ ચલાવેલી છે ! અસાધારણ કલમ ચલાવેલી છે !! સાધારણ વાત નથી.

જેને આવો જે સત્પુરુષનો નિજસ્વરૂપ સંબંધીનો નિશ્ચય સ્વલક્ષી જ્ઞાનમાં આવે છે એને એમ લાગે છે કે, એમણે મને આત્મા આપ્યો ! 'તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન' મને આત્મા આપ્યો, એમ કહે છે. મને આત્મા દેખાડ્યો એમ નથી કહેતા, દર્શાવ્યો એમ નથી કહેતા – મને 'આપ્યો' (એમ કહે છે). કેમકે જે નિધિ દેખાડી ત્યારે તો એ નિધિની પ્રાપ્તિ થઈ. નહિતર તો હોવા છતાં, નહિ હોવા બરાબર હતી, એવી પરિસ્થિતિ હતી. એ વગેરે પ્રકારે નિજ અચિંત્ય દ્રવ્યસ્વરૂપના દર્શાવનાર અથવા આપનાર એવા નિષ્કારણ કરુણાશીલ સત્પુરુષોનો અહીંયાં ઉપકાર માન્યો છે, ઉપકાર ગાયો છે.

'**ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે,...**' પૂનમની ચાંદની હોય ત્યારે જાણે આખી પૃથ્વી ઉપર કોઈ રૂપેરી ચાદર પાથરી હોય એવી રીતે ચંદ્રના કિરણના તેજથી પૃથ્વી પણ જાણે શ્વેત થઈ જાય છે, સફેદી ધારણ કરે છે. '**...પણ**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
**કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી,...**' છતાં ચંદ્ર ચંદ્રની જગ્યાએ છે, ભૂમિ ભૂમિની જગ્યાએ છે. ચંદ્રની ચાંદનીથી ભૂમિ શ્વેત થઈ, જાણે પૃથ્વીએ રૂપેરી ચાદર ઓઢી – એમ ગમે તેટલી ઉપમા દેખાય તોપણ ચંદ્ર ચંદ્ર છે અને ભૂમિ ભૂમિ છે. ચંદ્ર ભૂમિ રૂપ થતો નથી, સ્પર્શતો પણ નથી. એ દૃષ્ટાંત છે.

'**...એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી,...**' આખા વિશ્વનો પ્રકાશક એટલે જાણનાર અથવા વિશ્વના સર્વ પદાર્થોની હયાતીને જાહેર કરનાર એને પ્રકાશક કહેવામાં આવે છે. જગતમાં આવા–આવા પદાર્થો છે એ પદાર્થોને કહેનાર પણ, પ્રકાશનાર – જાહેર કરનાર પણ કોઈ જ્ઞાનવાન – જ્ઞાનવાળો – જ્ઞાનમય આત્મા છે. છતાં પણ તે આત્મા વિશ્વરૂપ થતો નથી. આત્માને વિશ્વ સાથે કાંઈ સંબંધ નથી.

'**...સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે.**' અથવા સદાસર્વદા નિજસ્વરૂપ જ રહે છે – નિજ ચૈતન્યસ્વરૂપ જ રહે છે. શા માટે આ વાત કરી ? કે '**વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.**' વિશ્વના પદાર્થોમાં તે અભેદતા માને છે, અભેદતા સાધે છે. જે ચીજ ખરીદી તે મારી. જુઓ ! એક માનસિક સ્થિતિ અને મિથ્યા અભિપ્રાયનો અનુભવ કેવો છે ? પાંચ મિનિટ પહેલાં એ ચીજ જોઈ, ગમી અને જેવા એના પૈસા ચૂકવ્યા કે ચીજ થઈ મારી ! પાંચ મિનિટ પહેલાં એ જ ચીજ એ ચીજ રૂપે હતી. પાંચ મિનિટ પહેલાં એ ચીજ એ ચીજ રૂપે હતી. થોડીવાર પછી શું થઈ ગયું કે, ચીજ થઈ ગઈ મારી ! જે–જે ચીજ(નો) આ પ્રકારે જીવને સંયોગ થાય છે એમાં જીવ મારાપણું કરીને અભેદતા સાધે છે. આ જીવની ભ્રાંતિ છે. કેમકે વસ્તુ વસ્તુમાં છે અને પર ચીજ હંમેશાંને માટે પારકી જ છે.

એક પરમાણુ કોઈ જીવનો ક્યારેય થયો નથી. અરે...! અત્યારે આ શરીર પણ તારું થઈને રહ્યું નથી. જે શરીરનો સમીપમાં સમીપ સંયોગ છે એ પણ તારું થઈને – એક પરમાણુ (પણ) તારું થઈને રહ્યું નથી અથવા તારે આધીન રહે તેમ નથી, તારું કહ્યું કરે તેમ નથી. છતાં આખા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

વિશ્વમાં જીવ અભેદતા સાધે છે. જેટલું ઘરમાં આવે એટલું – આખું વિશ્વ એને ઘરે કરવું છે. મોટી–મોટી કંપની પાછળ લખાય છે કે, આ Ltd. (કંપની છે). શું લખાય છે ? બહુ મોટી કંપની હોય તો Public Limited કરે છે ને ? પણ એમાંથી કમાવાની – પૈસા કમાવાની – લાભ લેવાની વૃત્તિ અને અભિપ્રાય કેટલો છે ? Unlimited ! એમાં કોઈની Limit છે કે, આટલું આવ્યા પછી આ કંપની બંધ કરી દ્યો ? આટલું કમાઈ ગયા પછી આ કંપની બંધ કરો. નહિ, આખું વિશ્વ ઘરે કરવું છે, અભેદતા સાધવી છે. એ જીવની ભ્રાંતિ છે, કલ્પના છે અને કલ્પનાનું ફળ હંમેશાં–હંમેશાં દુઃખ છે. કલ્પનાનું ફળ શું ? દુઃખ.

આ એક સિદ્ધાંત છે કે, 'કલ્પનાનું ફળ દુઃખ છે.' પોતાના સ્વરૂપ સંબંધી કલ્પના થઈ તોપણ દુઃખ થશે. પરપદાર્થ સંબંધી કલ્પના થઈ તોપણ દુઃખ થશે. પરપદાર્થ સંબંધીની કલ્પનામાં પોતાપણું થાય છે એ દુઃખદાયક થાય છે અને પોતાના સ્વરૂપને અન્યથા વિચારમાં લે છે, સમજમાં લે છે એ પણ કલ્પના છે, ગૃહીત મિથ્યાત્વ છે અને એનું ફળ પણ દુઃખ જ છે.

જૈનધર્મ છે એ વસ્તુના વાસ્તવિક સ્વરૂપના પાયા ઉપર કરેલું ચણતર છે. શું છે ? જૈનધર્મ છે એ વાસ્તવિક વસ્તુસ્વરૂપ છે. એકદમ ઠોસ ! જેવું છે એવું. એના ઉપર કરાયેલું ચણતર છે એ જૈનધર્મ છે. એનો પાયો છે એ વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ છે. આમાં કલ્પના ન ચાલે. કલ્પનાએ ધર્મ પણ નહિ કરવાનો. કોઈ કલ્પના કરવાની જરૂર નથી. કલ્પનાથી જીવ ટકી ન શકે, કલ્પનાના આધારે ટકી ન શકાય. કેમકે વસ્તુ જ નથી, કલ્પના છે એ કોઈ વસ્તુ નથી. એને આધારે ટકી ન શકાય.

વિશ્વમાં મોટા ભાગના મનુષ્યો કલ્પનાથી કોઈ ઈશ્વરની કલ્પના કરીને આ વિશ્વનો સંચાલક માને છે. કોઈ શિ ત રૂપે, કોઈ ખુદા રૂપે, કોઈ ઈશ્વર રૂપે, કોઈ ભગવાન રૂપે, કોઈ ઇસુ રૂપે – કોઈને કોઈ રૂપે (કલ્પના કરે છે). એની ઇચ્છા વિના પાંદડું ન (હલે). મોટા ભાગના મનુષ્યો આ ઈશ્વરકર્તૃત્વમાં ભા છે, ભલે સંપ્રદાયો જુદાં–જુદાં હોય. એક જૈન સિવાઈ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ઈશ્વરકર્તાપણાની કલ્પના આખા વિશ્વના મનુષ્યોમાં છે. એના આધારે કોઈ ઉપદેશ લેવા જાય તો ટકી ન શકે. સ્વરૂપસ્થિરતા ન આવે અને એનો મોક્ષ ન થાય.

'ગાંધીજી'એ 'કૃપાળુદેવ'ને ૨૭મા વર્ષમાં ૫૩૦ નંબનો પત્ર છે (એમાં) એક પ્રશ્ન પૂછ્યો છે કે, અન્ય ધર્મથી મોક્ષ થાય કે ન થાય ? કે માત્ર જૈનથી જ મોક્ષ થાય ? તો કહે છે કે, જે અન્ય ધર્મના સિદ્ધાંતો છે એ સિદ્ધાંતો જોતાં એવા સિદ્ધાંતોને સ્વીકારવાથી કોઈનો મોક્ષ ન થાય, ઠીક ! શું જવાબ દેવાની ખૂબી છે ! જવાબ દેવાની ખૂબી કેવી છે !! કોઈને એમ ન લાગે કે આ જૈનનો પક્ષપાત કરે છે અને અન્યનો વિરોધ કરે છે, એવું ન લાગે. પોતે એકદમ મધ્યસ્થ થઈને વાત કરશે.

'પુષ્પમાળા'ની શરૂઆતમાં જ એમણે એ વાત લખી. પહેલી 'પુષ્પમાળા' છે ને ? ૧૭મા વર્ષ પહેલાં ૧૫–૧૬ વર્ષે ઉગતી ઉમરમાં એ વાત લખી છે કે, ભાઈ ! તું ગમે તે ધર્મમાં માનતો હોય, મને એનો કોઈ પક્ષપાત નથી. પક્ષપાત એટલે કોઈ Prejudice નથી. સવળો કે અવળો, સારો કે ખરાબ. Without prejudice વાત કરું છું. તું કોઈ ધર્મમાં માનતો હોય મને એનો કોઈ પક્ષપાત નથી પણ જે રાહથી સંસારમળ નાશ થાય એ ધર્મને તું સ્વીકારજે. ઠીક ! તું જોતો જા તારો સંસારમળ નાશ થાય છે કે નહિ ? આટલું જ જોવાનું છે, એ ધર્મ સાચો.

એટલા માટે જ્ઞાનીઓ એમ કહે છે કે, જૈનધર્મ એ કોઈ સંપ્રદાય નથી, એ કોઈ વાડો નથી, એ કોઈ અમુક જ્ઞાતિનો ધર્મ નથી, અમુક જાતિનો ધર્મ નથી, અમુક સમૂહનો – વર્ગનો ધર્મ નથી અને એનો બહુ મોટો પૂરાવો ભગવાન 'ગૌતમસ્વામી' છે. 'મહાવીર ભગવાન'ના ગણધર છે એ એનો બહુ મોટો પૂરાવો છે. ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ૬૬ દિવસ સુધી દિવ્યધ્વનિ શરૂ ન થઈ ત્યારે શ્રોતાઓ એમને એમ બેઠા–બેઠા કંટાળી ગયા. ૬૬ કલાક પણ બેસી રહેવું પડે તો સમજવા જેવી વાત છે. ૬૬ મિનિટમાં કંટાળી જવાય, અમસ્તા–અમસ્તા બેસાડે તો સજા કર્યા જેવું લાગે. ૬૬–૬૬ દિવસ સુધી દિવ્યધ્વનિ નહિ નીકળી ત્યારે ઇન્દ્રએ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અવધિજ્ઞાનમાં જોયું કે, આ છે શું પણ ? આવું કોઈ દી' બને નહિ. (પછી ખબર પડી કે) આ ધર્મની સભામાં કોઈ ગણધર છે નહિ. ભગવાનની વાણી, એના ગંભીર અને સૂક્ષ્મ રહસ્યોને ઝીલી શકે એવો કોઈ ઉત્કૃષ્ટ પાત્ર જોઈએ, જેને ગણધર કહેવામાં આવે છે એ છે જ નહિ. કોને કહે ? ભેંસ આગળ ભાગવત્ વાંચવી શું કામની ? (ધર્મસભામાં) અંદર ઘણાં મૂળ જૈનો હતા, સાધુઓ હતા (તોપણ દિવ્યધ્વનિ ન છૂટી) ! એ પછી 'ઇન્દ્રભૂતિ'ને લઈ આવ્યા. (એ) વેદાંતના આચાર્ય હતા, વેદાંતીના ગુરુ હતા એને લઈ આવ્યા. એ આપણા 'ગૌતમસ્વામી' છે. એટલે તીર્થંકરોનું Decision છે – On merits only – ગુણવત્તા ઉપર છે. એ સિવાઈ – ગુણવત્તા સિવાઈ ત્યાં બીજી કોઈ ગણતરી નથી.

ભગવાનને કહો, ગુરુને કહો, જ્ઞાનીને કહો યોગ્યતા સાથે સંબંધ છે, ગુણો સાથે સંબંધ છે, બીજા કોઈની સાથે સંબંધ નથી. અર્પણતાવાળા સાથે પણ સંબંધ નથી ! કોઈ એમ કહે કે, અમે તન, મન, ધનની અર્પણતા કરી દઈએ પણ અમને સૌથી વધારે Response મળવો જોઈએ, કેમકે અમારી અર્પણતા વધારે છે. આ ધર્મમાં એવું નથી. આ ધર્મમાં તો જે ગુણવાન હોય એ પહેલો, બાકી બધા એની પાછળ. પછી એ નવો હોય તોપણ પહેલો. અહીંયાં Seniority પ્રમાણે Mark નથી આપતા. એ નવા આવ્યા હતા – 'ગૌતમસ્વામી' સમવસરણની અંદર નવા આવ્યા. જૂના બધા રહી ગયા. ભગવાન પાસે કોઈની લાગવગ પણ ન ચાલી કે, સાહેબ, હવે અમને લઈ લ્યો ને ક્યારના બેઠા છીએ ! નહિ, અહીંયાં ગુણવાન સાથે સંબંધ છે, યોગ્યતા સાથે સંબંધ છે. અમારે બીજા કોઈની સાથે કાંઈ સંબંધ નથી. યોગ્યતાને જોઈને સહેજે ભાવો અને ભાષાનો પ્રવાહ ચાલુ થાય છે, સહેજે–સહેજે ! એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. યોગ્યતા સાથે એ સંબંધ છે, બીજા કોઈની સાથે સંબંધ નથી.

જોકે અર્પણતા પણ યોગ્યતાનો એક અંશ છે પણ તે સર્વથા નથી. ખરેખર તો ગુણ પ્રગટ કર્યા પછીનું જે સમર્પણ છે એ સમર્પણની જાત જુદી છે અને ઓઘસંજ્ઞાએ એમને એમ સમર્પણ થાય છે એની જાત જુદી

છે. બન્નેની જાત જુદી છે.

(અહીંયાં કહે છે) **'જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.'** **'જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી,...'** આમ તો આકાશમાં અવગાહન પામેલું વિશ્વ છે તોપણ આકાશ નિર્લેપ છે. વિશ્વથી આકાશ નિર્લેપ છે. સૂર્ય, ચંદ્ર, અનેક ગ્રહો અને વાદળાઓ, ગમે તે પ્રકારના પરમાણુઓ આકાશને જરાપણ એની સાથે કોઈ રૂપીપણું લાવી દેતા નથી, અરૂપી દ્રવ્ય છે, આકાશ છે એ અરૂપી દ્રવ્ય છે. આખા વિશ્વને અવકાશ આપે છે અને છતાં એને ક્યાંય રૂપીપણું થતું નથી, ક્યાંય એને કોઈ પદાર્થની કોઈ અસર આકાશને પહોંચતી નથી. નિર્લેપ રહે છે એને વાસનાથી રહિત કહ્યું. એટલે કે એની વાસ પણ એમાં રહેતી નથી. પદાર્થ તો વસતો નથી પણ આકાશ સુગંધ-દુર્ગંધયુ ત પણ થતું નથી. એની ગંધ પણ એમાં આવતી નથી, એમાં પડછાયો પણ પડતો નથી. આકાશ આકાશ જ રહે છે, ભિન્ન રહે છે, તદ્દન ભિન્ન રહે છે.

**'...તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.'** પરપદાર્થની સાથે પ્રત્યક્ષપણે આત્માને કાંઈ સંબંધ થતો નથી તેવું સમ્યક્દૃષ્ટિ પુરુષોએ જોયું છે એટલે અનુભવ કરેલો છે. આ પરપરક વાત છે, પર સાપેક્ષ વાત છે. સમ્યક્દૃષ્ટિઓએ સ્વસમયને – સ્વસ્વરૂપને કેવો જોયો છે એ બીજી વાત છે. આપણે રાતના સ્વાધ્યાયમાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ચાલે છે એમાં એ વિષય ઘણો ચાલે છે કે, સમ્યક્દૃષ્ટિએ આત્માને કેવો જોયો છે ? પણ એ આખી Positive side છે – એ સ્વપરક વાત છે.

અહીંયાં ભેદજ્ઞાન પહેલાં કરાવવું છે. આખા વિશ્વથી તારો આત્મા ભિન્ન છે. કોઈ પરમાણુ કે કોઈ જીવ સાથે તારે કોઈ સંબંધ નથી. સંબંધ રહી શકે કે સંબંધ થઈ શકે એવી વસ્તુસ્થિતિ નથી. એ જ વસ્તુસ્થિતિનું સ્વરૂપજ્ઞાન વીતરાગતાનું કારણ છે. જેટલો સંબંધ કલ્પ્યો; (સંબંધ) છે નહિ,

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
નહિ હોવા છતાં માન્યો, કલ્પનાથી કલ્પ્યો એટલો રાગ (છે). એટલો રાગ થવાનો અને રાગ માત્ર દુઃખદાયક છે, રાગ માત્ર દુઃખદાયક છે.

જોકે કેટલાક પ્રકારના રાગમાં સંસારીજીવો સુખની કલ્પના કરે છે. પણ તેમાં વાસ્તવિકતા નહિ હોવાને લીધે સરવાળે તે દુઃખદાયક નીવડે છે. એનો અંજામ દુઃખમાં આવે છે, સુખમાં આવતો નથી. એટલે 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ' જેની પાછળ દુઃખ હોય એને સુખ કેમ કહીએ ? જેની પાછળ દુઃખ રાહ જોઈને ભું જ છે એને સુખ કેમ કહીએ ? એ તો યુ તથી સમજાવ્યું છે. અનુભવથી જોવામાં આવે તો જે કાળે રાગની ઉત્પત્તિ થાય છે તે કાળે તે જીવને આકુળતાનો અનુભવ થયા વિના રહેતો નથી.

રાગમાં ત્રણ Factor છે એમાં એક Factor દુઃખ છે. 'સમયસાર'ની ૭૨મી ગાથા છે – **'અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને, વળી જાણીને દુઃખકારણો એથી નિવર્તન જીવ કરે'** દુઃખ દુઃખસ્વરૂપ છે, દુઃખના કારણરૂપે છે, મલિન છે, અશુચિ એટલે મલિનભાવ છે અને પોતાના સ્વરૂપથી વિપરીત છે – વિરોધી છે. સ્વભાવનો વિરોધી છે, રાગ છે તે જ્ઞાનસ્વભાવનો વિરોધી છે. રાગ વધે એટલે જ્ઞાન અવરાય. શું થાય ? જેટલો રાગરસ વધે તેટલું જ્ઞાન આવરણને પામે. (તેથી) જ્ઞાનનો વિરોધી છે – સ્વભાવનો વિરોધી છે – આત્માનો વિરોધી છે. તમામ પ્રકારના રાગ-દ્વેષ-મોહમાં આ ત્રણ મુદ્દા – આ ત્રણ Factor હોય, હોય ને હોય જ. એટલે એને એક 'આસ્રવ' શબ્દથી બતાવી દીધા. ભેદ એના ઘણાં છે.

એટલે અહીંયાં એમ કહે છે કે, સંસારમાં જીવે ઘણાં સંબંધ બાંધ્યા અને જેટલા બાંધ્યા એટલા છોડવા પડ્યા, ઇચ્છે કે ન ઇચ્છે. આમ તો સંસારદૃષ્ટિમાં શું વિચારે છે કે, આપણે જેટલા સંબંધો ઝાઝા હોય ને એટલું સારું ! અને એનો અહંભાવ પણ એવો થાય કે, જુઓ ભાઈ, અમારે ત્યાં પ્રસંગ હતો ત્યારે Receptionમાં કેટલા આવ્યા, જુઓ ! જમણવારમાં તો આપણે બધાને નથી બોલાવતા પણ Receptionમાં સંખ્યા મોટી હોય

છે. એનો અહંભાવ થાય છે. થાય છે ને ? (અહીંયાં કહે છે કે) જેટલા સંબંધ વધારે એટલું દુઃખ પણ વધારે સમજી લેવું. એટલી આબરૂ વધારે નહિ ? એ લૌકિક દૃષ્ટિએ ઘણી વાતો છે, અહીંયાં પ્રકરણ અલૌકિક દૃષ્ટિકોણનું છે. લૌકિક દૃષ્ટિએ ગમે તેવી ગણતરી મુકાતી હોય પણ તેથી આત્માને સુખ-શાંતિ થવાની નથી તે નથી જ થવાની. એથી આત્માને કોઈ સુખ-શાંતિ થવાની નથી. એ બધા કહેવાતા શુભપ્રસંગો; છે અશુભ, કહેવાતા શુભપ્રસંગો છે કેવા ? અશુભ. આવે છે ? 'સોગાનીજી'ના એક પત્રમાં આવે છે.

એક પત્ર મારા ઉપર લખેલો એમાં લખ્યું 'તમને કંકોત્રી મોકલું છું પણ આવા અશુભપ્રસંગ પર તમને બોલાવવું ઠીક લાગતું નથી !' વ્યવહારદૃષ્ટિએ લગ્નપત્રિકા મોકલી આપુ છું પણ આવા અશુભપ્રસંગે તમને બોલાવવું મને ઠીક લાગતું નથી. દીકરાના લગ્નપ્રસંગને અશુભ લખ્યો ! પત્રિકામાં શુભ છપાવવું પડે, એ તો લૌકિકદૃષ્ટિએ, કુટુંબની દૃષ્ટિએ બધુ કરવું પડે પણ એમના અભિપ્રાયમાં જે હતું તે તેમણે કાગળમાં લખ્યું કે, આવા અશુભપ્રસંગમાં તમારું શું કામ છે ?

એ શુભપ્રસંગોમાં જીવને ગમે એટલો ઉત્સાહ આવતો હોય, ગમે એટલો એ રાચતો હોય કે નાચતો હોય, આજકાલ તો નાચે પણ છે ને ? પણ જ્યાં પ્રસંગ પૂરો થાય એટલે એને 'હાશ...' થવાનું છે. શું થાશે ? 'હાશ... આ બે–ત્રણ દિવસ બહુ કામ રહ્યું, બહુ બોજો રહ્યો, ઘણી ઉપાધિ રહી.' 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ' કોઈપણ પ્રસંગ લઈ લ્યોને ! જેને સુખ ગણાય છે એવો જગતનો કોઈપણ પ્રસંગ, કોઈપણ ઉદય લઈ લ્યો ને ! જ્ઞાનીઓ તો કહે છે કે, એ તો તને ન સમજાય એટલે પાછળથી દુઃખ થાય છે એમ કરીને એને 'સુખ નથી' કહેતા પણ અનુભવ(માં એ વખતે પણ એ દુઃખરૂપ જ છે). મનમાં એવું ચિંતવન અને સૂક્ષ્મ વિકલ્પ ચાલે એ પણ દુઃખરૂપ છે. એ વાત 'સમયસાર'ની ૧૪૪મી ગાથાની ટીકામાં લખી છે. એ દુઃખરૂપ અનુભવ થાય તો જ જીવ ત્યાંથી ખસે. નહિતર કષાયની મંદતા ઘણી છે એટલે સ્થૂળ આકુળતા હોય નહિ તોપણ ત્યાં

સુખ લાગે તો જીવ રોકાઈ જાય, દુઃખ લાગે તો ખસી જાય. એટલા માટે પોતાને જે કોઈ વિકલ્પાત્મક ભાવો આત્મા સંબંધીના ગમે તેવા રસવાળા આવતા હોય તોપણ તેની કીંમત અને તેના ઉપર વજન જાવું જોઈએ નહિ. એનું વજન કાઢી નાખવું.

જ્ઞાનીઓએ તો શુદ્ધ પરિણમનની કીંમત પણ શુદ્ધ સ્વરૂપ આગળ જરા પણ આંકી નથી તો આ તો હજી શુભભાવો છે. મુમુક્ષુની ભૂમિકામાં તો હજી શુદ્ધતા પ્રગટ નથી થઈ, શુભભાવો છે એની કેટલી કીંમત કરવાની ?

શ્રોતા :– એક જડ છે, એક ચેતન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જડ-ચેતન જેટલો ફરક છે. રાગ છે એ જડ છે અને આત્મા છે એ ચેતન છે. (રાગ) જડ જેવો હોવાથી એને જડ કહેવામાં આવે છે. જડ પ્રકૃતિની સાથે ભળીને ઉત્પન્ન થતો હોવાથી, ઉદયની સાથે જોડાઈને ઉત્પન્ન થતો હોવાથી એને જડ કહેવામાં આવે છે.

(અહીંયાં) શું કહે છે ? '**જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી,... તેમ સમ્યક્‌દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.**' સર્વ પદાર્થોથી ભિન્ન અને સર્વ પર દ્રવ્યની અવસ્થાઓથી પણ ભિન્ન. બે વાત કરવા પાછળ તો હેતુ છે કે, ભ્રાંતિ અવસ્થાથી થાય છે. પરપદાર્થની અવસ્થા જોઈને આત્મા ભ્રાંતિગતપણે એવો જૂઠો અનુભવ – એવા મિથ્યા અનુભવ કરે છે કે, મને આ પદાર્થની આ અવસ્થાની અસર થાય છે. પરમાણુ પરમાણુ છે, પણ ઠંડીની અસર, ગરમીની અસર – એ પર્યાયની અસર મને થાય છે. ઠંડી-ગરમીના પરમાણુ દેખાતા નથી. વાતાવરણમાં ઠંડી-ગરમી છે દેખાય છે ? નથી દેખાતા. મને એની પર્યાયની અસર થાય છે. તો કહે (છે), નહિ, તને ઠંડી લાગતી નથી, ગરમી લાગતી નથી. એ મિથ્યા અનુભવ છે, એમ કહે છે. લાગતી હોય તો મુનિઓને પણ લાગે અને જિનેન્દ્ર ભગવાનને પણ લાગે. એ તો ખુલ્લા આકાશમાં નિર્વસ્ત્રદશામાં રહે છે. તને જણાય છે એટલી વાત ચોક્કસ છે. ઠંડી-ગરમી તને જણાય છે. જણાય છે તે જ્ઞાનનો જાણવાનો ધર્મ છે માટે જણાય છે, લાગવાનો ધર્મ નથી. ક્યાંય અંદર આવે એમ નથી. પરપ્રવેશભાવ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
એ મિથ્યા અનુભવ છે. પરપ્રવેશભાવ છે એ તદ્દન મિથ્યા અનુભવ છે. એટલે જ જ્ઞાનના સ્વસંવેદનમાં સ્થિર રહેલા સાધકો અને મુનિઓ પરદ્રવ્યની પર્યાયની અસરથી રહિતપણે ગમે તેવી સ્થિતિમાં સ્વરૂપમાં સ્થિર રહી શકે છે.

આપણા પુરાણોમાં અને ઇતિહાસોમાં એવા એના જીવંત દૃષ્ટાંતો છે – 'ગજસુકુમાર'નું દૃષ્ટાંત છે. ('ગજસુકુમાર'ના લગ્ન નિશ્ચિત થયા હતા પણ ભગવાનની વાણી સાંભળી દીક્ષા લઈ) નીકળી ગયા. દિકરીનો બાપ સહન ન કરી શક્યો – એમના સસરાને (એમ થયું કે) આણે મારી દીકરીનો ભવ બગાડ્યો. એ જમાનામાં Re-marraige નહિ થતા હોય. મારી દીકરીનો ભવ આણે બગાડ્યો. પાછળ–પાછળ ઉપડ્યા. આ તો સ્મશાનમાં જઈને ધ્યાનમાં બેસી ગયા હતા, મુનિદશામાં આવી ગયા હતા. (સસરાએ) માટી લઈ માથે સગડી જેવું કરી, સ્મશાનની જે અગ્નિ હતી – બધા કોલસા એમાં ભરી દીધા. ખોપડી માંડી સળગવા ! આથી વધારે ગરમી ક્યાં લાગે ? વાળ બળે પછી ખોપડી સળગવા લાગે. ધ્યાનસ્થદશામાં રહીને કેવળજ્ઞાન લીધું ! ગરમી લાગી હોત, લાગતી હોત તો આકુળતા થયા વિના રહે નહિ, ધ્યાન છૂટી જાય. એ ધ્યાન કેવું હશે ! અને એ ધ્યાનના આલંબનમાં આવેલો પરમાત્મા કેવો હશે કે, જેના ધ્યાનમાં ખોપડી સળગે તો ખબર પડે નહિ !! કેવો પરમાત્મા હશે ? કાલે લીધું હતું ને ? એ અચિંત્ય દ્રવ્ય છે ! એની જિજ્ઞાસા પણ કોઈ અપૂર્વ આવવી જોઈએ.

કાલે એક વાત કરવી રહી ગઈ હતી, પછી યાદ આવી. પચીસ વર્ષનો એકનો એક છોકરો, વીસ-પચીસ વર્ષનો એકનો એક છોકરો ખોવાઈ ગયો હોય, Kidnap કરી જાય છે ને અત્યારે ? પત્તો ન લાગતો હોય, ગમે તે કારણ બન્યું હોય, ખોવાઈ ગયો હોય, કોઈ લઈ ગયું હોય કે ક્યાંક Accidentથી મરી ગયો હોય, ગમે તે થયું હોય, પત્તો ન લાગતો હોય તો કેવી રીતે એને ગોતે એ કહો ? કેવી રીતે ગોતે ?

(એકવાર) હું 'કલકત્તા'માં હતો. વીસેક વર્ષ થયા. એ વાતને વીસેક વર્ષ થઈ ગયા. (જે દીકરો ખોવાઈ ગયો હતો) એના નાના વીસ ગાડીઓ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ચોવીસ કલાક દોડાવતા હતા. કેટલી ? ગાડીઓ અને ટે  સીઓ, વીસ જણાને પાછળ મૂકી દીધા હતા. ચારેકોર ગોતે, ચારેકોર ગોતે. હજી પત્તો નથી લાગ્યો. એની દશા એવી ખરાબ થઈ ગયેલી – ન ખાવું ભાવે, ન  ઘ આવે. ખાવા બેસે ત્યારે ખાવું ભાવે નહિ, એમ કહે કે, મને ભૂખ નથી લાગી. અરે... પણ બાર વાગ્યા, એક વાગ્યો, બે વાગ્યા, ચાર વાગ્યા... તો કહે કે, પણ ભૂખ લાગી નથી હું શું ખાઉં ? આ દશા થાય. ખાવાના ટાણે ભૂખ લાગે નહિ,  ઘવાના ટાણે  ઘ આવે નહિ. પણ આત્મા અનાદિનો ખોવાઈ ગયો છે તો સારુ–સારુ ખાઈને  ઘી જાય છે ! સરસમાં સરસ બનાવે બધું ! ખાઈને  ઘી જાય, હોઇયાં... કરીને !! ધરાઈ ગયા હવે, ચાલો હવે આરામ કરીએ. એની ચિંતા જ્યાં સુધી ઉપડે નહિ ત્યાં સુધી મળે ક્યાંથી ?

આત્મા એ કોઈ સામાન્ય પદાર્થ નથી. પરમાત્મા – ત્રણલોકનો નાથ છે ! કેવો છે ? પરમાત્મા છે અને ત્રણલોકનો નાથ છે. એક સારી એવી મોટી કંપની હોય ને ? સારી એવી મોટી કંપની હોય, જેની Agency લીધી હોય અને સારુ એવું એમાંથી ચાલ્યું આવતું હોય, એનો મેનેજર આવે કે એનો ચેરમેન આવે ને તોપણ એનો Protocol હોય છે કે નહિ ? એનું Receivment એની રીતે કરે કે ન કરે ? છાપામાં જાહેરાત આપે ફલાણું-ઢીકણું, આમ છે તેમ છે ? અને Prime minister હોય તો ? એક દેશમાંથી બીજા દેશમાં જાય તો કે, આટલા તોપોની સલામી આપો એને ! એકવીસ તોપ ફોડવાની, ઠીક ! તો ત્રણલોકનો નાથ પધારે ત્યારે કેટલી તૈયારી જોઈએ ! એ તો બધા જગતના પામર પ્રાણીઓ છે તોપણ Statusના પ્રમાણમાં બધું હોય છે. આપણે એમને એમ બહુમાન વગર – સ્વરૂપના બહુમાન વગર ગમે તે કરીએ (તેથી) શું થાય ? સ્વરૂપ પ્રાપ્તિ થાય નહિ. ગમે તે કરીએ તોપણ સ્વરૂપ પ્રાપ્તિ થાય નહિ.

જે સમ્યગ્દર્શનમાં સ્વરૂપ પ્રાપ્તિ છે – જે સ્વાનુભવમાં સ્વરૂપ પ્રાપ્તિ છે એ બીજું કાંઈ નથી, સ્વ-સ્વરૂપની અપૂર્વ મહિમારૂપ એક દશા છે, બીજું કાંઈ નથી. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સ્વાનુભવ છે એ નિજસ્વરૂપની

કોઈ અસાધારણ મહિમારૂપ દશા સિવાઈ બીજું કાંઈ નથી, ઠીક ! નિર્વિકલ્પ સ્વરૂપનો એટલો મહિમા આવતાં–આવતાં દશા નિર્વિકલ્પ થઈ ગઈ, ત્યાં સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું.

વસ્તુ નિર્વિકલ્પ છે, અનંત મહિમાવંત છે (તેની) ઓળખાણ થતાં 'કૃપાળુદેવે' તેને બીજું સમકિત કીધું. 'પરમાર્થની અનુભવાંશે પ્રતીતિ' 'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ' ૭૫૧ પત્રમાં એ વાત લીધી છે. એને બીજું સમકિત કીધું છે. એવો જ્યારે નિશ્ચય થાય છે, પ્રતીતિ આવે છે, વિશ્વાસ આવે છે ત્યારે સ્વરૂપનો ફાટફાટ મહિમા આવે છે. કેવો મહિમા આવે ? ફાટફાટ મહિમા આવે ! એ મહિમા પ્રતિક્ષણ વધતો જાય, પ્રતિક્ષણ એ મહિમા વધતો જાય અને એક એવા તબક્કે વધીને ભો રહે કે, જેવું નિર્વિકલ્પ સ્વરૂપ છે, દશા પણ એવી એકાકાર નિર્વિકલ્પ થઈ જાય. એને સમ્યૃગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહે છે. એ સ્વરૂપની મહિમા સિવાઈ બીજી કોઈ વાત એની અંદર નથી. સ્વરૂપ મહિમાના એક તબક્કે ઉત્પન્ન થયેલી સ્થિતિ છે. એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે કે, જે સ્થિતિને લીધે જીવને પછી અનંત ભવ રહેતા નથી. એનું ભવભ્રમણ ખલાસ થઈ જાય છે. જે ભવભ્રમણની વેદના પ્રારંભમાં આવી હતી સમ્યગ્દર્શન આવતાં એ ભવભ્રમણ અહીંયાં ખલાસ કર્યું. મુમુક્ષુતાનો પ્રારંભ જે રીતે કર્યો હતો એનું પહેલું ફળ અહીંયાં ચોથા ગુણસ્થાને આવ્યું. મુમુક્ષુતાની ચરમસીમા – ઉત્કૃષ્ટ દશા પાર કરીને પછી જ્ઞાનદશાની શરૂઆત થાય એટલે ભવભ્રમણનો પહેલાં નાશ થાય પછી સાધકદશામાં આગળ વધી અને નિર્વાણપદને પામે.

કહે છે કે, '**...સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.**' પ્રત્યક્ષ દીઠો છે. '**દીઠો છે**' એટલે પ્રત્યક્ષ જોયો છે કે, આ આત્માને કોઈ દ્રવ્યથી અને કોઈ દ્રવ્યની પર્યાયથી કાંઈ લાગતુ-વળગતું નથી, કોઈ લાગતુ-વળગતું નથી. એમને એમ દ્રવ્ય નિર્લેપ રહે છે, અસંગ રહે છે. તો કહે, એની ખાત્રી શું ? તો કહે છે કે, જો તું જ્ઞાનસ્વભાવી આત્મા છો ને ? તારા જ્ઞાને અત્યાર સુધીમાં કેટલા સ્વાદ ચાખ્યા, કહે જોઈ ? અનંતકાળમાં કેટલા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
સ્વાદ ચાખ્યા હશે ? ક્યો સ્વાદ તારા જ્ઞાનમાં ચોંટ્યો છે એ કહી દે ? છે ? કેટલી ઠંડી-ગરમી ખાધી છે ? નરકની ઠંડી-ગરમી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ છે કે, એનો એક કણિયો અહીંયાં આવે તો હજારો માણસો મરી જાય ! કેટલા ? એક કણિયો અહીંયાં આવે તો માઈલો સુધીમાં હજારો માણસ મરી જાય ! એ ભોગવી છે – સાગરોપમના કાળ સુધી ભોગવી છે. અત્યારે એમાંનું તારા આત્મામાં શું છે કહી દે ? એ માંહેથી આત્મામાં કોઈ જાતની એક અંશે પણ અસર છે ખરી ? કાંઈ અસર નથી. એનો અર્થ શું ? કે, વસ્તુસ્થિતિ એમ બતાવે છે કે, આત્મા કોઈ પરિસ્થિતિથી લેપાયમાન થતો જ નથી. કોઈ પરિસ્થિતિથી લેપાયમાન થતો નથી.

('કૃપાળુદેવે') ૧૨૮ (પત્રમાં) કીધું કે, હું જેના વિના એક ક્ષણ પણ નહિ જીવી શકું એવો તીવ્ર રાગ થયેલો પણ જીવને માત્ર કલ્પના હતી. એક ક્ષણ નહિ જીવી શકું એના વગર અનંતકાળથી હજી એમને એમ જીવે છે ! આ જીવે શું કરવા એવી કલ્પના કરીને પોતેને પોતે દુઃખી થયો ? જ્ઞાનીઓએ જે આત્મા જોયો છે, પ્રત્યક્ષ જોયો છે એ જ વાસ્તવિક આત્માનું સ્વરૂપ છે કે, જેને કોઈની સાથે કાંઈ સંબંધ નથી.

**'જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?'** આત્મા બનાવી શકાતો નથી અને બનાવે તો શેમાંથી બનાવે એ સવાલ છે ? આત્મા બનાવી શકાતો નથી. આત્મા પણ બનાવી શકાતો નથી અને એક પરમાણુ પણ નવો બનાવી શકાતો નથી. બધા જ અવસ્થાથી અવસ્થાંતર પામે છે.

જે જગતકર્તા ઈશ્વરને માને છે એ એક પ્રશ્નમાં મૂંઝાય એવી વાત છે કે, જો આ વિશ્વ ઈશ્વરે બનાવ્યું હોય તો શેમાંથી બનાવ્યું એ કહો ? એક જ પ્રશ્ન – વેધક પ્રશ્ન છે આ. શેમાંથી બનાવ્યું એ કહો ? કોઈ જવાબ નથી. શૂન્યમાંથી બનાવ્યું ? શેમાંથી બનાવ્યું ? શૂન્યમાંથી તો કાંઈ થાય નહિ. તોપછી શેમાંથી બનાવ્યું ? જેમાંથી બનાવ્યું એ શેમાંથી બન્યું ? કોઈ જવાબ નથી.

'કૃપાળુદેવે' આ પ્રશ્નો પૂછ્યા છે. આ પ્રશ્નો ભા કરેલા છે.

શરૂઆતના વર્ષોમાં આ બધા પ્રશ્નો એમણે લીધા છે અને બહુ શૈલીથી કેટલીક વાત લખી છે કે, 'જે ક્ષત્રિયપુત્ર...' – 'મહાવીર ભગવાન' માટે લખ્યું છે. ક્ષત્રિયના પુત્ર હતા ને ? 'સિદ્ધાર્થરાજાના' ! 'જે ક્ષત્રિયપુત્રે વિશ્વના ઉત્પાદક એવા વિશ્વના આધારભૂત અને વિશ્વના પિતા એવા ઈશ્વરને ધડમૂળથી ડાડ્યો !' શું કર્યું ! એવા ઈશ્વરે બાપના નામબોળક એવા પુત્રને જન્મ શું કરવા આપ્યો એ કહો ને ? બહુ શૈલીથી લખ્યું છે. જે બાપનું નામ ડાડે કે, 'હાલ... હાલ... તું મારો બાપ નથી !' એને એ જન્મ શું કરવા આપે ? એને ખબર નહોતી કે જન્મ્યા પછી આ આવું કરશે ? આવું બોલશે એ એને ખબર નહોતી ? માટે એમ સાબિત થાય છે કે, ઈશ્વરે કોઈ વિશ્વને બનાવ્યું નથી અને વૈજ્ઞાનિકદૃષ્ટિમાં એ વાત કોઈ રીતે બેસે એમ નથી. જીવો ગમે એટલી કલ્પના કરે, (પણ) વૈજ્ઞાનિકદૃષ્ટિમાં એ વાત બેસે એવી નથી. આજનું જગત વિજ્ઞાનમાં બહુ માને છે પણ ધર્મના ક્ષેત્રમાં અંધશ્રદ્ધા સિવાઈ બીજી પરિસ્થિતિ આજે પણ નથી. પછી ગમે તેટલા વિજ્ઞાન ભણેલા હોય તોપણ ધર્મના ક્ષેત્રમાં તો અંધશ્રદ્ધા સિવાય બીજી પરિસ્થિતિ નથી.

**'જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?'** અને એ આત્મા હું છું. એ આત્મા હું હોવાથી (મારો નાશ પણ નથી). આત્મા એટલે કોણ પણ ? કે, આત્મા એટલે હું પોતે. કોઈની વાત નથી – Third personની પણ વાત નથી. આત્મા એટલે હું પોતે. શાસ્ત્રોમાં આ રીતે વાત ચાલી છે. 'પ્રવચનસાર'માં આવે છે કે, આત્મા એટલે કોણ ? સંસ્કૃતમાં ટીકા છે (એટલે લખે) છે કે, '**अहं इति**' એનો જવાબ શું ? હું પોતે. આત્મા એટલે કોણ ? કે, હું પોતે. જો મારો નાશ થવાનો ન હોય તો મારે હવે કોઈપણ પ્રકારના ભયમાં જીવવાનો સવાલ ભો થતો નથી, નિર્ભય થઈ જાય. મારો નાશ પણ ક્યાંથી થાય ? આ અમરપટ્ટો મળી ગયો લ્યો, ઠીક ! અમરપટ્ટો મળે તો કેટલો આનંદ થાય ? એટલો આનંદ સમ્યક્દૃષ્ટિને થાય છે. અમરપટ્ટો મળી જવાથી એટલો આનંદ સમ્યક્દૃષ્ટિને થાય છે અને કોઈપણ આત્મા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
સમ્યક્દૃષ્ટિ થઈ શકે છે. એવો આનંદ લેવો હોય તો તમે પણ સમ્યક્દૃષ્ટિ થવાય એવા પરિણામો કરો. આમાં કાંઈ લેવા-દેવાનો સવાલ નથી. તમે આટલું દાન આપો અને આટલો ત્યાગ કરો, એ વાત નથી. પરિણામને બદલો. તમારા શ્રદ્ધા-જ્ઞાનનો પલટો મારો. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ કે અમરપદ થઈ ગયું. પછી તમે રાજા હો કે રંક હો. તમને અમરપદનો ભેટો થઈ ગયો અને તમે મરવાના નથી એની તમને ખાત્રી થઈ ગઈ. શરીર બદલવું એ કપડાં બદલવા જેવું લાગશે. શરીર બદલવાનો સમય આવશે પણ એ કપડાં બદલવા જેવું લાગશે, એથી વધારે કાંઈ નહિ લાગે. કાંઈ નહિ, આ કપડું ઘણાં વર્ષથી વપરાય છે, હવે જરી ગયું છે, હવે સાંધેલું પણ રહે એવું નથી. બહુ જરી જાય ત્યારે પછી સાંધેલું પણ ન રહે. કાંઈ નહિ, હવે બદલી નાખો.

**'અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે.'** જુઓ, કેવી સરસ વાત લખી છે ! પોતાના અજરઅમર પદનું અજ્ઞાન છે. આ સ્વાધ્યાય આદિ એનો નિશ્ચય કરાવવા માટે છે – ઓળખાણ કરાવવા માટે છે. ઓળખાણ કરશે એને અનુભવ થયા વિના રહેશે નહિ. કેમકે એ બીજું સમકિત છે. એને ત્રીજું સમકિત આવ્યા વિના રહેશે નહિ. **'અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે.'** અહીંયાં સ્વરૂપ પ્રત્યેનો પ્રમાદ કેમ લીધો ? (કેમકે) કેટલાક જીવોને તો કાંઈ ખબર નથી કે, આત્મા અજરઅમર શાશ્વત છે.

પરદેશમાં જાઓ તો આ જે પશ્ચિમની પ્રજા છે એને કાંઈ ખબર નથી. આત્મા શું પદાર્થ છે, એનું વિજ્ઞાન શું છે એની કોઈ ખબર જ નથી. સાવ અજાણપણે છે, અજ્ઞાન એટલે અજાણ છે. અહીંયાં હિન્દુસ્તાનમાં તીર્થંકરોના કરોડો-અબજો વર્ષથી આ અધ્યાત્મવિદ્યા ચાલે છે. એટલે અહીંયાં દરેક સંપ્રદાયોમાં આત્માની વાતો છે. આપણે ત્યાં દેશમાં વાળ કપાવવા જઈએ તો વાળંદ પણ વાળ કાપતા–કાપતા Philosophy હાંકે ! ઇ બે વાત કરશે, હોં ! તત્ત્વજ્ઞાનની બે વાત કરશે. આપણે ત્યાં એટલો બધો તત્ત્વજ્ઞાનનો ફેલાવો છે કે, કાંઈ ભણ્યો ન હોય, નાનપણથી વાળ કાપતા

શીખ્યો હોય, એ વાળ કાપતા–કાપતા તમને બે વાત સંભળાવશે ! એક વૈદક અને એક આ તત્ત્વજ્ઞાન – આ બેમાં ગમે તે પ્રવેશ કરે. એમાં કોઈને કાંઈ ડિગ્રી લેવાની જરૂર નહિ એના જેવું થઈ ગયું છે. ઉધરસ થઈ તો ચાર દવા આ છે. ગમે એ બતાવી દે, ડૉ  ટર હોય કે ન હોય અને ધર્મના ક્ષેત્રમાં બે-ચાર વાતો ફેંકશે ! આપણે ત્યાં શું છે, માહોલ જ એવું છે. તીર્થંકરો અહીં થાય છે ને ? આ ભારતભૂમિમાં તીર્થંકરો થાય છે. અબજો વર્ષથી થાય છે અને એ વખતે તો બહુ જ ધર્મનું વાતાવરણ હતું. બહુ જ Atmosphere જામે. તીર્થંકરો વિચરતા હોય ત્યારે તમને આખું Environment જ ધર્મવાળું દેખાય. પછી એ ઘસાતું–ઘસાતું પણ અહીંયાં હજી રહી જાય છે, સાવ નાશ નથી પામતું. આવો કાળ છે તોપણ હજી રહી જાય છે.

એમ અહીંયાં ખબર છે કે, આત્મા અજરઅમર છે એવા ખબરવાળા જીવોને અનુભવ કરવાનો પ્રમાદ થાય છે ! શું થાય છે ? પ્રમાદ થાય છે એટલે આળસ કરીને સૂઈ જાય છે એમ નહિ, બીજા કામે લાગી જાય છે. આત્માનો અનુભવ કરવાને બદલે બીજા–બીજા કામે લાગી જાય છે કે, હજી મારે આ કામ છે અને હજી મારે આ કામ છે, હજી દુકાન આમ ચાલે છે અને ધંધો આમ ચાલે છે, ઉઘરાણી આમ છે અને ફલાણું આમ છે. છપ્પન જાતના લફરામાંથી આત્માનો અનુભવ કરવાનો પુરુષાર્થ ખબર હોય તોપણ જીવ કરી શકતો નથી. ખબર તો ઘણાંને છે. આપણે ત્યાં આ વાત નવી નથી. આત્મા શાશ્વત છે, અજરઅમર છે એ વાત નવી નથી, પણ જીવ Priority આપતો નથી.

યથાર્થ પ્રકારે મૂલ્યાંકન નહિ થયું હોવાને લીધે જીવ Priority આપતો નથી. એટલે બીજા–બીજા કામની Priority રહે છે. આત્મકલ્યાણ કરવું તે Last Priorityમાં જાય છે. પરિણામે જે કાંઈ થોડું-ઘણું કરે છે એ બધું શૂન્યને શૂન્ય જ રહે છે, એનો એક Mark પણ મળતો નથી. એને અહીંયાં પ્રમાદ કીધો છે.

**'અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની**

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
**ભ્રાંતિ છે.**' બાકી આત્મા અજરઅમરપદસ્વરૂપ જ છે. એ પણ કાંઈ બનાવવાનું કે કરવાનું નથી. માત્ર ઉલ્ટો અભિપ્રાય – Misconcept છે એને બદલવાનો છે. 'હું માણસ છું, આટલા વર્ષ પછી હું પાછો મરી જઈશ તો ?' એમ મર્યા પહેલાં તો અહીંથી બીક શરૂ થઈ જાય છે – ભય શરૂ થઈ જાય છે અને એમાંય કાંઈક છાતીમાં દુખાવો થાય ત્યારે વધારે અસર થઈ જાય છે.

પહેલવાન જેવા માણસો જોયા છે. દેહનું અભિમાન બહુ હોય કે, આપણને કાંઈ થાય નહિ. એને ઓચિંતુ જરાક કાંઈક થાય ને એટલે સીધો Depressionમાં આવે. શરીરશ તને ભૂલી જાય કે, હું અત્યાર સુધી આ શ તનું અભિમાન કરતો હતો એનું શું ? ખ્યાલ આવે છે કે, આ શરીર ગમે ત્યારે દગો દેશે. પણ એ શરીરસ્વરૂપે હું છું, એવો જે અભિપ્રાય – એવો જે નિશ્ચય એ નિશ્ચય તને દુઃખદાયક છે. ખોટો નિશ્ચય તને દુઃખ દે છે. બીજું કાંઈ નથી. અંધારામાં એક ઝાડ કપાયેલું થડ હતું ત્યાં બીક લાગી કે, અરે...! અહીંયાં કો'ક માણસ મારવા માટે અંધારામાં છૂપાઈને ભો છે ! વાતમાં કાંઈ માલ નહોતો પણ બીક લાગે એના જેવી આ મૃત્યુની ભ્રાંતિથી બીક લાગે છે. મૃત્યુ જેવી કોઈ ચીજ નથી. આ જગતમાં મૃત્યુ જેવી કોઈ ચીજ જ નથી. જેનો સર્વથી વધારે ભય છે એને બિલકૂલ ભય ન લાગે એવી સુગમ અને સરળ વાત જ્ઞાનીઓએ કરી છે. (તેથી કહે છે કે) એ ભ્રાંતિ છે.

'**તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે.**' હવે જ્ઞાનીની વાત લીધી. જગતના પ્રાણીઓ ભયવાન થઈને વગર મૃત્યુએ મરે છે, વગર મોતે મરે છે અને જ્ઞાનીઓ નિર્ભય છે. જ્ઞાનીઓ કેવી રીતે નિર્ભય છે એનું બહુ સરસ આ વચનામૃત લીધું છે અને 'કૃપાળુદેવે' એમાં થોડા વિશેષ અધ્યાત્મના ભાવો પણ લીધાં છે એ આવતીકાલના સ્વાધ્યાયમાં લઈશું.

^ ^ ^

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૧૩
## પત્રાંક–૮૩૩ (૪)
## તા. ૦૧-૦૩-૧૯૯૭

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત) પત્ર–૮૩૩મો ચાલે છે. પાનું–૬૨૧. ત્રીજા પૈરાગ્રાફથી **'અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે.'** પોતાના શાશ્વત આત્મસ્વરૂપની ભ્રાંતિ હોવાથી પોતાને દેહાત્મબુદ્ધિને કારણે દેહ છે ત્યાં સુધી જ પોતાનું અસ્તિત્વ – પોતાની હયાતી મનાય છે. દેહના વિયોગે પોતાનો નાશ – દેહના નાશથી પોતાનો નાશ, એમ ભ્રાંતિગતપણે અજ્ઞાનથી અનુભવ થાય છે. ભ્રાંતિગત અનુભવ કહો કે ખોટો અનુભવ કહો, બન્ને એક વાત છે. જેને ખબર નથી એની પણ એ દશા છે અને જેને ખબર છે અને પ્રમાદ છે એની પણ એ દશા છે. બન્નેને ભય સરખો થવાનો, મૃત્યુનો ભય તો બન્નેને સરખો જ થવાનો.

**'તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી...'** તે ભ્રાંતિનો નાશ કરીને. નિવૃત્તિ એટલે નાશ કરવો. તે ભ્રાંતિને નિવૃત્ત કરીને **'...શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે.'** જ્ઞાની કેવી રીતે નિર્ભય છે એની વાત કરે છે. એવી ભ્રાંતિ એમને નાશ પામી ગઈ છે. પહેલાં એમને પણ હતી. અનાદિથી કોઈ આત્મા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

જ્ઞાની નથી, કોઈ આત્મા મુનિ નથી, કોઈ આત્મા ભગવાન નથી. બધા જ નવા થાય છે. સંસારીજીવ બધા જ ભ્રાંતિ મટાડીને જ્ઞાની થાય છે. જ્ઞાની થયા પછી સાધનામાં આગળ વધીને મુનિ થાય છે, એ જ મુનિ સાધનામાં આગળ વધીને ઐશ્વર્ય – પરમ ઐશ્વર્યપદને – ભગવાનપદને પ્રાપ્ત કરે છે. એટલે એવી ભ્રાંતિ નિવૃત્ત કરીને જ્ઞાની સદાય નિર્ભય છે. જ્યારથી ભ્રાંતિ ગઈ ત્યારથી જ્ઞાની સદાય નિર્ભય છે. કેમ નિર્ભય છે ? કે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પરમ જાગ્રત થઈને. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં (જાગ્રત થઈને). સ્વરૂપમાં પણ એટલું જ લીધું છે. જેટલો અનુભવ છે એટલું સ્વરૂપ છે. સ્વરૂપ કેવું છે ? અને સ્વરૂપ કેવડું છે ? કે, જેટલો પોતાનો અનુભવ છે એટલું છે.

'કૃપાળુદેવે' સ્વરૂપના વિષયમાં આ એક વિશિષ્ટ વાત લખી છે ! શુદ્ધ ચૈતન્ય આત્મસ્વરૂપમાં જાગ્રત થઈને, એમ નહિ લખતાં '**શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં જાગ્રત થઈ**' એમ લીધું છે. કેમકે એ જાગ્રતિ અનુભવ વિના હોતી નથી. અહીંયાં અનુભવની જાગ્રતિને જ જાગ્રતિ કહી છે. કેમકે અહીંયાં મોક્ષમાર્ગની વાત છે. મુમુક્ષુને જાગ્રતિ છે એ સ્મરણપૂર્વકની જાગ્રતિ છે અને કોઈ આગળ વધેલા મુમુક્ષુને સ્મરણ ઉપરાંત કાંઈક સાવધાની આવે છે કે, હું આત્મા છું. જ્ઞાનીને અનુભવપૂર્વક સાવધાની છે. જ્ઞાની પણ સ્વરૂપમાં સાવધાન છે પણ સ્વાનુભવપૂર્વક સાવધાન છે.

સ્વાનુભવનો વિષય જે આત્મસ્વરૂપ છે, જેવડું આત્મસ્વરૂપ છે, જેટલું આત્મસ્વરૂપ છે એટલું જ આત્મસ્વરૂપ કેવળજ્ઞાનનો વિષય છે. એમ પણ કહી શકાય કે, તીર્થંકર ભગવાન સર્વજ્ઞદેવ કેવળજ્ઞાનમાં જેવો આત્મા જોવે છે, અનુભવે છે એવો જ આત્મા જ્ઞાનીપુરુષ છદ્મસ્થ અવસ્થામાં ચતુર્થ ગુણસ્થાને અનુભવે છે. વિષયમાં ફેર નથી, વિષય એવડો અને એટલો જ છે, વિષયનું પ્રમાણ કાંઈ બદલાતું નથી. જે કાંઈ બદલાય છે એ દશાનું પ્રમાણ બદલાય છે. અનુભવ કરનારી જે દશા છે તે ગુણસ્થાન અનુસાર છે પણ એ દશાનો વિષય પહેલેથી છેલ્લે સુધી એકસરખો છે, એમાં કોઈ ફરક નથી.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

શ્રોતા :– જે નિજઅનુભવસ્વભાવપ્રમાણ કીધું એ વધતો-ઓછો છે ?

સમાધાન :– અનુભવનું પ્રમાણ ઓછું-વત્તુ છે. ઓછું-વત્તુ એટલે જાતિ અપેક્ષાએ ઓછું-વત્તુ નથી. Quality એક સરખી છે ડિગ્રી એની ઓછી-વત્તી છે. એટલે શું ? બહુ સ્પષ્ટ કરીએ તો – અહીંયાં આત્મસ્વરૂપનું જે જ્ઞાન છે એ સ્વરૂપગ્રાહકજ્ઞાન છે. કેવું જ્ઞાન છે ? સ્વરૂપને ગ્રહણ કરનારું. એ સ્વરૂપને ગ્રહણ કરે છે, એ શરૂઆતથી સ્વરૂપને ગ્રહણ કરે છે પણ એ ગ્રહણ કરવા–કરવામાં ફરક છે, પકડમાં ફરક છે, પકડમાં ફરક છે. એટલે એની જે Depth છે – જ્ઞાનની જે ંડાઈ છે – એની Depth છે એમાં ફરક છે અને એને કારણે સ્વસંવેદનમાં પણ ફરક છે. સ્વસંવેદનની જે ડિગ્રી છે એ ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાનમાં વધારે છે, પાંચમા ગુણસ્થાન કરતાં સાતમા ગુણસ્થાનમાં વધારે છે અને દરેક ઉપરના ગુણસ્થાનમાં સ્વસંવેદનની ડિગ્રી વધારે છે.

કેવળજ્ઞાનમાં અનંતુ સ્વસંવેદન છે. કેવળજ્ઞાની પરમાત્માને – અરિહંતદેવને અનંતુ સ્વસંવેદન છે. તેથી આપણા જૈનશાસનમાં અરિહંતદેવની મૂર્તિની સ્થાપનાનો વ્યવહાર છે. આ વ્યવહાર અનાદિથી છે. શા માટે એ વ્યવહારની ગૂંથણી છે અથવા એ વ્યવહારને ગોઠવ્યો છે, એની વ્યવસ્થા કરી છે ? કે, અનંતુ સ્વસંવેદન છે એને ત્યાં મૂર્તિમંત કર્યું છે. સ્વસંવેદન એ અરૂપી આત્માની અરૂપી અવસ્થા છે. આત્મા સ્વરૂપે અરૂપી છે. અરૂપી આત્માની જે અરૂપી અવસ્થા છે એને આપણે મંદિરજીમાં મૂર્તિમંત કરીએ છીએ અને દર્શન કરતી વખતે આપણે એ અનંતા સ્વસંવેદનને જો Visualise કરી શકીએ; વિચારમાં લેવાની વાત નથી, હોં ! વિચારથી થોડી આગળની વાત છે, એને જોઈ શકીએ – દેખી શકીએ તો પોતાના સ્વસંવેદનનો આવિર્ભાવ થવા લાગે. એવો જિનદર્શનના વ્યવહારની અંદર પરમાર્થ નિહિત છે – એમાં પરમાર્થ છુપાયેલો છે. એટલા માટે જિનદર્શનનો વ્યવહાર અનાદિથી આપણા શાસનની અંદર, સમાજની અંદર જ્ઞાનીપુરુષોએ નિશ્ચિત કરેલો છે.

જ્ઞાનીઓથી એ પરંપરા ચાલી છે. કેમકે નિમિત્ત-નૈમિત્તક સંબંધ એવો

છે કે, કોઈપણ પ્રકારના વેદનને જોનારને, જોનારને એવું વેદન થવા લાગે. દુઃખી જુઓ, કોઈનું પણ દુઃખ જુઓ તો તમને દુઃખ થશે, પછી ભલે રસ્તા ઉપરનો ભિખારી હોય કે રસ્તા ઉપરનું પીડાતું કોઈ તિર્યંચ પ્રાણી હોય, પણ એનું દુઃખ જોઈને તમને દુઃખ થવાનું. પછી એને સારા શબ્દોમાં આપણે 'દયા' અને 'કરુણા' કહીએ છીએ પણ વાસ્તવમાં ત્યાં દુઃખ થાય છે. એવી જ રીતે કોઈને હસતા (જુઓ), ખુશખુશાલ વાતાવરણ હોય તો એની અંદર માણસને ખુશી પજી આવે છે. કોઈ મરી ગયું હોય અને ગમગીન થઈને બધા રોતા હોય, ભલેને પાડોશી હોય તોપણ એને બે આંસુ આવી જાય. એ વેદનને જોનારને જેવું એ વેદન જોવે એવું વેદન પોતાને ઉત્પન્ન થઈ આવે છે. એવી એક વસ્તુસ્થિતિએ પરિસ્થિતિ છે – વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. તેથી ભગવાનના અનંત સ્વસંવેદનનું દર્શન કરતાં પોતાના સ્વસંવેદનનો આવિર્ભાવ થાય, પણ સ્વસંવેદન Visualise થવું જોઈએ. આટલી શરત છે. ન દેખાય તો ઓઘસંજ્ઞાએ માથુ આમ કરીને નીકળી જાય. મંદિર જાય, માથુ નમાવીને રવાના ! એવી રીતે ઓઘસંજ્ઞાએ દર્શન ન કરવા જોઈએ. એમની અંતર્મુખતાને, એમના સ્વસંવેદનપણાને, એમની વીતરાગતાને Visualise કરવી જોઈએ, બરાબર નીરખવી જોઈએ. વિચાર કરવો એક વાત છે અને નીરખવું બીજી વાત છે. વિચાર પરોક્ષ પદાર્થનો થાય છે, નીરખવું પ્રત્યક્ષ પદાર્થનું થાય છે. બે વચ્ચે આ ફરક છે.

'આનંદઘનજી'એ ગાયું ને ? 'નીરખત તૃપ્તિ ન હોય, વિમલજિન દીઠા લોયણ આજ' 'શાંત સુધારસ ઝીલતી' (અર્થાત્) ભગવાનની મુખાકૃતિમાં – ભગવાનની મુખમુદ્રામાં અમૃતમયી શાંતિ, અનંત શાંતિ પ્રત્યક્ષ છે અને એને નીરખતાં – એને જોતાં 'આનંદઘનજી' કહે છે, મને તૃપ્તિ નથી થતી. સમવસરણમાં તો એવી જ પરિસ્થિતિ છે.

સમવસરણમાં સાક્ષાત્ તીર્થંકર બિરાજમાન હોય છે અને ઇન્દ્રિયજ્ઞાનમાં પણ એમનું રૂપ પ્રત્યક્ષ થતું હોવાથી પારદર્શક છે. એમનું જે શરીર છે એ એ વખતે પારદર્શક થઈ જાય છે, રંગ ગમે તે હોય – લાલ હોય

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
છે, સોના જેવો સુવર્ણ રંગ હોય છે, શ્યામ પણ હોય છે, નીલરંગી પણ હોય છે, પીળું એટલે સુવર્ણ જેવું પણ હોય છે પણ પારદર્શક હોય છે.

શ્રોતા :– ભગવાનનું શરીર પારદર્શક હોય છે ?

સમાધાન :– હા, પારદર્શક હોય છે. શરીર પારદર્શક થઈ જાય છે. એટલે આપણા જે ઔદારિક જાતિના પરમાણુ છે જેમાં લોહી, માંસ વગેરે છે એ મનુષ્યશરીર કેવળજ્ઞાન થતાં પરમ ઔદારિક પરમાણુઓ થઈ જાય છે. એની જાતિ બદલાય છે અને શરીર એકદમ પારદર્શક સ્ફટિક જેવું થઈ જાય છે. આત્મા પણ નિર્મળ થયો અને એ આત્માની સાથે રહેનારા પરમાણુઓ પણ નિર્મળ થયા.

શ્રોતા :– 'મહાવીરસ્વામી' ત્રીસ વર્ષ જે કેવળજ્ઞાન સાથે વિચર્યા એ વખતે એવું શરીર હતું ?

સમાધાન :– હા, પારદર્શક (હતું) અને ' ષભદેવ ભગવાન' એક લાખ પૂર્વ, ત્ર્યાંસી લાખ પૂર્વ છદ્મસ્થ અવસ્થામાં (રહ્યાં) ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું અને એક લાખ પૂર્વ કેવળજ્ઞાન અવસ્થામાં વિચર્યા (ત્યારે પણ) એવું જ શરીર હતું.

શ્રોતા :– પૂર્વ એટલે વર્ષ થાય ?

સમાધાન :– ના, પૂર્વ એટલે એની અંદર અબજો વર્ષ છે ! કેટલાં ? કરોડો વર્ષ નથી, એની અંદર અબજો વર્ષ છે. બહુ મોટા આયુષ્ય છે. એ જમાનામાં બહુ મોટા આયુષ્ય હોય છે. પછી આયુષ્ય ઘટતા ગયા, ચાઈ પણ ઘટતી ગઈ. એમની ચાઈ પાંચસો ધનુષની હતી, 'ભગવાન મહાવીરસ્વામી'ની સાત હાથ હતી. એમનું આયુષ્ય બોંતેર વર્ષનું હતુ. (' ષભદેવ ભગવાન'નું) આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતુ.

શ્રોતા :– ગણી ન શકાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જૈન ગણિતમાં છે, લૌકિક ગણિતમાં એ પૂર્વ નથી, જૈન ગણિતમાં છે. જૈન ગણિત છે એ લૌકિક ગણિત કરતાં Advanced છે અને એટલું જ નહિ Beyond mathematic પણ એની અંદર Figures છે – અસંખ્યાતના કેટલાક પ્રકારો છે. આ પૂર્વ અને સાગરોપમ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

સુધી તો બધા સંખ્યાત ચાલે છે, પછી અસંખ્યાતના પ્રકાર છે, પછી અનંતતાના પ્રકાર છે. એ બધા Infinite છે ! એ વિષય લૌકિક ગણિતમાં ક્યાંય નથી. Beyond mathematic બધા આંકડાઓ છે.

શ્રોતા :– ' ષભદેવ ભગવાન' તીર્થંકર થયા એમના વખતમાં એ જ કાળમાં બીજા તીર્થંકર થાય ?

સમાધાન :– તીર્થંકર ન થાય પણ કેવળજ્ઞાની થાય. આપણા ભરતક્ષેત્રમાં એક સર્પિણી કાળમાં તીર્થંકરો ચોવીસથી વધારે નથી થતા પછી અવસર્પિણી હોય કે ઉત્સર્પિણી હોય. એક સર્પિણી કાળમાં છ આરા છે એમાં ચતુર્થ આરામાં (જ તીર્થંકરો થાય છે). પહેલા, બીજા, ત્રીજામાં ન થાય, પાંચમા, છઠ્ઠામાં ન થાય, ફ ત ચોથો આરો છે એ બહુ મોટો છે એટલે એને સર્પની ઉપમા આપી છે. સર્પ વચ્ચેથી જાડો હોય, આગળ-પાછળ પાતળો હોય. એટલે એના વર્ષો ઓછા છે – પહેલા, બીજા, ત્રીજાના વર્ષો ઓછા છે, પાંચમા–છઠ્ઠાના એકવીસ હજાર વર્ષ છે અને ચોથા આરાના એક ક્રોડાક્રોડી સાગર જેટલા વર્ષ છે. એની અંદર ચોવીસ તીર્થંકરો ક્રમથી થાય. એક તીર્થંકરનો નિર્વાણ થયા પછી, કેટલોક કાળ ગયા પછી બીજા તીર્થંકર થાય. પછી એમનો નિર્વાણ થયા પછી કેટલોક કાળ થયા પછી ત્રીજા તીર્થંકર થાય. પણ એક તીર્થંકરની દિવ્યધ્વનિના નિમિત્તે લાખો કેવળી થાય, કેવળજ્ઞાનીઓ લાખો થઈ જાય. એની કોઈ બાધા નથી. જ્યારે મહાવિદેહક્ષેત્રમાં એકસાથે ઓછામાં ઓછા વીસ તીર્થંકરો હોય છે અને વધુમાં વધુ એકસાથે ૧૬૦ તીર્થંકર હોય છે. ત્યાં એકસાથે હોય છે ખરા. એવી રીતે એક ક્ષેત્રમાં પણ અનંતા તીર્થંકરો થાય છે (અને) આ ક્ષેત્રમાં પણ અનંતા તીર્થંકરો અનંતી ચોવીસીમાં થઈ ગયા. એમનું શરીર પારદર્શક હોય છે, નિર્મળ આત્મા થયો છે અને એ પરમાણુઓ પણ શાંતરસ ધારણ કરે છે.

આત્માએ પરમ શાંતિ ધારણ કરી તો સર્વ શાંતરસના પરમાણુઓ એ શરીરમાં આવીને એ વખતે (વસી ગયા). જગતના બધા જ શાંતરસના પરમાણુઓ જાણે ત્યાં ભેગા થઈ ગયા છે ! એટલી શાંતિ એમની મુખમુદ્રા...

મુખમુદ્રા શું અંગેઅંગમાં શાંતિ દેખાય છે !! એટલી શાંતિ, એટલી નિર્દોષતા !! કેમકે આત્મા પરિપૂર્ણ પવિત્ર નિર્દોષ થઈ ગયો. એ બધા ગુણો એમના શરીરમાં પણ પરમાણુઓ દ્વારા પણ વ્ય ત થાય છે.

જેમ કોઈ માણસ ગુસ્સે થાય તો એની આંખ ફરી જાય, એના હોઠ ફરી જાય, એનું નાક લાલ–લાલ થઈ જાય. ભાવ પ્રમાણે પરમાણુમાં ફરક પડે છે કે નહિ ? હસે, ખુશી થાય તો એના પ્રમાણમાં એની મુખમુદ્રા હોય. એકદમ શોકાતુર હોય, રડે તો એના પ્રમાણમાં એની મુખમુદ્રા હોય. એ જ પ્રમાણે તીર્થંકરદેવના વીતરાગ સર્વજ્ઞના શરીરમાં મુખમુદ્રામાં ઘણાં ફેરફારો થાય છે. આખા શરીરમાં પણ એ જાતના ફેરફારો છે પણ મુખમુદ્રા છે એ આત્માના ભાવોની અભિવ્યિ ત કરવા માટે વધારેમાં વધારે ભાવોનું પ્રદર્શન ત્યાં થાય છે. બીજા અંગમાં ઓછા થાય છે, તે અંગમાં સૌથી વધારે થાય છે.

આપણે તો વિષય એ ચાલતો હતો કે, સ્વસંવેદનનો વિષય પૂર્ણ શુદ્ધ આત્મા છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે પૂરેપૂરું છે એ સ્વસંવેદનનો વિષય છે અને એ સ્વસંવેદનની ડિગ્રી ગુણસ્થાન અનુસાર છે. કેવળજ્ઞાન થતાં – પૂર્ણ શુદ્ધિ થતાં અનંત સ્વસંવેદન વ્ય ત થાય છે. એ સ્વસંવેદન સ્વરૂપગ્રાહકજ્ઞાન છે તેથી તેઓ – જ્ઞાની પરમ જાગ્રતિથી પોતાના સ્વરૂપને અનુભવે છે અને અનુભવનો વિષય શાશ્વત હોવાથી પોતે શાશ્વત છે એવો અનુભવ થવાથી જ્ઞાની સદાય નિર્ભય છે કે, મને તો કાંઈ થવાનું નથી. આખી દુનિયાની ઉથલપાથલ થઈ જાય તોપણ મને કાંઈ થવાનું નથી.

સ્વરૂપજ્ઞાનનો પહેલો ફાયદો ભયપ્રકૃતિનો નાશ છે. જ્ઞાનીની Dictionaryમાં – શબ્દકોષમાં 'ભય' શબ્દ ઉપર ચોકડી લાગી જાય છે. એની Dictionaryમાં ભય નથી. ભયને એ કાંઈ સમજતા નથી. ભય વળી શું ? ભય એટલે શું ? જીવની કલ્પના છે, જગતમાં ભય જેવું કાંઈ છે જ નહિ. શેનો ભય ? કાંઈ નુકસાન નથી, કોઈ જાતનું કાંઈ થતું નથી. આત્માને કોઈ સ્પર્શી શકતું નથી. અરે...! બીજા કોઈ જોઈ પણ શકતા નથી ! જે લોકો કોઈને કોઈના પ્રત્યે નુકસાન કરવા ચાહે છે એ એના

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આત્માને ક્યાં જોઈ શકે છે ? જેને જોવે છે એ આત્મા નથી, આત્માને કોઈ જોઈ શકતું નથી, સ્પર્શી શકતું નથી પછી ભય કઈ વાતનો છે ? શી વાતનો ભય છે ? કેવળ કલ્પના સિવાઈ એમાં બીજું કાંઈ નથી.

શ્રોતા :– ભાઈશ્રી ! જ્ઞાનીના શરણમાં આવવાવાળાને ભય ભાગી જાય છે તો જ્ઞાનીને ભય ક્યાંથી થાય !

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક વાત છે. જ્ઞાનીના શરણમાં ખરેખર જે આવી જાય છે તેનો ભય ચાલ્યો જાય છે, એ વાત પણ ઠીક છે. એવી રીતે મુનિરાજના શરણમાં, ભગવાનના શરણમાં જે ચાલ્યો જાય છે તેનો ભય ચાલ્યો જાય છે. એ તો સંસારમાં પણ સમર્થ પુરુષના આશ્રયમાં રહેવાવાળાને કેટલાય પ્રકારના ભય થતા નથી. એવું થાય છે કે નહિ ?

'**...જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે.**' જ્યાં સ્વરૂપલક્ષ થયું એટલે સ્વરૂપની ઓળખાણ થઈ ત્યાં બધા જીવો પ્રત્યે સામ્યભાવ આવે છે. મારા જેવા જ બધા જીવો છે. એક જ જાતિના છે, કોઈનામાં કાંઈ ફરક નથી. કોઈ ચા નથી – કોઈ નીચા નથી, કોઈ મોટા નથી – કોઈ નાના નથી. ચ-નીચના ભેદ, નાના-મોટાના ભેદ, માન-અપમાનના બધા ભેદ ખલાસ ! બધા એક સરખી જાતિના છે (એવો) સામ્યભાવ ઉત્પન્ન થાય છે. લ્યો, આ ખરો સામ્યવાદ અહીંયાં જૈનદર્શનમાં છે !

'રશિયા'માં જે સામ્યવાદ ઉત્પન્ન થયો એ અધૂરો રહી ગયો. કેમ ? (કેમકે) 'ક્રેમલીન'ની ખુરશી ઉપર બેસવાવાળા અને એની Factoryમાં સાધારણ મજૂર કામ કરવાવાળા, બન્નેની હાલત એકસરખી હોતી નથી. પેલાને સાયકલ પણ નથી મળતી અને આ Air-condition latest ગાડીમાં ફરે છે. ત્યાં ક્યાં સામ્ય આવે છે ? અને સામ્ય બધી રીતે કેવી રીતે આવી શકે ? કેમકે બધાના પુણ્ય-પાપ એકસરખા નથી. જીવો ભોગવે છે તો પુણ્ય-પાપને. કોઈના ચહેરા એકસરખા ન હોય, કોઈની તંદુરસ્તી એકસરખી ન હોય, કોઈનો પરિવાર એકસરખો ન હોય. સામ્યતા લાવે કેવી રીતે ? હાથની બાજી ક્યાં છે ? કોઈ ચહેરાને ફેરવી નાખશે ?

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

શું તંદુરસ્તીમાં ફેરફાર કરી શકશે ? શું પરિવારમાં એકસરખું કરી દેશે ? કે, આને બે છોકરા, આને બે જ જોઈએ.. આને બે જ જોઈએ... આને ત્રીજો ન થાય, આ વાંઝિયો ન રહે, એવું કાંઈ ચાલે ? એવું સામ્ય ત્યાં કોઈ રીતે થઈ શકે એવું નથી. કલ્પનામાત્ર સામ્ય છે.

શ્રોતા :– સિદ્ધશિલામાં સામ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :– સિદ્ધશિલામાં સામ્ય છે અને સ્વરૂપદૃષ્ટિમાં સામ્યવાદ છે. ક્યાં છે ? સ્વરૂપદૃષ્ટિમાં સામ્યવાદ છે. એ બધા મારા જેવા જ આત્માઓ છે. હું કોના પ્રત્યે રોષતોષ કરું ? કોના પ્રત્યે મારે ચા-નીચાની કલ્પના કરવી ? કોના પ્રત્યે સારા-નરસાની કલ્પના કરવી ? બધા મારી જાતિના છે.

'કૃપાળુદેવે' 'બહુ પુણ્ય કેરા પુંજમાં...' ગાયું – 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો' બધાને સરખા જુઓ. અને છે સરખા માટે સરખા જોવાના છે. જાતિએ સરખા છે માટે સરખા જુઓ. સ્વભાવજાતિએ જોવાનો અભ્યાસ કરો. વર્તમાન અવસ્થાના ફેરફારો ગૌણ થઈ જશે. દરેકને વર્તમાન અવસ્થામાં ફેરફાર છે – કોઈને ગુણ પ્રગટ છે, કોઈને અવગુણ પ્રગટ છે એમાં ઘણાં ફેરફારો છે પણ એ ગૌણ રાખવા જેવી વાત છે. એ મુખ્ય કરવા જેવી વાત નથી.

**'એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે.'** એટલે કોઈના પ્રત્યે રાગ-દ્વેષ કરવાનું કારણ દેખાતું નથી. કોઈના પ્રત્યે રાગ કે દ્વેષ કરવાનું કારણ દેખાતું નથી.

**'સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અ લેશ સમાધિને પામે છે.'** બધા જ પરદ્રવ્યથી વૃત્તિ ઉઠાડીને. વ્યાવૃત્ત કરીને એટલે ઉઠાડીને, વૃત્તિને ત્યાંથી સંકેલી લઈને, ખેંચી લઈને. કેમ ? (કેમકે) કોઈપણ પરદ્રવ્યથી મને લાભ-નુકસાન નથી તો એ પરદ્રવ્ય પ્રત્યે વૃત્તિ મૂકવાનું કારણ શું ? કાં તો રાગ હોય, કાં તો દ્વેષ હોય અને એની પાછળ લાભ અથવા નુકસાનનો અભિપ્રાય હોય. જો લાભ પણ નથી અને નુકસાન પણ નથી તો રાગ પણ નથી અને દ્વેષ પણ નથી. કોઈના પ્રત્યે વૃત્તિ લઈ જવાનું

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
કોઈ કારણ રહેતું નથી.

**'સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અ લેશ...'** એટલે લેશ વિનાની શાંત **'...સમાધિને પામે છે.'** સમાધિદશા એટલે વીતરાગદશા. સ્વરૂપમાં સ્થિત એવી વીતરાગદશાને પામે છે. પરદ્રવ્યમાંથી વૃત્તિ છૂટી જાય છે (અને) સ્વદ્રવ્યમાં વૃત્તિ સ્થિર થાય છે. વીતરાગભાવે સ્થિર થઈને પોતે શાંતદશાને પામે છે. અમૃત જેવી શાંતિનો અનુભવ કરે છે.

શ્રોતા :– રાગ-દ્વેષ ઉત્પન્ન ન થાય એને માટે ઉદય અને પોતાનું અસ્તિત્વ એ બે વચ્ચે ભિન્નપણું ભાસિત થવું જોઈએ ?

સમાધાન :– હા, ઉદય છે એ કર્મપ્રસંગ છે. એટલે ઉદય કર્મનો છે. કર્મના પરમાણુમાં પ્રકૃતિનો વિપાક આવ્યો. એટલે પ્રકૃતિભાવ વ્ય ત થયો, ઉદય થયો એને કર્મોદય કહેવામાં આવે છે. કર્મનો ઉદય કર્મમાં, કર્મનો ઉદય કોઈ આત્મામાં આવતો નથી. પણ જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો છે, પોતાના સ્વરૂપમાં પોતાપણું કરતો નથી તેથી કર્મના ઉદયમાં પોતાપણું કરે છે કે, 'આ મારો ઉદય છે. મારે બહુ સારો ઉદય છે અથવા મારે બહુ ખરાબ ઉદય છે.' એટલે રાગી-દ્વેષી થાય છે અને બન્ને વખતે દુઃખી થાય છે. દુઃખ થવાનું મૂળ કારણ આ છે – કર્મના ઉદયને પોતાનો જાણવો.

આ જગતમાં બુદ્ધિમાનમાં બુદ્ધિમાન માણસોને દુઃખના કારણની ખબર નથી અને સુખના કારણની ખબર નથી. બધાય ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગને દુઃખનું કારણ માને છે. ગમે તે દેશના માણસ હોય, ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ – એને દુઃખનું કારણ માને છે. ઇષ્ટ સંયોગ અને અનિષ્ટ વિયોગને સુખનું કારણ માને છે. એટલે આખુ જગત ભ્રાંતિમાં ચાલે છે. જગતમાં બુદ્ધિશાળી માણસો નથી એવું નથી. Higher intelligent persons – ઘણાં બુદ્ધિશાળી માણસો (છે) પણ એ બુદ્ધિ વિપરીત કામ કરે છે. બુદ્ધિ હોવી એક વાત છે અને બુદ્ધિની વિપરીતતા કે અવિપરીતતા હોવી એક બીજી વાત છે. માટે બુદ્ધિને Mark ન અપાય. ઉલ્ટી ચાલતી હોય – વિપરીત ચાલતી હોય તો એને Minus mark પણ દેવા જોઈએ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અને સીધી ચાલતી હોય તો એને Plus mark દેવા જોઈએ. એમ વાત છે. આખા જગતમાં સુખ–દુઃખના કારણના વિષયમાં લોકોની બુદ્ધિ વિપરીત છે.

જિનેશ્વરદેવના ઉપદેશમાં મૂળ વાત એ છે કે, કોઈ પદાર્થ ઇષ્ટ–અનિષ્ટ નથી. માટે તને સુખ–દુઃખનું કારણ કોઈ પદાર્થ નથી. ક્યા પદાર્થમાંથી સુખ આવે છે ? આ ઘડિયાળમાં ત્રણ-ચાર રંગ છે. આ લાલ છે, સોનેરી છે, કાળો છે અને સફેદ છે. ક્યા રંગમાંથી સુખ આવે એ મને કહો જોઈએ ? લાગ રંગમાંથી સુખ આવે ? કાળા રંગમાંથી દુઃખ આવે ? સફેદ રંગમાંથી સુખ આવે ? સોનેરી રંગમાંથી સુખ આવે ? ક્યા રંગમાંથી સુખ આવે ? ક્યા રંગમાંથી સુખ આવે એ કહો ? એકદમ Materialismની દૃષ્ટિએ આ વાત છે. આ ચારમાં સોનેરી રંગ સારો છે (એમ કોઈ કહે) તો કહે છે કે, એમાં સુખ છે ? તું ભલે એને સારો કહે. એમાં સુખ છે કે નહિ ? દ્રવ્યે, ગુણે કે પર્યાયે ? પદાર્થનું સ્વરૂપ તો દ્રવ્ય, ગુણ, પર્યાય સિવાઈ બીજું તો છે નહિ.

પદાર્થ, પદાર્થના ગુણો, પદાર્થની અવસ્થા – આના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં કઈ જગ્યાએ સુખ છે એ કહો જોઈએ ? આ પરમાણુ અત્યારે જે સોનેરી દેખાય છે એ કોઈ સમયે કાળા નહિ દેખાય ? એનો રંગ નહિ પલટે ? અનાદિ-અનંત પીળા રહેવાના છે ? એમ કહેવાય છે કે, સોનું રંગ બદલતું નથી પણ સોનાની પણ ભસ્મ કરી શકાય છે. એ પણ લોકો ખાય છે અને એની વિષ્ટા થાય છે. (ખાધા) પછી સપ્તધાતુમાંથી ગમે તે થાય છે. એટલે સોનું રંગ બદલતું નથી એ સ્થૂળ વાત છે. દરેક પરમાણુ પલટે જ છે અને એના રૂપ, રસ ગુણ – રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે જે એની અવસ્થાઓ છે એમાં પલટો થયા જ કરતો હોય છે. એ બધામાં કોઈ સુખ નામનો ગુણ નથી, સુખ નામની અવસ્થા નથી અને પદાર્થમાં પણ સુખ–દુઃખ જેવું કાંઈ છે નહિ. આ જે પરમાણુ છે એમાં ક્યાંય સુખ–દુઃખ જેવું એને પણ નથી અને બીજા કોઈને પણ નથી. નથી એને, નથી બીજા કોઈને. તેથી ત્યાં સુખ નહિ હોવાથી એમાંથી સુખ આવે એ વાત

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

અસ્થાને છે. જ્યાં સુખ નથી ત્યાંથી સુખ આવે એ વાત તો અસ્થાને છે. આવી પરિસ્થિતિ છે. ચોખ્ખે–ચોખ્ખી પરિસ્થિતિ તો આવી છે.

જીવ કલ્પના કરે છે કે, મને આનાથી સુખ છે અને સુખ નહિ હોવાથી જે–તે કલ્પિત સુખવાળા–સુખાભાસવાળા પદાર્થોની પ્રાપ્તિ થયા પછી કોઈ જીવને તૃપ્તિ નથી થતી. તૃપ્તિ થઈ હોય એવો એક જીવ બતાવી ઘો સંસારમાં ? દેવલોકનો દેવ હોય તોપણ બતાવી ઘો અને કોઈ રાજા–મહારાજા – King–Lord–Emperor કોઈપણ બતાવી ઘો. કોઈ નથી. કોઈને તૃપ્તિ થઈ હોય એવું જોવામાં આવતું નથી. કેમ ? (કેમકે) ત્યાંથી સુખ મળતું જ નથી તો તૃપ્તિ થાય કેવી રીતે ? મળે તો તૃપ્તિ થાય ને ? પાણી પીવાથી તરસ છિપાય પણ પાણી જ ન મળે તો તરસ કેવી રીતે છિપાય ? એના જેવી વાત છે.

શ્રોતા :– 'રાજમલજી'એ 'કળશટીકા'માં કહ્યું કે, એના જાણનારાને પણ સુખ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'રાજમલજી'એ 'સમયસાર કળશ ટીકા'માં પહેલા કળશમાં એ વાત લખી છે. જગતમાં જે છ દ્રવ્ય છે એમાં પોતાના સિવાઈ તમામ સંસારી જીવો અને બીજા પાંચ જડ પદાર્થો એમાં સુખ પણ નથી અને જ્ઞાન પણ નથી અને તેને જાણવા જતા જાણવાવાળાને પણ સુખ અને જ્ઞાન નથી. કેમકે બહિર્મુખભાવે જાણે છે. વૃત્તિ એના ઉપર જાય એમાં પણ સુખ નથી અને એમાં પણ જ્ઞાન નથી, જાઓ ! કેમકે એ વૃત્તિ આકુળતા લઈને એના ઉપર જાય છે. એમાં સુખ પણ નથી અને જ્ઞાન પણ નથી.

શ્રોતા :– બુદ્ધિની વિપરીતતા થાય છે એનું કારણ આ જ ને ?

સમાધાન :– મૂળમાં અભિપ્રાયની ભૂલ છે – Misconcept. અભિપ્રાયની ભૂલ છે. મુમુક્ષુની ભૂમિકા ઉલ્ટા અભિપ્રાયોને બદલીને સુલ્ટા અભિપ્રાયો કરવા પૂરતી છે, કેમકે એ પાયાની વાત છે. જ્યાં સુધી પાયાની વાતમાં ફેરફાર ન થાય ત્યાં સુધી બાકીના ફેરફારો બધા જ નકામા ફેરફારો સાબિત થશે, નિષ્ફળ ફેરફારો સાબિત થશે. એ અભિપ્રાયના પાયાના

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ફેરફારો કર્યા વિના કોઈ શાસ્ત્ર વાંચે તો એનું જ્ઞાન નિષ્ફળ જાય છે. કેમકે એણે અભિપ્રાય બદલ્યા નથી. કોઈ તપ, ત્યાગ કરે છે તો એ નિષ્ફળ જાય છે. કેમકે અભિપ્રાયો(માં) ફેરફાર કર્યા નથી.

શ્રોતા :– એનો સત્સંગ પણ નિષ્ફળ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અભિપ્રાય ન બદલાય ત્યાં સુધી બધા સાધન નિષ્ફળ જાય છે. અભિપ્રાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શ્રદ્ધા સાથે છે. અભિપ્રાય જ્ઞાનની પર્યાય છે. બે મુખ્ય ગુણ છે – શ્રદ્ધા અને જ્ઞાન. (અભિપ્રાયને) શ્રદ્ધા સાથે સંબંધ છે. જેવો અભિપ્રાય હશે એવી શ્રદ્ધા થશે. જેવો અભિપ્રાય થશે એવી શ્રદ્ધા થશે. એટલે સત્સંગમાં સમજણ કરીને અભિપ્રાય બદલ તો સત્સંગ સફળ થયો તો તારી શ્રદ્ધા પણ સાચી થઈ જશે. શ્રદ્ધા, જ્ઞાન સાચાં થશે તો આચરણ Automatic આવશે. શ્રદ્ધા, જ્ઞાન વિપરીત હશે એનું આચરણ કોઈ દિવસ સુધરવાનું નથી. આમ દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ છે.

હવે, બે વચનોમાં – બે લીટીમાં સત્પુરુષોને નમસ્કાર કરે છે. **'પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.'** એક જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કર્યા છે અને જિનપદમાં જેનું લક્ષ છે એવા સત્પુરુષને પણ નમસ્કાર કર્યા છે. કેવા છે જિનેશ્વર ભગવાન ? (તો કહે છે) **'પરમસુખસ્વરૂપ...'** છે. **'પરમ'** એટલે છેલ્લી હદનું અનંત સુખ જેમને પ્રગટ્યું છે – પ્રગટ થયું છે.

આત્મામાં જેમ જ્ઞાન નામનો ગુણ છે એમ શ્રદ્ધા નામનો ગુણ છે એવા–એવા અનંત ગુણોની શક્તિઓ છે. ગુણ છે એ શક્તિસ્વરૂપે છે. કેવા સ્વરૂપે છે ? શક્તિસ્વરૂપે છે – આપણે જેને Power કહીએ છીએ. Energy – Power અથવા Energy જેને કહે છે. Energyમાં તો મોટા ભાગે અવસ્થાની અભિવ્યક્તિ આવી જાય છે. એમ એની અંદર Power છે. એમ આત્મામાં સુખ નામનો ગુણ છે. એ સુખગુણને જોનાર જે જ્ઞાન છે એ સુખને જોતાં સુખને ઉત્પન્ન કરે છે. કેમ ? કે, સ્વભાવ કદી અધૂરો

ન હોય, સ્વભાવ કદી ઓછો ન હોય અને સ્વભાવને કદી હદ ન હોય.

જેમકે અગ્નિનો તણખો–ચિન્ગારી દેખાય નાનો (પણ) કેટલાને બાળે કહો જોઈએ ? આખા ‘કલકત્તા’ને બાળે. આગ લાગી હોય તો બાળે કે ન બાળે ? એક તણખામાંથી ક્યાંક આગ લાગી ગઈ–કોઈ પેટ્રોલપંપ ઉપર કે કોઈ રૂ ના ગોડાઉનમાં તણખો પડી ગયો, આગ થઈ ગઈ મોટી, ચારે બાજુ સળગવા માંડશે. એની કોઈ Limit રહેવાની નથી. એક તણખામાં એટલી શિ ત છે ! અને એ શિ તને જોનાર તણખા પ્રત્યે બેદરકારી કરતા નથી. કરે ? કરે કોઈ ? ન કરે. જે કાપડની મીલો હોય છે એના જે રૂ ના ગોડાઉનો હોય છે ત્યાં બોર્ડ મારેલા હોય છે કે, કોઈપણ જાતની અગ્નિનો તણખો આજુબાજુના સો મીટર સુધી નહિ હોવો જોઈએ. કેટલો ? ગોડાઉનની આજુબાજુના એકસો મીટર સુધી No naked light, ક્યાંય પણ તણખો ન પડવો જોઈએ. કેમકે એની શિ તની ખબર છે.

એમ આત્મામાં સુખ નામની શિ ત છે. એ શિ તમાં સુખ કેટલું ? કેટલું સુખ... કેટલું સુખ... કે જેની હદ નહિ એટલું સુખ !! એ સુખની શાંતિ કેટલી ? જેની હદ નહિ એટલી શાંતિ !! એ બેહદ સુખ–શાંતિને જોનાર જ્ઞાન એમાં થંભી જાય છે. આવી રીતે સ્વરૂપસ્થિરતા આવે છે. જ્ઞાનીને સ્વરૂપસ્થિરતા આવે છે શેમાંથી ? ઉપયોગ અંદર કેમ ચોંટી જાય છે ? નહિતો બહારમાં આકર્ષણના વિષયો એટલા બધા વિધવિધ છે કે, જેનો પાર નથી. એક ચીજમાં Range કેટલી ! કલરની Range જુઓ, પેરોમેટિ સમાં સુગંધની Range જુઓ, સ્વાદમાં કેટલા પ્રકારની વાનગી ! તાજ હોટલના રસોઈયાને પગાર દસ હજાર રૂપિયા ! ઠીક ! રસોઈયાને ! કેમ ? કે, તમે કહો એ દેશની વાનગી ખવડાવી દે. એટલી વિધવિધતા છે કે, જીવનો ઉપયોગ બહિર્મુખપણું છોડીને અંતર્મુખપણું થઈ શકતું નથી. સુખ નથી તોપણ !

શ્રોતા :– એ સુખ લેવા જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– સુખ નથી પણ સુખનો ગલત નિશ્ચય છે તેથી. સુખનો ખોટો નિશ્ચય છે તેથી. હવે સાચું સુખ દેખાય તો શું દશા થાય ?

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
ઉપયોગ ચોંટે કે ન ચોંટે એ કહો ? એટલું સુખ ભર્યું છે... એટલું સુખ ભર્યું છે કે એનો ઉપયોગ ડો... ડો... ડો... જેટલો ડો જાય એટલો ડો ઉતરીને ત્યાં ચોંટી જાય એવું છે !! ત્યાં જ ચોંટી જાય એવું છે. એવા અનંત સુખધામને જ્ઞાનીઓ ધ્યાનમાં લ્યે છે. પહેલાં જ્ઞાનમાં લે છે અને જ્ઞાન આગળ વધીને ધ્યાનમાં પરિવર્તિત થઈ જાય છે. એ જ્ઞાન ધ્યાનમાં પરિવર્તન પામે છે. એનું કારણ આત્મામાં અનંત સુખ છે.

અહીં 'કૃપાળુદેવે' સર્વજ્ઞ ભગવંતને નમસ્કાર કરવામાં પહેલો શબ્દ '**પરમસુખસ્વરૂપ**' લીધો છે. પોતે નમસ્કાર કરે છે. કેવા ભગવાનને હું નમસ્કાર કરું છું ? કે, જે પરમસુખસ્વરૂપને સર્વ કાળને માટે પામ્યા છે. અનંત સુખને જે સર્વ કાળને માટે પામ્યા છે. એક બીજી વાત પણ થોડી કરવા જેવી છે.

આત્માનો જે સુખગુણ છે એ અક્ષયપાત્ર છે. એટલે એમાંથી ગમે તેટલું સુખ ભોગવવામાં આવે (તોપણ) Intact એટલું ને એટલું જ એ રહે ! કાંઈ એમાંથી – એક અંશે, અનંતમા ભાગે પણ કાંઈ ઓછું ન થાય. હવે બોલે એ પણ કેટલા સુખની વાત છે ? એ પણ કેટલા સુખની વાત છે કે, મારું સુખ કોઈ દિવસ ઓછું જ ન થાય !!

શ્રોતા :– પછી કમાવુ–ધમાવુ કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ નહિ, સિદ્ધ પરમાત્મા કે અરિહંત પરમાત્માને કમાવુ-ધમાવુ છે ? અરે.. દેવલોકમાં પણ કમાવુ-ધમાવુ નથી ! એ તો અહીંયાં બધી પીંજણ છે. કમાવા-ધમાવાની પીંજણ તો અહીંયાં મનુષ્યને છે. તિર્યંચને નથી, નારકીને નથી, દેવોને નથી, અહીંયાં એ બધી પીંજણ છે. તો ભગવાનને તો ક્યાંથી હોય ? એક તો એ સારી વાત છે.

બીજી સારી વાત એ છે કે, એનો Power એટલો બધો છે... જેમ આ Remote controlમાં Power હોય છે ને ? Cordless telephone છે, cordless છે ત્યાં વચ્ચે કાંઈ સાંધો–સંબંધ નથી. છતાં પણ અમૂક Areaની અંદર એ કામ કરે છે. એમ સુખનો Power ઘણો છે. એટલે જ્ઞાન છે એ પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ થાય છે ત્યાં આત્માની અવસ્થામાં

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

સુખ વ્યાપવા મંડે છે ! જોતાવેંત જ તે ! એટલો બધો Power છે ! એને જોવાથી સુખ પજે, સુખસ્વરૂપને જોવાથી સુખ પજે. બીજું કાંઈ કરવાની જરૂર નહિ, અંદરથી કાઢવું નહિ, મૂકવું નહિ, કાંઈ નહિ. કેમકે Intact એટલા માટે રહે છે કે, એમાંથી આપણે કાંઈ લેતા તો નથી જ. જે સુખ ભોગવીએ છીએ એ સુખ આપણે કાંઈ એમાંથી લેતા નથી. (ફ ત) એ સુખસ્વરૂપ છે એ જોઈએ છીએ ત્યાં સુખ થાય છે અને તેપણ ફ ત વર્તમાનમાં જોતાં જ, છે એ ત્રિકાળી ! જોવાનું તો વર્તમાન(નું થાય છે) ભૂત-ભવિષ્યનો તો વિકલ્પ થાય, વિચાર થાય. કેમકે એ તો પરોક્ષ કાળ થઈ ગયો. પ્રત્યક્ષ કાળ તો વર્તમાન જ છે. એટલે એને વર્તમાનમાં જોતાં જ વર્તમાનમાં સુખ થઈ જાય. એવું એક Surface tension ભું થાય છે. Surface tension એટલે શું ? Surface એટલે ઉપલી સપાટી. ઉપલી સપાટીમાં તાકાત હોય છે.

આ પાણીમાં સ્ટીમર એના ઉપર તરે છે. વિજ્ઞાનનું જે laws of floatation એની અંદર Surface tensionને કારણે એ આખી લોઢાની સ્ટીમર ઉપર તરે છે. નહિતર તો એક ખીલી નાખે તોપણ નીચે બેસી જાય. પાવલીભારની એક ખીલી નાખો ને તો દરિયાના તળિયે ચાલી જાય, સપાટી ઉપર ન રહે. અડધા ઇંચની જેની Plate છે, કેટલી ? લોખંડની Plate છે, સ્ટીમરનું આખું Body લોખંડનું હોય છે. અમારે ત્યાં 'ભાવનગર'માં કપાય છે ને. ત્યાં સ્ટીમર ભાંગવાનો એશિયાનો મોટો યાર્ડ છે. સેંકડો સ્ટીમરો ત્યાં આવે છે અને ભાંગે છે. એનું Body લોઢાનું હોય છે. અડધો ઇંચ જાડુ પતરુ હોય છે અને હજારો ટન એનું વજન હોય છે. ઉપર લખેલું હોય છે – આટલા ટન વજન. એ પાણી ઉપર તરે ! પાણીમાં એવી તાકાત હોય તો રાખી શકે ને ? એને અધ્ધર ક્યારે રાખી શકે ? આપણે કોઈ માણસને ઝિલવો હોય તો આપણામાં શ ત હોય તો ઝિલી શકીએ ને ? નહિતર બાલદી ઉચકવી હોય તોપણ ક્યાંથી ઉચકી શકીએ ? પાણીની Surfaceમાં એટલી તાકાત છે.

એમ આત્માના શુદ્ધ સ્વરૂપની વર્તમાન Surfaceમાં એટલી તાકાત

છે કે એની સામે જ્ઞાન જોવે તો જ્ઞાનને કેવળજ્ઞાન ફાટે ! અને પરમ સુખ છે એ પ્રગટ થઈ જાય, જાઓ ! અનંત સુખ પ્રગટ થઈ જાય. એટલી એની વર્તમાન સ્થિતિમાં (તાકાત છે) તો ત્રિકાળીની ત્રિકાળી શિ ત કેટલી ? ત્રિરાશી મૂકો ! (વસ્તુના) વર્તમાન(ને) જોતા જોનારની આ હાલત થાય એટલું જેનું Surface tension હોય તો મૂળ ચીજની શિ ત કેટલી ? અને એની ત્રણે કાળની શિ ત કેટલી ?

આપણા બધા શાસ્ત્રો વૈજ્ઞાનિક પદ્ધતિથી લખાયેલાં છે. એ Surface tensionને શાસ્ત્રની અંદર 'કારણશુદ્ધપર્યાય' કીધી છે. 'નિયમસાર'ની પંદરમી ગાથામાં એને 'કારણશુદ્ધપર્યાય' કીધી છે. એવું આત્માનું સ્વરૂપ છે.

એવું બધું કહેવા પાછળ અને બતાવવા પાછળ જ્ઞાનીઓનો અભિપ્રાય છે કે, તારા સ્વરૂપનો મહિમા તો જો ! તારું સ્વરૂપ કેટલું મહિમાવંત છે !! તું દીન-હીન થઈને ક્યાં ફરે છે ? અને આટલું સુખ તારામાં ભર્યું છે હવે તું કોની પાસે સુખની ભીખ માંગે છો એ કહે ? રોટલાના પરમાણુ પાસે માંગે છો ? મીઠાઈના પરમાણુ પાસે માંગે છો ? રંગના પરમાણુ પાસે માંગે છો ? ગંધના પરમાણુ પાસે માંગે છો ? સ્વાદના પરમાણુ પાસે (માંગે છો) ? ક્યા પરમાણુ પાસે ભીખ માંગે છો કે જ્યાં સુખ નથી ? જે પરમાણુઓમાં સુખની ગંધ પણ નથી એની પાસે તું સુખની અપેક્ષા રાખે છે અને સુખ મળતું નથી એટલે તું દુઃખી થાય છે. હવે તને કહે છે કે, આ બાજુ જો !

તારું સ્વરૂપ છે એ બેહદ સુખથી ભરેલું છે, અસીમ સુખ છે !! એટલું સુખ છે કે જેની કોઈ વાત થઈ શકે એવું નથી. ભાષાની ત્યાં પહોંચ નથી. 'અનંત સુખધામ છે' એટલું કહીને બેસી રહેવું પડે છે, બાકી કહ્યું જાય તેવું નથી. અનુભવી શકાય એવું છે. કહી શકાય એવું નહિ હોવા છતાં નિજઅનુભવપ્રમાણ છે. એટલે નિજ અનુભવથી એને માપી શકાય છે. ત્યાં 'પ્રમાણ' શબ્દ એટલા માટે લીધો છે. આત્માને અનુભવ માપી લે છે. અનુભવજ્ઞાન છે એ આત્માનું માપ કાઢી લે છે કે મારો

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આત્મા કેવડો છે ! એટલે જ્ઞાનીને જે સ્વરૂપમહિમા છે એ સ્વરૂપમહિમા એને કેવળજ્ઞાન પર્યંત લઈ જાય છે. એનો સ્વરૂપમહિમા ક્યારેય ઓછો થતો નથી અને જ્ઞાનીને એ સ્વરૂપમહિમા આગળ બીજા કોઈનો મહિમા આવતો નથી. માટે કોઈ ઉપર એની વૃત્તિ પછી રહેતી નથી (તેથી) એને ધ્યાન લાગી શકે છે. ધ્યાન કોને લાગતું નથી ? કે, જેનું ખેંચાણ બહાર છે એને ધ્યાન લાગતું નથી. સુખને કારણે આ અંદરનું ખેંચાણ ભું થયું.

પરિણામને ખેંચવાનું કારણ સુખ બને છે. પરિણામને અંદર ખેંચવાનું કારણ સુખ જ છે, બીજું કાંઈ નથી. ક્યાંય પણ પરિણામ ખેંચાવાનું કારણ સુખ સંબંધીનો નિશ્ચય છે કે, અહીંયાં મને સુખ છે, બીજું કાંઈ નથી. પછી પરદ્રવ્ય તરફના ખેંચાણને આસ િ ત કહે છે અને સ્વદ્રવ્ય તરફના ખેંચાણને ભ િ ત કહે છે – સ્વરૂપભ િ ત કહે છે. એક ભ િ ત છે અને એક આસ િ ત છે, બીજું કાંઈ નથી. ખેંચાણ એમાં સુખને લઈને છે.

કહે છે કે, પરમસુખસ્વરૂપ છે. એવી દશાને જે સર્વ કાળને માટે પામ્યા. '**...પરમોત્કૃષ્ટ શાંત,...**' પરમ અને ઉત્કૃષ્ટ – બે શબ્દ લીધા છે. છેલ્લી હદની શાંતિ. પાર વિનાની અમૃત જેવી શાંતિ ! કેવી શાંતિ ? અમૃતમયી શાંતિ ! એવી શુદ્ધ ચૈતન્યસ્વરૂપની જે સમાધિ છે એટલે સ્વરૂપની લીનતા છે એમાંથી જે બહાર નીકળતા નથી. સર્વ કાળને (માટે) પામ્યા કેમકે બહાર નીકળતા નથી.

આપણે એમ કહીએ છીએ ને કે, ભાઈ, શું કરીએ જોયાનું ઝેર છે અથવા ખબર પડી એટલે રાગ-દ્વેષ થયો, ન ખબર પડી હોત તો રાગ-દ્વેષ ન થાત. તો જ્ઞાન રાગ-દ્વેષનું કારણ નથી પણ પોતાનો ધો અભિપ્રાય રાગ-દ્વેષનું કારણ છે. જો જ્ઞાન રાગ-દ્વેષનું કારણ હોય તો કેવળજ્ઞાનમાં લોકાલોક ત્રણે કાળની અવસ્થાઓ સાથે એકસાથે જણાય છે (તો એમને) સૌથી વધારે રાગ-દ્વેષ થાય. જગતના સર્વ પદાર્થો ત્રણે કાળની સર્વ અવસ્થાઓ સહિત જણાવા છતાં પણ વીતરાગ પરમાત્માનો કેવળજ્ઞાન ઉપયોગ એક અંશે પણ અને એક સમય માટે પણ બહાર નીકળતો નથી. એનું કારણ શું ? એમ થવાનું કારણ શું ? એમ થવાનું કારણ આત્મા

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પરમ સુખસ્વરૂપ અને પરમોત્કૃષ્ટ શાંતસ્વરૂપ છે, એ છે. સ્વરૂપ એવું છે માટે. એવી સુખ–શાંતિ આત્માને છોડીને બીજે ક્યાંય છે નહિ માટે. સ્વભાવિક છે (કે) સુખ હોય ત્યાં ઉપયોગ ખેંચાઈને રહેવાનો, રહેવાનો ને રહવાનો જ છે. એવા ભગવંતને નમસ્કાર છે.

એવા નિજપદમાં '**...નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે...**' જ્ઞાનીને – સત્પુરુષને નિરંતર એ નિજપદનું લક્ષ રહે છે. લક્ષ છે એ બદલાય નહિ, લક્ષ છે એ કદી બદલાય નહિ. વેપારીને પૈસા કમાવાનું લક્ષ છે એ ક્યારે બદલાય છે એ કહો ? બદલાય ? માલ ખરીદીને Payment આપે ત્યારે ? પૈસા આપી દે તોપણ ન બદલાય ? ન બદલાય. માલ વેચાય ત્યારે પૈસા લેતી વખતે પણ ન બદલાય. પૈસા લેતી વખતે ન બદલાય પણ દેતી વખતે ? તો કહે છે, દેતી વખતે લક્ષ ન બદલાય. બન્નેમાં લક્ષ Common factor છે. કેમકે લક્ષનો પ્રવાહ છે એ હંમેશાં એમને એમ જ રહે છે. એ જ્ઞાનનો પ્રવાહ છે. એમ આવા સર્વોત્કૃષ્ટ શાંતસ્વરૂપમાં નિજપદમાં નિરંતર – આંતરો પડ્યા વિના નિરંતર લક્ષરૂપ જેનો પ્રવાહ છે એવા સત્પુરુષોને પણ અહીંયાં નમસ્કાર કર્યા છે. ભગવાનને પણ નમસ્કાર કર્યા છે અને જે ભગવાન થવાના છે એવા સત્પુરુષોને પણ નમસ્કાર કર્યા છે. સત્પુરુષો છે એ ભાવિ ભગવાન છે એટલે એને પણ નમસ્કાર કર્યા છે.

એટલા નમસ્કાર કર્યા પછી હવે છેલ્લા પૈરાગ્રાફમાં 'કૃપાળુદેવ' નિજ સ્વરૂપની આત્મભાવના ભાવે છે. એ વિષય બહુ રોચક અને રસિક વિષય છે. કાલનો એક કલાકનો સ્વાધ્યાય આપણે આત્મભાવના ઉપર કરીશું. અહીં સુધી રાખીએ...

^ ^ ^

# પ્રવચન નં. – ૧૪
## પત્રાંક–૮૩૩ (૫)
## તા. ૦૨-૦૩-૧૯૯૭

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત) પત્ર–૮૩૩મો ચાલે છે. છેલ્લો પૈરાગ્રાફ. આ છેલ્લા પૈરાગ્રાફમાં આત્મભાવના ભાવી છે. આત્મસ્વરૂપની ભાવના એ મુમુક્ષુતાના પ્રારંભથી મુનિદશા પર્યંતના સર્વ સાધકો ભાવે છે. બાર ભાવના પણ ભાવે છે અને આત્મભાવના પણ ભાવે છે. બાર ભાવના પણ એક પ્રકારે એક ન્યાયથી આત્મભાવના જ છે. કેટલાક વચનો સીધાં આત્મસ્વરૂપને દર્શાવનારા વચનો હોય છે – Direct speech (અને) કેટલાક Indirectly એ જ વાતને કહે છે.

મુમુક્ષુ આત્મભાવનાને સ્વરૂપને લક્ષમાં રાખીને અને પોતાના જ્ઞાનવેદનને આવિર્ભૂત કરીને ભાવે તો તે યથાર્થ આત્મભાવનાનું ભાવવું થાય છે અથવા અહીંયાં લખી છે એવી જે આત્મભાવના એ યથાર્થપણે ભાવવી હોય તો સ્વરૂપને લક્ષમાં લેવું અને પોતાના જ્ઞાનવેદનને આવિર્ભૂત કરવું. આવિર્ભૂત કરવું એટલે એ ભાવમાં ભાવાન્વિત થવું. તો યથાર્થ પ્રકારે એ ભાવના આત્મલાભનું કારણ થાય છે.

શ્રોતા :– ભાવાન્વિત થવું એટલે શું ?

સમાધાન :– જેમકે કોઈ માણસને દ્વેષભાવે કોઈ વિચાર આવ્યો

એમાંથી ક્રોધ થઈ ગયો, તો (એ) દ્વેષભાવમાં ભાવાન્વિત થયો. ભાવની ડિગ્રી વધવી. એમ પ્રત્યેક જીવને જ્ઞાનની અંદર જ્ઞાનના અંતરંગમાં એટલે જ્ઞાન સામાન્યમાં જ્ઞાનવેદન વેદાઈ રહ્યું છે, ચાલુ છે. પણ તે આવિર્ભૂત નથી તિરોભૂત છે એટલે પકડાતું નથી, માલૂમ પડતું નથી, સમજાતું નથી.

જેમ ધૂમાડામાં અગ્નિ ઢંકાઈ જાય, વધારે ધૂમાડો હોય તો અગ્નિ ન દેખાય. પણ અગ્નિ વગર તો ધૂમાડો હોઈ શકે નહિ. એમ જ્ઞાનવેદન વિના જ્ઞાન ક્યારેય નથી. જ્ઞાનવેદન વિના જ્ઞાન નથી. પણ વિશેષ જ્ઞેયાકારોના આવિર્ભાવને લીધે આ સામાન્ય જ્ઞાનનું જ્ઞાનવેદન તિરોભૂત થઈ જાય છે. જ્ઞાન પર્યાયના પરિણામની વૈજ્ઞાનિક સ્થિતિ એવી છે કે જ્ઞાન વિશેષ આવિર્ભૂત થાય ત્યારે જ્ઞાન સામાન્ય તિરોભૂત થાય. જ્ઞાન સામાન્ય આવિર્ભૂત થાય ત્યારે જ્ઞાન વિશેષ તિરોભૂત થાય. જ્ઞાન વિશેષ એટલે જ્ઞેયાકાર જ્ઞાન અને જ્ઞાન સામાન્ય એટલે જ્ઞાનનો Common factor. સામાન્ય એટલે Common. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે ચાલે જ છે.

સ્ફટિકના દૃષ્ટાંતે સ્ફટિકની પારદર્શકતા એ સ્ફટિકની સામાન્ય પર્યાય અને અંદર અનેક પ્રકારના રંગબેરંગી ઝાંયનું ઉત્પન્ન થવું તે સ્ફટિકની વિશેષ પર્યાય. વિશેષ સામાન્યની અપેક્ષા રાખે છે (અને) સામાન્ય વિશેષની અપેક્ષા રાખે છે. એ તો સમજી શકાય એવી વાત છે. કેમકે બન્ને વિશેષણ જ અપેક્ષિત છે. પર્યાયના બન્ને વિશેષણ અપેક્ષિત છે. એની એક નાની એવી જોક આવે છે. 'અકબરે' એકવાર 'બિરબલ'ને કહ્યું કે 'આમાં લીટી દોરી છે એને ભૂંસાડ્યા વગર નાની બનાવી દો અને એમાં કાંઈપણ વધારો કર્યા વિના એને મોટી બનાવી દો.' (એટલે 'બિરબલે') બાજુમાં એક લીટી મોટી દોરી (અને પૂછ્યું) હવે ? તો ('અકબરે' કહ્યું) 'નાની છે.' (પછી) નાની દોરી તો કહે 'હવે મોટી છે.' એમ સામાન્ય વિશેષ વિના નથી (અને) વિશેષ સામાન્ય વિના નથી.

અનેક જ્ઞેયોની વિશેષતા જે જ્ઞાનમાં આકૃતિ પામે છે તે વિશષતાવાળું જ્ઞાન છે તેથી તેને જ્ઞાનવિશેષ કહીએ. આકૃતિ જ્ઞાનમાં આવતા એ આકૃતિમાં ભાવાન્વિત થાય છે એટલે જ્ઞાનવિશષનો આવિર્ભાવ થાય છે. ભાવાન્વિત

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

કેવી રીતે થાય છે ? કે, આ સારુ દેખાયું, આ ખરાબ. સારુ-ખરાબ... સારુ-ખરાબ... સારુ-ખરાબ કરીને જ્ઞાનવિશેષમાં ભાવાન્વિત થાય છે. જ્ઞેયમાં લુબ્ધતા – આસક્તિ ઉત્પન્ન થાય છે અને ચારિત્રગુણમાં અનેક પ્રકારના વિભાવો ચાલુ થઈ જાય છે.

જો જ્ઞાન સામાન્યમાં સ્વરૂપ લક્ષે આવિર્ભૂત થવાય; કેમકે સ્વરૂપ પણ સામાન્ય છે. આત્મસ્વરૂપ કેવું છે ? અનંત ગુણોનું સામાન્ય સ્વરૂપ તે આત્મસ્વરૂપ છે, એના લક્ષે જો સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ થાય તો જ્ઞાનવિશેષ તિરોભૂત થાય એટલે Automatic જ્ઞેય લુબ્ધતા ઉત્પન્ન થવાનો અવસર આવે નહિ. આ પરપદાર્થો પ્રત્યેનું આકર્ષણ અને ખેંચાણ મટાડવાની Technique છે. આ Practical side છે અને એકદમ Technical છે.

આ આત્મભાવના પણ જો સ્વરૂપલક્ષે જ્ઞાન સામાન્ય અથવા સ્વસંવેદનના વેદનના આવિર્ભૂતપૂર્વક ભાવવામાં આવે તો એ ધ્યાનનું કારણ થાય એવું છે, એકાગ્રતાનું કારણ થાય એવું છે, સ્વરૂપધ્યાન લાગવાનું એ કારણ છે. ભાવના તો ભાવના છે અને એ ભાવના અનેક વિશેષણોથી ભાવવામાં આવતી હોવાથી આત્મસ્વરૂપની અનેક વિશિષ્ટતાઓ છે એ વિશિષ્ટતાઓ પૂર્વક આત્મસ્વરૂપને ભાવવામાં આવે છે તેથી એ અનેકપણાની સાથે તે–તે પ્રકારના વિકલ્પો હોય છે. એ વિકલ્પોની મુખ્યતા ન થવી જોઈએ પણ લક્ષગત જે આત્મસ્વરૂપ છે એની મુખ્યતા રહેવી જોઈએ.

જેમકે માણસના નામની મુખ્યતા નથી, માણસની મુખ્યતા છે. નામ ગમે તે હોઈ શકે છે. એક નામ ઘણાંના હોય અને નામના પ્રકાર અનેક હોય. એની સાથે મતલબ નથી, વ્યક્તિ સાથે મતલબ છે. પરિચિત હોય છે ત્યારે તો નામ માત્રથી વ્યક્તિને જ લક્ષમાં લેવામાં આવે છે. નામનું Importance નથી રહેતું. વિચારી જુઓ તમે. કોઈનું ગમે તે નામ હોય, નામ લેતાં જ એ આખી વ્યક્તિ જ્ઞાનમાં ખડી થઈ જાય છે. એમ કોઈપણ વિશેષણથી, કોઈપણ શબ્દથી એ શબ્દનું વાચ્ય છે એ આત્મા છે એ જ્ઞાનમાં આખો આવી જવો જોઈએ. જેમ આખી વ્યક્તિ જ્ઞાનમાં આવે છે તેમ. પછી એ શબ્દ ભલે એક આત્મા હોય.

આત્મા એટલે શું ? કે, અનંત ગુણોનું પરસ્પર આત્મીયસ્વરૂપ, અભેદસ્વરૂપ તેનું નામ આત્મા. તે આત્મા એટલે કોણ ? કે, હું પોતે. એવી રીતે સીધું આવવું જોઈએ, ભલે એક જ શબ્દ હોય. એવો Undertone 'આત્મા' શબ્દ બોલનાર જ્ઞાનીપુરુષના શબ્દમાં હોય છે. એ શબ્દનો આંતરધ્વનિ છે – Undertone છે. (ફ ત) એટલું જ બોલે કે, આ આત્મા...! એમ કહે એટલે એના જ્ઞાનમાં આખો આત્મા ખડો થઈ જાય ! અને સામે જો એ પ્રકારનો જીવ હોય તો એના જ્ઞાનમાં પણ ખડો થઈ જાય. આવી રીતે કથન અને શ્રવણ આત્મરસ ઉત્પન્ન થવાનું કારણ બને છે અથવા સાધક બને છે, આત્મરસ છે (એ) એનું સાધ્ય છે. એમ આ ભાવનામાં અનેક પ્રકારે આત્મરસ ઉત્પન્ન થવાનું અહીંયાં આપણું પ્રયોજન છે.

આત્મભાવનાનો વિષય લેતાં આપણું પ્રયોજન આત્મરસને ઉત્પન્ન કરવાનું છે. આત્મરસ છે એ ચૈતન્યરસ છે અને ભૌતિક જડ પદાર્થોના રસથી વિરૂદ્ધ જાતિનો રસ છે. ભૌતિક પદાર્થો પ્રત્યે જીવના પરિણામમાં રસ પજે – ઉત્પન્ન થાય તો નિયમથી આકુળતા થયા વગર રહે નહિ. કેમકે એ રાગરસ છે. આત્મરસ છે નિરાકૂળ શાંતરસ છે, ચૈતન્યરસ છે અને એનો સ્વાદ અમૃત જેવો છે એટલે એને અમૃતરસ પણ કહેવામાં આવે છે.

જેમ લૌકિક રીતે પણ કોઈ એમ કહે કે, અમૃતનો એક છાંટો પણ જો પીવામાં આવે તો મૃત્યુ ન થાય. જોકે જગતમાં એવુ કોઈ Liquid છે નહિ, આ તો માન્યતા છે. પણ આ અમૃત એવું છે કે, આનો સ્વાદ લેવામાં આવે તો અજરઅમરપદની પ્રાપ્તિ થાય, પરિભ્રમણ મટી જાય. (અમૃતની) વાત તો આના માટે જ છે પછી લોકો ન સમજ્યા એટલે બીજી રીતે ઘટાવ્યું, ન સમજે એટલે બીજી રીતે ઘટાવે. ઉપમા આપતા–આપતા વિકૃતિ આવી જાય. (લોકો એમ કહે કે) હિન્દમાતાની જય હો ! હવે, માતા જેવું કાંઈ છે નહિ, એ તો જમીન જ છે, બીજું કાંઈ નથી. Dress પહેરાવીને એક સ્ત્રીનું પૂતળું મૂકી દે અને કહે કે, આ આપણી હિન્દમાતા ! એટલે ઉપમા આપી. એના જેવું છે.

ખરેખર અમૃત તો આત્મરસનો સ્વાદ છે – અનુભવ છે તે જ અમૃત છે અને એ પીવામાં આવે તો જરૂર પરિભ્રમણનો નાશ થઈને શાશ્વત અજરઅમરપદની પ્રાપ્તિ થાય. એવો આત્મરસ ઘૂંટવા માટે આ ભાવના છે અને એ એક સ્વાધ્યાયનું અંગ છે. સ્વાધ્યાય છે એ માત્ર માથાપચીસીનો વિષય નથી (એટલે કે) આ ન સમજાય તો એ સમજો અને આ ન સમજાય તો એ સમજો, ફલાણું સમજો, ઢીકણું સમજો, માથાકૂટ કર્યા કરીએ એવું કાંઈ નથી.

સ્વાધ્યાયના અનેક અંગ છે એ અનેક અંગો માહેનું આ એક સર્વોત્કૃષ્ટ અંગ છે ! આત્મભાવના ! અને કોઈપણ ભૂમિકાના મુમુક્ષુ તે ભાવી શકે છે. નહિતર દરેક પ્રયોગ તે–તે ભૂમિકાએ થાય છે. જેમકે અવલોકનનો પ્રયોગ પૂર્ણતાના લક્ષ પછી થાય છે. ભેદજ્ઞાનનો પ્રયોગ પૂર્ણતાના લક્ષ અને અવલોકન પછી થાય છે. એ પહેલાં કોઈ કરવા જાય તો સફળ ન થાય, પણ આત્મભાવના માટે એવું નથી. આત્મભાવના તો અવ્ય ત રુચિવાળો કોઈપણ જીવ ભાવી શકે, ભલે એને વેદના પણ ન આવી હોય. પહેલું Stage ભલે ન આવ્યું હોય તોપણ આત્મભાવના ભાવી શકે. જ્ઞાની પણ ભાવે અને મુનિઓ પણ ભાવે. આ એક ભાવતી ચીજ છે એ દરેકને ભાવવાની છૂટ છે. એટલે 'કૃપાળુદેવે' સૂત્ર આપ્યું કે, 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે' એવો વિષય છે. આપણે શરૂ કરીએ.

શ્રોતા :– ભાઈશ્રી ! વ્ય ત રુચિ અને અવ્ય ત રુચિ એટલે શું ?

સમાધાન :– સ્વરૂપના ભાવભાસનપૂર્વક સ્વરૂપની અત્યંત રુચિ ઉત્પન્ન થાય એને 'વ્ય ત રુચિ' કહે છે. એ વ્ય ત રુચિ એવા પ્રકારે હોય છે કે, પોતાના સ્વરૂપના અભેદ અનુભવરૂપ પરિણમનમાં સ્વરૂપ સંબંધીનો વિકલ્પ પણ એને અંતરાય ભાસે. હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું – એવો જે વિકલ્પ એ વિકલ્પ પણ જેમાં અંતરાય છે. જે રુચિ (છે તે) અભેદ થઈને રહેવા માંગે છે.

'સોગાનીજી'એ એનું બહુ સરસ દૃષ્ટાંત પોતાની ચર્ચામાં આપેલું છે કે, પતંગિયુ છે એને દીવો રુચે છે. જેમાંથી પ્રકાશ નીકળે છે એ દીવો

રુચે છે અને કોડિયાનો જે દીવો હોય અને મીણબત્તી કે જેની Open flame હોય – ખુલ્લી ઝાળ હોય, એ ખુલ્લી ઝાળ હોય તોપણ પતંગિયુ વિચાર નહિ કરે કે, હું નજીક જઈશ (અને) મારી પાંખ બળી જશે તો ? એ તો સીધી ઝપટ મારીને ઝાળ ઉપર પડે છે અને પોતાની જાતને સ્વાહા કરવા તૈયાર છે પણ દીવાથી તે દૂર રહેવા તૈયાર નથી. એવી આત્માની રુચિ સ્વરૂપના ભાવભાસનથી પ્રગટ થાય એને 'અનન્ય રુચિ' કહેવામાં આવે છે. એના જેવી બીજી રુચિ નહિ તે અનન્ય રુચિ અને અન્યપણે રહી શકે નહિ તે અનન્ય રુચિ – બન્ને અર્થ એમાંથી નીકળે છે.

એ પહેલાં આવા આત્મસ્વરૂપના વાચક શબ્દો વાંચવાથી, શ્રવણ કરવાથી કે સ્મરણ કરવાથી રુચે, આત્માને સારું લાગે, ગમે–રુચે અને એ ભાવમાં રહેવાનું એને મન થયા કરે (કે) હું આવા જ ભાવમાં રહું, પણ એણે આત્મા જોયો નથી, લક્ષમાં આવ્યો નથી, દેખાયો નથી એને 'અવ્ય ત રુચિ' કહે છે. આત્માને જ્ઞાનમાં વ્ય તપણે જાણતો નથી છતાં રુચે છે. એવી કોઈ યોગ્યતાવિશેષ રુચિને કારણે પણ કોઈ–કોઈ જીવોને હોય છે અને તેથી પણ દર્શનમોહની મંદતા થવા યોગ્ય છે. મિથ્યાત્વ અને દર્શનમોહની મંદતા અનેક પ્રકારના પરિણામોથી થાય છે. એમાં આત્મભાવનાના પરિણામોનો પણ સમાવેશ છે.

શ્રોતા :– અવ્ય ત રુચિ પણ દર્શનમોહને ઘટાડે છે ?

સમાધાન :– હા, દર્શનમોહને મંદ કરે, ગાળે. ચોક્કસ ! દર્શનમોહની જે શ ત છે એને ચોક્કસ ગાળે. કેમ ? કે, સીધો હિસાબ છે કે, જે આત્મસ્વરૂપ છે એ નિર્મોહી તત્ત્વ છે, મોહના અભાવસ્વભાવે છે. એને ભાવો એટલે એ ભાવકભાવ જે છે એ મોહને ગાળશે, સીધી વાત છે. સીધો જ હિસાબ છે આમાં.

જેમ દેવ, ગુરુ અને સત્પુરુષની ભ તથી દર્શનમોહ શું કરવા ગળે છે ? (કેમકે) એ ત્રણે નિર્મોહી આત્મા છે માટે. એટલે એને ઓળખીને, એનું નિર્મોહી સ્વરૂપ જ્ઞાનમાં લઈને એના પ્રત્યેનું જે બહુમાન આવ્યું, ભ ત આવી એ મોહને ગાળશે. મોહ ગળશે એટલે જ્ઞાનમાં નિર્મળતા આવશે.

જ્ઞાનમાં નિર્મળતા આવશે એટલે પ્રયોજનભૂત વિષય અને અપ્રયોજનભૂત વિષયની વહેંચણી થવા લાગશે. આમ બનશે.

'**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું,...**' પહેલી જ ભાવના ભિન્નતાની લીધી છે. ભિન્નપણું છે એ નાસ્તિવાચક છે, ભિન્નપણું છે એ નાસ્તિવાચક છે. એટલે ભાવનામાં અસ્તિ આપણે સાથે લેવી કે, સર્વથી સર્વ પ્રકારે હું જ્ઞાનમય... હું સર્વથી સર્વ પ્રકારે જ્ઞાનમય ભિન્ન છું. હું જ્ઞાનથી મય છું – જ્ઞાનમય છું એવો હું અભિન્ન છું. 'સર્વ'ની અંદર બીજા બધા પદાર્થો કરતાં શરીર – દેહ છે તે સૌથી સમીપ છે – નજીક છે એટલે ત્યાં આત્માને આ ભાવનામાં સીધો લક્ષમાં લેવાનો કે, આત્મા છે એ દેહરહિત તત્ત્વ છે. દેહથી ભિન્ન છે અને જ્ઞાનથી અભિન્ન છે. જ્ઞાનથી તન્મય છે અને દેહથી ભિન્ન છે. એટલે અત્યારે દેહ સંયોગમાં હોવા છતાં પણ દેહાતીત મારું સ્વરૂપ છે એમ લક્ષમાં લેવું. આ ભાવનાથી દેહાતીતપણું લક્ષમાં લેવું. ભલે સંયોગમાં દેહ છે પણ જ્ઞાનમયી તત્ત્વ હોવાથી જ્ઞાનમયપણામાં વેદનનો આવિર્ભાવ કરીને દેહાતીતસ્વરૂપ લક્ષગત થશે. એ રીતે આ ભાવનાને ભાવવી.

ફરીથી, માત્ર આટલા વિકલ્પથી ભાવનાને ભાવવી એમ નહિ. ભાવના યથાર્થ પ્રકારે કઈ રીતે ભાવવા યોગ્ય છે ? એટલે આપણે પહેલાં એક વાત વિચારી કે, સ્વરૂપલક્ષે જ્ઞાનવેદનના આવિર્ભાવપૂર્વક ભાવવા યોગ્ય એવી આત્મભાવના. કેવી ભાવના છે ? કે, આ પ્રકારે ભાવવા યોગ્ય છે. પહેલી ભાવનામાં એમ આવે છે કે, હું સર્વથી સર્વ પ્રકારે જ્ઞાનમય હોવાથી ભિન્ન છું અને તેથી હું દેહાતીતસ્વરૂપ છું. શરીર છે એ જ્ઞાનમય એવા આત્માની બાજુમાં રહેલું એક ખોખું છે. શું છે ? એક ખોખું છે.

જેમ હીરાની એક ડાબલી હોય છે એવી રીતે અંદર જ્ઞાનમય ચૈતન્ય-હીરો છે, બાજુમાં એક ખોખું છે. હીરાને તો સારી એવી ડબ્બી હોય છે – વેલ્વેટની અને એવી ઘણી જાતની બનતી હશે. આને તો એવી સારી ડબ્બી પણ નથી. છતાં જીવને એમાં આત્મબુદ્ધિ મટતી નથી એ એક અનાદિની આ જીવની અવસ્થાની વિચિત્રતા તો જરૂર છે. શું કહે

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

છે ?

પોતાનું દેહાતીતસ્વરૂપ લક્ષમાં લઈને, જ્ઞાનમય કહેતાં જ્ઞાનવેદનમાં તન્મયપણું – ભાવાન્વિતપણું કરીને સર્વથી સર્વ પ્રકારે એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવે હું ભિન્ન છું એમ આત્માને ભાવવો, એમ આત્માને ભાવવો.

હું '**...એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ...**' છું. આપણે તો 'કૃપાળુદેવે' જ્યાં–જ્યાં અલ્પવિરામ કર્યા છે ત્યાંથી એક–એક ભાવના ભી કરવાની છે. કેવળ એટલે શું ? હું એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એટલે કે હું એક કેવળ અસંગ શુદ્ધ ચૈતન્ય છું, એમ લેવું છે. 'કેવળ'માં આત્માનું અસંગપણું લેવું છે – ચૈતન્યનું અસંગપણું લેવું છે.

ચૈતન્ય છે એમાં જ્ઞાન અને દર્શન બન્ને સમાય છે. જ્ઞાન અને દર્શનનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ્ઞેયો અને દૃશ્યો સાથે છે. જ્ઞાનનો સંબંધ જ્ઞેય સાથે છે અને દર્શનનો સંબંધ દૃશ્ય સાથે છે. તેમ છતાં પણ ચૈતન્ય કેવળ અસંગ જ રહે છે. કોઈની સાથે સંગ પામતું નથી, ભળતું નથી. સંગ પામતું નથી એટલે ભળતું નથી. એ વાત સ્વલક્ષ કરતાં એકદમ સમજાય એવી છે. એ વાત એકદમ સ્વલક્ષે સમજાય એવી છે.

આ જીવ – આપણો પોતાનો જીવ (અને) બધા આત્માનો, આ જે પરિભ્રમણ કરતાં સંસારી આત્માઓ છે એ બધા આત્માઓનો જીવ – બધાનો જીવ બહુભાગ કાળ ક્યાં રહ્યો છે ? નિગોદમાં રહ્યો છે. ત્રસપર્યાયનો કાળ અનંતકાળની આગળ બહુ જ અલ્પ છે. બે હજાર સાગર તો Maximum છે પણ એ પહેલાં પણ જીવ નિગોદમાં પહોંચી જાય છે. નિગોદની અંદર પ્રચુર કષાયકલંક (છે). જીવના પરિણામમાં પ્રચુરમાં પ્રચુર કષાય હોય તો નિગોદની અવસ્થામાં છે. એટલી બધી પરિસ્થિતિની વચમાં રહેલું ચૈતન્ય અનંતકાળ પ્રચુર કષાયની સાથે રહેલું – એક જ પર્યાયમાં કષાય અને એક જ પર્યાયમાં ચૈતન્ય, કેવળ અસંગ રહ્યું છે. ત્યાંનો એક નમૂનો અહીંયાં છે ? કોઈ સ્થિતિ નથી. કેમ ? કે, ચૈતન્ય – શુદ્ધ ચૈતન્ય હંમેશાં શુદ્ધ ચૈતન્ય જ રહે છે.

સોનાને હજાર વર્ષ કાદવમાં રાખો તો એ સોનું જ રહે, કાટ ન

ચડે અને ચાંદી ને તાંબુ ભેળવો તોપણ સોનું ચાંદી કે તાંબારૂપે થાય નહિ, સોનું તો સોનું જ રહે. સોનું મટીને ચાંદી કે તાંબુ ન થાય. એ ધાતુની શુદ્ધતાની શ િ ત છે. એ ધાતુની શુદ્ધત્વ શ િ ત છે. એમ શુદ્ધ ચૈતન્ય એ હંમેશાં – ત્રણે કાળે શુદ્ધ ચૈતન્ય રહે એ શુદ્ધ ચૈતન્યની શુદ્ધત્વ શ િ ત છે જે હંમેશાં નિર્લેપ રહે છે. એટલે એમાં વિશેષપણે ભાવવું હોય તો એવી રીતે ભાવવાનું છે કે, હું એક કેવળ અસંગ શુદ્ધ ચૈતન્ય છું. નિર્લેપ શુદ્ધ ચૈતન્ય છું અને હંમેશાં શુદ્ધ રહેતો હોવાથી, ભળતો નહિ હોવાથી કોઈની સાથે કોઈ અપેક્ષાનો સવાલ નથી રહેતો. એટલે આ ભાવનાની સાથે–સાથે પોતાને નિરપેક્ષ અને નિરાલંબ પણ ચિંતવવો – ભાવવો.

હું નિરપેક્ષ દ્રવ્ય છું, નિરપેક્ષ ચૈતન્ય છું અને નિરાલંબ ચૈતન્ય છું. કોઈના આલંબનની અને કોઈની એપક્ષાની આ આત્માને જરૂર નથી. એવું સ્વરૂપ છે એને ભાવવું.

શ્રોતા :– નરકમાં તો કષાય હોય પણ નિગોદમાં કષાય કેવી રીતે હોય ?

સમાધાન :– સૌથી વધારે હોય છે. નારકી જીવ તો સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણી છે, આ તો એકેન્દ્રિય છે. કષાય છે એ જ્ઞાનને આવરણ કરે છે. શું કરે છે ? કષાય છે એ જ્ઞાનને આવરણ કરે છે. અવરાતો... અવરાતો... અવરાતો... એકેન્દ્રિય થઈ ગયો. કષાય જેમ–જેમ તીવ્ર થયો એમ એકેન્દ્રિય સુધી પહોંચી ગયો. હવે એ વિષય કેવળજ્ઞાનનો વિષય હોવાથી મનથી સમજવા માંગે તો કદાચ ન સમજાય પણ Logicથી સમજી શકાય.

કષાય જ્ઞાનને આવરણ કરે છે, કેમકે કોઈ માણસને તીવ્ર ગુસ્સો આવે ત્યારે એને વિવેક નથી રહેતો, આપઘાત પણ કરી લે કે કોઈનું પણ ખૂન પણ કરી નાખે, પોતાનું પણ ખૂન કરી નાખે. એમ કષાય છે એ જ્ઞાનને આવરે છે. એ અવરાતું... અવરાતું... અવરાતું જ્ઞાન નહિવત્ થઈ જાય – (એને) અક્ષરના અનંતમા ભાગે કહે છે. એવું કષાયનું બળવાનપણું ત્યાં છે અને તેથી એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત ત્યાં મૃત્યુ થતું હોવા છતાં પણ અનંતકાળ સુધી એમ જ જન્મ-મરણ થયા કરે છે.

જન્મ-મરણ થયા જ કરે – ત્યાંને ત્યાં જન્મે અને મરે. નિગોદના જીવ રૂપે જન્મે, એ જ પર્યાયે જન્મે.. એ જ પર્યાયે મરે.. એ જ પર્યાયે જન્મે... એ જ પર્યાયે મરે. કેમ ? કે, ઉદય પણ એવો જ છે અને ઉદયમાં જોડાય છે. એટલે નિગોદને લાયક નવું આયુષ્ય બાંધે છે. નવું આયુષ્ય પણ એવું જ બાંધે. એ જ ઉદય, એમાં જ જોડાણ અને એ જ સ્થિતિ – એમને એમ... એમને એમ... કેટલો કાળ જાય એનો હિસાબ કરી ન શકાય એટલો કાળ જાય. એને અનંત કાળ કહે છે.

શ્રોતા :– નિગોદ એટલે આ માટીમાં અનંત જીવ છે ?

સમાધાન :– નિગોદ તો એકેન્દ્રિય જીવ છે. આખા લોકમાં પણ નિગોદ ભરેલું છે અને માટીમાં પણ છે, બધે છે. ચારે બાજુ નિગોદ છે. ઠાંસી-ઠાંસીને નિગોદના જીવ ભરેલા છે. થાય છે શું કે, જ્યારે પોતાની શ  ત અવરાતી જાય છે ત્યારે જેમ શરીર અશ  ત થાય અને રોગ જોર કરે એમ અહીંયાં પણ પંચેન્દ્રિયમાંથી મન જાય એટલે શ  ત વધારે ઘટે. મનોબળ પણ ન રહ્યું. પછી ચાર ઇન્દ્રિય થાય (એટલે) વધારે અશ  ત થાય, ત્રણ ઇન્દ્રિય થાય (ત્યારે) વધારે અશ  ત થાય. Position deteriorate થતી જાય. જેમ શરીરમાં Deterioration આવે ત્યારે રોગ વધે અને માણસ છેવટે મરી જાય. એવી રીતે આમાં પણ જીવ ઠેઠ નિગોદ સુધી ચાલ્યો જાય છે.

એક વખત તક ચૂક્યો – મનુષ્યપણાંમાં એક વખત પણ તક ચૂક્યો પછી એની પરિસ્થિતિમાં બળવાનપણું આવવું બહુ મુશ્કેલ છે. કેમકે પોતે દરકાર કરી નહિ. આવી ઉજળી તક મળી છતાં પણ દરકાર કરી નહિ તો કુદરત એને ફરીને એવી તક જલ્દી આપતી નથી. ક્યારે મળે એ કહેવું મુશ્કેલ છે. એટલા માટે મનુષ્યગતિને – મનુષ્યભવને ઉત્તમોત્તમ આત્મકલ્યાણ કરવા માટેનું સાધન ગણવામાં આવે છે અને એને સારી તક ગણવામાં આવે છે.

શું લીધું (અહીંયાં) ? હું એક કેવળ અસંગ શુદ્ધ ચૈતન્ય છું અથવા નિર્લેપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું. નિરાલંબ અને નિરપેક્ષ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ

છું. એવું મારું સ્વરૂપ છે. એ બીજી ભાવના થઈ.

'**...પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ...**' એ ત્રીજી ભાવના છે (એમાં) સુખની મુખ્યતા છે. મારા સ્વરૂપમાં કેટલું સુખ છે ? કે, પરમ ઉત્કૃષ્ટ છે. પરમ અને ઉત્કૃષ્ટ એમ લીધું છે. પરમ એટલે એથી આગળ બીજું કોઈ નહિ. ઉત્કૃષ્ટ એટલે પણ એથી વધારે બીજું કોઈ નહિ. બન્ને વિશેષણ લગાડી દીધા છે. સુખની બેહદતા અને અસીમતા દર્શાવવી છે. કેવું છે સુખ ? ચિંતવનમાં ન લઈ શકાય એવું. એ સુખ માટે મનનું ચિંતવન છે એ ઓછું પડે છે. મન છે એ પણ જ્ઞાનનો એક ક્ષયોપશમભાવરૂપ પર્યાય છે.

જ્ઞાન ક્ષયોપશભાવે બે પ્રકારે કામ કરે છે. એક રાગની આડમાં અને એક રાગની આડ વગર – બે રીતે જ્ઞાન કામ કરે છે. રાગની આડમાં શું થાય છે કે, રાગનો આધાર લઈને વર્તવું તે રાગની આડ છે અને રાગ હોવા છતાં જ્ઞાન સીધું પોતાના સ્વરૂપને વિષય કરે તે રાગની આડ વગરનું જ્ઞાન છે. જ્ઞાન પોતે જ પોતાને વિષય કરે. વિચારજ્ઞાનમાં બહુભાગ આ પરિસ્થિતિ છે. અનાદિથી જીવને 'રાગ તે હું' એવું રાગનું અવલંબન છે એ રાગની આડ છે. સ્વરૂપના ભાવભાસનમાં રાગની આડ વિના સીધું (પોતાના સ્વરૂપને વિષય કરે છે). એટલે 'કૃપાળુદેવે' ૭૫૧ (પત્રમાં) 'સ્પષ્ટ' શબ્દ વાપર્યો. સ્પષ્ટ અનુભવાંશે એટલે વેદનને – જ્ઞાન પોતે પોતાના વેદનને સ્પષ્ટપણે પોતાના સ્વરૂપને લક્ષગોચર કરે એને સ્વરૂપનું ભાવભાસન કહેવામાં આવે છે.

અહીંયાં જે અચિંત્ય (કહ્યું) છે એટલે ચિંતવનથી પાર એટલે મનથી પાર. કેમકે ત્યાં (ચિંતવમાં) રાગની આડ છે. રાગની આડમાં વર્તતા જ્ઞાનમાં સ્વરૂપસુખ જ્ઞાનમાં આવતું નથી. મનથી કલ્પના કરે પણ એ કલ્પિત સ્વરૂપ થયું. એ સાચું ભાવભાસન નથી.

શ્રોતા :– સ્વરૂપનું અનુસંધાન થાય ત્યારે મન મરી જાય ?

સમાધાન :– હા, મન પહેલાં જ મરી ફિટે છે, 'અનુભવ પ્રકાશ'માં 'દીપંચદજી' કહે છે – 'મને તો પહેલાં જ મરી ફિટે છે.' પછી સ્વરૂપનું

અનુસંધાન થાય છે. એટલે શું ? કે, મન છે (એ) એક આ જગ્યાએ છાતીમાં આઠ પાંખડીના કમળના આકારે પરમાણુની રચના છે, સૂક્ષ્મ પરમાણુઓની રચના છે જે કોઈપણ સાધનથી જોઈ શકાતી નથી અને જોવા માટે કોઈ બાહ્ય સાધન નથી. એટલે દૂરબીન કે કોઈ સૂક્ષ્મદર્શક યંત્ર કે કાંઈ એનાથી ન જોવાય. એવા પરમાણુ ત્યાં સૂક્ષ્મ પર્યાયે પરિણમેલા છે. જેમ આંખ છે, આપણે આંખનો જે આકાર જોઈએ છીએ તે પ્રકારના પુદ્‌ગલોની રચના છે. આપણે જેને ચક્ષુઇન્દ્રિય કહીએ છીએ. એમ આ મન ઇન્દ્રિય છે.

શ્રોતા :– એટલે જે આંઠ કમળની પાંખડી જેવું કીધું એ મન છે ?

સમાધાન :– એ દ્રવ્યમન (છે). જેમ આ દ્રવ્યચક્ષુ (છે). દ્રવ્યચક્ષુ દ્વારા પ્રવર્તતો જ્ઞાનનો ક્ષયોપશમભાવ તે ભાવચક્ષુ. ચક્ષુ બે પ્રકારના – દ્રવ્યચક્ષુ અને ભાવચક્ષુ. જે જ્ઞાન દ્વારા લાલ, પીળો, કાળો, સફેદ, પારદર્શકતા વગેરે અનેક પ્રકારના વર્ણ જણાય છે. પારદર્શકતા પણ એક વર્ણમાં જ જાય છે, માણસો કહે છે ને કે, Water is colour. એમ ત્યાં ભાવચક્ષુ છે. આ જે ડોળાની રચના છે, એમાં આ પડદો ને આ કીકી ને આ બધુ જે છે એને દ્રવ્યચક્ષુ કહે છે. એમ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન દ્રવ્યે પણ છે અને ભાવે પણ છે. ભાવ છે તે આત્માનો ક્ષયોપશમભાવ છે. ઇન્દ્રિય દ્વારા પ્રવર્તતો જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ ભાવેન્દ્રિય છે તેનું મુખ હંમેશાં બહિર્મુખ હોય છે – આ (બહારની) બાજુ. એટલે માત્ર તે બાહ્ય પદાર્થને જાણે છે. તે–તે ભાવેન્દ્રિયો માત્ર બાહ્ય પદાર્થોને જાણવા સમર્થ છે. પણ આત્મસ્વરૂપ કે જે અંતઃતત્ત્વસ્વરૂપ છે એને જાણવા એ છ એ પ્રકારના ક્ષયોપશમ સમર્થ નથી. કેમકે એનું મુખ ઉલ્ટું છે.

એક ભણેલાગણેલા ભાઈએ પ્રશ્ન કરેલો કે, આપણા ગુરુ અને શાસ્ત્રો બધા એમ કહે છે કે, આત્મા અનંત સુખનો દરિયો છે. આત્મા પોતે જ અનંત સુખનો દરિયો છે પણ અહીં તો સુખનો છાંટો પણ દેખાતો નથી. શું તર્ક કર્યો એણે ? આવડો મોટો દરિયો એ પણ અનંત પાછો ! સામાન્ય દરિયો નહિ, પેસિફીક કે એટલાંટિક દરિયા જેવો નહિ એ તો

હજી Limited છે. અરે...! સ્વયંભૂરમણ સમુદ્ર પણ Limited છે. આ તો અનંત ! તળિયા વગરનો દરિયો (છે) ! અને અહીંયાં તો સુખનો છાંટો પણ દેખાતો નથી. તો કહ્યું કે, તું ઉંધો ફરીને ભો છે ક્યાંથી દેખાય ? દરિયા બાજુ પીઠ હોય અને મુખ બીજી બાજુ હોય તો કેવડો મોટો દરિયો હોય તોપણ ન દેખાય ? કે ગમે એવડો મોટો હોય તોપણ ન દેખાય. અહીંયાં પણ મોઢું જ ફેરવવાનું છે કામ આટલું જ છે, હોં ! આટલું જ કામ છે, પડખું ફેરવવા જેટલું.

જ્ઞાન જે બહિર્મુખે વર્તે છે એ જ્ઞાનને અંતર્મુખ કરો એટલે અનંત સુખનો દરિયો એમાં તમે પોતે જ નિમગ્ન છો – ડૂબેલા છો એવો તમને અનુભવ થાય. પડખું ફરવા જેટલી વાત છે. પણ આ એક મોટો કોયડો છે. અંતર્મુખ થવું – એ કેમ અંતર્મુખ થવું એ બાર અંગનું રહસ્ય છે. શું છે ? બારેબાર અંગમાં કોઈ રહસ્યભૂત વિષય હોય – Matter હોય તો અંતર્મુખ કેમ થવું તે છે. બુદ્ધિની પહોંચ ત્યાં સુધી છે કે, જેટલા આત્મસાધનાના પરિણામો છે એ અંતર્મુખી પરિણામો છે. પછી એને સમ્યગ્દર્શન કહો, સમ્યક્જ્ઞાન કહો, સમ્યક્ચારિત્ર કહો, સમ્યક્ પુરુષાર્થ કહો એ અનંતા ગુણોનું અંતર્મુખી પરિણમન છે.

અંતર્મુખી પરિણમનથી જ લાભ છે, બહિર્મુખ પરિણમનથી કિંચિત્ માત્ર લાભ નથી. તેથી અંતર્મુખ થવું આવશ્યક છે, યોગ્ય છે, જરૂરી છે. ત્યાં સુધી બુદ્ધિની પહોંચ છે. કેમ થવું એ Practical sideનો વિષય છે – પરિણમનનો વિષય છે અને એ બાર અંગનું રહસ્ય છે. એ પ્રયોગ વાણીગોચર નહિ હોવાથી... પ્રયોગ વાણીગોચર નથી હોતો, કેમકે ત્યાં ભાષાની પહોંચ નથી. આપણે જ લ્યો ને, સ્કુટર ઉપર – Two wheeler ઉપર Balance રાખવું એની પરિભાષા શું ? 'અંતર્મુખ થવું' એટલો શબ્દ આવે પણ કેમ થવું એ ભાષાનો વિષય નથી. Balance રાખવું એટલો ભાષાનો વિષય છે પણ કેમ Balance રાખવું એ ભાષાનો વિષય નથી. એ Practical sideનો વિષય છે. ક્રિકેટમાં બેટ મારે ત્યારે દડાને કેચ કરવો એટલો ભાષાનો વિષય છે પણ કેમ કરવો એ કળાનો વિષય છે –

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

Practiceનો વિષય છે. એના માટે Practice કરવી પડે.

જેટલાં Technical subject છે, કળા છે એ બધી Practical sideનો વિષય છે. આ પણ એક જ્ઞાનકળા છે. સંસારથી તરવાની એક જ્ઞાનકળા છે. એટલા માટે જ્ઞાનીપુરુષોના સત્સંગનું મહત્વ અહીંયાં ભું થાય છે. કેમકે એ Practical side દર્શાવી શકે છે, કહી શકતા નથી તોપણ. એવી એક વિશિષ્ટ પરિસ્થિતિ પરમ સત્સંગના યોગે પ્રાપ્ત થાય છે અને એ દર્શાવે છે ત્યારે યોગ્યતાવાન દેખે છે ત્યારે એને બીજજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવી એક ઘટના ઘટે છે. એ ઘટનાને કારણે જ્ઞાનીઓના પ્રત્યક્ષ યોગનું મહત્વ ગ્રંથ-ગ્રંથોમાં ગાયું છે એનું કારણ આ છે. કેમકે શાસ્ત્રની અંદર વિષય અધૂરો છે. કેમકે ભાષામાં આવે એ તો વ્યાખ્યાત્મક છે. ભાષા તો વ્યાખ્યાત્મક છે. વ્યાખ્યા કરે છે એ Theory છે. Theory Theory છે અને Practical Practical છે. Theoryમાં Practical ન સમાય.

('સોગાનીજી') વ્યાખ્યાન સાંભળતા હતા ત્યારે એમણે ભેદજ્ઞાનનો વિષય સાંભળ્યો. એમના જીવનપરિચયમાં એ વાત આપણે લીધી છે. રાગ અને જ્ઞાન ભિન્ન છે. 'રાગ અને જ્ઞાન ભિન્ન છે' એક વચનમાં પાંચ શબ્દો છે. એ વખતે બીજા પણ બસો–ત્રણસો જણા, ભાઈઓ–બહેનો બધા વ્યાખ્યાન સાંભળતા હોય છે. જો એ વચનથી જ્ઞાન થતું હોત તો–તો એ બસો–ત્રણસો જણાને બધાને થયું હોત અને એ વચન ગુરુદેવ હજારો વાર બોલ્યા છે. કેટલી વાર બોલ્યા હશે ? એમના વ્યાખ્યાનોનો મુખ્ય વિષય જ એ હતો અને એ વિષયને ખોલી–ખોલીને સમજાવેલું છે. પણ માત્ર એ કહેતા નહોતા, એ માત્ર કહેતા નહોતા, એ પરિણમતા–પરિણમતા કહેતા હતા. 'સોગાનીજી'ની નિર્મળ જ્ઞાનની યોગ્યતાએ એમના પરિણમનના દર્શન કર્યા. શું થયું ? એમણે ગુરુદેવની અંતર્ પરિણતિના દર્શન કર્યા. બસ, આ Practical શીખવા માટેનો સારામાં સારો યોગ થયો. બસ, તથારૂપ યોગને પામીને – આવા પ્રકારના કોઈ યોગને પામીને એક ક્ષણ પણ જો અંતર્ભેદ જાગ્રતિ થઈ જાય તો તે જીવને મોક્ષ વિશેષ દૂર નથી. 'કૃપાળુદેવે' ૫૬૯ (પત્રમાં) લખ્યું છે.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

આવી ઘટના પ્રત્યક્ષ યોગ વિના તો પરિણતિ દેખાય નહિ. એટલે 'કૃપાળુદેવે' ભૂતકાળના જ્ઞાનીઓ માટે તીર્થંકર સુધી લખી નાખ્યું કે, 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર' જાઓ ! જિનેન્દ્રને પણ લઈ લીધા. ભૂતકાળમાં થયેલાં અનંતા તીર્થંકરોનો ઉપકાર ઉપકારની દૃષ્ટિએ પ્રત્યક્ષ સદ્‌ગુરુ – ચોથા ગુણસ્થાનવાળા જેટલો નથી. ક્રાંતિકારી ગાથા છે ! એટલા માટે પોતે જ્યારે 'આત્મસિદ્ધિ' લખી ત્યારે બધાને વાંચવા નહોતા દેતા. હું આજ્ઞા કરું તે જ વાંચે અને બીજાએ નકલ પણ કરવાની નહિ. એટલા Strict હતા. કેમકે ઉહાપોહ થાય, સમાજની અંદર ઉહાપોહ થઈ જાય છે કે, આવી રીતે ભગવાનનું અપમાન કરવાનો એમને અધિકાર આપ્યો છે ? આ 'રાયચંદભાઈ' સમજે શું એમના મનમાં ? (જિનેન્દ્રની) બરાબર નહિ, એથી ચા તો નહિ પણ એની બરાબર પણ નથી મૂક્યા એટલો એનો અર્થ કે નીચા થઈ ગયા. આ તો અપમાન થઈ ગયું ! સવળી બુદ્ધિમાં સવળું સૂઝે, અવળી બુદ્ધિમાં અવળું સૂઝે. એટલે સીધો વિરોધ થાય, સમાજની અંદર વિરોધ થાય. એ વિરોધ ન થાય એટલા માટે વાતને ગુપ્ત રાખતા હતા.

એમણે ૨૨૩ (નંબરના) પત્રમાં ધ્યાન ખેંચ્યું છે કે, અનાદિ નમસ્કાર મંત્રમાં 'ણમો અરિહંતાણં' પહેલાં શું કરવા ? 'સિદ્ધાણં'ને પાછળ શું કરવા રાખ્યા ? ચા કોણ છે ? અરિહંતો કે સિદ્ધો ? સિદ્ધો અસંસારી છે, અરિહંતો હજી સંસારી છે કેમકે સંસારમાં છે.

'બનારસીદાસે' એ વાત કરી છે કે, જીવોના બે જ વર્ગ છે – સિદ્ધ અને સંસારી. (એટલે) સિદ્ધ સિવાઈના અરિહંતપદ સુધીના બધાને સંસારીમાં લીધા છે. એવું લખ્યું છે, હોં ! સંસારી અને સિદ્ધ – બે જ વર્ગ છે. જો બે જ Class વિચારવા હોય તો આ બે જ વર્ગ છે – સિદ્ધ અને સંસારી. તોપણ 'ણમો અરિહંતાણં' (પહેલાં) શું કરવા ? સિદ્ધ ભગવાનનું અપમાન ન થાય ? તો કહે (છે), એ અવળી બુદ્ધિ છે. આમ ગણતરીની દૃષ્ટિએ એમ લાગે કે, આમાં ભૂલ શું છે ? તેરમા ગુણસ્થાન પછી તો ચૌદમું બાકી છે અને ચૌદમા પછી આ સિદ્ધાલયની સ્થિતિ તો ઉપરની

સ્થિતિ છે. એમાં ખોટું શું છે ? આ તો સમજાય એવું સાદુ ગણિત છે. તો કહે (છે), બુદ્ધિ અવળી છે. વાત જરા ઝીણી છે. કેમ ? કે, પ્રત્યક્ષ અને પરોક્ષના નિમિત્ત-નૈમિત્તિક સંબંધે જે લાભ થાય છે એનું જે રહસ્ય ત્યાં રહ્યું છે એ તને સમજવામાં આવ્યું નથી.

'કૃપાળુદેવે' એનો – એ બુદ્ધિનો Class બહુ નીચે મૂકી દીધો. શું કીધું ? 'એવો લક્ષ થયા વિના, ગે ન આત્મવિચાર' જો તને પ્રત્યક્ષ-પરોક્ષનો આ વિષય સમજમાં ન આવતો હોય તો તને આત્મકલ્યાણનો વિચાર પણ ગ્યો નથી, એવું અમે સમજીએ છીએ. ક્યાં મૂકી દીધો એને ? એને આત્મકલ્યાણનો વિચાર પણ ગ્યો નથી એવો એનો Class છે – એવો એનો વર્ગ છે. એ રીતે અહીંયાં આપણે જે વિષય ચાલે છે એ અચિંત્યનો ચાલ્યો છે.

શ્રોતા :– ભાઈશ્રી ! ભાવેન્દ્રિય જે કીધું એને આત્મા સાથે શું Connection છે ?

સમાધાન :– ભાવેન્દ્રિય છે એ ક્ષયોપશમ જ્ઞાન છે. એટલે જ્ઞાનનો જ પર્યાય છે પણ બહિર્મુખભાવે છે અને બહિર્મુખપણું એ જ્ઞાનનો એક વિભાવ છે, એ સ્વભાવ નથી. આપણે આ ભાવનામાં એ વિષય લઈશું કે આત્મા છે એ સ્વભાવદૃષ્ટિએ અવલોકવામાં આવે તો આત્મા પરિપૂર્ણ અંતર્મુખસ્વભાવી છે. કેવો છે ? પરિપૂર્ણ અંતર્મુખસ્વભાવી. એક અંશે પણ બહિર્મુખ પરિણમન થાય એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ છે. એક અનંતમા ભાગે પણ. આપણે ભાવનામાં છેલ્લે એ વિષય આવશે. પણ અહીંયાં જે 'અચિંત્ય' શબ્દ લીધો છે એમાંથી એક વિષય સમજવા યોગ્ય છે એ એટલો છે કે, ચિંતવન અને મનનની કલ્પનામાં આત્માને કદી બાંધી દેવો નહિ.

શાસ્ત્રના અભ્યાસી જીવો ક્યાં ભૂલ કરે છે ? કે, આત્માના સ્વરૂપને દર્શાવનારી ઘણી વાતો એના અભ્યાસમાં આવે છે. એને પછી મન દ્વારા ચિંતવીને એનું Framing કરીને એનો એક ફોટો મઢી લે છે કે, આવો મારો આત્મા ! આ એક ભૂલ છે. કેમ ? કે, આત્મા સ્વરૂપે જ અચિંત્યસ્વરૂપી છે. એનો સુખ ગુણ અચિંત્ય છે એમ નહિ એનું આખું સ્વરૂપ અચિંત્ય

હોવાથી એના પ્રત્યેક ગુણ અચિંત્ય છે અને સુખ પણ અચિંત્ય છે. એમ કહીને અહીંયાં સુખની Quality અને સુખની ડિગ્રી બન્ને બતાવવી છે. પણ મનના ચિંતવનમાં આત્માની છબીને મઢવા જેવી નથી અને છતાં જો મઢાઈ જાય તો ભગવાન તેને 'ગૃહીત મિથ્યાત્વ' કહે છે. શું કહે છે ? ગૃહીત (અર્થાત્) બુદ્ધિપૂર્વક નવું ગ્રહણ કરેલું, કલ્પિત તત્ત્વ તેને 'ગૃહીત મિથ્યાત્વ' કહેવામાં આવે છે. એટલે ગુરુદેવશ્રી હંમેશાં કહેતાં કે, રાગની આડ વગરના જ્ઞાનમાં સીધું જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન થાય તે જ્ઞાન સાચું, બાકીનું જ્ઞાન સાચું નહિ. એટલે વિચાર આવે છે ત્યાં સુધી એ જ્ઞાનને કોઈ માર્ક આપતા નથી. કેમકે વૈચારિક ભૂમિકામાં ઘણી વાતો વિચારી શકાય છે. સમજવાની એ એક જુદી Branch છે, (એ) ઇન્દ્રિયજ્ઞાનની Branch છે અને આ એક અતિન્દ્રિયજ્ઞાનની Branch છે. એ Branch – શાખા જુદી પડે છે અને આત્માનો વિષય ત્યાંથી શરૂ થાય છે. એ પહેલાં આત્માનો વિષય નથી શરૂ થતો.

શ્રોતા :– ભાઈશ્રી ! શરૂઆતમાં તો ચિંતવન દ્વારા જ આત્માને લક્ષગત કરવાનો છે ને ?

સમાધાન :– શરૂઆતમાં એમ સમજવા યોગ્ય છે કે, ચિંતનનો વિષય નથી. ચિંતનમાં પણ એમ સમજવા જેવું છે કે, આ કોઈ એક અચિંત્ય દ્રવ્ય છે અને અચિંત્ય જ્ઞાનનો વિષય છે – એમ ચિંતવનમાં લેવું. ચિંતવનમાં પણ એમ લેવું, એવી વાત છે.

શ્રોતા :– આત્માના ગુણોનું ચિંતન છે એ કેવી રીતે ચિંતવે ?

સમાધાન :– એમાં શું છે કે, જ્ઞાન રાગની આડમાં ભું રહ્યું છે કે રાગની આડ ખસેડીને કામ કરે છે ? આટલું જોવાનું છે. કેમકે દરેકને ભૂમિકા તો મુમુક્ષુની છે અને એમાં સવિકલ્પ અને વિચારદશાવાળી સ્થિતિ છે. મુમુક્ષુની નિર્વિકલ્પ સ્થિતિ છે નહિ. નિર્વિકલ્પ સ્થિતિએ તો જ્ઞાનદશા પ્રગટે છે. એટલે એક તો મુંઝવણ એવી થવા યોગ્ય છે કે, મારી પાસે મન સિવાઈ સાધન છે શું ? સમજવા માટે મારી પાસે મન સિવાઈ ક્યાં બીજું સાધન છે ? હું શું કરું ? પણ એવી આડ મારવા જેવી વાત નથી.

ગુરુદેવના વ્યાખ્યાનોમાં કેટલીક વાતો બહુ અસાધારણ આવેલી છે. 'રાગની આડ વગરનું જ્ઞાન' કેટલી વખત વ્યાખ્યાનોમાં આ શબ્દો સાંભળ્યા છે. એ રાગની આડ વગરનું જ્ઞાન એટલે શું ? જીવનો ચારિત્ર ગુણ રાગરૂપે પરિણમી રહ્યો છે અને જીવનો જ્ઞાનગુણ જાણવારૂપે પરિણમી રહ્યો છે. અનાદિની પરિસ્થિતિ એવી છે કે, 'રાગ તે હું' (અર્થાત્) રાગની સાથે એકત્વ – એકતાબુદ્ધિ આ જીવની અનાદિની સ્થિતિ છે. મુમુક્ષુની ભૂમિકામાં આ એકત્વબુદ્ધિ ઢીલી પડે છે, છૂટે છે જ્ઞાનદશામાં. જ્યારે ઢીલું પડે છે; આ ગાંઠ–ગ્રંથિ છે – આ દર્શનમોહની ગાંઠ છે. એ ગાંઠ ઢીલી પડે છે ત્યારે જ્ઞાનમાં કેટલીક નિર્મળતા આવે છે. કેમકે જ્ઞાનમાં જ પડેલી ગાંઠ છે. એટલે એ રાગની આડમાંથી છૂટું પડે છે અને ભાવભાસનના કાળમાં જ્ઞાન સ્વયં જ્ઞાનને આધારે જ્ઞાનસ્વરૂપી આત્માનો નિશ્ચય કરે છે, જે અચિંત્ય તત્ત્વ છે.

એટલે લક્ષ–લક્ષણની ચર્ચામાં એ વાત લીધી કે, '**ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात्**' (અર્થાત્) એકલું જ્ઞાન – માત્ર જ્ઞાન. હમણાં પૂજ્ય બહેનશ્રીની ચર્ચાનું એક પુસ્તક પ્રગટ થયું છે – 'સ્વાનુભૂતિદર્શન' એમાં એ વાત લીધી છે કે, એકલું જ્ઞાન. 'સમયસાર'માં 'જ્ઞાનમાત્ર' શબ્દ છે. એ પોતે સાદી ભાષામાં બોલતા હતા – એકલું જ્ઞાન જ્ઞ.. જ્ઞ.. જ્ઞપણે સામાન્ય જ્ઞાન. એ જ્ઞાનને જ્ઞાન વેદે અને એ જ્ઞાનને જ્ઞાન જાણે, એમાં વચ્ચે રાગની આડ નથી અને મનનું નિમિત્ત નથી, ત્યારે ભાવભાસન આવે છે. એ ઇન્દ્રિયાતીત વિષય શું છે એ સીધું સમજાય છે. કેમકે ત્યાં જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવને જાણ્યો છે, રાગના આધારે નથી જાણ્યો. વિચારમાં રાગના આધારે જ્ઞાનસ્વભાવને વિચારે છે, ચિંતવે છે, મનન કરે છે ત્યાં સુધી કલ્પનામાં આવે છે. જ્ઞાનમાં કલ્પિત વિષય થાય છે અને એ જો ખરેખર માનવામાં આવે તો ગૃહીત થઈ જાય છે.

શ્રોતા :– મુમુક્ષુની ભૂમિકામાં તો રાગ ઢીલો પડતો જાય છે, એની માન્યતા ઢીલી પડતી જાય છે ?

સમાધાન :– હા, રાગ તે હું – ત્યાંથી ખસે છે. એ ઉપરનું બહુ

સરસ વ્યાખ્યાન તો આવ્યું છે, 'આત્મધર્મ'નો જે 'શતાબ્દી અંક' બહાર પડેલો એમાં ('સમયસાર'ની) ૧૪૪ ગાથાના વ્યાખ્યાનમાં એ વિષય બહુ સરસ ચાલ્યો છે અને ત્યાં તો એમ કહ્યું છે કે, રાગનો અંશે અભાવ કરીને આવો નિર્ણય થાય છે – નિશ્ચય થાય છે. આત્માનો નિશ્ચય 'રાગનો અંશે અભાવ કરીને' (થાય છે) એમ લીધું છે. 'અંશે અભાવ' એટલે ત્યાં તો કાંઈ વીતરાગતા તો નથી પ્રગટી. વીતરાગતા વગર અભાવ ન થાય પણ આલંબનમાં ફેર પડ્યો છે. 'રાગ તે હું' એવું જે આલંબન છે એના અંશમાં ફરક પડ્યો, આલંબન છૂટે તો જ્ઞાનદશામાં પણ અંશમાં ફેર પડ્યો અને નિશ્ચય થયો. એને ઓળખાણ થઈ, એને બીજું સમકિત થયું, એને બીજજ્ઞાન થયું, એને અસ્તિત્વ ગ્રહણ થયું – એમ જુદાં–જુદાં શબ્દો(નો) જ્ઞાનીઓએ પ્રયોગ કરેલો છે.

ભાવનાના વિષયમાં આપણે આજે અહીં અટકીએ. બાકીની ભાવનાનો વિષય આપણે આવતીકાલના સ્વાધ્યાયમાં લેશું.

^ ^ ^

જ્ઞાનમાં સહજ પ્રત્યક્ષતા છે, તેને પ્રતીતિ ભાવે વારંવાર 'ભાવમાં લઈ'–'ભાવના'થી રસ લેવો - વેદવો, તે સ્વાનુભવની વિધિ છે. *–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૯૭)*

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# પ્રવચન નં. – ૧૫
## પત્રાંક–૮૩૩ (૬)
## તા. ૦૩-૦૩-૧૯૯૭

('શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત) ૮૩૩મો પત્ર ચાલે છે. આત્મભાવનાનો છેલ્લો પૈરાગ્રાફ ચાલે છે. પહેલાં એમ ભાવ્યું કે, હું જ્ઞાનમય છું તેથી સર્વથી સર્વ પ્રકારે ભિન્ન છું, દેહાતીત સ્વરૂપ છું. એક કેવળ અસંગ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, ત્રિકાળ નિર્લેપસ્વરૂપ છું. કોઈ અન્ય પદાર્થની અવલંબનની કે અપેક્ષાની મને કોઈ પરિસ્થિતિ નથી. નિરાલંબ નિરપેક્ષ છું. કાલે ત્રીજી ભાવના ચાલતી હતી કે, હું પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ છું.

હું પરમોત્કૃષ્ટ અચિંત્ય અનંત અને અવ્યાબાધ સુખસ્વરૂપ છું એટલું વિશેષ લેવું. મારામાં અનંત સુખ ભરેલું છું એટલું બધું સુખ છે કે જેનું ચિંતવન કરતાં ચિંતવનમાં એ પૂરું સમાવેશ પામતું નથી એટલું બેહદ છે ! અને મારા સુખને કોઈ બાધા પહોંચાડી શકે, મારા સુખમાં કોઈ ડખલ કરી શકે એવું મારું સુખનું સ્વરૂપ નથી એવું ઉત્કૃષ્ટ છે !! એવું શિ તવાળુ સુખ છે કે, એ સુખ કોઈ ઓછું કરી શકે નહિ, એ સુખનો કોઈ નાશ કરી શકે નહિ. એવા સુખસ્વરૂપે પોતે છે એની અનુભવાંશે ખાત્રી થાય છે. કેવી રીતે ખાત્રી થાય છે ? વિચારથી સ્વીકારવું, ન્યાયથી, આગમથી સ્વીકારવું એક વાત છે અને અનુભવથી એની ખાત્રી આવવી એ બીજી

વાત છે. જ્યાં સુધી ખાત્રી નથી આવતી, વિશ્વાસ નથી આવતો ત્યાં સુધી કેટલાક દુઃખદાયક પરિણામો જીવને પરેશાન કરે છે – જીવને દુઃખી કરે છે – જીવને હેરાન કરે છે. એટલે વિશ્વાસ આવવો જરૂરી છે.

મહાપુરુષના વચન છે માટે આપણે વિશ્વાસ મૂકીએ એમ નહિ. એ તો બીજાનો આધાર થયો. એ કોનો આધાર થયો ? બીજાનો આધાર થયો. કોઈનું ઉછીનું લીધેલું કામમાં ન આવે. આપણી મુડી આપણને કામમાં આવે. વ્યાજે લીધેલી મુડી ગમે ત્યારે પાછી દઈ દેવી પડે, એ તો Loan છે. પોતાના સુખની ખાત્રી પોતામાં અનંત અચિંત્ય અવ્યાબાધ સુખ ભરેલું છે એનો વિશ્વાસ – એની ખાત્રી ભાવભાસનના કાળમાં અનુભવાંશે આવે છે – અનુભવ અંશથી આવે છે. કાલે કેટલીક ચર્ચા થઈ હતી, આપણે ફરીથી એને દોહરાવીએ.

આપણું જે જ્ઞાન પ્રવર્તી રહ્યું છે, અનેક જ્ઞેયોને જાણવામાં તેની પ્રવૃત્તિ છે. એને મુખ્ય કરવામાં આકુળતા છે, એને મુખ્ય કરવામાં અનેક જાતની તકલીફ છે. મુખ્ય કરવા જતાં ચારિત્રની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે, સારું–નરસુંપણું કરવા લાગી જઈએ છીએ. પણ માત્ર જ્ઞાન છે, જે સામાન્ય જ્ઞાન છે, જે વેદનરૂપ જ્ઞાન છે એ જ્ઞાન રાગરહિત હોવાથી – પોતે જ રાગરહિત હોવાથી માત્ર જ્ઞાન તો જ્ઞાન છે. કષાયરહિત છે, આકુળતા રહિત છે તેથી તે સુખરૂપ છે. જ્ઞાનનું રૂપ શું ? કે, સુખ.

જેમ માણસને એનું રૂપ છે – કોઈ કુરૂપ છે, કોઈ સુરૂપ છે. એમ જ્ઞાન છે એ સુરૂપ છે, બહુ સુંદર છે ! જ્ઞાન કેમ સુંદર છે ? કે, એનું સુખ એનું રૂપ છે, આનંદ એનું રૂપ છે, શાંતિ એનું રૂપ છે. સુખ, શાંતિ, આનંદ એનું રૂપ હોય એ જ્ઞાન કેટલું સુંદર છે !! વાત થોડી નવી લાગે એવી છે. ખરેખર નવા ક્ષેત્રમાં તો પ્રવેશ કરવાનો જ છે. જે ક્ષેત્રમાં અત્યાર સુધી આપણે છીએ એનાથી કોઈ બીજી દુનિયામાં તો જાવું જ છે અને ખરેખર આ એક બીજી દુનિયાનો વિષય છે.

જ્ઞાન છે એના રૂપે, એના સ્વરૂપે, એના સ્વભાવે જોવાનો આપણે પ્રયાસ નથી કર્યો. અન્ય પદાર્થને જોવાનો પ્રયાસ કર્યો છે. રજકણોને ખૂબ

મન ભરીને જોવા માટે આપણી ઇચ્છા પ્રવર્તી રહી છે પણ કદી એમાં કોઈને તૃપ્તિ થાય એ બની શકવા યોગ્ય નથી. ફ ત પોતાના રૂપને જોયું નથી. જોનાર એવું જે જ્ઞાન એ જ્ઞાને કદી પોતાનું રૂપ – પોતાનું સ્વરૂપ – પોતાનો સ્વભાવ એ જોયો નથી, જે જ્ઞાનમાં મોજૂદ છે, હયાત છે, પ્રગટ છે, અનુભવગોચર છે અને સાકાર છે. ફ ત આપણે એક દૃષ્ટિકોણ ગ્રહણ કરવાની જરૂર છે કે, મારે જ્ઞાનમાં મારો સ્વભાવ, મારું સ્વરૂપ જોવું છે.

જેમ દાળ ચાખતી વખતે મીઠું જોવા માટે ઉદ્દેશ ધારણ કરીએ તો ખારાશની ખબર પડે. એ વખતે દાળમાં મરચું નાખ્યું છે, ખટાશ નાખી છે, ગળપણ નાખ્યું છે, બીજા છપ્પન મસાલા નાખ્યા હોય તોપણ એકલું મીઠું જોવા માટે જ્યારે જ્ઞાન ચોક્કસ પ્રકારનો ઉદ્દેશ ધારણ કરે, દૃષ્ટિકોણ ધારણ કરે ત્યારે એને તપાસી લ્યે છે. એ વખતે બીજા સ્વાદો ગૌણ થઈ જાય છે. બીજી વસ્તુઓના સ્વાદને એ વખતે પરિણમતા રોકી શકતા નથી પણ ગૌણ કરી શકીએ છીએ. પછી મરચું તપાસીએ છીએ કે, તીખી-મોળી તો નથી ને ? ગળપણ તો બરાબર છે ને ? ખટાશ પણ બરાબર છે, વારાફરતી બધું જોઈ શકીએ છીએ. પછી એમ લાગે કે, બધું બરાબર છે તો અભેદપણે એક દાળ સારી થઈ છે એવો સ્વાદ પણ લઈ શકીએ છીએ, કોઈપણ જાતના સ્વાદોના ભેદ પાડ્યા વિના. આ પ્રકારે જ્ઞાન ભેદાત્મક અને અભેદાત્મક પ્રવૃત્તિ કરે છે. એમાં મુખ્ય–ગૌણ કરે છે. શું કરે છે ? મુખ્ય–ગૌણ કરે છે.

અહીંયાં પણ અનેક જ્ઞેયોને ગૌણ કરીને, જ્ઞેયાકારોને પણ ગૌણ કરીને માત્ર સામાન્ય જ્ઞાન – જ્ઞાનનો Common factor એને જ પોતે પોતામાં જોવે. કેમકે જોનાર પણ જ્ઞાન છે અને જોવાનું પણ જ્ઞાનને જ છે. પોતે પોતાને જોવે એવો દૃષ્ટિકોણ સાધ્ય કરીને – એવો દૃષ્ટિકોણ ગ્રહણ કરીને જો જોવામાં આવે તો જ્ઞાન સુખરૂપ છે એવું ચોક્કસ જણાય અને Sample ઉપરથી આખી ચીજનું જ્ઞાન થાય.

સો માણસના ભાત–ચોખા રાંધ્યા હોય તો બધા દાણાને કાંઈ તપાસવા પડતા નથી. ચમચા કે તાવેથા ઉપર થોડાક દાણા આવે એમાંથી એક–

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

બે દાણાને દબાવી લ્યો (તો) ભાત ચડ્યા છે કે નહિ એની ખબર પડી જાય છે. Sample ઉપરથી આખી ચીજનું માપ આવે છે, માપ કાઢી શકાય છે. એવું જ્ઞાનમાં સામર્થ્ય છે – શ િ ત છે.

એમ અહીંયાં પણ જ્ઞાન નિરાકૂળપણે છે એનો વેદનઅંશે અનુભવ આવે છે એ અનુભવાંશથી અનંત સુખની પ્રતીતિ આવે છે. મારામાં અનંત સુખ ભરેલું છે એનો વિશ્વાસ આવે છે અને જ્યારે એની ખાત્રી આવે છે ત્યારે એ સુખને ભોગવવા, એ સુખને પ્રાપ્ત કરવા માટે જીવની પુરુષાર્થની વૃત્તિ છળીને બહાર આવે છે. એક મહિનાથી ભૂખ્યો, તરસ્યો માણસ હોય એને મિષ્ટાન્ન ભરેલો થાળ અને ઠંડો શેરડીનો રસ પીવા મળે તો ધીમે–ધીમે ખાય-પીવે નહિ, ઝપટ મારે ! બીજી ભાષામાં કહીએ તો એ થાળી ઉપર તૂટી પડે. ખાવાની ક્રિયામાં આક્રમણ દેખાશે. દેખાય છે કે નહિ ? દરેક બાબતમાં જેની–જેની તીવ્ર ઇચ્છા હોય એ મળે એટલે જોરથી પરિણામ બહાર આવે, વેગ ધારણ કરે.

એમ સુખ માટે આ જીવે ફાંફાં મારવામાં બાકી નથી રાખી. ગમે તેવા સાહસ પણ કર્યા છે – પાંત્રીસ હજાર ફૂટ ( ચે) એરોપ્લેનમાં જવાનું. અને ભૂખ-તરસ, ટાઢ-તડકો કાંઈપણ જોયા વિના દેશ-પરદેશ(માં ભટક્યો છે). કાંઈ પણ જોયા વિના ઘણો પ્રયત્ન – ઘણો પુરુષાર્થ કર્યો છે અને ક્યાંય એને સુખ મળ્યું નથી. એ એનો પૂરાવો છે કે, હજી સુખ માટે પ્રયત્નવાન છે. એવા આ જીવને – અનંતકાળથી સુખ માટે પ્રયત્નશીલ એવા આ જીવને અનંત સુખનો ભંડાર પોતામાં દેખાય ત્યારે કેટલો છાળો આવે (એ) ત્રિરાશી મૂકવા જેવી વાત છે.

જ્યારે એ વિશ્વાસ આવે છે કે, મારું અનંત સુખ મારામાં છે અને મારું સુખ ક્યાંય બહારમાં નથી ત્યારે બધાય આકુળતાના પરિણામો શાંત થાય છે. બહારથી સુખ લેવા માટેના જે આકુળતાના પરિણામો છે એ બધા શાંત થાય છે, પછી દુઃખનો અવસર નથી. એને કોઈ દુઃખી નથી કરી શકતું. કોઈ બીજા જીવની એવી ઇચ્છા હોય કે હું આને દુઃખી કરું (પણ) એની કોઈની પહોંચ નથી. મારા સુખના ભંડાર સુધી કોઈની પહોંચ

નથી. કોઈ સ્પર્શી શકે, કોઈ બાધા પહોંચાડી શકે એવું કાંઈ થઈ શકવા યોગ્ય નથી. એવો હું અચિંત્ય અનંત અવ્યાબાધ સુખસ્વરૂપ છું, અનંત સુખનું ધામ છું.

શ્રોતા :– ભાઈશ્રી ! અંશે સુખ ન દેખાય તો ?

સમાધાન :– ત્યાં સુધી જીવને ખાત્રી નહિ થાય. કોઈની વાત જલ્દી માને એવો આ જીવ નથી, પોતાના અનુભવથી માનશે. એટલે કોઈની વાતમાં ટકી ન શકાય, કોઈની વાતમાં ટકી ન શકાય. ભલે એણે ગમે એ રીતે 'હા' પાડી હોય પણ ટકી ન શકાય. અનુભવથી ટકી શકાય.

અનુભવજ્ઞાન છે એમાં શિ ત ઘણી છે. દસ વર્ષની બાળપણની ઉંમરમાં પાણીમાં તરતા શીખ્યા હોઈએ; અમે લોકો અમારા ગામની નદી છે ત્યાં તરતા શીખેલા, આજે ૬૦ વર્ષે કોઈ પાણીમાં ધક્કો મારીને પાડી દે એટલે તરવા જ મંડીએ. ઓચિંતા પડી જઈએ તોપણ તરવા જ મંડીએ, ડૂબીએ નહિ. કેમકે અનુભવજ્ઞાન દસ વર્ષની ઉંમરે લીધું છે. ભલે પચાસ વર્ષ Practice નથી કરી તોપણ વાંધો ન આવે. તરવું એ એક કળા છે. બહારનો દેખાવ તો શું છે કે, હાથ-પગ હલાવે છે, પણ હાથ-પગ હલાવનારને તરતા ન આવડે તો હાથ-પગ હલાવે તોપણ ડૂબી જાય. પાણી ઉપર તરવું એ પણ એક કળા છે. એની કોઈ ભાષા નથી. એ તો Practice કરીને જ શીખડાવાય છે. બીજી રીતે એને શીખડાવાનું હોતું નથી. એના પુસ્તકો વાંચેથી કોઈ તરતા ન શીખી શકે. તરવાનું પુસ્તક વાંચીને કોઈ તરતા ન શીખી શકે. એણે પોતાને પાણીમાં પડવું રહ્યું અને તરવાની Practiceથી તરવુ રહ્યું. (એ રીતે) અનુભવજ્ઞાનમાં શિ ત ઘણી છે.

સુખ છે અને દુઃખ છે એ અનુભવનો વિષય છે, વિચારનો વિષય નથી. સુખ અને દુઃખ એ અનુભવની પર્યાય છે, વિચારની નહિ. પછી અનુભવને તમે જ્ઞાનથી સમજો એ બીજી વાત છે. પણ આત્માનું સુખ કેવું હોય એનો વિચાર કરતાં–કરતાં ખબર પડે કે ન પડે ? ન પડે. તો પુસ્તક વાંચતા તો ક્યાંથી ખબર પડવાની હતી ? કે વ્યાખ્યાન સાંભળતા ક્યાંથી સમજણ પડવાની હતી ? એના માટે તો એને પોતાના જ્ઞાનને

એના રૂપથી જોવાનો પ્રયત્ન કરવો પડશે કે જ્ઞાનનું રૂપ જ સુખ છે. જ્ઞાન પોતે જ આનંદસ્વરૂપી છે, જ્ઞાન પોતે જ સુખસ્વરૂપી છે. કેમકે કષાયના અભાવસ્વભાવે છે, અભાવસ્વરૂપે છે.

સુખી થવા માટેની આ બહુ સારી તક છે, બહુ સારી તક છે. શાંતચિત્તે અંદરમાં ને અંદરમાં શોધ કરવાની છે. જો મારું સુખ મારામાં ભર્યું છે એમ આવા અનુભવીપુરુષો કહે છે (તો) કહેનારની પ્રમાણિકતા ઉપર આપણે વિશ્વાસ મૂકીને પ્રયત્ન ચાલુ કરવાનો છે, એથી વધારે કામ નથી. જે ચીજ પોતામાં જ છે એ ક્યાં સુધી અજાણી રહી શકશે ? આપણો હીરો આપણા હાથમાંથી આ જગ્યાએ પડ્યો છે પછી એ રસ્તા ઉપર ગોતવાની જરૂર નથી. ખબર છે કે, આ હીરો જોતા–જોતા અહીંયાં પડી ગયો. પછી રસ્તા ઉપર ગોતવાનો તો કાંઈ અર્થ નથી. સારું છે કે હીરો અજવાળે પડયો છે, અંધારામાં પડ્યો નથી. જોકે અંધારામાં પડ્યો હોય તોપણ ચમકે છે.

જ્ઞાનપ્રકાશમાં જ્ઞાનસ્વભાવને જોવાનો છે. જ્ઞાનસ્વભાવ ક્યાં પ્રગટ છે ? કે, જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાનના પ્રકાશમાં. એ પણ સુવિધા જ છે. નહિતર વળી બહાનું કાઢીએ કે, અંધારામાં કેમ જડે ? પણ આ તો અજવાળામાં હીરો છે. જ્ઞાની કહે છે કે, તારા જ્ઞાનમાં જ છે, ક્યાંય દૂર જવાની જરૂર નથી. તારો ભગવાન મંદિરમાં પણ નથી, મસ્જિદમાં પણ નથી અને ગુરુદ્વારામાં પણ નથી કે પુસ્તકમાં કે શાસ્ત્રમાં પણ નથી. છે પોતામાં, પોતાને શાંતચિત્તથી એની અંતરખોજ કરવાની છે અને પદ્ધતિસર; ગઈકાલે આપણે બપોરના સ્વાધ્યાયમાં વાત લીધી, એ રીતે પદ્ધતિસર કામ કરતા (તેની પ્રાપ્તિ અવશ્ય થાય છે). એને વિવેક કહે છે – પદ્ધતિસર કામ કરવું એને વિવેક કહે છે, પદ્ધતિ છોડીને કામ કરવું એને અવિવેક કહે છે. વિવેકપૂર્વક કામ કરતાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય, અવશ્ય થાય એવી છે કે, આત્મા અનંત જ્ઞાનસ્વરૂપ છે અને આત્મા અનંત આનંદસ્વરૂપ છે.

એવું અનંત સુખનું નિધાન પોતામાં જ છે. આગળ ચોથી ભાવનામાં એમ લેવું છે કે, '**...એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું...**' એટલે અનુભૂતિસ્વરૂપ

છું. શેનો અનુભવ છે ? કે, જ્ઞાનને જ્ઞાનનો અનુભવ છે. જ્ઞાનને સુખ વગેરેનો અનુભવ છે. જ્ઞાન પોતે જ સ્વસંવેદનસ્વરૂપ છે. જે જ્ઞાન સામાન્ય છે એ પોતે જ સ્વસંવેદનસ્વરૂપ છે. વેદન કહો, અનુભવ કહો બન્ને એક જ વાત છે. એટલે જ્ઞાન પોતે અનુભવસ્વરૂપ છે. અનુભવ ઉત્પન્ન કરવાની ચીજ નથી. અનુભવ ક્ષણે–ક્ષણે, સમયે–સમયે જ્ઞાનમાં થઈ જ રહ્યો છે – ઉત્પન્ન થઈ જ રહ્યો છે. જ્ઞાનની પર્યાય અનુભૂતિ સાથે ઉત્પન્ન થાય છે અને તે થઈ જ રહી છે.

હું એકાંત – ત્યાં એકાંત કેમ લીધું છે ? (કેમકે) એ જ્ઞાનની અંદર – જ્ઞાનવેદનની અંદર કોઈનો પણ પ્રવેશ થવાનો અવકાશ નથી – ખાલી જગ્યા નથી. એવું જ્ઞાન પોતે ઘનિષ્ટ તત્ત્વ છે. એટલે આત્માને જ્ઞાનઘન પણ કહેવામાં આવે છે, ચૈતન્યઘન પણ કહેવામાં આવે છે. એમાં બીજા કોઈનો પ્રવેશ નથી. નિગોદથી લઈને સિદ્ધ પર્યંતની બધી જ અવસ્થાઓમાં – એક જીવની નિગોદ અવસ્થાથી માંડીને ઉપર.. ઉપર.. ઉપર જતાં સિદ્ધ પર્યંત – બન્ને અવસ્થાના Extreme point છે. એક દુઃખની અને એક સુખની અવસ્થા છે. એક ગુણોની અવરાયેલી અવસ્થા છે અને એક સંપૂર્ણ ગુણો ખુલ્લા થઈ ગયા, વિકાસ પામી ગયા એની અવસ્થા છે. આથી બીજો એનો છેડો નથી. છેલ્લમાં છેલ્લી હદની હીણી અવસ્થા નિગોદ છે અને વિકાસ પામેલી અવસ્થા સિદ્ધપદ છે. એ બધી અવસ્થાઓમાં જ્ઞાન જ્ઞાનને વેદી રહ્યું છે. એવું એકાંતે છે, એમ અહીંયાં કહેવું છે. 'કૃપાળુદેવે' 'એકાંત' શબ્દ વાપર્યો છે ને ? એવું એકાંતે છે. બીજા કોઈનું અંદર મીશ્રણ – Adultration નહિ હોવાથી શુદ્ધ છે.

એકાંતે શુદ્ધ અનુભવસ્વરૂપ છું – વેદનસ્વરૂપ છું. મારા વેદનમાં આવવાનો કોઈને અવકાશ નથી. રાગની આડમાં, જ્ઞેયોની મુખ્યતામાં એ વેદન મને માલૂમ નથી પડતું એનો અર્થ એમ નથી કે તે નથી. 'છે', (તું) આડશને દૂર કર. 'તરણા ઓથે ડુંગર' એક તરણા ઓથે ડુંગર પણ ન દેખાય એનો અર્થ કે, આવડો મોટો ડુંગર છે જ નહિ, એમ નથી. ડુંગર જેવડો (છે) એવડો છે પણ દૃષ્ટિમાં એક તરણુ આડુ આવે તોપણ

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

ન દેખાય. એમ આ રાગ અને જ્ઞેયો જેના ઉપરથી જ્ઞાનની મુખ્યતા ખસતી નથી એ બધા તરણા છે. કેવા છે ? ખાલી તરણા છે. એમાં કાંઈ એવી વાત નથી કે, ન ખસેડી શકાય. એવી કોઈ વાત નથી. રાગને પણ ખસેડી શકાય છે, જ્ઞેયાકાર જ્ઞાનને પણ ગૌણ કરી શકાય છે, જો પોતાના સ્વરૂપને આપણે જોવા ચાહીએ – ઇચ્છીએ તો એ જ્ઞાનવેદન માલૂમ પડી શકે છે. એવો આ આત્મા અનુભૂતિસ્વરૂપ જ છે. અનુભવને ક્યાંય લેવા જવાની જરૂર નથી. 'છે' એ કોઈ એક કારણસર તિરોભૂત છે, છૂપાયેલું છે અથવા તો તિરોભૂતને આપણે એમ શકીએ કે આચ્છાદિત થઈ ગયું છે, ઢંકાઈ ગયું છે. રાગ અને જ્ઞેયોની આડશમાં એ ઢંકાયેલું – આચ્છાદિત થયેલું જ્ઞાનવેદન છે એને આવિર્ભૂત કરવું છે અને એક આવિર્ભૂત કરવાની પદ્ધતિ છે એ પદ્ધતિએ આવિર્ભૂત થાય છે. આપણે ક્રમસર આગળ વધવું જોઈએ.

એવો હું એકાંત શુદ્ધ અનુભૂતિસ્વરૂપ છું – સ્વસંવેદનસ્વરૂપ છું, '**...ત્યાં વિક્ષેપ શો ?**' કઈ વાતની હવે તને ડખલ છે એમ કહે ? જ્યાં સુધી ડૉ ટર પાસે દર્દ બતાવવામાં ન આવે ત્યાં સુધી ડૉ ટર એની દવા – એ દર્દીની દવા કરે કેવી રીતે ? તને કઈ વાતની ડખલ છે એ કહે ? વિક્ષેપ શો ? એમ કહે છે. જ્યારે તારું સ્વરૂપ આવું સુખસ્વરૂપ છે, અનુભૂતિસ્વરૂપ છે, જ્ઞાનમયી છે, અસંગ તત્ત્વ છે હવે તને વિક્ષેપ શેનો છે ? નિર્લેપસ્વરૂપી છે, નિરાલંબ નિરપેક્ષસ્વરૂપી છે (પછી) શેનો વિક્ષેપ છે ?

'**...ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ?**' શંકા ઠવાની જગ્યા નથી. આવું ઠોસ સ્વરૂપ છે એમાં શંકા ઠવાની જગ્યા નથી '**...ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ?**' શાશ્વત અવ્યાબાધસ્વરૂપ, શાશ્વત અવ્યાબાધ અનંત સુખસ્વરૂપ એને ભય શેનો ? જેમ કોઈએ બખ્તર પહેર્યું છે તો પછી એને પિસ્તોલની ગોળીનો ભય નથી લાગતો. બુલેટપ્રુફ પહેરે છે ને ? એમાં પણ અમુક જગ્યા ખાલી રાખવી પડે છે. નહિતો પૉઇન્ટ બ્લેંકવાળા તો બખ્તરવાળાને પણ મારી શકે છે. અહીંયાં એવું નથી. અહીંયાં તો એવું ચૈતન્યવજ્ર છે, પોતે જ અભેદ્યસ્વરૂપ છે કે એને કોઈ ભેદી

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^
શકે નહિ. એટલી વાત તો 'ગીતા'માં પણ કરી છે. ભેદી શકાય નહિ, બાળી શકાય નહિ, છેદી શકાય નહિ, પલાળી શકાય નહિ, સૂકવી શકાય નહિ, એને કાંઈ ન કરી શકાય. એવું વજ્ર જેવું જ્ઞાનશરિરી, ચૈતન્યશરિરી પોતે જ તત્ત્વ છે. એને ભય શો ? કઈ વાતનો ભય ?

Accidentથી કે Operation કરીને શરીરના કોઈ અંગને કાપી લેવામાં આવે છે. કાપીને જુદું મૂકી દેવામાં Heart પણ તમને કાપીને જુદું બતાવે. એથી તો વધારે કીમતી અંગ બીજું કોઈ નથી. (એમ) કહે, જુઓ ! આ તમારું Heart ! અત્યારે કાપીને એકકોર ટેબલ પર મૂક્યું છે, જોઈ લ્યો ! તોપણ આત્માના કોઈ પ્રદેશને છૂટો પાડી શકાતો નથી. શરીર સાવ ખોટું પડી જાય અને મૃત્યુ જાહેર થાય, ડૉ ટર એમ કહે કે, હવે આ Deadbody છે તોપણ આત્મા મરતો નથી કે એનામાં કોઈ પ્રદેશ Dead થતો નથી, કોઈ ગુણ Dead થતો નથી. પછી ભય કઈ વાતનો ? ભય શેનો ? શેનો ભય છે આ જીવને ? જ્ઞાનીની Dictionaryમાં 'ભય' નામનો શબ્દ નથી.

શ્રોતા :– પગ છૂટો પડી જાય પછી એમાં જે જીવનો તડફડાટ હોય એ શું પાછો એમાં ચાલ્યો જાય ?

સમાધાન :– હા, એમ છે. થોડીવાર એ જીવના પ્રદેશો ત્યાંથી ખસ્યા નથી હોતા, એમ બને છે. તો ક્યારેક એમાં ચેતન દેખાય પણ એ થોડાક ક્ષણ પૂરતું રહી શકે, લાંબો સમય ન રહી શકે.

શ્રોતા :– એ પાછું દ્રવ્યમાં ચાલ્યું જાય ?

સમાધાન :– હા, એ તો લંબાયેલુ જ છે. એ ત્યાં કપાયેલુ નથી. (ફ ત) લંબાયેલુ Expand થયેલું છે. જેમ રબર Expand થાય એવી રીતે આત્માના પ્રદેશો Expand થાય છે. મોટા શરીરવાળાને આત્માનું માપ મોટું નથી. કીડી અને હાથીનું ક્ષેત્ર એક સરખું જ છે. પણ કીડીમાં પ્રદેશો સંકોચાય ગયા છે, હાથીમાં વિસ્તાર પામ્યા છે. આત્મા તો જેવડો અસંખ્યપ્રદેશી છે એવડો જ છે. રબરને ખેંચો એટલે એમાં કાંઈ વધી જાય છે ? અને એ સંકોચાય ત્યારે એમાં કાંઈ ઘટી જતું નથી. એના પરમાણુ એટલાને એટલા રહે છે અને વજન પણ એટલું ને એટલું રહે છે. એમ આત્માના

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

પ્રદેશોમાં સંકોચવિસ્તાર થવાની શિ ત છે. એને સંકોચવિકાસ નામની શિ ત બતાવી છે. શાસ્ત્રની અંદર એ શિ ત બતાવી છે.

'સમયસાર'માં ૪૭ શિ ત છે એમાં એ શિ તનું નામ છે ('નિયતપ્રદેશત્વશિ ત'). (આ શિ તને કારણે આત્મપ્રદેશોનો) વિસ્તાર પણ થાય અને સંકોચ પણ થાય. Maximum વિસ્તાર કેટલો થાય ? ચૌદ બ્રહ્માંડ જેટલો. આપણે ત્યાં એને કેવળીસમુદ્‌ઘાત કહે છે. કોઈ કેવળજ્ઞાની આત્માને કેવળજ્ઞાન થયા પછી કેટલાક એવા કર્મો હોય કે જે હજી ભોગવવાનાં બાકી હોય, એની સ્થિતિ હજી પાકી ન હોય, એ સ્થિતિ પાકવા માટે એના પ્રદેશો Expand થાય, સમુદ્‌ઘાત થાય, આખા લોકમાં પ્રસરી જાય ત્યારે એ કર્મ ભોગવાઈને એની સ્થિતિ થઈને ખરી જાય – નિર્જરા થઈ જાય. તો વધુમાં વધુ Expansion કેટલું થાય ? કે, ચૌદ રાજલોક જેટલું થાય. શરીર એવડું ને એવડું રહે, પ્રદેશો શરીરની બહાર જાય. આમાં પણ શરીરની બહાર જ જાય છે ને. શરીર અહીંથી કપાઈ ગયું (પણ) પ્રદેશો બહાર હોય. એક પ્રદેશને પણ છૂટો પાડી શકાતો નથી, એને ઘાયલ કરી શકાતો નથી, એને ખોડખાપણ કરી શકાતી નથી એવું અવ્યાબાધ સ્વરૂપ છે. પછી ભય શેનો ? એમ કહે છે.

ભય છે એ આ જીવની જૂઠી કલ્પના સિવાઈ બીજું કાંઈ નથી – નંબર એક. નંબર બે માં – ભય શું કરવા થાય છે ? ક્યાં થાય છે ? કે જ્યાં મમત્વ હોય ત્યાં થાય છે. જે પોતાનો પદાર્થ નથી, પોતા સ્વરૂપે નથી, પોતામાં નથી એવા પદાર્થમાં પોતાપણું ભયને ઉત્પન્ન કરે છે કે, આ ચીજ રહેશે કે નહિ રહે ? કારણ શું છે કે, અનિત્ય છે એનો એને ખ્યાલ છે નહિ. આ સંયોગ છે તે બધા અનિત્ય છે અને એક ઝાટકે છૂટા પડવાનું છે એ વાત પણ નક્કી અને નિશ્ચિત છે. થોડું છોડવું ગમતું નથી, કટકે–કટકે પણ છોડવું ગમતું નથી. તમને કોઈ એમ કહે કે, આ જે તમારી લાખ (રૂપિયાની) મુડી છે (એમાં) આજે દસ હજારની નુકસાની, કાલે બીજા વીસ હજારની નુકસાની, પરમ દિવસે ત્રીજા ત્રીસ હજારની નુકસાની અને ચોથે દિવસે બાકીના ચાલીસે ચાલીસ હજારની નુકસાની,

તો ચાર દિવસમાં એક લાખ રૂપિયાની મુડી સાફ થાય તો એને એમ થાય કે, મરી ગયો રે... મરી ગયો...! નેવુ હજાર જાય ત્યાં એને ‘મરી ગયો’ એમ થાય, દસ હજાર હોય તોપણ ! સાવ ખાલી હોય અને દસ હજાર મળે ત્યારે એ કૂદકા મારતો હોય ! દસ હજાર તો દસ હજાર છે. એક જણો દસ હજારની મૂડીમાં મરી ગયો.. મરી ગયો.. કરે છે અને બીજો દસ હજારની મૂડીમાં ઠેકડેઠેકડા મારે છે કે, જીતી ગયો હું જગ જીતી ગયો ! કેમકે એની પાસે એક પૈસો પણ નહોતો. એક કલ્પના છે. સુખી અને દુઃખી થવાની (કલ્પના છે). એક જ Amountમાં આવી વિરૂદ્ધ કલ્પના થાય છે. Amount તો દસ હજાર જ છે. એમ ભય છે એ કલ્પના છે, દુઃખ છે એ કલ્પના છે.

જ્ઞાને કરીને કદી દુઃખ ન હોય, અજ્ઞાને કરીને કદી સુખ ન હોય. આ બધા અધ્યાત્મના સિદ્ધાંતો છે. તો પછી એક ઝાટકે બધું જ મૂકી દેવાનું હોય; આ તો પૈસાની વાત થઈ, કુટુંબ-પરિવાર, શરીર બધું મૂકી દેવાનું હોય, જેના ઉપર ઘણું મમત્વ છે. મોટા ભાગના મનુષ્યો બેશુદ્ધ અવસ્થામાં મરણ પામે છે એનું કારણ એ છે કે, એને એ વખતે એ બધાને છોડવાનું એટલું બધુ દુઃખ થાય છે કે, એ દુઃખને લઈને એ બેભાન થઈ જાય છે અને એમાં પ્રાણ છૂટી જાય છે અને દુર્ગતિમાં ચાલ્યા જાય છે. આ પરિસ્થિતિ થાય છે.

આ જ્ઞાનની મોટામાં મોટી ઉપલબ્ધિ અથવા લાભ જેને કહીએ એ એ છે કે, મૃત્યુનું પણ દુઃખ ન લાગે. મૃત્યુનું પણ દુઃખ ન લાગે ! જ્ઞાનીને તો ન જ લાગે, પણ એ દિશામાં કાંઈક બે પગલાં ભર્યા હોય તોપણ ન લાગે !! આ તો હજી આ તત્ત્વજ્ઞાનની વાછટ (છે) તોપણ દુઃખી ન (થાય) તો એમાં ડૂબી જાય તો એની ઉપલબ્ધિ કેટલી ગણવી ! છે કોઈ એનું મૂલ્યાંકન કરવાની Terminology ? બતાવો કે, કઈ Termમાં એની સરખામણી થાય, એની કીમત કરી શકાય ? એવો વિષય છે, અમૂલ્ય વિષય છે !!

શું કહે છે ? કે, ‘**...ત્યાં ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા**

**શી ?**’ આ સિવાઈ બીજી શી અવસ્થા ? ‘**...હું માત્ર નિર્વિકલ્પ...**’ છું. હું માત્ર નિર્વિકલ્પ છું. કેમકે વિકલ્પ તો રાગની અવસ્થામાં થાય છે. શક્તિમાં વિકલ્પ શું ? રાગ પર્યાયમાં થાય છે પણ જે સ્વરૂપ છે એ તો સામર્થ્યરૂપ છે – શક્તિરૂપ છે. એમાં તો પર્યાય જ નથી તો પછી પર્યાયનો વિકલ્પ હોવાનો સવાલ નથી. વિકલ્પ તો પર્યાયધર્મ છે. (એટલે) હું માત્ર નિર્વિકલ્પ છું.

‘**...શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ...**’ ત્રણ શબ્દ લીધા છે. શુદ્ધ છું, એકદમ શુદ્ધ છું, પ્રકૃષ્ટ એટલે સર્વોત્કૃષ્ટ શુદ્ધ છું. કોઈપણ મલિનભાવોનો પડછાયો પણ મૂળ સ્વરૂપમાં પડતો નથી. એવું મારું ત્રિકાળ શુદ્ધ ચૈતન્યધાતુ સ્વરૂપ છે તેથી હું પરમ પવિત્ર છું. કોઈ મલિનતા મારામાં નથી. એમ આત્માને ભાવવો (એટલે કે) એમ જોઈને ભાવવો – તર્ક, વિચાર કરીને નહિ. જોઈને એટલે જ્ઞાનને જોવું. જ્ઞાનમાં આ બધા ધર્મો છે. જ્ઞાનમાં કોઈ ચીજ ભળતી નથી, જ્ઞાન જ્ઞાન જ રહે છે. એક Sample ઉપરથી આખી વસ્તુ ઉત્કૃષ્ટ શુદ્ધ છે, પોતે પરમ પવિત્ર છે.

‘**...પરમશાંત ચૈતન્ય છું.**’ આત્માને શાંતિ જોઈએ (છે) કેમકે એ એનું સ્વરૂપ છે. કાંઈપણ પ્રવૃત્તિ કરીને કે નહિ કરીને, ચીજ મેળવીને કે નહિ મેળવીને આત્માને શાંતિ જોઈએ. તો કહે (છે) કે, એ તો તારું સ્વરૂપ છે. બાહ્ય પદાર્થો સાથે તારી શાંતિ-અશાંતિનો કોઈ સંબંધ ખરેખર નથી. અશાંતિ તારી કલ્પના છે અને શાંતિ છે એ તારું વાસ્તવિક સ્વરૂપ છે. વાસ્તવિકતાના આધારે કલ્પનાને દૂર કર – આટલી વાત છે. કેવો છે તું ? કે, પરમશાંત અમૃતમયી શાંતિ જેમાં છે. શાંત સુધામય ચૈતન્ય છે. પોતાનું ચૈતન્ય કેવું છે ? શાંત અમૃતમયી ચૈતન્ય છે. એમ પોતાના જ્ઞાનને અવલોકીને પોતાના સ્વરૂપને ભાવવું.

પરમશાંત એમ કહેતાં, એ શાંતિ પણ એના અખૂટ ભંડારથી છે, શાંતિનો અક્ષય ભંડાર છે. પોતાની શાંતિને પોતાના આત્મામાં અંતર્મુખ થઈને કોઈ જોવા જાય કે મારામાં કેટલીક શાંતિ ભરી છે ? (કે જેનું કોઈ માપ નથી. એને જોતા–જોતા) એ સ્વરૂપમાં જ્ઞાનનું થંભી જવું એને

ધ્યાન કહે છે. ધ્યાન શું છે ? ધ્યાન એટલે એકાગ્રતા – Concentration.

'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી'એ એની વ્યાખ્યા કરી છે – 'एकाग्र चिन्ता निरोधो ध्यानम्।' કોઈ એક વિષયમાં બીજી ચિંતાનું અટકી જઈને એકાગ્ર થવું તેને ધ્યાન કહે છે. આ ધ્યાનની પરિભાષા છે. ધ્યાન ક્યાં થાય ? એકાગ્રતા ક્યાં થાય ? કે, જ્યાં પ્રેમ હોય, આસિ ત હોય ત્યાં જ થાય. જેને ગુણનો પ્રેમ છે એને પોતાનું ગુણનિધાન પોતામાં દેખાય, જેને સુખ, શાંતિ અને આનંદનો પ્રેમ છે, જેને નિર્દોષતાનો પ્રેમ છે, પવિત્રતાનો પ્રેમ છે એને પોતાના સ્વરૂપમાં જ એ ગુણનિધાન દેખાય, એક ગુણથી પણ આપણે રાજી થતા હોય, કોઈનો એક ગુણ જોઈને કે, આ બહુ ઉદાર છે, તોપણ પ્રશંસા કરીએ છીએ ને કે, બહુ ઉદાર માણસ છે. તું દે લાખ તો કહે લે સવા લાખ ! એવો ઉદાર માણસ છે. (એમ) પ્રશંસા કરીએ છીએ. એક ગુણમાં પણ જો પ્રમોદ આવતો હોય તો અંદરમાં અનંત દિવ્ય ગુણોનો ભંડાર આત્મા પોતે છે એને જોઈને કેટલો પ્રેમ આવે, કેટલી આસિ ત થાય, એ આસિ તને આપણે ભિ ત કહીએ છીએ – સ્વરૂપભિ ત – નિશ્ચયભિ ત ! એ એકાગ્રતાનું કારણ છે. એને ધ્યાન કહેવામાં આવે છે.

કહે છે કે, તું પોતે જ ધ્યાનનું ધ્યેય છો. ધ્યાનનું અનુસંધાન કોની સાથે છે ? ધ્યેય સાથે. ધ્યેયસ્વરૂપ તો તું પોતે જ છો. બાકી બધા ધ્યાન છે તે અપધ્યાન છે અથવા દુર્ધ્યાન છે, દુષ્ટધ્યાન છે. સ્વરૂપશાંતિના ધ્યાન વિનાના બધા ધ્યાન તે અપધ્યાન છે – ધા ધ્યાન છે અથવા દુર્ધ્યાન છે. આ બધા ધ્યાનના કેન્દ્રોમાં આત્માને છોડીને બધા ધ્યાન કરાવાય છે. જેટલા જુદાં–જુદાં નામે ચાલે છે – કોઈ વિપશ્યના ને કોઈ પ્રેક્ષા ને કોઈ કાંઈ ચાલે છે, પણ એની અંદર આત્માના સ્વરૂપનું જ્ઞાન કોઈને હોતું નથી. કાંઈને કાંઈ કલ્પનાએ ચડાવે છે અને એમાં એકાગ્રતાનો પ્રયોગ કરાવે છે. એકાગ્રતા તો વિષયકષાયમાં પણ થાય છે. એને પણ તમે ધ્યાન કહી શકો છો અને એ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન છે જ ને ?

શ્રોતા :– વિધિ તો ખબર પડે ને ?

સમાધાન :– અરે...! તમને વિધિ આવડે જ છે. જ્યાં તમારો Interest છે, જ્યાં તમે સુખનો નિશ્ચય કર્યો છે એમાં તમે એકાગ્ર થાવ જ છો, નથી થતા એવું નથી. થાવ જ છો, ભલે ત્યાં સુખ નથી. કલ્પના માત્રથી પણ તમે એકાગ્ર થઈ જાવ છો. તમને ધ્યાન કરતા નથી આવડતું એવો કોઈ વિષય નથી. ધ્યાન વિનાનો કોઈ જીવ જ નથી. આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન (એમાં) રૌદ્રધ્યાન ક્યારેક થાય (પણ) આર્ત્તધ્યાન બધા જીવોને ચાલુ જ છે, ચાલુ જ છે.

એક છોકરો નિશાળ કે કોલેજથી એનું ભણવાનું જીવન પૂરું કરી અને Commercial lifeમાં પ્રવેશ કરે છે, આપણે પણ એ જ ભૂતકાળ જોઈ લ્યો ને. પછી જુઓ કેવું પૈસાનું ધ્યાન થાય છે ! ખાતા એ, હાલતા એ, બેડરૂમમાં જાય અને પથારીમાં પડે તોપણ એ. વધારે સગવડ માટે ટેલિફોન બાજુમાં Sidepiece ઉપર રાખવાનું થાય કેમકે સુતા–સુતા હલો.. હલો... કરવામાં વાંધો ન આવે. ચોવીસ કલાક ધ્યાનની મશીનરી કામ કરે છે. ધ્યાન કરતા તમને આવડે છે. તમે ચોવીસ કલાક ધ્યાન કરેલું છે. કોઈને કોઈ પદાર્થનું તમે ચોવીસ કલાક ધ્યાન કરેલું જ છે અને કરો જ છો. જ્યાં સુખની કલ્પનાનો નિશ્ચય થઈ ગયો હોય ત્યાં.

આ તો વાસ્તવિક અનંત સુખ અને શાંતિનો ભંડાર પ્રત્યક્ષ અનુભવગોચર થાય તો એના માટે કાંઈ ધ્યાન શીખવું ન પડે. એ કોઈ શીખવાનો વિષય નથી. તમને પ્રેમ કરતા કોઈ શીખડાવે છે ? સવાલ જ નથી. એ તો આત્માનો ગુણ છે, એ આત્માનો ગુણ છે. જ્ઞાન કરતા કોઈ શીખડાવે છે ? નહિ, આત્માની અંદરથી જ્ઞાન આવે છે, પુસ્તકમાંથી નથી આવતું, ભાષામાંથી, વ્યાખ્યાનમાંથી જ્ઞાન નથી આવતું. એ તો ટેપરેકોર્ડર પણ બોલે છે.

જ્ઞાન બધાને જ્ઞાનના ભંડારમાંથી આવ્યા જ કરે છે. રોકી ન શકાય એવી રીતે આવે છે. કેવી રીતે આવે છે ? એને રોકી ન શકો. Stop એમ નથી કરી શકાતું. ચાલુ ને ચાલુ રહે, કેમકે અંદર અનંતુ ભર્યું છે. નિરંતર ચાલુ રહે, એનો થાક ન લાગે. તમે ઘણું જાણો તો જ્ઞાનમાં ગિર્દી

થાય કે ન થાય ? ન થાય. કેટલુક અંદર સમાય ? કે, લોકાલોક પરમાણુ જેવડો થઈ જાય એટલું જ્ઞાન વિશાળ છે !! એટલી જ્ઞાનની Capacity છે. કેવળજ્ઞાનમાં ચૌદ બ્રહ્માંડ છે એ એમાં એક પરમાણુ જેટલો જણાય છે !! અનંતુ આકાશ પરમાણુ જેટલું જણાય છે ! અનંત આકાશમાં ચૌદ બ્રહ્માંડ પરમાણુ જેટલો છે અને જ્ઞાનના આકાશમાં એ છએ દ્રવ્યો આકાશ સહિત પરમાણુ જેવડાં છે !! એટલી જ્ઞાનની Capacity છે ! એને કરવાનો સવાલ ક્યાં ઊભો થાય છે. કેળવવો, પદ્ધતિસર એનો વિકાસ કરવો એ બીજી વાત છે અને અંદરથી આવશે. વિકાસ કરવાથી અંદરથી આવશે. બીજમાં વડની શક્તિ ભરેલી છે. એક વડનું બીજ રાયના દાણા જેટલું હોય એમાં માઈલો સુધીનો વડ શક્તિરૂપે છે, એટલો વિસ્તાર પામે ! એમ શક્તિરૂપ જ્ઞાન છે એની વ્યક્તિ થાય છે.

હું પરમોત્કૃષ્ટ શાંત સુધામય ચૈતન્યરૂપ છું. '**હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું.**' એટલે સાવધાન થાઉં છું. આવું જે મારું અભેદસ્વરૂપ છે એને હવે હું સંભાળું છું. જેમ અત્યાર સુધી ભૂલી ગયો હતો કે હું આવો છું. મૂઠીમાં સોનું હોય, દાગીનો હોય અને એમ થાય કે ક્યાં ખોવાઈ ગયો ? ક્યાંક મૂકાઈ ગયો કે શું ? મૂઠીમાં છે એ ભૂલી જાય. પણ જેવી ખબર પડે કે આ તો મારી મૂઠીમાં છે ! કોઈ બતાવે કે, તમે ક્યાં ગોતો છો ? કબાટમાં અને બારીમાં ગોતો છો પણ તમારા હાથમાં તો પકડેલું છે. એક સેકંડ માટે તો મૂઠી Tight કરી લે. મૂઠીમાં હોવા છતાં એક સેકંડ માટે પણ મૂઠી Tight કરી લે. એનો અર્થ શું છે ? કે, તમે ત્યાં સાવધાન થાઓ છો. એમ સ્વરૂપ તો તમે પોતે જ છો એમાં હવે સાવધાન થાઓ. એને એમ કહે છે કે, હું એમાં ઉપયોગ કરું છું – ઉપયોગ મૂકું છું અને વ્યાપ્યવ્યાપકભાવે '**તન્મય થાઉં છું.**' હું તન્મય થાઉં છું. મારા સ્વરૂપમાં, મારા પ્રદેશમાં હું વ્યાપેલો છું – પ્રસરેલો છું અને તેથી એમાં હું તન્મય છું – તે મય છું. મારા સ્વરૂપથી હું છૂટો પડું છું એવું ક્યાંય બનતું નથી. ધ્યાનને પણ તન્મયતા કહે છે પણ સ્વરૂપે જ તન્મય છું. તું પોતે જ ધ્યેયસ્વરૂપે અને ધ્યાનસ્વરૂપે છો.

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

એમ સ્વરૂપને સંભાળવા માટે આ આત્મભાવના સ્વરૂપલક્ષે વેદનના Sampleને આવિર્ભાવ કરીને ભાવવા જેવી છે અને એ કોઈપણ જીવ જેને આત્મરુચિ હોય તે ભાવનાને ભાવે છે. પ્રથમ કક્ષાના મુમુક્ષુથી માંડીને મુનિદશાના સાધક સુધીના બધા જીવોને આત્મભાવના ઉત્પન્ન થાય છે, ભાવે છે અને એનાથી એને આત્માની શાંતિનો અનુભવ થાય છે. એટલે 'કૃપાળુદેવે' છેલ્લા ત્રણ શબ્દો લખ્યા છે **'શાંતિઃ શાંતિઃ શાંતિઃ'**

એ રીતે અહીંયાં ૮૩૩મો પત્ર સમાપ્ત થાય છે.

^ ^ ^

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

# ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | ગુરુગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભ ત) | ૦૫-૦૦ |
| ૦૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૦૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત) | ૦૨-૦૦ |
| ૦૪ | દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ભાગ-૩ (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૦૫ | દસલક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૦૬ | ધન્ય આરાધના (શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૦૭ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૦૮ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૦૯ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત) | ૧૧-૨૫ |
| ૧૦ | પ્રવચન નવનીત ભાગ-૧ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૧૧ | પ્રવચન નવનીત ભાગ-૨ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૧૨ | પ્રવચન નવનીત ભાગ-૩ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૧૩ | પ્રવચન નવનીત ભાગ-૪ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ શ તઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૧૪ | પ્રવચન પ્રસાદ ભાગ-૧-૨ (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૧૫ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૧૬ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૭ | ભગવાન આત્મા (દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૮ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૧૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૨૦ | આધ્યાત્મિક પત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૨૧ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | પ્રેસમાં |
| ૨૨ | જ્ઞાનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતો) | ૦૬-૦૦ |
| ૨૩ | બીજું કાંઈ શોધ મા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૨૪ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૫ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભુત છ પદનો અમૃત પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

| | | |
|---|---|---|
| ૨૬ | આત્મયોગ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૭ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૮ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત વચનામૃતોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૨૯ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦ ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૦ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૧ | વચનામૃત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં \`બહેનશ્રીના વચનામૃત' પર થયેલાં પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૨ | પ્રવચન સુધા (ભાગ-૧) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦.૦૦ |
| ૩૩ | પ્રવચન સુધા (ભાગ-૨) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫.૦૦ |
| ૩૪ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૬૬, ૪૪૯, ૫૭૨, પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) ('પરમાગમસાર' માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૬ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં \`સમયસાર' પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫.૦૦ |
| ૩૭ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ' લેખ ઉપર તેમનાં પ્રવચન) | |
| ૩૮ | સ્વરૂપભાવના (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | |
| ૩૯ | સમકિતનું બીજ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
# उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| ०२ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग - पूज्य श्री निहालचंद्रजी सोगानीजीके पत्र एवं तत्त्वचर्चा) | ३०-०० |
| ०३ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०४ | दंसणमूलो धम्मो (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| ०५ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| ०६ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | |
| ०७ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| ०८ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| ०९ | विधि विज्ञान (विधि विषयक वचनामृतोंका संकलन) | १०-०० |
| १० | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ११ | तत्त्वानुशीलन (भाग १-२-३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| १२ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | |
| १३ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत) | |
| १४ | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद् राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | |
| १५ | सम्यग्दर्शनके सर्वोत्कृष्ट निवासभूत छ: पदोंका अमृत पत्र (श्रीमद् राजचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| १६ | आत्मयोग (श्रीमद् राजचंद्र पत्रांक-५६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १७ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद् राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १८ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृतोंका संकलन) | १५०-०० |
| १९ | धन्य आराधना (श्रीमद् राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | |
| २० | सिद्धपदका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र पत्रांक-१४७, १९४, २००, ५११, ५६०, ८१९ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २५.०० |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

| | | |
|---|---|---|
| २१ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३, ३३२, ५१०, ५२८, ५३७ और ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| २२ | दिशा बोध (श्रीमद् राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| २३ | प्रवचन नवनीत भाग-१ (पूज्य गुरुदेवश्री कानजीस्वामी के प्रवचन) | ७५-०० |
| २४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहन द्वारा गुरु भक्ति) | १५-०० |
| २५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| २६ | कहान रत्न सरिता (परमागमसार के विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकायसंग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलशटीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसार (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

| | | |
|---|---|---|
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | १५०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | २००० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | १५०० |

^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^^

| | | |
|---|---|---|
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३००० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १००० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३००० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३००० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० |
| ७४ | समयसार दोहन | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० |
| ७७ | समकितनुं बीज | १००० |
| ७८ | स्वरूपभावना | १००० |